
अर्पण
शुभ प्रसंग
मिति
3699

લગ્ન-મંગલ

હૃદયની એકતા વિના લગ્નજીવનનું માંગલ્ય સંભવે નહિ અને જ્ઞાનપૂર્વક પ્રેમ અનુભવ્યા વિના હૈયાંની એકતા અશકય હોય. લગ્નની ગાંઠ એટલે હૈયાની ગાંઠ. જીવનના છેલ્લા શ્વાસે પણ એ ગાંઠ છૂટે નહિ. ગૃહસ્થ-જીવનને મંગલમય બનાવવું હોય તો જીવનની એકેય પ્રવૃત્તિ એ ગાંઠને ઢીલી પાડનારી ન હોય તેનું સતત ધ્યાન રાખવું. પ્રેમ પણ સાધના માગી લે છે, જેમ દીવો હંમેશાં દીવેલ માગે છે તેમ.




વળામણાં

પુત્રીને વિદાય આપતાં માતાનું હૈયું જે દર્દ અનુભવે છે તે દર્દ પુત્રીના જન્મકાળથી જ માતાપિતાના દિલમાં પ્રગટવું જોઈએ. એમ થાય તો પુત્ર અને પુત્રીના ઉછેરમાં ભેદ રહે નહિ. પુત્રીના પગલાંથી ઘર પવિત્ર થાય. પુત્રીએ પ્રેમ મેળવ્યો હોય તો એ જ્યાં જાય ત્યાં પણ પ્રેમની જ સુગંધ પ્રસરાવે. માતાપિતાના સંસ્કારોથી પુત્રીનું ઘર અને એનું ભાવિ કુટુંબ સુવાસિત બની રહે. પ્રત્યેક માતા-પિતાનું એ જ સદ્ભાગ્ય હોય.



પુત્ર હો કે પુત્રી. એના આગમન કાળે ઉત્સવ ઉજવીએ. પૃથ્વી ઉપર એનું પગલું પડે ત્યારે પૃથ્વી પણ નાચી ઉઠે એવું વાતાવરણ જન્માવીએ. પ્રેમ અને સંયમમાંથી પ્રગટેલું પુષ્પ જીવનનો થાક ઉતારે ને હૈયાને શાંતી આપે. માતૃપદ કે પિતૃપદની પ્રાપ્તિ પહેલાં આવશ્યક સાધના તો કરીજ લેવી જોઇએ. એ વિના પુત્ર કે પુત્રીનું આગમન આનંદ ઉપજાવી શકે નહિ.



માતૃદેવો ભવ
પિતૃદેવો ભવ

ગૃહસ્થ જીવનનું પરમ મંગલ કયું એમ જો જો કોઈ પૂછે તો કહેવું કે આ મંત્રોનું હૃદય-ગુંજન. માતા-પિતાને પુત્ર-પુત્રી ‘દેવના દીધેલા’ લાગવાં જોઈએ ને પુત્ર-પુત્રીને એના માતાપિતામાં જગત સમસ્તના તિર્થસ્થાનોની પવિત્રતા ભાસવી જોઈએ. જે ઘરમાં અને જે કુટુંબમાં આ ભાવનાનાં ફૂલો ખીલતાં હશે તે ઘરમાં સાચે જ દેવોનો વાસ હશે.


मातृदेवोभव
पितृदेवोभव

સંયુક્ત કુટુંબ

લગ્નસંસ્થાની સ્થાપના પછી સંયુક્ત કટુંબની ભાવનાનો ઉદ્ભવ થયો હશે. હજારો વર્ષ પહેલાં અમલમાં મૂકાયેલી આ ભાવના સાંચોસાચ અદ્ભૂત છે. એની બરોબરી કરી શકે એવી કોઈ યોજના આ વિજ્ઞાનના જમાનામાં પણ નજરે પડતી નથી. માનવજીવનમાં પ્રેમ, સહકાર, ત્યાગ, આનંદ, સંરક્ષણ, વિનય, આદર વગેરેનું જન્મસ્થાન આ કુટુંબભાવનામાં રહેલું છે. ભારતવર્ષના પ્રાચીન સમાજશાસ્ત્રીઓએ નિરૂપેલી આ ભાવનાને આપણે જીવંત રાખીએ.



પ્રેમ અને પુરુષાર્થ

[સંસારચક્ર ગ્રંથાવલિનાં મનોહર અને
માર્ગદર્શક બાર પુસ્તકોનો સંપુટ]

Prem ane purusartha

લેખક Sopan

સોપાન

1950

5/20

જીવન સાહિત્ય મંદિર
ગાંધી રોડ · અમદાવાદ

આવૃત્તિ પહેલી : ડીસેમ્બર ૧૯૪૮
આવૃત્તિ બીજી : જાન્યુઆરી ૧૯૫૦
નકલ • ૨૧૦૦

મૂલ્ય
૭-૮-૦

[ટપાલ ખર્ચ દસ આના]

મુદ્રક : જયંતિલાલ દલાલ, વસંત પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
પ્રકાશક : રમણલાલ શેઠ, જીવન સાહિત્ય મંદિર, ગાંધીરોડ, અમદાવાદ

પ્રેમ
અને
પુરુષાર્થ

જીવન સાહિત્ય મંદિર : અમદાવાદ

આ લેખકનાં પુસ્તકો

નવલકથા

૧ સંજીવની
૨ પ્રાયશ્ચિત ભા. ૧
૩ પ્રાયશ્ચિત ભા. ૨
૪ મંગલમૂર્તિ
૫ જાગતા રે'જો—પૂર્વાર્ધ
૬ ,, ઉત્તરાર્ધ
૭ ફૂટેલાં સુવર્ણપાત્રો
૮ વનવાસ
૯ ૯ ઓગસ્ટ

નવલિકા

૧ અંતરની વાતો
૨ અંતરની વ્યથા
૩ ઝાંઝવાંનાં જળ
૪ ત્રણ પગલાં
૫ અખંડ જ્યોત
૬ વિદાય
૭ છેલ્લો પ્રયોગ

ચિંતન

૧ લગ્ન—એક સમસ્યા
૨ લગ્ન સાધના
૩ પ્રેમ અને પુરુષાર્થ

રાજકારણ

૧ ગાંધી—ઝીણા—મંત્રણા
૨ ચલો દિલ્હી
૩ અગ્નિ પરીક્ષાને અંતે
૪ સુભાષબાબુના લેખો, પ્રવચનો
૫ આસામ, સરહદ સિંધ, અને પંજાબ

પ્રાપ્તિસ્થાન :
જીવન સાહિત્ય મંદિર, ગાંધીરોડ, અમદાવાદ

પ્રકાશકનું નિવેદન

પહેલી આવૃત્તિ

'સંસારચક્ર ગ્રંથાવલિ'નાં બાર પુસ્તકો 'પ્રેમ અને પુરુષાર્થ 'ના નામે ગ્રંથસ્થ થઈ પ્રગટ થાય છે. 'પતિદેવ' અને 'અ. સૌભાગ્યવતી'–ગ્રંથાવલિનાં પ્રથમ બે પુસ્તકોએ, જ્યારે પ્રગટ થયાં ત્યારેજ સમાજના મોટા ભાગ ઉપર કંઇક મુગ્ધ સંતોષનું આકર્ષણ ઉપજાવ્યું હતું. પત્રશૈલીમાં અંકાયેલાં આ પુસ્તકો, જેમ જેમ પ્રગટ થતાં ગયાં તેમ તેમ પ્રત્યેક પુસ્તક કંઇક નવીનતા, કંઇક સુખદ કૌતૂક, કંઇક જિજ્ઞાસા ને એ બધાં તત્ત્વોને ગૂંથી લેતો અંગત સંબધનો દોર સંધાતો ગયો 'પતિદેવે' કોઇના પતિને નવું જીવન આપ્યું છે તો 'અ. સૌભાગ્યવતી' એ કોઇના ગૃહમંદિરમાં ભાવનાનાં અજવાળાં પૂર્યાં છે. તેવી જ રીતે કોઇ પિતા અને કોઇ પુત્રને પણ એ જ પ્રકારની નવી દિશા લીધી છે. આમ આ બાર પુસ્તકોએ કુટુંબના શાતાદાયી વડલાનું સ્થાન લીધું છે.

હિંદુ સમાજની ઉપર ખૂબ કડવી ટીકા થતી આવી છે, પણ કેવળ ટીકા કરતાં જ્યાં હૃદય જ બોલે છે. ને સામે જ્યારે સામાજિક અનેક મુશ્કેલીઓ ને પ્રતિકૂળતાથી મૂંઝાયેલું ભૂખ્યું હૃદય એ વાંચે છે ત્યારે એની અસર સીધી સપાટી ઉપર થવાના બદલે હૃદયમાં જ થાય છે ને જીવનને એના ઊંડાણમાંથી નવીન સ્વરૂપ સાંપડે છે. આવી જ ઘેરી અને સ્થાયી અસર સંસારચક્ર ગ્રંથાવલિની એક એક પુસ્તકે ઉપજાવી છે. ગ્રાહકોની ટપાલથેલીમાંથી, વાચકોના આવતા પત્રો ઉપરથી, કાર્યાલયમાં પ્રત્યક્ષ આવી દિલની અનેક વાતો ઠાલવતા 'સંસારચક્ર'ના કેટલાક ગ્રાહકોને સાંભળતાં એક વાત તો સ્પષ્ટ થઈ જ છે કે આ પુસ્તકોએ ગુજરાતના ઘરઘરમાં સુવાસ ને પરિમલ પ્રાથર્યાં છે. વધુ સુખદ તો એ છે કે એકલા હિંદુ સમાજમાં નહિ પણ મુસ્લિમ, ક્રિશ્ચિયન, પારસી અને ખોજા સમાજમાં પણ આ પુસ્તકો દિલના સાચા પ્રેમથી સત્કારાયાં છે.

પુસ્તકના પ્રકાશનની સાર્થકતા તો એ જ હોઈ શકે કે એ પુસ્તકે વાચકના દિલને જીતી લીધું હોય અને જીવનમાં એની સ્થાયી, ઉપકારક ને મંગળ અસર નિપજાવી હોય. આ બાર પુસ્તકો આવાં જ છે એની પ્રતીતિ વાચકોએ જ એની બીજી–ત્રીજી આવૃત્તિ ટૂંક ગાળામાં કરાવી કરી આપી છે. આટલાં સ્થિરાયુ પુસ્તકો છૂટાં છવાયાં રહે તેના બદલે એક જ ગ્રંથમાં ગ્રંથસ્થ થાય એ અનિવાર્ય લાગ્યું. લગ્ન–પ્રસંગ ને જન્મદિન–દરેકના જીવનમાં જેની કંઈક વિશિષ્ટતા છે, ભાઈ–બીજ, નૂતનવર્ષ, અને વર્ષનાં કેટલાંક ભાવનાપૂર્ણ પર્વો વગેરે જીવનના મંગળ પ્રસંગોએ આ ગ્રંથ ભેટ આપી શકાય તેવો રૂપકડો, સ્થાયી, ને આકર્ષક રૂપમાં તૈયાર થાય એવી સતત માગણી પણ વાચકો તરફથી રહી જ છે, ને અમને સંપૂર્ણ શ્રદ્ધા છે કે વાચકો રંગ, રૂપ ને વસ્તુથી જરૂર સંતોષ પામશે. અમારે માટે પણ એ સંતોષનું કારણ છે.

આવા પુસ્તકની સાર્થકતી ને ઉપયોગિતા માટે પ્રકાશકોને લેશ પણ શંકા નથી.

પ્રકાશકો

બીજી આવૃત્તિ પ્રસંગે

આ પુસ્તકને ગૂજરાતે પોતાના પ્રિયજન જેટલા જ પ્રેમથી આવકાર્યું છે. અનેક ઘરોમાં એને એક વહાલા સ્વજનનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પુસ્તકની નાની–મોટી આવૃત્તિઓની પંદર હજારથી પણ વધુ નકલો ખપી ગઈ છે, છતાં એની સતત માગ ચાલુ રહે છે.

પુસ્તકની શોભામાં વધારો કરવા, આ વખતે સુંદર બોક્ષ આપ્યું છે, છતાં કીંમત તો એ જ રાખી છે. પુસ્તકની ઉપયોગિતાનો ખ્યાલ કરતાં આ આવૃત્તિને પણ ગૂજરાત એટલા જ પ્રેમથી સત્કારસે એની મને ખાત્રી છે.

અમદાવાદ તા.૫–૧–૫૦ રમણલાલ શેઠ



પૂજ્ય 'બા' તથા જીજાકાને

કુટુંબપ્રેમના સ્મરણમાં



પ્રવેશક

પ્રિય વાચક,

તું પુરુષ હો કે સ્ત્રી, યુવક હો કે યુવતી, કુમાર હો કે કુમારિકા–તને ઉદ્દેશીને આ પત્રો મેં લખ્યા છે. ખાતરી આપું છું કે પ્રત્યેક શબ્દ લખતી વખતે આપણાં કુટુંબો પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિની લાગણી જ મેં અનુભવી છે. જે લખ્યું છે તે ઉપદેશ જેવું છે છતાં ઉપદેશ નથી; સમાજનું અને પોતાની જાતનું અવલોકન કરતાં જે વિચારો આવ્યા તે શબ્દબદ્ધ કર્યા છે. પત્રની કલા આમાં હો કે ન હો પરંતુ હૃદયના ભાવો તો એમાં છે જ એટલું કહ્યા વિના રહી શકતો નથી.

આ બધા પત્રો લખાયા છે છેલ્લા દોઢેક વર્ષમાં, પરંતુ એનો વિચાર પાંચ સાત વર્ષનો જૂનો છે. 'લગ્ન એક સમસ્યા' જે દિવસોમાં લખતો હતો તે દિવસોમાં આવા પત્રો લખવાના વિચારો આવેલા. આ દૃષ્ટિએ તે પછીના વર્ષોમાં સમાજનું અવલોકન કરવાનું પ્રાપ્ત થયું. વચ્ચે 'લગ્ન–સાધના' લખ્યું ત્યારે એ અવલોકનમાંથી કેટલુંક એમાં ઠલવાયું, પરંતુ એ પુસ્તકને ચોક્કસ મર્યાદા હતી એટલે બાકીનું મનમાં જ પડી રહ્યું.

વિચારો આવતા હતા કે બધું કોઈ એવી પદ્ધતિથી લખવું કે જેથી અસરકારક થાય. બહુ વિચારતાં પત્રો લખવાનું જ યોગ્ય લાગ્યું. 'લગ્ન–એક સમસ્યા' અને 'લગ્ન–સાધના'ને મળેલો આવકાર એમાં કારણભૂત ગણાય. લખવાનો આરંભ કરતાં એમાં યે ફેરફારો કરવા પડ્યા. કોઈ પત્રો પત્ની રૂપે તો કોઈ પતિ રૂપે લખ્યા. કોઈમાં વાર્તા જેવું બનાવ્યું. ક્યાંક સત્ય ઘટનાઓને પત્રોની માળામાં ગૂંથી દીધી. ક્યાંક સમાજના પ્રેક્ષક બની અવલોકન કર્યું. ક્યાંક સાચા ને ક્યાંક કલ્પીત પત્રોનો ભૂમિકા રૂપે ઉપયોગ કર્યો. આમ શક્ય તેટલી વિવિધતાથી આ પત્રો મેં લખ્યા છે.

'સંસારચક્ર'નાં બે ત્રણ પુસ્તકો પ્રગટ થયાં ને એ વિષે અભિપ્રાયો મળ્યા ત્યારથી આ બધા પત્રોને ગ્રંથરૂપે મૂકવાની ઇચ્છા થયેથી પ્રકાશક મિત્રને એ પુસ્તકોએ ઉત્સાહ આપ્યો એટલે એમના તરફથી જ એવી દરખાસ્ત આવી. લેખક–પ્રકાશકના મીઠા સંબંધના પરિણામ રૂપે નાની પુસ્તિકામાં વહેંચાયેલા આ પત્રો આવું ગ્રંથ–સ્વરૂપ પામી શક્યા.

પણ આ તો હું ઇતિહાસ કહેવા લાગી ગયો. મારે કહેવું તો એ છે કે આ પત્રો પાછળ મેં જે દૃષ્ટિ રાખી છે તે તું લક્ષમાં લેજે. ગ્રંથનું નામ નક્કી કરતી વેળા એ દૃષ્ટિ જ મને મદદરૂપ નીવડેલી. 'પ્રેમ અને પુરુષાર્થ' નામ મને પોતાને તો આ પત્રો માટે ખૂબ સૂચક લાગ્યું છે, કારણ કે કુટુંબભાવનાને જાગૃત કરવા ને પોષવા માટે એ બે તત્ત્વો અનિવાર્ય છે એમ મેં માન્યું છે અને આ પત્રોમાં ફરી ફરીને કહ્યું છે. પ્રેમને વિશાળ અર્થમાં લઈએ તો પુરુષાર્થનો ભાવ એમાં આવી જ જાય, કારણ કે પ્રેમ એ નિવૃત્તિ નથી. નિષ્ક્રિય તત્ત્વ નથી, પરંતુ પ્રવૃત્તિ છે અને સક્રિય તત્ત્વ છે. આ પત્રોમાં પુનરુક્તિનો દોષ વહોરીને પણ મેં વારંવાર કહ્યું છે કે પ્રેમની પરીક્ષા થવી જોઈએ અને એ પરીક્ષા વર્તન દ્વારા જ થાય. પ્રેમ હોય તો પ્રગટયા વિના રહે જ નહિ.

કેટલાક એવું બોલે છે કે મને અમુક વ્યક્તિ કે રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ છે. આની કસોટી કરવાનું અઘરું ન હોય. એમાંથી જો શુભ પ્રવૃત્તિ નીપજે તો તે તેમની કસોટી અને તે જ પુરુષાર્થ. આ દૃષ્ટિએ આ પુસ્તકના નામની પસંદગી થઈ છે. મેં પ્રથમથી જ સ્વીકારી લીધું છે કે આપણા સમાજની મોટામાં મોટી સાધનાનું ફળ સંયુક્ત કુટુંબ છે. આ કુટુંબમાં માનવતાના સર્વ ગુણો સહજ રીતે વિકાસ પામે છે. ત્યાગના ભાન વિના ત્યાં ત્યાગવૃત્તિ કેળવાય છે. સંયમ અને નિયમન પણ ત્યાં જ કાયમ અને સરલ બને છે. સેવા અને વિનય પણ સ્વાભાવિક

રીતે ત્યાં ખીલે છે. કુટુંબની આદર્શ સ્થિતિ કલ્પીએ તો જે, કાંઈ સારું છે તે બધું ત્યાં નજરે પડે છે.

પરંતુ આ કુટુંબો આજે છે કયાં ? જૂના કાળમાં આદર્શ સ્થિતિએ આપણે પહોંચ્યા હતા એમ કહેવાનો આશય નથી. માનવજીવનની પેઠે એની રચેલી સંસ્થાઓ પણ સર્વસંપૂર્ણ હોઈ શકે નહિ. એમાં હમેશાં પુરુષાર્થ અને વિકાસને અવકાશ હોય જ, પરંતુ તે કાળની સામાજિક રચના એવા પ્રકારની હતી કે જ્યાં આ ગુણો ખીલવવાનું અને કુટુંબ સંસ્થાને સજીવન રાખવાનું સહેલું બને. આજે સમાજની રચના બદલાઈ ગઈ છે. સાહસપ્રિય માનવી માટે જગતના અનેક પ્રદેશો ઊઘડયા છે. જગતની ભિન્ન ભિન્ન સંસ્કૃતિના પ્રવાહો એકબીજાને મળી રહ્યા છે. કોઈ કોઈ સ્થળે ઉગ્ર અથડામણો પણ ચાલે છે. આ બધાંને પરિણામે આપણી કુટુંબસંસ્થા જોખમમાં મુકાઈ ગઈ છે.

છતાં એ સંસ્થાનો નાશ હજી થયો નથી અને હું માનું છું કે થશે પણ નહિ, કારણ કે એના પાયામાં કલ્યાણની ભાવના રહેલી છે. માનવીના ઉચ્ચ ગુણો જ્યારે મૂર્તિમંત થવા ઇચ્છશે ત્યારે એને કુટુંબની જરૂર પડશે જ. આજની બદલાયેલી સમાજરચનામાં ભલે સંયુક્ત કુટુંબોના આસનો ડોલવા માંડયાં હોય, પરંતુ એ ઊખડી પડશે નહિ અને આપણે થોડો પુરુષાર્થ કરીશું તો એને આજે જ, આ યુગમાં જ સ્થિર પણ કરી શકીશું.

પરંતુ એક પ્રશ્ન ઊભો થવાનો સંભવ છે. આજની સમાજ–રચનાને સંયુક્ત કુટુંબો અનુકૂળ છે ખરાં ? હું તો હા કહું છું. સંયુક્ત કુટુંબનો અર્થ, કોઈ પણ સંયોગોમાં બધાએ સાથે જ રહેવું એવો હું કરતો નથી. એ અર્થ પ્રમાણે આજની રચનામાં સંયુક્ત કુટુંબને કદાચ સ્થાન ન હોય, જો કે ગામડાંની સંસ્કૃતિ આપણે સજીવન રાખી શકીએ તો એ પણ શકય છે, પરંતુ સંયુક્ત કુટુંબને એક ભાવના

સમજીએ, પ્રેમભાવના સમજીએ તો આજે તો શું, સર્વ કાળે એ ઇષ્ટ છે અને શક્ય પણ છે, કોઈ પણ પ્રકારની સમાજરચનામાં, સમાજવાદ, સામ્યવાદ કે અરાજકતાવાદમાં પણ એ સ્થાન પામી શકે એમ છે.

મેં એક પત્રમાં કહ્યું છે તેમ સ્વદેશી ધર્મના પાલન જેવું આ છે. હું જ્યાં રહું છું, વિશાળ અર્થમાં કહું તો જે દેશનો હું વતની છું તે દેશ પ્રત્યે મારો જેમ વિશેષ ધર્મ છે તેવું જ કુટુંબનું છે. આફ્રિકાના આદિવાસીઓનાં દુઃખો હું જાણતો હોઉં છતાં મારા દેશની ગુલામી ફેડવાના કાર્યમાં જ મારે મંડી રહેવું જોઈએ; તેવું જ કુટુંબ વિષે છે.

પરંતુ આવી ભાવનામાં 'સંકુચિતતા ન પેસી જાય તે તો જોવું જ જોઈએ. મેં આ પત્રો દ્વારા એમ બતાવવા પ્રયાસ કર્યો છે કે આખા જગતનાં હિતાહિત ઓછાવત્તા પ્રમાણમાં એક સાથે જ સંકળાયેલાં છે. સમાજની દુર્દશા થાય તો કુટુંબ બચી શકે નહિ. દેશની દુર્દશા સમાજને સ્પર્શ્યા વિના રહે નહિ. એ જ રીતે અન્ય દેશનાં દુઃખોથી વહેલો મોડો આપણો દેશ પણ દુઃખી થાય જ. આજની લડાઈ એનું મોટું ઉદાહરણ છે.

એટલે સમાજને અવિરોધી હોય તેવી જ કુટુંબભાવના સાચી ભાવના ગણાય. આ ભાવનાને જીવનમાં ઉતારવા માટે કુટુંબનાં સંકુચિત અને સ્વાર્થી તત્ત્વો સાથે અથડામણમાં પણ આવવું પડે. પરંતુ એ બધું પ્રેમપૂર્વક થાય. અંતરમાંથી પ્રેમનું ઝરણુ વહ્યા જ કરતું હોય, પ્રેમ હોય ત્યાં સજાવટ હોય, જાતે સહન કરવાનું હોય, તપ હોય, સેવાની ભાવના હોય. આ બધું હોય તો જે માર્ગે વ્યક્તિ જવા ઇચ્છતી હોય તે માર્ગે આખું કુટુંબ છેવટે જાય એવી મારી શ્રદ્ધા છે.

આ લાંબા લાંબા પત્રોનાં એ ભાવનાને મેં જુદી જુદી રીતે ઓળખવાનો અને ઓળખાવવાનો પ્રયાસ કર્યો છે. પુરુષાર્થનો ઉદ્‌ભવ

પ્રેમમાંથી થાય જ છે એમ ઉપર કહ્યા છતાં એ વિષે થોડી સ્પષ્ટતા કરવા ધારું છું.

સમાજનું અવલોકન કરતાં જે અનેક ગૂંચો મેં જોઈ તેનો ઉકેલ કેમ થઈ શકે તેની વિચારણા આ પત્રોમાં, મારી બુદ્ધિ અનુસાર મેં રજૂ કરી છે; આ વસ્તુને હું પુરુષાર્થ કહું છું. મારી એવી દૃઢ માન્યતા છે કે કેવળ પ્રેમથી, કેવળ શુભાશયથી, કેવળ ત્યાગ અને સહનશક્તિથી આ ગૂંચો ઉકલી શકે નહિ. એ બધું તો જોઈએ જ, ઉપરાંત કુનેહ-પૂર્વકનું વર્તન પણ જોઈએ. આ સમજાવવા માટે દરેક પત્રમાં મેં પુષ્કળ વ્યવહારિક સૂચનો મૂક્યાં છે.

હું જાણું છું કે સમાજના ને કુટુંબના પ્રશ્નો હજાર-લાખ પ્રકારના હોય છે. એ બધાને આવરી લે એટલાં સૂચનો તો હું મૂકી શકું જ નહિ. મૂકવાનો યત્ન કરું તો મૂર્ખાઈ ગણાય, પરંતુ એ હજાર-લાખ પ્રશ્નો જેમાં સમાઈ જતા હોય તે વિષે તો કંઈક ઉકેલ બતાવી શકાય. શરત એ જ હોઈ શકે. એ ઉપાયો કાલ્પનિક ન હોવા જોઈએ તેમ એ સંકટમાં સપડાયેલા સામાન્ય માનવીની શક્તિ બહારના પણ ન હોવા ઘટે. આ બંને વસ્તુ તરફ મેં સતત ધ્યાન આપ્યું છે. 'સંસારચક્ર'નાં છૂટાં પુસ્તકોના વાચન પછી વાચકો તરફથી જે વિચારો મને જાણવા મળ્યા તેણે મને આ સૂચનો વિષે સંતોષ આપ્યો છે.

કુટુંબને મેં એક શરીરરૂપે કલ્પ્યું છે. કુટુંબના સભ્યોને અંગરૂપ ગણ્યાં છે. આ અંગોને કેમ નિરોગી રાખી શકાય તેની સૂચના આપતી વખતે શરીરશુદ્ધિ અને સમગ્ર શરીરની બલવૃદ્ધિ તરફ ધ્યાન રાખવું જ જોઈએ. આવું ધ્યાન રાખતાં જતાં કોઈ કોઈ વિચારો ને દલીલો બેવડાતાં હોય એવું પણ લાગશે. હું ધારું છું કે આવા પુસ્તકો માટે એ દોષ નિવારવાનું કઠણ છે. મારી શક્તિ અનુસાર એમાંથી બચવાનો પ્રયત્ન કર્યો છે છતાં જો કોઈને આ પુનરુક્તિઓ કંટાળો આપે તો મને માફ કરશે એવી આશા રાખું છું.

આ પુસ્તકનું લેખન એક બેઠકે થયું નથી. પાંચ–સાત વર્ષની વિચારણા પછી છેલ્લા દોઢેક વર્ષમાં એ કટકે કટકે લખાયું છે. આમ છતાં વિચારનો દોર એક સરખો જ રહ્યો છે એવી મારી માન્યતા છે.

એક વસ્તુ સ્પષ્ટ કરી દેવા ઇચ્છું છું. આ પાનાંઓમાં જે લખાયું છે તે સમાજના સામાન્ય વર્ગને લક્ષમાં રાખીને જ લખ્યું છે. મારી ધારણા પ્રમાણે તો આમાં સામાન્ય માણસને નજર નાખવામાં શ્રમ પડે એવું ઊંડાણ ન હોય તો તે તેનો દોષ નહિ, પણ ગુણ છે આવાં પુસ્તકો કોને–કયા વર્ગને ઉદ્દેશીને લખાયાં તે લક્ષમાં રહે તો તેના વિષે યોગ્ય અભિપ્રાય બાંધી શકાય. અલબત્ત, એમ કહેવાનો' આશય નથી જ કે આ પુસ્તક સર્વાંગ સંપૂર્ણ .છે.' કેટલીક ત્રુટિઓ હું જાણું છું, બીજી ત્રુટિઓ મને બતાવવામાં આવશે તો હુ આભાર માનીશ.

મુંબઈ   મોહનલાલ મહેતા
૩૧ : ૧૨ : ૪૪

નવી આવૃત્તિ વેળાએ

સંસારચક્ર ગ્રંથાવલિના પ્રથમ વર્ષનાં છૂટાં તથા બાંધેલાં ૧૨ પુસ્તકોને ગુજરાતે અત્યંત પ્રેમથી સત્કાર્યાં છે. બહુ ઓછાં પુસ્તકો આવું ને આટલું સ્થાન પામ્યાં હશે. આજે 'પ્રેમ અને પુરુષાર્થ'ની નવી આવૃત્તિ છપાય છે ત્યારે વાંચકવર્ગ પ્રત્યે હુ આભારની લાગણી અનુભવું છું. આ પુસ્તક છેલ્લા એકાદ વર્ષથી અપ્રાપ્ય હતું. 'જીવન સાહિત્ય મંદિર'ના સાહસિક ને ઉત્સાહી સંચાલક શ્રી. રમણલાલ શેઠે આનું પ્રકાશન હાથમાં ન લીધુ હોત તો પ્રકાશનમાં હજી યે વિલંબ થવાનો સંભવ હતો. એ મારા મિત્ર છે એટલે આભાર માનવાના શિષ્ટાચારથી દૂર રહેવાનું યોગ્ય સમજું છું.

મુંબઈ   સોપાન

અનુક્રમ

★

*

પ તિ દે વ



[૧]

શા માટે ?

પતિદેવ !

તમને હું ઓળખું છું અને છતાં યે નથી ઓળખતી. તમે પણ મને ઓળખો છો અને છતાં યે નથી ઓળખતા. હું શા માટે આવી વિચિત્ર વાણી ઉચ્ચારું છું તેનું તમને આશ્ચર્ય થશે, પરંતુ ખરું પૂછો તો એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ છે નહિ. તમે પુરુષ છો, હું સ્ત્રી છું; તમે પતિ છો, હું પત્ની છું; આપણા બંનેના સંયોગ ઉપર જ આ સૃષ્ટિનો આધાર છે: સૃષ્ટિના જન્મદાતા જ આપણે બંને છીએ. આપણે ન હોઈએ તો? જવા દો, આપણે સાથે જ ન રહીએ તો?

આવાં સૃષ્ટિના આદિ, મધ્ય ને અંત જેવાં—આપણે આ પૃથ્વી ઉપર કેટલું મોટું મહત્ત્વ ધરાવીએ છીએ? અને છતાં યે આપણે એકબીજાને ઓળખતાં નથી. શા માટે આવી સ્થિતિ હશે?

મારું વચન તમે ખરું માનશો? તો હું આ સ્થિતિનાં સાચાં કારણો આપું. હજારો અને લાખ્ખો વર્ષથી આપણે સાથે રહીએ છીએ, હજારો અને લાખ્ખો વર્ષથી એકબીજાને પ્રેમ કરીએ છીએ, પૂજીએ છીએ, ભોગવીએ છીએ, ચૂસીએ છીએ, તિરસ્કારીએ છીએ; ઘણું બધું કરીએ છીએ; પરંતુ કોઈ દિવસ આપણાં હૈયાના કમળને પૂરે-પૂરું ઉઘાડતાં જ નથી, બોલો, મારી વાત સાચી છે ને? જ્યારે આપણે પ્રેમ કરીએ છીએ; ત્યારે પ્રેમ જ લાગણી વહેવા લાગે છે અને ઈર્ષા, દ્વેષ, ધિક્કાર કે મલિન વાસનામાં પડીએ છીએ ત્યારે એ લાગણી આપણાં જીવનનું મુખ્ય ઝરણ હોય એવું દેખાય છે. એક સાથે આપણી તમામ લાગણીઓ તો જાણે કદી પ્રત્યક્ષ થતી જ નથી.

અહો! એક શરીર, એક મન અને એક હૃદયમાં કેટકેટલાં સ્વ-રૂપો આપણે ધરાવીએ છીએ! પળે પળે આપણા જીવન—આકાશમાં કેટકેટલા રંગો બદલાયા કરે છે! કયારેક તો જાણે આપણે પ્રકાશથી ઝળહળી ઊઠીએ છીએ, અને કયારેક કોણ જાણે કેવા ય અંધકારમાં ડૂબી જઈએ છીએ! જીવનની ઉષા અને સંધ્યા, પ્રભાત અને મધ્યાહ્નનો પણ કેટલીવાર આપણે અનુભવ કરીએ છીએ! આવી આપણી ચિત્ર-વિચિત્ર સ્થિતિમાં એકબીજાની પૂરી ઓળખાણ પણ શી રીતે થાય? તેમાં વળી આપણી નિર્બળતાઓ, આપણું અહમ્, આપણા સ્વાર્થો, આપણી વાસનાઓ આપણાં સાચા સ્વરૂપને સદાકાળ ઢાંકી રાખવાનો પ્રયત્ન કરે. સામાજિક રીતરિવાજો પણ આપણાં અંતર આડે પડદાઓ ગોઠવે. આમાં શી રીતે આપણી જાત પ્રગટ થઈ શકે? શી રીતે આપણે એકબીજાની પિછાન મેળવી શકીએ?

મને ખાતરી થઈ ચૂકી છે કે આવી ઓળખાણ—સાચી ઓળ-

પતિદેવ

ખાણુના અભાવે, આપણે બંને, જીવનના ઝેર બનાવી મૂકીએ છીએ. આપણો પ્રેમ આ અભાવે જ ઘણી વાર ઝૂરીઝૂરીને છેવટ તિરસ્કાર કે રૂપમાં ફેરવાઈ જાય છે. અંતરનું ખરું દર્શન ન થયું હોવાના કારણે જ આપણે એકબીજાની ઇચ્છા, આકાંક્ષા, આશા, અભિલાષા કંઈ જાણતાં નથી. એકમેકને સંતોષ આપવાના આપણા પ્રયત્નો ઘણી વાર આ કારણે જ મિથ્યા જતા હોય એમ લાગે છે.

હું આશા રાખું છું કે મારી આ વાત તમને સાચી લાગશે. અને તમે કબૂલ કરશો જ કે તમે મારા પતિ હોવા છતાં મારી સાચી સ્થિતિ જાણતા નથી. મારું સુખ અને મારું દુઃખ શામાં રહેલું છે તેની શોધ કરવામાં તમે નિષ્ફળ ગયા છો. તમે શુદ્ધબુદ્ધિથી મને સુખી કરવાના પ્રયત્નો કર્યા છે છતાં તેમાં તમને સફળતા મળી નથી.

અને તમને એમ પણ લાગ્યું હશે કે હું તમને પિછાની શકી નથી. તમારી લાગણી સમજતી નથી. મારા માટેની તમારી ઝંખનાઓની હું કદર કરતી નથી. તમારા હૈયામાં જે પ્રેમઝરણું વહે છે તેમાં મારા હૈયાને ઝબોળતી નથી.

જો આ બધું ખરું હોય તો શા માટે આ પત્ર હું લખી રહી છું તે તમે સમજી શકશો અને એની કદર કર્યા વિના પણ તમે રહી શકશો નહિ.

આ પત્ર હું ન લખત. આટલાં બધાં વર્ષો વીતી ગયાં, મેં કદી આવો પત્ર તમને લખ્યો છે? ના; આજે મને ખાતરી થઈ છે કે મારા અને તમારા, અરે, આખા સંસારના સુખ માટે મારા હૈયાને તમારી પાસે હવે ઉઘાડી દેવું જોઇએ. તમારાથી છાનું રાખવા જેવું મારી પાસે છે શું? જ્યાં મારી, મારા સર્વસ્વની માલિકી જ તમારી છે ત્યાં ગુપ્તતાને સ્થાન જ ક્યાંથી હોય? મને ઢાંકી રાખતા

ચા છે, સમાજે અને સંયોગોએ રખાવ્યા છે તે
ારી નાખવા ચાહું છું અને તમને મારું સાચું સ્વરૂપ
ઇચ્છું છું.

અને એટલે જ આ પત્ર લખું છું.

પણ મને એક ભય છે: આ સ્વરૂપ તમને કદાચ આકર્ષક નહિ લાગે. તમારી પુરુષવૃત્તિને કદાચ ફટકો લાગશે, કદાચ આંચકો લાગશે, તમે નારાજ થશો, રોષે ભરાશો, મને તિરસ્કારી કાઢવાનું તમને મન થશે. કારણ કે મારું સાચું સ્વરૂપ એ વેદનાનો પરિપાક છે. હું આંસુ અને નિશ્વાસની જ મૂર્તિ છું એમ કહું તો યે ખોટું નથી. સમાજમાં હું રૂપવતી થઈને ફરું છું. પરંતુ એ રૂપ મને કેવું કોરી ખાય છે તે હું જ જાણું છું. હું તમારા ઘરને શોભાવું છું, તમારી જાતને પણ કદાચ શોભાવતી હોઈશ. પરંતુ એ શોભા મારા હીરને તો ચૂસી જ લે છે. હું તમારી પત્ની છું. એ જ એક આશ્વાસન આ જગતમાં જીવન ગુજારવા માટે મારી પાસે હોય છે. એ સિવાય મારી પાસે બીજું છે પણ શું? સ્વમાન, જે જીવનનો પ્રકાશ છે, પ્રાણવાયુ છે, તે તો તમે રૂંધીને બેઠા છો. સંયમ, જે મારા જીવનનો મેરુદંડ છે, તે ઉપર તો તમે સદાય ફટકા લગાવો છો. સ્વતંત્રતા, જે પ્રાણીમાત્રની પ્રકૃતિ છે, તેને તો તમે બંધનમાં નાખેલી છે. સહકાર, જે વિના જીવનનો પંથ કોઈ ખેડી શકતું નથી, તે માટે તો મારે રાતદિવસ તમારી ગુલામી જ કરવી પડે છે.

આવું બધું મારા જીવનમાં પડેલું છે. કોઈ દિવસ મારું આ સ્વરૂપ તમે જોયું છે? મારા નિશ્વાસ કદી સાંભળ્યા છે? આ સ્વરૂપમાં સુંદરતા નથી, ઉલ્લાસ નથી પ્રફુલ્લતા કે પ્રકાશ નથી. આમાં તો અંધકાર, નિરાશા, જડતા, કુરૂપતા અને દુર્ગંધ ભરેલાં છે. બોલો, એ સ્વરૂપનું તમે દર્શન કરશો? કરી શકશો?

પરંતુ હું છું કોણ? અને તમે પણ કોણ છો? અને આટલાં બધાં દુઃખોના ઓપ વચ્ચે હું લાખ્ખો વર્ષોથી જીવું છું શી રીતે? આ પ્રશ્નો તમને ઊઠશે. મને પણ ઊઠે છે. એનો જવાબ હું હમણાં જ તમને આપું છું.

જુઓ, પહેલાં તો છેલ્લા પ્રશ્નનો જવાબ આપું. હું અને તમે લાખ્ખો વર્ષો થયાં જીવીએ છીએ તેનું કારણ મારી અને તમારી પ્રબળ જિજીવિષા છે. આપણે બંને કોઇ પ્રકારે, કોઈપણ પ્રયાસે જીવવા ચાહીએ છીએ તે જ આજના જીવનનું કારણ છે. અને મારે કબૂલ કરવું જોઈએ કે જીવનને ટકાવનારું જે પ્રેમતત્ત્વ છે તે પણ હજી મૃત્યુ નથી પામ્યું. તમે મને તિરસ્કારી છે, મારું સ્વમાન હણી નાખ્યું છે, મારા સ્વત્વનો તમે ભોગ લીધો છે. તમે મારા પર કશું યે કરવામાં કમીના નથી રાખી છતાં તમે મને ચાહી છે. કોઈ કોઇ વાર તો ખરા અંતરથી પણ ચાહી છે.

અને એ ઉપરાંત આ જીવનની હસ્તીનાં બીજાં પણ કારણો છે. હું સ્ત્રી છું. પ્રકૃતિએ મને માતા બનવાનું અહોભાગ્ય આપ્યું છે. તમારા દ્વારા પ્રાપ્ત થયેલા નવા જીવમાં મારા જીવનના શ્વાસો વણી દઉં છું અને પછી જીવું છું. મારી આસપાસ એક સૃષ્ટિ ઊભી કરું છું અને પછી જીવવા માટે જે આનંદ અનિવાર્ય છે તે મેળવી લઉં છું.

પરંતુ એ [illegible]માં તમારો હિસ્સો નથી એટલું તો તમે સમજી જ ગયા હશો. હા, તમે જ્યારે મને પ્રેમ કરો છો, સાચો પ્રેમ કરો છો ત્યારે જે જીવનબળ મને પ્રાપ્ત થાય છે તે તો તમારા જ પ્રતાપે હોય છે, પરંતુ એનું પ્રમાણ કેટલું બધું અલ્પ છે? અને કરોડો નારીઓમાં કોના સદ્ભાગ્યે એ જીવનબળ નોંધાય છે?

હવે એ પણ કહું કે હું કોણ છું અને તમે કોણ છો. તમે ત છો. આ પૃથ્વી ઉપરના તમામ પતિઓના તમે પ્રતિનિધિ છો હું તમામ પત્નીઓની પ્રતિનિધિ છું. મારામાં વિધવાઓનાં ડૂસકાં

ત્યક્તાઓના નિશ્વાસ છે, અણમાનીતીઓનાં આંસુ છે. હું કોઈની પ્રિયતમા છું, કોઈની ગૃહરાણી છું, કોઈની દાસી છું, કોઈની વાસના છું, કોઈની પાપમૂર્તિ છું અને મુઠ્ઠીભર પતિઓની જીવનસહચરી પણ છું.

આવી હું આજે તમારી સમક્ષ આવી છું, મારા અંતરને ઉઘાડવા. મેં એમ માન્યું છે—આટલાં બધાં દુઃખોની વચ્ચે પણ એમ માન્યું છે કે મને દુઃખી કરીને તમે સુખી નથી થઈ શકયા. માત્ર તમે નહિ, આખી માનવજાત આ કારણે સંકટમાં આવી પડી છે. કારણ કે હું પણ માનવજાતનું જ અર્ધું અંગ છું. મારા વિના માનવજાતની હસ્તીનો સંભવ નથી. તમારો પણ સંભવ નથી. હું અને તમે શરીરથી અને મનથી ભિન્ન દેખાઈએ છીએ, પરંતુ ખરેખર તો એમ છે જ નહિ. શરીરને જેમ જીવનનાં લક્ષણોથી જુદું કલ્પી જ ન શકાય તેવું મારું અને તમારું છે. શ્વાસોચ્છ્વાસ એ શરીર નથી છતાં એ વિના શરીરનો સંભવ જ નથી. આપણો સંબંધ આંખ અને પ્રકાશ, નાક અને સુગંધ, કાન અને સ્વર, ત્વચા અને સ્પર્શ, જીભ અને સ્વાદ જેવો છે. આપણામાં કોણ આંખ છે અને કોણ પ્રકાશ છે તે કહેવા. હું નથી ઇચ્છતી: તે તમે જ નક્કી કરજો. પરંતુ પ્રકાશ અને આંખ વચ્ચે વેર સંભવી જ ન શકે એ તો તમે સ્વીકારશો જ. આંખ પ્રકાશનો વિરોધ કરે તો? પ્રકાશને રૂંધે તો? પછી આંખને કરવાનું જ શું રહે છે? એથી તો આંખને જ હાનિ પહોંચે એ જ રીતે તમારો વિરોધ કરી હું કેમ જીવી શકું? અને તમે પણ મને દુઃખી કરી શી રીતે સુખી થઈ શકો?

હું આમ માનું છું. દૃઢતાપૂર્વક માનું છું અને તેથી જ આ લાંબો પત્ર લખવા માટે પ્રેરાઈ છું.' આ પત્ર દ્વારા મારે તમને બતાવવું છે કે તમે મનસ્વી રીતે વર્તો છો ત્યારે મારા જીવનમાં કેવી અને કેટલી વેદનાઓ જન્મે છે, એક સ્ત્રી પોતાના પતિ પાસે શું માગે છે તે હું આ પત્ર દ્વારા તમને બતાવવા ઇચ્છું છું. તમે જો

ખરેખર સુખ ઇચ્છતા હશો તો આ પરિસ્થિતિ પ્રત્યે બેદરકાર રહી શકશો નહિ. મારું, તમારું, આપણી સંતતિનું, કુટુંબનું અને સમસ્ત સંસારનું સુખ આ પરિસ્થિતિના ઉકેલમાં જ રહેલું છે.

[૨]

અભિલાષા

તમે જાણો છો કે લગ્નનો વિચાર જ્યારે પહેલવહેલો અમારા અંતરમાં દાખલ થાય છે ત્યારે અમે કેવો લજ્જાભર્યો આનંદ અનુભવીએ છીએ! લગ્નની મસ્તીનો અમને વિચાર જ નથી આવતો. નવા યુગની કોઈ કુમારિકા તમારા જેવી, પુરુષો જેવી મસ્તીનો કદાચ અનુભવ કરતી હશે, અમે તો સમર્પણની ભાવનામાં જ તરબોળ રહીએ છીએ. તમારો વિચાર, તમારી કલ્પના સુદ્ધાં અમને અસર કરી જાય છે. તમે આ લાગણી ક્યાંથી સમજો?

તમે પુરુષ છો. લાખ્ખા વર્ષની સમાજરચના, જે તમે જ રચી છે તેણે તમને મહાન બનાવ્યા છે. તમારે મન લગ્ન એ સમર્પણ નથી, સ્વીકાર છે. તમે અમને સ્વીકારો છો. જો તમારું એ સમર્પણ થતું હોત તો કદાચ અમારા મનની સ્થિતિ તમે સમજી શકત. તમે જન્મો છો ત્યારથી સ્થિર રહો છો, જ્યારે અમે તો અસ્થિરતામાં જ ઊછરીએ છીએ. અમને અને અમારાં માતાપિતાને ક્યાં ખબર હોય છે કે કયા અજાણ્યા ઘરને અમારે અમારું જીવનભરનું ગૃહ બનાવવું પડશે! અને અમારાં ભાઈબહેન અને માતાપિતાને જિંદગી પર્યંત છોડી દઈ કોઈ અજાણ્યાઓમાં જ અમારા હૈયામાં બહેન-ભાઈ અને માતાપિતાને સ્થાને સ્થાપવાં પડશે? જ્યાં અમે ઊછરીએ

છીએ, જ્યાં અમે રમીએ છીએ, જે શેરીમાં અને આંગણામાં અમે નાચીએ કૂદીએ છીએ, જે ખોળો અમે ખૂંદીએ છીએ તે બધું એક સમય આવતાં અમારે છોડવું પડે છે.

તમે કોઈ વાર અમારી આ સ્થિતિનો વિચાર સુદ્ધાં કર્યો છે? જે દિવસે અમે તમારા ઘરમાં પગ મૂકીએ છીએ ત્યારે તમને એવું થાય છે કે 'આ તો પોતાનું સર્વસ્વ તજીને મારી પાસે આવી છે?' હૃદય ઉપર હાથ મૂકીને આ પ્રશ્નનો જવાબ આપજો.

આ બધું લખીને અમારો ત્યાગ કેટલો ભવ્ય છે એવું તમારા મન ઉપર ઠસાવવા હું નથી ઇચ્છતી. ખરી વાત તો એ છે કે અમને ત્યાગનું ભાન પણ નથી હોતું. અમારો આ ત્યાગ સાવ સ્વાભાવિક હોય છે. તમે એટલું તો જાણી શકશો કે જે ત્યાગની પાછળ એના કરતાં યે મહાન વસ્તુની પ્રાપ્તિની આશા રહેલી હોય તે ત્યાગમાં આનંદ ઊભરાય છે. એ ત્યાગ કદી ખૂંચતો નથી. અમારો ત્યાગ એવો હોય છે. તમારા વિષેની અમારી કલ્પના એટલી તો મનોરમ હોય છે કે એની પ્રાપ્તિ માટે કશું જ છોડવું અમારા માટે વિસાતમાં નથી. અમે પ્રેમપૂર્વક અને છાના દર્દના આનંદપૂર્વક બધું છોડી દઈ તમારી પાસે આવીએ છીએ.

હવે તમે સમજી શકશો કે તમારી પાસે અમે શા માટે મોટી મોટી આશાઓ રાખીએ છીએ અને તમારી પેઠે લગ્નની મસ્તીમાં જ અમે શા માટે મસ્ત નથી રહેતાં? અમારી સ્થિતિની એક બીજી બાજુનો પણ તમને ખ્યાલ આપી દઉં. આપણાં કુટુંબોમાં કન્યાની કેટલી કિંમત હોય છે તે તો તમે જાણતા હશો. હજૂરો કુટુંબોમાં તો અમે ભારરૂપ જ હોઈએ છીએ. છેક બાળપણથી અમને ભાન થઈ આવે છે કે અમે આ ઘરમાં અણનોતર્યા પરોણા છીએ. અમારા કુમળાં અંતર ઉપર અમારી અને અમારા ભાઈ વચ્ચે થતા ભેદની ભારે અસર પહોંચે છે. અમારા પ્રત્યે જે બેદરકારી બતાવવામાં

આવે છે તે અમારી શક્તિઓનો તો હ્રાસ કરે છે પરંતુ અમારી કેટલીક સુમધુર લાગણીઓને પણ સૂકવી નાખે છે. તમે જાણો છો- આમ શા માટે થાય છે? હજારો-લાખ્ખો માતાપિતાઓ એમનાં જ લોહી-માંસ ને આત્મા દ્વારા સરજાયેલાં અમે-તેમની પ્રતિ શા માટે આવું નિષ્ઠુર વલણ ધરાવે છે? શું તેઓ જંગલી છે? ઘાતકી છે?

ના, પરંતુ જે ભવિષ્યમાં બનવાનું છે તેની અસર તેઓ પહેલેથી જ અનુભવે છે. તેઓ અમારા જન્મથી જ અમને 'પારકું ધન' માને છે અને એમા ખોટું પણ શું છે! અમે પારકું જ ધન છીએ ને? અમારા ભાઈ માટે તેઓ જે કંઈ સહન કરે છે, જે કંઈ ત્યાગ કરે છે, જે કંઈ ખર્ચ કરે છે તે સૌની સામે ઉજ્જવળ ભવિષ્ય તેઓ જોઈ શકે છે. એ ભાઈ જ એમને મદદગાર થાય છે: એ જ એમના ઘરને ટકાવનારો માભીઓ બને છે. અને અમે? અમે તો પંખીની પેઠે એક દિવસ ત્યાંથી ઊડી જઈએ છીએ. અમે અમને ત્યાં અવતરીએ છીએ માત્ર તમારા જ માટે. તેઓ જે કંઈ કરે છે તે તમામનો લાભ તમને, માત્ર તમને જ મળે છે. કહો, તમારા માટે જીવનનો પહેલો શ્વાસ લેતાં જ અમ જે સહન કરવા માંડીએ છીએ તેનો હજારમો અંશ પણ તમે ભોગવો છો?

કોઈ સંસ્કારી અને પ્રેમાળ માતાપિતા આવો ભેદ નથી કરતાં અને કોઈ જૂજ દાખલામાં અમ કન્યા છીએ એટલા ખાતર અમારા પ્રત્યે વિશેષ મમત્વ પણ બતાવવામાં આવે છે, પરંતુ આવાં કુટુંબોની સંખ્યા અતિ અલ્પ છે એ તો તમે પણ કબૂલ કરશો જ. પરંતુ જાણવા જેવુ તો એ છે કે આવાં પ્રેમાળ કુટુંબોમાં પણ જીવનનો રસ તો અમે મેળવી શકતાં જ નથી. સમજણાં થઈએ છીએ ત્યારથી અમને ખાતરી કરાવવામાં આવે છે કે આ ઘર અમારે છોડી જવાનું છે. કહો, જેનો વહેલામોડો ત્યાગ જ કરવાનો છે તેમાં કોઈ પણ માણસ લઈ લઈને પણ કેટલો આનંદ લઈ શકે? અમારી દૃષ્ટિ

ભાવીના અજાણ્યા પ્રદેશ ઉપર જ હમેશાં મંડાયેલી રહે છે. અમે તદ્દન સામાન્ય નહિ, પણ શિક્ષિત કે સંસ્કારી કન્યા હોઈએ છીએ તો પણ અમારા મનની સ્થિતિ એ જ હોય છે. જીવનનું કોઈ ધ્યેય, કોઈ કાર્ય, કોઈ સિદ્ધાંત નક્કી કરતાં અમે ડરીએ છીએ. અમને 'ક્યાં ખબર હોય છે કે કેવા વાતાવરણ વચ્ચે અમારી જિંદગી પસાર કરવાની છે? અરે, અમે એમ પણ ક્યાં જાણીએ છીએ કે કયા શહેરમાં કયા, પ્રાંતમાં, કયા કુળમાં અમારો વાસ થવાનો છે?

આનું નિશ્ચિત પરિણામ શું આવે છે તે તમે જાણો છો? એ જણાવવા માટે જ આટલા વિસ્તારથી અમારી આ સ્થિતિ મેં જણાવી છે. આનું પરિણામ અમારા જીવનમાં અદમ્ય એવી એક તૃષા જન્માવે છે. માતાપિતાને ત્યાં અમે કશાથી તૃપ્તિ અનુભવતાં નથી. અમારાં સુકુમાર હૈયામાં એક ઝંખના જાગે છે. પ્રચલિત ભાષામાં કહું તો અમે એટલે જ 'કોડભરી કન્યા' બનીએ છીએ. જીવનની સૂક્ષ્મ અને સ્થૂળ દરેક બાબતમાં અમારી આશા તમારા પર—એક સાવ અજાણ્યુ પુરુષ ઉપર મંડાયેલી રહે છે. ભોજનથી માંડીને જીવનના પરમ ધ્યેય સુધીની તમામ વસ્તુઓ વિષે અમે એમ વિચારીએ છીએ કે 'લગ્ન પછી 'એમની' સાથે હું બધું ભોગવીશ, બધું કરી લઈશ.'

આવી અખૂટ અને અદમ્ય આશા, આકાંક્ષા, ઝંખના સાથે એક દિવસે અમારો હાથ તમારી હથેલીમાં મુકાય છે. પતિદેવ! અંતરને જરા પૂછી જુઓ. એ વખતે તમે શી લાગણી અનુભવો છો? મને ક્ષમા કરજો. તમે, તમારામાંના ઘણાખરા તો ત્યારે એમ જ માનો છો કે આજે તમારી વાસનાઓને પુરબહારમાં માર્ગ આપવાનું એક સુંદર અને સ્વતંત્ર સાધન તમને પ્રાપ્ત થયું! જવાબ આપો, તમે માનો છો ખરા કે તમારા હાથમાં શરીર નહિ પણ એક તૃષાતુર અંતર સોંપાયું છે? કહો, જીવનની પળેપળે જે સંઘર્યું તે સઘળું તમને સોંપવા અને તેમાંથી જ તૃપ્ત થવા કોઈ આવ્યું છે એમ તમને લાગે છે ખરું?

આવી અભિલાષાઓ સાથે અમે આવીએ છીએ. તમે, તમારા-માંથી જે કોઈ એ સમજી જાઓ છો તેમના અમે સ્વેચ્છાએ ગુલામ બનીએ છીએ, ભક્ત બનીએ છીએ, શિવનાં પાર્વતી બનીએ છીએ. અમારી તમામ શક્તિઓ ખીલી ઊઠે છે. લાગણીઓ નવું જીવન મેળવી શુદ્ધ થાય છે. ત્યારે જ અમે સેવામૂર્તિ, ત્યાગમૂર્તિ, મંગલમૂર્તિ, પ્રેરણામૂર્તિ બની શકીએ છીએ. દાંપત્યનું અર્ધું અંગ બીજા અંગને ત્યારે બળ આપે છે; એનો બોજ હળવો કરે છે.

અને એમ નથી થતું ત્યારે? અમારા શરીરનો જ માત્ર સ્વીકાર થાય છે ત્યારે? આ, પ્રશ્નોના જવાબની જરૂર છે? હું ધારું છું કે જવાબ તમે જાણો છો. આપણાં લાખો ઘરોમાં ભૂતાવળની પેઠે એ જવાબ ઘૂમ્યા કરે છે. મારે ફરીને એ દૃશ્ય રજૂ કરવાની જરૂર નથી.

અમારી આ અભિલાષા, આ મનઃસ્થિતિનો તમે જો ખ્યાલ કરી શકો કદર કરી શકો તો મને લાગે છે કે જીવનને પહેલે જ પગલે આપણે સફળ થઈએ. આવી અભિલાષાઓ તમારા દ્વારા અમારે પૂરી કરવાની હોય છે એટલે અમે તમારા વિષે કેવી કેવી કલ્પનાઓ કરતાં હોઇશું તેનો ખ્યાલ આવી શકે છે? અમે તમને જીવનસાથી તો માનીએ જ છીએ, પણ સ્વામી માન્યા વિના પણ અમારાથી રહી શકાતું નથી. અમે નિર્બળ કે ગમાર છીએ માટે આવું માનતાં હોઈશું એમ કૃપા કરી ન ધારતા. અમે આશાભર્યાં હોઈએ છીએ માટે જ એમ માનીએ છીએ. પરંતુ આનો અર્થ એ નથી કે તમે અમને દાસી માનો તો તે અમને સારું લાગે અથવા અમે સહન કરી શકીએ. ના, ના, અમારી લાગણીની વિચિત્રતા જ એ છે કે અમે તમને પ્રભુ માનીએ પણ તમે અમને પ્રભુ ન જ માનવા દો–એમાં અમારો આનંદ હોય છે. અમે તમને ચાહીએ છીએ અને તમારામાં જ લય પામી જવા ઇચ્છીએ છીએ તે જ આ લાગણીનાં મૂળ કારણો છે.

આ લાગણી અને આ ઝંખનાનો આજે પણ તમે સત્કાર કરશો?

તો આપણા જીવનમાં નવી જ સુગંધ ઉમેરાશે. ભલે, આજે હું કન્યા ન હોઉં અને લગ્નજીવનને વર્ષો વીતી ગયાં હોય, છતાં મારા એ કોડ અને મારી એ અભિલાષા તો એટલાં જ જાગૃત છે. આજે તમે એને તૃપ્ત કરવાનો પ્રયત્ન કરો તો હું લગ્નના પ્રથમ દિવસે જેવી તૃષાતુર હતી તેવી જ બની જઈશ અને તમે જો નિર્મળ રસનું પાન કરાવશો તો તમારું અંતર પણ એથી ભીનું બનશે, શીતળ બનશે અને તૃપ્તિ અનુભવશે.

[૩]

અંતઃપુરમાં

હું કન્યારૂપે શી શી ઇચ્છાઓ રાખું છું તે તો મેં તમને કહ્યું, પરંતુ તે સાથે મારા મનમાં ભયની લાગણી પણ વ્યાપેલી રહે છે તે જણાવતાં તો હું ભૂલી જ ગઈ. કન્યાકાળમાં જ પુરુષોના સ્વભાવ વિષે અમે જે કાંઇ સાંભળીએ છીએ તેમાંથી જે અર્થ નીકળે છે તે અમને ભય પમાડે છે. તમે અમને દાસી બનાવી મૂકશો, તમારી આજ્ઞાનું ઉલ્લંઘન થતાં તો અમારું મોત આવશે. તમે તમારી ઇચ્છાઓ બળાત્કારે પણ પૂરી કરશો, અમને તમે રમકડું બનાવી મૂકશો; આવી આવી ભયકારક કલ્પનાઓ પણ અમારા મગજમાં દાખલ થઈ જાય છે. અને તે કેટલી બધી સાચી છે? લગ્ન પછી અમારામાંની સેંકડે નેવું કન્યાઓને એ સિવાય બીજું શું પ્રાપ્ત થાય છે?

એ ભય અને પેલા કોડ સાથે અમારા લગ્ન–જીવનનો આરંભ થાય છે. એક બાજુ અમે તમારામાં ઓતપ્રોત થવા માટે ઉત્સુક હોઈએ છીએ, જ્યારે બીજી બાજુ અમારું મન, અંતર, બુદ્ધિ બધું શંકાથી ધ્રૂજતું હોય છે. તમારા એકએક હાવભાવ, ઉચ્ચારણો, વર્તાવ, ઇચ્છા,

દૃષ્ટિ એ સૌ તરફ આવી પ્રેમ અને શંકાભરી નજરે અમે નિહાળી રહીએ છીએ. એટલે જ 'પહેલી રાત' ઘણીવાર અમારા જીવનના અંધકારનો આરંભ કરનારી જ બની જાય છે. તમે અમારી રાહ જોઈને જ તમારી લાલસાઓ રોકી બેઠા હો એમ વર્તવા લાગો છો. મુખેથી વાણી પ્રેમની ઉચ્ચારો છો, કેટલીક ભેટો આપો છો અને શ્રદ્ધા બેસાડવા માટે કેટલાંક આશ્વાસનો અને વચનો પણ આપી દો છો. પરંતુ એ બધાંને વીંધીને તમારી આંખની જવાળા અમને ઝડપી લેવા તલપતી હોય છે તે અમે જોઈ લઈએ છીએ. તમારી ભેટો, વચનો, આશ્વાસનો લાલચરૂપ બની રહે છે અને તમે અમારા ભયની બધી કલ્પનાઓને સાચી પાડી દો છો.

હું–અમે કંઈ દેવીઓ નથી. અમે પણ સંસારસુખની ઇચ્છાઓ રાખીએ છીએ. લગ્નના ધર્મો અમે પણ સમજીએ છીએ. તમારી વૃત્તિની કદર કરવાનું પણ અમારા ધ્યાન બહાર નથી હોતું, પરંતુ તમારે ધ્યાનમાં રાખવું જોઇએ કે અમે માત્ર તમારી વાસનાઓનું પાત્ર છીએ એવી અસર અમારા મન ઉપર પહેલેથી જ દૃઢ થયેલી છે તેને તમે દૃઢિભૂત કરવાને બદલે ભૂંસી નાખવાનો યત્ન કરો તો જ અમારું હૈયું તમારા સ્વાગત માટે તત્પર બને. આ વિષેની અમારી વૃત્તિ વિષે તમારાં શાસ્ત્રોએ ગમે તે વાતો કહી હોય, પરંતુ હું પોતે તમને કહું છું કે અમે મર્યાદાપ્રિય છીએ. અમે શાન્ત અને સ્વસ્થ પ્રેમ ઉપર અમારું સર્વસ્વ ન્યોછાવર કરવા ચાહીએ છીએ.

એટલે તમે યાદ રાખો કે અમે તમારા પ્રેમને ઝંખીએ છીએ તેને બદલે તમેં તમારી એની એ મનોવૃત્તિનું પ્રદર્શન ન કરતા. અમે પ્રેમ માગીએ છીએ અને સાથે સંયમ પણ માગીએ છીએ. સાધુઓનો સંયમ નહિ, ગૃહસ્થોનો સંયમ. એ સંયમ જો તમે નહિ બતાવી શકો અને તે પછી અમારા માટે આ પૃથ્વી ઉપરની તમામ સુંદર વસ્તુઓ હાજર કરશો કે અમારી એકેએક ઇચ્છા પૂરી કરવા તત્પર થશો, તો

પણ અમારા માનસ ઉપર તો તમારા અસંયમની, બળાત્કારની, લોલુપતાની, શ્વાનવૃત્તિની જ અસર રહેશે. સંયમહીન પ્રેમને અમે પ્રેમ ગણતાં જ નથી: એ તો લાલચ છે, ખુશામત છે, સોદાની વૃત્તિ છે.

તમે પ્રેમભર્યા શબ્દો બોલો છો કે અમારા માટે કંઈ સહન કરતા હો, કંઇક પરિશ્રમ કરતા હો એવું દેખાય છે ત્યારે અમે લળી પડીએ છીએ. આ અમારી દુઃખદ નિર્બળતા છે. અમને એમ થઇ આવે છે કે તમે સાચો પ્રેમ કરી રહ્યા છો, પરંતુ તમારા પ્રયત્નોનું પૂર્ણ-વિરામ જ્યારે અમારા દેહ પાસે આવી જાય છે ત્યારે અમે સખત આંચકો અનુભવીએ છીએ. અમારું પ્રિયજન, અમારા પ્રાણરૂપ સ્વજન, જે કરતાં વહાલું આ સચરાચર સૃષ્ટિમાં કશું જ નથી તેનું મહત્ત્વ અમારી નજરમાંથી ઘટી જાય છે. આવા પ્રસંગો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ અમારા હૃદયમાંથી પ્રેમનું અને રસનું અમૃત ઢોળાતું જાય છે. વર્ષો પછી અમે પ્રેયસી કે પ્રિયતમા મટીને તમારા માટેનું એક યંત્ર માત્ર બની જઈએ છીએ. તમે પોતે જ કબૂલ કરશો કે ઘણી વાર થોડાં વર્ષોમાં જ તમે અમારામાંથી જીવનનો રસ (એ ખોટો શબ્દ છે, ખરો શબ્દ તો તમારા વિષયનો રસ) ગુમાવી બેસો છો, કોઈ પણ યંત્ર સાથે માણસ રસ અનુભવી શકે ખરો?

અને પછી તમારી આંખ જ્યાંત્યાં ભટકવા માંડે છે. આ વિષે મારે તમને, પુરુષને ઘણું કહેવું છે, પરંતુ એ હું પછી કહીશ. અત્યારે તો આટલું જ કહેવા ઇચ્છું છું કે મારામાં સ્વભાવથી જ પ્રેમની જે ભૂખ છે તેને સુયોગ્ય રીતે સંતોષવાને બદલે તમારી વાસનાતૃપ્તિ માટે તેનો ઉપયોગ ન કરો. મારામાં આવી ભૂખ છે અને તમારાથી વિશેષ છે તેનાં કારણો હું આપી ચૂકી છું. હું કન્યા છું એટલે મારી તમામ તૃષા તમારા દ્વારા છિપાવાની અપેક્ષા રાખતી હોઉં છું. એ જ છે પ્રેમ અને સ્નેહની ભૂખ. મારી લાગણીનો તમે દુરુપયોગ ન કરો એટલું પગે પડીને માગી લઉં છું

આનો અર્થ એ નથી કે આપણાં દાંપત્ય જીવનમાં શરીર-સંબંધને સ્થાન નથી. અથવા તો એ સંબંધ ઉપરનું નિયમન માત્ર મારું જ હોવું જોઈએ. મારું કહેવાનું આટલું જ છે: આ સંબંધને આપણે નિર્મળ, સદા યે રસયુક્ત અને નિરોગી રાખવા ઈચ્છતાં હોઈએ તો એક પ્રતિજ્ઞા પહેલે જ દિવસે લઈ લેવી જોઈશે કે બંનેની હર્ષપૂર્વકની સંમતિ વિના આ સંબંધ થઈ જ ન શકે. મને દુઃખદ રીતે એમ જણાયું છે કે તમે અમારી સંમતિની કદી પરવા કરતા નથી. તમારો થાક કે કંટાળો ઉતારવા માટે પણ તમે અમારો ઉપયોગ કરો છો. કોઈવાર તમારો અધિકાર સિદ્ધ કરવા માટે પણ આ પગલું ભરતાં તમે અચકાતા નથી. અમે તમને વશ થઈ જઈએ છીએ અને કેટલીક વાર હર્ષ પણ બતાવીએ છીએ. તેનો તમે હમેશાં ઊલટો જ અર્થ કરો છો. તમને એમ લાગે છે કે અમે સંયમનો ડોળ કરીએ છીએ. એમ નથી જ. અમે તમારા સામે ઝૂઝી નથી શકતાં એટલે જ વશ થઈએ છીએ અને ક્યારેક જો હર્ષ બતાવીએ છીએ તો તે પણ નબળાઈને તાબે થઈને જ. એ સ્વાભાવિક ભાગ્યે જ હોય છે:

વારંવાર અમે તમારી માગણીને વશ થઈએ છીએ તેનું એક પરિણામ—યંત્રરૂપ બની જવાનું મેં તમને જણાવ્યું. બીજું પરિણામ અમે પણ તમારા જેવાં જ બની જઈએ તેવું આવે છે. બે અગ્નિ ભેગા થયા પછી સર્વનાશમાં કશી યે ખામી રહે ખરી? એ પછી એકબીજાને ચૂસવાની, ગમે તેવી શારીરિક કે માનસિક સ્થિતિમાં પણ ભોગ ભોગવવાની વૃત્તિ માઝા મૂકે છે. એમાંથી માંદગી, ક્લેશ, સંતતિનું દુર્ભાગ્ય અને ભયંકર રોગોનો જન્મ થાય છે. હું કબૂલ કરું છું કે કોઈ દાખલામાં સ્ત્રી પણ આનું કારણ હશે, પરંતુ મુખ્યત્વે પુરુષ જ આક્રમક હોય છે તેની તમે ના પાડી શકશો?

અને તમે તો વિકૃતિઓના ભોગ બનો છો. અમે જો ઈન્કાર કરીએ તો તેમાં તમને રસ આવે છે. સ્વાભાવિક સ્થિતિ તમે ગુમાવી

બેસો છો. બળાત્કાર અને અનાચાર એ જ તમારો રસ બની જાય છે. એક બાજુ અમે જડ બનતાં જઈએ છીએ અને બીજી બાજુ તમે શ્વાન બનતા જાઓ છો. આ સ્થિતિનો અંત આવતો જ નથી.

એક બીજું દુર્ભાગ્ય પણ અમારી સાથે કુદરતે જોડી દીધું છે. આ અતિભોગના પરિણામો અમારે ભોગવવાં પડે છે. અમે માતા બનવા માટે ઝંખતાં હોઈએ છીએ. કન્યાકાળમાં પણ એનાં સ્વપ્નાં અમને આવી જાય છે. આ માતૃત્વ કેટલું કીમતી અને કેટલું પવિત્ર છે તેનો ખ્યાલ તમને કદી પણ આવશે ખરો ? તમે તો સદાયે નશામાં જ ચકચૂર રહો છો. એમાંથી અમને બાળકની પ્રાપ્તિ થાય છે. એ બાળક જ્યારે અમે પોષીએ છીએ ત્યારે અમારું આખું ચિત્તતંત્ર બદલાઈ જાય છે, તે તમે ક્યારે સમજી શકશો ? એ વખતે અમારા ઉપરનો અધિકાર તમારો નહિ, પેટમાં સૂતેલા બાળકનો હોય છે. એ વખતે અમારી આંખ તમારા ઉપર નહિ પણ એના ઉપર ઠરેલી હોય છે, પરંતુ તમે એ ક્યાં લક્ષમાં લો છો ? તમારી દૃષ્ટિએ અમારું સ્થાન કદી જાણે બદલાતું જ નથી.

અને એ પ્રસંગ ઉપર કોઈ દિવસ વિચાર કરો છો ? લગભગ મૃત્યુના મુખ સુધી જઈ આવીને અમે એક નવા જીવને જન્મ આપીએ છીએ. એ અપાર વેદના ભોગવવાનું સામર્થ્ય અમને ક્યાંથી પ્રાપ્ત થાય છે ? એક પવિત્ર અને પ્રબળ લાગણી અમને તાકાત આપે છે, પરંતુ તમે એ જ લાગણી ઉપર ઘા કરવાનું ચૂકતા નથી. કૃપા કરી અમારા માતૃત્વનું તો સન્માન કરો !

એ પછી અમારાં બાળકો અને અમારી તંદુરસ્તીનો સવાલ આવે છે. હું જાણું છું કે દવાઓનાં બિલ ભરવા તમે તૈયાર રહો છો. મને સારી કરવાનાં બીજાં ફાંફાં મારવામાં. પણ તમે પાછું વાળી જોતા નથી. પરંતુ જે ઉપાય તમારા હાથમાં છે તે લેવા માટે જ તમે આનાકાની કરો છો.

હવે જવા દઉં એ વાત. તમે મારી વેદના સમજી ગયા હશો. હુ તુમારા પ્રેમની ભૂખી છું. એ ભૂખ એટલી બધી પ્રબળ છે કે તમારી અયોગ્ય ઇચ્છાને પણ સમજી શકતી નથી. એ ભૂખને તમે સમજો અને તમારો પ્રેમ, તમારું હૃદય મને આપો. હું શું માગું છું તે વધુ સ્પષ્ટ કરું ? મને તમે તમારા જ જીવન તરીકે સ્વીકારો. તમારાથી ભિન્ન એવા કોઈ સાધન તરીકે નહિ. એટલે કે તમારી જાત તમે મને અર્પણ કરો. મેં તો મારી જાત તમને આપી જ છે. તમારા જીવનની એકેએક વાતમાં મને રસ લેતી કરો તુમારા આનંદ અને અફસોસની, સુખ અને દુઃખની, પરિશ્રમ અને આરામની મને ભાગીદાર બનાવો. હુ રાત-દિવસ તમારા સુખનો, તમારા આરામનો અને તમારી ઉન્નતિનો ખ્યાલ કરું છું. તમ પણ મારા વિષે એમ જ કરો. મને અણુ યે અણુમાં ખાતરી કરાવી આપો કે મારાથી વિશેષ આ જગતમાં તમને કશું જ વસ્તુ પ્રિય નથી.

હું તમારી પાસે જો અયોગ્ય માગણી કરું તો તમે જરૂર ઇન્કાર કરજો. પરંતુ યોગ્ય માગણી સ્વીકારવામાં નાનમ ગણતા નહિ. મારી ઇચ્છાઓ, જો તમને બાધક ન હોય તો હું જાહેર કરું તે પહેલાં સમજી જઈને પૂર્ણ કરજો. મારા મુખેથી બોલાવવાનો પ્રયત્ન ન કરશો. જો બોલાવશો તો મને લાગશે કે તમે ઉપકાર કરી રહ્યા છો અથવા તો ધણી થઈને ખુશ કરવા ચાહો છો. જે કરો તે દિલથી કરજો. વચનથી એ કાર્યને અભડાવશો નહિ. ખાતરીપૂર્વક માનજો કે પ્રેમને હું સમજું છું. તમારી લાગણીને પણ હું સમજું છું. મને તમારી આંખમાં જ બધું વાંચવા દેજો. કશું લખતા નહિ, કશું બોલતા નહિ હૃદયે હૃદયને સંધાવા દેજો.

ઈશ્વર પાસે માગુ છુ એટલું જ : પ્રેમ આપજો અને સંયમ પણ આપજો. રસ આપજો અને મર્યાદા પણ આપજો.

[૪]

કેવો પતિ ગમે?

હું કેવો પતિ પસંદ કરું એવો પ્રશ્ન તમે કોઈ વાર મને પૂછો છો. આજે હું એનો જવાબ આપવા ધારું છું. હું નહિ, પરંતુ અમારી સમગ્ર નારી જાતિ કેવા પતિ ઇચ્છે તે મારા જવાબમાંથી તમે જાણી શકશો.

જે વાત મેં આગલા પત્રોમાં કહી છે તે તો તમને યાદ હશે જ. એ ગુણો અમારા પતિમાં હોવા જ જોઈએ. ઉપરાંત દરેક સ્ત્રી–દિલમાં જે ઇચ્છા હોય છે તે ટૂંકમાં જણાવી દઉં

પુરુષના મનની દૃઢતા વિષે દરેક સ્ત્રી શંકાશીલ હોય છે તે કદાચ તમે નહિ જાણતા હો. કેટલીક વાર કશું યે ન હોવા છતાં સ્ત્રી શંકા ઉઠાવી પતિને દુઃખી કરી મૂકે છે તે હું જાણું છું, પરંતુ ઘણા દાખલાઓમાં સ્ત્રીની શંકા સાચી જ હોય છે તેનો તમે ઇન્કાર કરી શકશો? આજના ઘણા જુવાનો એમ માની બેઠા છે કે સ્ત્રી રંગીલા જુવાન તરફ હમેશાં આકર્ષાય છે. આ માન્યતા જુઠ્ઠી છે. સ્ત્રી દરેક પરાક્રમ તરફ ખેંચાય છે. કોઇ મસ્ત જુવાન એનું ધ્યાન અવશ્ય ખેંચે છે, પરંતુ એ મનનો નિર્બળ જણાયો કે આકર્ષણનો અંત આવ્યો. જ્યાં નિર્બળતા પ્રગટી આવવાનો સંભવ હોય ત્યાં પણ જો પુરુષ દૃઢ રહે તો સ્ત્રીનું હૃદય 'એના પ્રત્યે નમી પડે છે. સ્ત્રીને બહુ ઊંચુ સ્થાન આપવા માટે હું આ નથી લખતી. તમે પુરુષો પણ દૃઢ મનની સ્ત્રી તરફ જ આકર્ષાઓ છો એમ હું માનું છું, પરંતુ તમારું અભિમાન તમને ઘણી વાર પછાડે છે. એવી દૃઢતા તોડવાનો તમે પ્રયત્ન કરો છો એ શરમજનક પણ સાચી હકીકત છે. દૃઢતાનું, સ્ત્રી સન્માન કરે છે. આવી દૃઢતા હું તમારામાં ઇચ્છું છું.

આનો બીજો અર્થ એ થયો કે તમે ચારિત્ર્યશીલ હો એવી ઇચ્છા મારા મનમાં અગ્રપદે છે. બીજી બધી ઇચ્છાઓ એ પછી આવે છે. જે પુરુષ બીજે ભમે છે તેની સ્ત્રીના હૃદયની કરુણ સ્થિતિનું વર્ણન થઈ શકે તેમ નથી. સ્ત્રી બધું સહન કરી શકે છે પરંતુ પતિની આ ઊણપ કદી સહન કરી શકતી નથી. એને એમ જ લાગે છે કે પતિની પાસે એના વ્યક્તિત્વની કશી કિંમત નથી. એ પછી જ્યારે જ્યારે પતિની ઇચ્છાને વશ થવા એ તત્પર થાય છે ત્યારે ત્યારે પોતાનું શરીર બળપૂર્વક આગમાં ફેંકતી હોય એવો ભાવ અનુભવે છે. પ્રેમ તો નષ્ટ થઈ જાય છે. આશાઓ અને અભિલાષાઓની રાખ થાય છે. જીવનનો સામાન્ય રસ પણ એ સ્ત્રી માટે સુકાઈ જાય છે. એ સ્ત્રીનું જીવન બોજારૂપ જ બની રહે છે.

પોતાનો પતિ બીજી પત્ની કરે એમ કોઈ સ્ત્રી કદી ઇચ્છે નહિ, પરંતુ હું એમ માનું છું કે કોઇપણ સ્ત્રી પતિના છાના અનાચારો કરતાં તો શોકયને વધુ પસંદ કરે. એટલી મર્યાદા પણ એને થોડી રાહત આપે એમ હું ધારું છું. પુરુષ સ્ત્રીના દિલને ઓળખવાનો જો કોઈ દિવસ પણ પ્રયત્ન કરતો હોય તો એના ઉપર કેવા કારમા જખમો થાય છે તે એ સ્પષ્ટ રીતે જોઈ શકે.

જેમ અંગત રીતે તેમ જાહેર રીતે પણ સ્ત્રી પોતાના પતિના ચારિત્ર્યની સહાયે પ્રતિષ્ઠા રહે એમ ઇચ્છતી હોય છે. કારણકે એમાં જ એની પ્રતિષ્ઠા હોય છે. પત્નીનું મૂલ્ય કેટલું છે તેનું માપ પણ ચારિત્ર્ય ઉપરથી નીકળી આવે છે. એટલે તમારા પ્રશ્નનો મારો પહેલો જવાબ એ કે જો તમે મારી સાથે લગ્ન કર્યાં છે તો હવે તમારી આંખને મારા ઉપર જ સ્થિર કરો. જેમ તમારા સિવાય કોઈના પ્રત્યે મારી નજર પડે તો તમને અસહ્ય થઈ પડે તેવું જ મને થઈ પડે છે એમ ખાતરીપૂર્વક માનો. તમે બળવાન છો એટલે મારા દોષ બદલ મને શિક્ષા કરી શકો છો. હું નબળી છું એટલે

રહું છું પરંતુ યાદ રાખો કે મારા નિઃશ્વાસો વૃથા જતા નથી.

મારી બીજી ઇચ્છા તમારા સ્વભાવ અંગેની છે. તમે ઘણા હોશિયાર પણ લુચ્ચા હો તે કરતાં સરળ હો તે મને વધુ સારું લાગે. તમે ધનવાન હો પરંતુ મારી સાથે બેસવાની નવરાશ જ ન મેળવી શકો કે એમાં તમને રસ જ ન આવે તે કરતાં તમે ગરીબ હો અને એ ગરીબાઈ મારા શ્રમના પરસેવાથી હું દરરોજ ધોઈ શકતી હોઉં તેમાં મને આનંદ છે તમ એવું માનશો જ નહિ કે અમે સ્ત્રીઓ ધન પાછળ ગાંડી બનીએ છીએ કેટલાક દાખલાઓમાં એવું હશે ખરું, પરંતુ અમે ગાંડી તો બનીએ છીએ. તમારા સાચા પ્રેમ પાછળ–હૃદય પાછળ. ધન અમને વહાલું છે, પરંતુ તમારાથી વિશેષ નહિ. ગરીબાઇમાં તો અમે અમુક પ્રકારની મધુરતા પણ અનુભવી શકીએ છીએ. અમને એ સ્થિતિમાં અમારું કંઈક મહત્ત્વ સમજાય છે. અમે તમને સુખ આપી શકીએ, તમારો થાક ઊતારી શકીએ, તમારી ગરીબાઈનું ઢાંકણુ બની શકીએ તેમાં કેટલો ગર્વ અને આનંદ લઈએ છીએ તે તમે કયાંથી જાણો ? ગરીબાઈનો અમને ડર જ નથી. એવી સ્થિતિમાં અમારી માગણી એટલી જ હોય છે કે તમે અમારી ચિંતા કરતા નહિ. અમને પરિશ્રમ કરવા દેજો.

ક્રોધ અને ઈર્ષા એ બે લાગણીથી અમે ખૂબ ડરીએ છીએ તે તમને જણાવી દઉં. તમે ગુસ્સામાં જ્યારે ભભૂકી ઊઠો છો ત્યારે જાણે મનુષ્ય જ ન રહ્યા હો એવું લાગે છે. એ વખતે તમે અમને સાવ તુચ્છ ગણો છો. તમારું માલિકપણું ત્યારે પૂર્ણવિકરાળ રૂપે પ્રગટ થઈ જાય છે. મોટે ભાગે અમે ત્યારે ચૂપ રહીએ છીએ, પરંતુ અમારા અંતરમાં તો ઊંડો ઘા પડ્યા વિના રહેતો નથી. માટે કૃપા કરી તમે ક્રોધ કરશો નહિ.

અને ઈર્ષા ? એ તો ધીમું ઝેર છે. તમારા દિલમાં એનું સ્થાન કે બીજ પણ ન હોવું જોઇએ. તમે એમ માની જ કેમ શકો કે

તમારા કરતાં વિશેષ અમને કોઈ પણ હોય? કોઈ વાર તમે એવું જુઓ તો ખચિત માનજો કે કુળની આબરૂ સાચવવા કે એવા જ કોઈ કારણસર તમારા પ્રત્યે દુર્લક્ષ થયું હશે. તમારું અપમાન કરવાનો કે તમારાથી વિશેષ ઊંચું સ્થાન કોઈને આપવાનો અમારો ઈરાદો કદી હોય જ નહિ. અમારા હૃદયસિંહાસનનું સ્વામિત્વ તમારા એકલાનું જ છે તેનો તમને વિશ્વાસ આપું છું. આ વિશ્વાસ ઉપર તમે નિર્ભય રહો એવી મારી માગણી છે.

ઉપરાંત, તમને હું સદા યે પ્રસન્ન જોવા ઇચ્છુ છુ જે સમાજ-રચના વચ્ચે આપણે જીવીએ છીએ ત્યાં સદાકાળ મનની પ્રસન્નતા રહેવાનું શક્ય નથી તે જાણું છું પરંતુ આપણા ગૃહજીવનમાં તો પ્રસન્નતાનું જ વાતાવરણ જોઈએ. એ વાતાવરણ જ તમને જગતના ઝંઝાવાતો સામે ઝૂઝવાનું બળ આપશે અને એ પ્રસન્નતાને કારણે આપણા ગૃહમાં જે કોઈ હશે તે નવી સ્ફૂર્તિ મેળવશે. તમે જો ઉદાસીન હશો તો હું ઉદાસીન બનીશ. વડીલો અને બાળકો પણ એની અસરમાંથી મુક્ત રહી શકશે નહિ. આ ઉદાસીનતા આપણા સૌની શક્તિઓને ક્ષીણ કરશે. આશાનો પ્રકાશ ઘટી જતાં ઝૂઝવાનું બળ પણ ઓછું થઈ જશે એટલે તમે ઘરમાં પગ મૂકો ત્યારે બહારની ચિંતા સાથે લાવતા નહિ. ઘરને અંગે તમારે કશીયે ચિંતા નહિ વેઠવી પડે તેની હું તમને ખાતરી આપું છું. ગૃહના શાન્ત, મધુર અને કલ્લોલમય વાતાવરણમાં તમારું આગમન સુખરૂપ નીવડો એવી હમેશ હું ઇચ્છા રાખું છું.

અને આરોગ્ય તમારા અંગેઅંગમાં તરવરતું હું જોવા ઇચ્છું છું. સુંદરતાની વ્યાખ્યામાં બીજું જે સમાઈ શકતું હોય તે ભલે સમાય, પરંતુ આરોગ્ય વિનાનું સૌંદર્ય હોઈ જ ન શકે એમ હું માનું છું. એવી કઈ સ્ત્રી હશે જે પોતાના પતિને સુંદર જોવા ન ઇચ્છે! અને એ સૌંદર્ય નિરોગીતાનું, સુશક્તિનું હોય ત્યારે કેટલો આનંદ પામે!

ઈશ્વરે આપણા દેહનો ઘાટ ઘડ્યો હોય તેવો આપણે નિભાવવો જ પડે છે પરંતુ આરોગ્યની બાબતમાં તો એમ નથી જ. એ વિષે તો તમામ આધાર આપણા પુરુષાર્થ ઉપર જ હોય છે. કદરૂપતા હોય તો તે પણ નિરોગીતાથી જ ઢંકાય છે અને આ આરોગ્યની અસર પ્રથમ મારા ઉપર અને તે પછી આપણી ભાવિ પ્રજા ઉપર પણ થાય છે. આ સૌના ભાવિનો આધાર જો આપણું જ આરોગ્ય હોય તો તે વિષે આપણે બેદરકાર કેમ રહીએ ? અને નિરોગીતાનો તમે જે આનંદ ભોગવી શકો તે તો વિશેષમાં.

હું તમને હંમેશાં નિર્વ્યસની પણ જોવા ઇચ્છું છું, રખે માની બેસતા કે હું સાંકડી છું. ના,' નહિ જ. હું તમામ રસો ચાખવા ઇચ્છું છું. મારે પણ જિંદગીની મોજ લૂંટવી છે. પરંતુ કોણ જાણે કેમ વ્યસન તરફ મને ભારે અણગમો છે. મને સમજાતું જ નથી કે લોકો કેમ એમાં ફસાતા હશે ? પ્રથમ તો એમાં મને ગુલામી જણાય છે. બીજું એથી આરોગ્યને હાનિ પહોંચે છે. ત્રીજું, એમાંના ઘણા ખરાં વ્યસનો ગંદા હોય છે. દા. ત. તમારું માં તમાકુવાળું, પાન ચાવેલું અને સિગારેટથી ગંધાતું હોય તો મને નજીક આવવાનું રુચે જ નહિ. ધૂમાડાથી હું ભારે ત્રાસું છું. એક બીજી અસર પણ નિર્વ્યસનની મારા મન ઉપર થાય છે. મને એમ લાગવા માંડે છે કે મારો પતિ દૃઢ મનનો છે; એ કદી અયોગ્ય માર્ગે ખેંચાશે નહિ.

આ યાદીને હું હજી કેટલીયે લંબાવી શકું ? પણ તમે મારું મન સમજી ગયા હશો. હું તમને દૃઢ મનના, નિરોગી, પ્રસન્ન, શાન્ત, સ્વસ્થ અને સરલ ઇચ્છું છું. તમારું શરીર, તમારું મન, તમારી વાણી અને તમારું વર્તન કોઈ સંસ્કારથી સદા યે સુવાસિત રહે એ મારી મનોકામના છે. હું એવા પતિની પત્ની થવામાં કેટલો બધો ગર્વ અનુભવી શકું તે તમે જાણો છો ? અને એવા પતિની પત્ની કેવાં બાળકોની માતા બને ? મારા જીવનના બંને છેડાઓ પવિત્રતા,

પ્રેમ અને શક્તિ–સંયમથી શોભી ઊઠ તો મારુ જીવન મને ધન્ય લાગે. હું માનું, કે આ પાર્વતીનું તપ આખરે ફળ્યું ખરું

કહો, આમ કરશો ? એવો પ્રયત્ન પણ આરંભશો ? કે માત્ર પૂછીને જ સંતોષ માનશો ? અમારા મુખેથી ખુશામત સાંભળવા માટે તો તમે આવા પ્રશ્નો નથી પૂછતા ને ? તમે જેવા છો તેવા યે વહાલા તો છો, પરંતુ એ વહાલ શાશ્વત નથી. એમાં ભરતી–ઓટ આવ્યા કરે છે. તમે જ્યારે ચલિત થાઓ છો ત્યારે પ્રથમ દુઃખ થાય છે અને એવા પ્રસંગો જેમ જેમ વધે છે, તેમ તેમ અણગમો અને છેવટે તિરસ્કાર પ્રગટે છે. એક સ્ત્રીના દિલમાં પોતાના પતિ માટે તિરસ્કારની લાગણી પ્રગટે એ જેવું–તેવું દુર્ભાગ્ય નથી હો ! એવી લાગણી સહજ રીતે કદી પ્રગટે નહિ. જ્યારે અંતર બળીને ખાખ થઈ જાય ત્યારે એ ખાખમાંથી એ લાગણીનું ભૂત પેદા થાય.' મારું એ ભૂત જન્મતાં પહેલાં જ મૃત્યુ પામે એમ હું ઇચ્છું છું, તમે એ ઇચ્છા પૂરી કરશો ને ?

[૫]

સહચાર

એમ થાય છે કે તમારી ધીરજ હવે ખૂટવા આવી હશે. તમે પુરુષો અમારી વાતો ક્યારે ધ્યાન દઈને સાંભળો છો ? અમે તો તમારે મન ટાયલાં કરનારીઓ જ છીએ ને ? પરંતુ આજે હૈયું ઉઘાડયું છે તો બધું કહી જ દઉં એમ થાય છે. એક વાર, માત્ર એક વાર તો ધીરજ રાખી આ બધું વાંચી જ જજો. જો લક્ષ આપશો તો મને વિશ્વાસ છે કે મારા પ્રત્યે તમારામાંથી એક લાગણીનું ઝરણું પ્રગટયા વિના રહેશે નહિ.

હવે બહુ ચવાયેલી અને ગવાયેલી કેટલીક વાતો કહેવા માગું છું. ખૂબી તો એ છે કે આ બધી વાતો આજ સુધી મુખ્યત્વે પુરુષોએ જ કરી છે. સ્વતંત્રતા, સમાનતા, આદર, સહકાર, સન્માન એ બધું સ્ત્રીને મળવું જોઈએ એમ તમે લોકો હમણાં હમણાં બોલો છો. તમારા વચનોમાં કોઈ વાર દાન કે ઉદારતાનો ભાવ આવે છે. કોઈ વાર દયાથી તમે ડોલી જાઓ છો અને કોઈ વાર સાચેસાચ તમારું અર્ધું અંગ પક્ષાઘાતથી પીડાતું હોય એવી વેદના સાથે સાચી વાત ઉચ્ચારી દો છો.

તમારી આ વાતો સાંભળી સાંભળી અમે સ્ત્રીઓએ પણ એવી વાતો કરવા માંડી છે. અમારામાંથી કેટલીક સ્ત્રીઓ તો અમારી સ્થિતિથી સળગી ઊઠી હોય એવો પણ દેખાવ કરે છે. હું 'દેખાવ' કહું છું; કારણ કે ખરેખર જળી ઊઠેલી સ્ત્રી તો મને ભાગ્યે જ દેખાય છે. મધ્યમમાર્ગી સ્ત્રીઓ સ્વતંત્રતા–સમાનતાના આદર્શ સાથે થોડાક સુધારાઓ જ વાંછે છે. જે વિશેષ જાગ્રત છે તે સમાન અધિકારની માગણી કરે છે અને ઉપર કહી તેવી સળગી ઊઠેલી જે સ્ત્રીઓ છે તે તો લાખો વર્ષોની ગુલામીનું વેર લેવા ચાહે છે. એમને મન તમે પુરુષો તો જાલિમોની જમાત છો. જીવનના દરેક ક્ષેત્રમાં તમારી હરીફાઈ કરી, તમને મહાત કરી, ઉપર આવવાના તેમના પ્રયત્નો છે. એમ કહી શકાય કે જે સ્થાન આજ સુધી તમે ભોગવ્યું છે તે સ્થાન હવે તેઓ ભોગવવા ચાહે છે.

હું આમાંથી કયા વર્ગમાં છું? ખરું કહું તો હું એ સર્વની વતી બોલી રહી છું. મારે તમારી પાસે એટલું જ કહેવું છે, જેટલામાં અમે સૌ એકમત છીએ. માટે જ મારા આ વચનોનું ગાંભીર્ય અને બળ વધી જાય છે. તમે આકાશની અટારીએ બેસીને એક અરજ સાંભળતા હો એમ જ જો આ વાર્તા સાંભળશો તો અમારા અંતરને કદી નહિ સમજી શકો. અમે આજે જે દશામાં પડેલાં છીએ તેમાં

તમારો હિસ્સો જેવોતેવો નથી. બધા દોષોનું કારણ તમે જ છો એમ તો હું નથી કહેતી, પરંતુ એટલું જરૂર કહું છું કે અમારી નિર્બળતાનો તમે ભારે ગેરલાભ ઉઠાવ્યો છે. અમારામાં જીવનબળ હોત તો તમે અમને આવી દશામાં ન જ રાખી શકત. તમારા એવા પ્રયત્નો સામે અમે જાનના જોખમે બંડ ઊઠાવ્યું હોત. પરંતુ અમારી નિર્બળતા તમારા દોષને હળવા તો બનાવી શકે નહિ એટલે તમે પ્રાયશ્ચિત કરવાની વૃત્તિથી આ પ્રશ્ન સમજશો તો એનો ઉકેલ સરળ રીતે આવી જશે. હિંદુઓ અને હરિજનોનો પ્રશ્ન લગભગ આવો જ છે ને ? અમે તમને વચન આપીએ કે વેરની વૃત્તિ રાખીશું નહિ, તમે વચન આપો કે, દયાની વૃત્તિ નહિ રાખો. આમ થશે તો જ અમારો અને એમાંથી જ આપણો ઉદ્ધાર થશે. એ સિવાય બીજો કોઈ રસ્તો અમને દેખાતો નથી.

આ છેલ્લા ફકરાઓ ફરીને વાંચું છું.
મારી આજની સ્થિતિ ભૂલી જઈને જ આ બધું લખી નાંખ્યું છે. હું કેટલી અજ્ઞાન અને કેટલી નિર્બળ છું ? તમારા વિના જીવવાનું જ મારા માટે કેવું મુશ્કેલ જણાય છે ! તમે મારું શિરછત્ર છો. તમે જો ન હો તો આ ભર્યા જગતમાં મારું કોણ ? ઓહ ! યાદ આવે છે મને વિધવાઓ અને ત્યકતાઓની સ્થિતિ. ભયથી ધ્રૂજી ઊઠું છું. અધિકારની વાતો તો કરું છું, પરંતુ તમે એથી નારાજ થઈ જશો નો ? મારા તરફ તિરસ્કાર લાવશો તો ? મારી જ કોઈ બહેન તરફ ખેંચાઈ જશો તો ? મારા પ્રત્યે ક્રૂર બેદરકારી કેળવશો તો ? વિચારતાં કંપારી છૂટે છે

વિધવાને એક પરમ પુરુષે ત્યાગમૂર્તિ કહી છે. હશે. મને તો એના જેવી દુઃખમૂર્તિ આ પૃથ્વી ઉપર દેખાતી નથી. સૌની દયાનું એ પાત્ર. જે ઘરમાં એ હોય ત્યાં સાક્ષાત્ અમંગળનો જ જાણે વાસ. એના કિસ્મતમાં તો છાનાંછાનાં આંસુ સારવાં અને રાતદિવસ કામનો

ઢસરડો કરવો. આનંદ જેવું, જીવન જેવું, આશા જેવું કંઈ મળે જ નહિ. શા માટે? એનો પુરુષ ચાલ્યો ગયો એટલા જ ખાતર ને! આવી અમારી સ્થિતિ હોય ત્યાં સુધી તમારા પાસે અમે અધિકારની માગણી કરીએ તો તમે હસી કાઢો એમાં નવાઈ પણ શી! તમે બરાબર જાણો છો કે તમારા વિના આ જગત ઉપર અમારા માટે અંધકાર અને અરણ્ય જ છે. આ સ્થિતિનો લાભ ઉઠાવવાની તમને લાલચ થાય તે હું સમજી શકું છું.

અને વૈધવ્ય તો કિસ્મત અપાવે છે. તમે જીવતાંજાગતાં અમારી સ્થિતિ વિધવાની કરી મૂકો છો તેનો વિચાર એથીયે વિશેષ ભયકારક છે. એ સ્થિતિમાં તો અમારી દશા નહિ વાટના, નહિ ઘાટના કૂતરા જેવી જ થાય છે. પિયરથી અમે પરવારી બેઠાં હોઈએ છીએ. ત્યાં રહેવામાં અમારું અપમાન છે અને અમારા માતાપિતાની અપ્રતિષ્ઠા છે. તો અમે રહીએ ક્યાં? અમારા પ્રત્યે કોઈ જગ્યાએ દયાભાવ જાગે છે છતાં યે એમાંથી તિરસ્કારની ગંધ ઊગ્યા વિના રહેતી નથી. અમે માનવ તરીકે, સ્ત્રી તરીકે, પત્ની તરીકે, ગૃહિણી તરીકે આ જગતમાં નાલાયક સાબિત થઈએ છીએ. વૈધવ્યનું દુઃખ આ કરતાં ઘણું ઓછું હોય છે.

અને તમે આ સ્થિતિ જાણો છો. તમે અમને ધક્કો મારવાની ધમકી એટલે જ આપો છો. અમે કંપી ઊઠશું, નમી પડશું, અમારાં માતાપિતા પણ તમારી પાસે લાચાર થઈને ખોળો પાથરશે એ બધું તમે સમજો છો એટલે અમે જો માથું ઊંચું કરીએ તો તમે અમને ઘરનો દરવાજો બતાવી શકો છો.

પરંતુ આટલું જ નથી. આ કરતાંય કાતિલ શસ્ત્ર તમારા હાથમાં છે. એ છે ક્રૂર બેદરકારીનું. એથી તમારી આબરૂને પણ હરકત નથી આવતી. તમે બધું સલામત રાખીને અમારા ઉપર ત્રાસ ગુજારી શકો છો. તમારા માટે બહારની વિશાળ દુનિયા પડેલી હોય છે. ત્યાં તમે આનંદ લૂંટી શકો છો. અમારા માટે નાનકડું ઘર હોય છે. એ

ઘરનો દીવો તમે જ. એટલે ઇચ્છો ત્યારે અંધારું કરી શકો છો તુમે ઘેર આવો છો. રહો છો, જમો છો, સૂઓ છો; પણ સાવ અજાણ્યાની પેઠે જ. અમે પડછાયાની માફક તમારી આસપાસ ઘૂમીએ છીએ. તમારો બોલ ઝીલવા, તમારી સેવા કરવા તત્પર રહીએ છીએ. પરંતુ અમારા નસીબમાં પડછાયો—માત્ર પડછાયો જ હોય છે. મૃત્યુ કરતાં યે આકરી વેદના અમે ભોગવીએ છીએ. ઘરમાં રહેવું અમને આકરું લાગે છે, પણ જઈએ ક્યાં? આંગણામાં બાંધેલા પશુની જેઠ પેટ ભરીએ છીએ અને તમારી ચાકરી કરતાં કરતાં જિંદગી ગુજારીએ છીએ.

આ બધું તો તમે જરા સમજુ અને આબરૂથી ડરનારા હો ત્યારે. જો એવું કશું તમારામાં ન હોય તો? તદ્દન કંગાલ, ગરીબ, અશક્ત, પામર હોવા છતાં તમે અમારા ઉપર ઘા કરી શકો છો, ગાળોનો વરસાદ વરસાવી શકો. અમારાં માતાપિતા, ભાઈ—બહેન એ સૌને ભાંડી શકો છો અને અમારા દેહ ઉપરના તમારા આનંદ—અત્યાચારો પણ ચાલુ રાખી શકો છો.

અમારી આ સ્થિતિ હું ભૂલી જવા ઇચ્છું તો યે કેમ ભૂલી શકું? નવા યુગમાં કોઈ કોઈ સ્થળે અમે, તમને મૂંઝવવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ ત્યાં યે આખરે તો તમ જ ફાવી જાઓ છો. અમે ગમે તેમ તો યે આબરૂથી ડરીએ છીએ. અમારા માતાપિતાની બેઇજ્જતીનો પણ અમને ભય હોય છે. અને ખરું કહું તો અમારુ પંગુપણું પણ અમને લાચાર બનાવી મૂકે છે.

પણ એ બધું છતાં મને એમ થાય છે કે જે કાંઈ મારા અંતરમાં પડેલું છે તે બધું તમને દેખાડી આપું. તુમ માનો કે ન માનો, હું યે હજી ગઈ કાલ સુધી નહોતી માનતી પણ હવે મને દીવા જેવું દેખાઈ ગયું છે કે જે દુનિયા તમે રચી છે તેના પાયા હલી ઊઠ્યા છે. જડ પથ્થર જેવી સ્ત્રીઓ કોઈ રામના સ્પર્શે પ્રાણવંતી થતી હોય એવું દેખાય છે. ચેતનાનો હજી પહેલો જ ઝબકારો થયો છે, પણ એણે

વિશ્વાસ આપ્યો છે કે ચેતનાનું અને પ્રકાશનું અસ્તિત્વ છે જ. એનો નાશ સ્ત્રીઓ પોતે પણ કરી શકી નથી અને તમે પણ કરી શક્યા નથી. ઈશ્વરી પ્રેરણાએ જે ચેતના આજસુધી સલામત રાખી છે તે હવે જાગી હોય એવું હું જોઈ રહી છું.

અને તેથી જ આટઆટલા ભયોની વચ્ચે તમને ન ગમે તેવા થોડાક શબ્દો હું બોલી ઊઠી છું. એ જ મનોભાવના સાથે મારે તમને સાફ શબ્દોમાં જણાવી દેવું જોઈએ કે પતિદેવ જાગો, ચેતો, નવા ઝબકારાને આંખમાં ઝીલી લો. અમે તમારી પત્નીઓ, પ્રિયતમાઓ અને બીજા સંબંધે ભગિનીઓ, પુત્રીઓ, માતાઓ નવા અવતારનો અનુભવ કરી રહ્યાં છીએ. તમે એનું સ્વાગત કરો. આપણે બંને એથી સુખ પામશું.

કોઈ દુર્ભાગ્યે તમે તમારા ગર્વમાં મસ્ત રહેશો અને અમે તમને પ્રેમથી આ નવા અવતારનું દર્શન નહિ કરાવી શકીએ તો કેવી વિષમ સ્થિતિ આવશે તેનો તમને ખ્યાલ આવી શકે છે? મેં અગાઉ લખ્યું છે કે કેટલીક સ્ત્રીઓ આ સ્થિતિથી અળગી ઊઠી હોય એવો ‘દેખાવ’ કરે છે. આ દેખાવ ‘દેખાવ’ મટી જઈ સાચી સ્થિતિમાં પલટાઈ જશે અને જેની સંખ્યા આજ અતિ ઓછી છે તે તમામ સ્ત્રી સમાજમાં વ્યાપી જશે તો! આનાં માઠાં પરિણામોથી તમે, અમે કે કોઈ પણ નહિ બચી શકીએ! તમે વિચાર તો કરો, મારી અને તમારી વચ્ચે, માતા અને પુત્રની વચ્ચે બહેન અને ભાઈની વચ્ચે જે દિવસે ઈર્ષાના ભાવ જાગશે તે દિવસે આ પૃથ્વી ઉપર શીતળતા ક્યાં સાંપડશે? તે દિવસે જીવનને મધુર રસ આપનાર પ્રેમનું તો મૃત્યુ થયું હશે. ઉદારતા, સ્વાર્પણ, ત્યાગ, ક્ષમા, દયા એ બધા ગુણોનો લોપ થઈ જશે. આ સ્થિતિ મારે અને તમારે કોઈ પણ ભોગે અટકાવવી જોઈએ. અમારા તરફથી જે કાંઈ કરવા જેવું છે તે કરવા માટે અમે તૈયાર છીએ. તમે તમારું કર્તવ્ય બજાવવા માટે તત્પર છો?

જો તમારી તત્પરતા હોય તો કૃપા કરી આટલું તો ધ્યાનમાં રાખી જ લો.

વૈધવ્ય હવે અસહ્ય છે. તમે પ્રતિજ્ઞા કરો કે જો મારું મૃત્યુ થશે તો તમે વિધુર રહેશો. એમ ન બની શકે તો તમારી પેઠે જ મને પણ લગ્નની છૂટ આપો. અમે સ્ત્રીઓ એ પગલું ભરતાં અચકાઈએ તો અમને ઉત્તેજન આપો. અમારો ભય નિવારો. સંયમને સ્વાભાવિક બનાવો. અમારા ઉપર બળાત્કારે સંયમ ન લાદો. સ્વેચ્છાએ તો અમને અને તમને બંનેને સંયમમય જીવન ગાળવાની છૂટ છે જ.

કાયદામાં તમને જે લાભ પ્રાપ્ત થાય છે તે જ્યાં સુધી કાયદો ન બદલે ત્યાં સુધી તમે તમારી ઇચ્છાથી છોડી દો, એટલે કે એક ઉપર બીજી પત્ની કરવાનો કે એવો વિચાર કદી કરો જ નહિ. કાયદો છૂટાછેડાની છૂટ ન આપે ત્યાં સુધી કોઇ પણ હાલતમાં અમને નિભાવી લો અને જ્યારે એવી છૂટ મળે ત્યારે પણ અમારો ત્યાગ કરતા પહેલાં અમારા ભવિષ્યની ગોઠવણ થઈ જવા દેજો. અમને મદદ કરજો. અંતરિયાળ રઝળાવતા નહિ.

માફ કરજો. અમારી સાથેના તમામ વર્તનમાં તમારે ધરમૂળથી ફેરફાર કરવો પડશે. તમારી કલ્પના જ તમારે બદલી નાખવી પડશે. અમારા ઉપર હાથ ઉગામવવાનું ગમારપણું તો કદી કરતા જ નહિ ગાળો ઉચ્ચારતાં પહેલાં તમારી જીભ ખેંચી લેવાનું પસંદ કરજો. અમારાં માતાપિતા કે ભાઈબહેનને એક પણ ખરાબ શબ્દ બોલશો તો અમારું અંતર તમારાં સ્વજનો માટે શાપ ઉચ્ચારવા જેવું પતિત થઈ જશે. એ સ્થિતિમાંથી તમે બચજો, અને અમને પણ ઉગારજો.

ક્રૂર બેદરકારી પણ તમારે છોડવી જ જોઈશે. એ મૂગો માર વધુ કાતિલ હોય છે. અમે કેવી ભાવનાઓ સાથે તમારે ત્યાં આવ્યાં છીએ તેનું સતત સ્મરણ રાખશો તો એ બેદરકારી તમારામાં કદી આવશે જ નહિ.

આવી આવી સૂચનાઓ તો અનેક આપવી છે. પરંતુ તમે જો સમજવા ઇચ્છશો તો આટલામાં સમજી જ જશો એવી મને શ્રદ્ધા છે. અને જો ન સમજવાનો જ તમારો નિર્ણય હશે તો હું ગમે તેટલા વિસ્તારથી મારી વેદના વર્ણવીશ તો ય તે મિથ્યા જ જશે. તમે જો તમારી કલ્પના બદલી નાખશો તો આરંભમાં કદાચ તમે તમારી સત્તાનું સુખ ગુમાવી બેઠા છો એમ લાગશે પરંતુ એ નશો દૂર થતાં પ્રેમનું વાતાવરણ પેદા થશે. તમે જોઈ શકશો કે તમારા સુખ માટે હું સદા સર્વદા તૈયાર જ હોઇશ. એ જ રીતે તમે પણ તમારી જાતને મારે માટે તત્પર રાખતા થઈ ગયા હશો. જરૂર છે તમારે મારા વિષેની–સ્ત્રી વિષેની કલ્પના જ બદલી નાખવાની.

તમે નિશ્ચય કરો કે હવે મને તમારાથી નીચી કક્ષાની કદી માનશો નહિ. હું તમારાથી ઓછું ભણેલી હોઉં કે ન હોઉં, મારાં માતાપિતા ધનવાન હોય કે ગરીબ હોય, મારી બુદ્ધિ તેજસ્વી હોય કે મંદ હોય પરંતુ તમે મારી માનવતાનું, મારા વ્યક્તિત્વનું, મારી જાતિનું સ્વમાન જાળવશો. સમાનતાના સિદ્ધાંતનું એના વિશાળમાં વિશાળ અર્થમાં પાલન કરશો.

એટલું થયા પછી સ્વતંત્રતાની માગણી મારે કરવી જ નહિ પડે. જો તમે સ્વતંત્ર છો તો હું છું જ. કાયદેસર કે રૂઢિગત જે સ્થાન અને અધિકાર તમારાં છે તે જ મારાં છે તેનો તમે સ્વીકાર કરી લો પછી મારે બીજું શું જોઈએ ? હું જાણું છું કે આપણે વિશાળ કુટુંબના વડલા નીચે જીવતાં હોઈએ ત્યારે આપણી સ્વતંત્રતા ઉપર આપણે મર્યાદા મૂકવી પડે છે. એ વિષે તમે ડર ન રાખશો, અમારા સ્વભાવમાં જ એ મર્યાદા રહેલી છે. એવી મર્યાદાનું પાલન તમારે પણ કરવાનું છે એટલું તમે ભૂલતા નહિ.

બીજી શી માગણી કરું ? આટલું બધું પ્રેમ વિના તો શક્ય જ નથી એટલે તમારો સાચો સહકાર મને સમગ્ર જીવનમાં પ્રાપ્ત થશે જ.

હું અંતઃકરણપૂર્વક કહું છું કે એથી વિશેષ મારે બીજું કશું જ જોઈતું નથી. આટલું પ્રાપ્ત થતાં મારું હૃદય પ્રેમથી છલોછલ ભરાઈ જશે. કન્યાકાળમાં રચેલાં બધાં સ્વપ્નો તો એ પછી સિદ્ધ થશે જ થશે.

[૯]

આખરે

મારા આ લાંબા પત્રનો છેલ્લો હિસ્સો હવે લખી નાખું. જે કાંઈ બાકી રહ્યું છે તે છૂટક છૂટક આ પત્રમાં લખીને હું તમારા સમક્ષ પત્રરૂપે આવી પહોંચીશ. તમે આમાં મને, મારી જાતને, મારા હૃદયને અવશ્ય વાંચી શકશો. મને આ શબ્દો લખતાં એવી શ્રદ્ધા પ્રગટે છે કે તમે જરૂર આની કદર કરશો જ. કેમ નહિ કરો ? હું કોઈ પરાઈ વ્યક્તિ છું ? મારાથી વિશેષ તમારે છે શું ? ક્ષણે ક્ષણે તમારું જ ચિંતન કરનાર મારા સિવાય બીજું કોણ છે ?

મને અત્યારે, ભલે આંગળીને વેઢે ગણી શકાય એટલા અલ્પ હોય, પરંતુ જે સાચા પ્રેમીઓ છે તેમનું સ્મરણ થાય છે. તમે ને હું એમનાં પણ પ્રતિનિધિઓ તો છીએ જ ને ? એ જીવનમાં કેટલો રસ અને કેટલી પ્રસન્નતા રેલાય છે ? સમગ્ર કુદરત પણ જાણે એમના આનંદમાં વૃદ્ધિ કરે છે. આપણાં સૌનું જીવન એવું જ મધુર, આનંદમય અને નિરોગી હોય એવી ભાવના અત્યારે મારા હૃદયમાં વ્યાપી જાય છે.

આ પત્રોમાં મારા પ્રિયતમને મેં કેટલાક આકરા શબ્દો કહી નાખ્યા છે–તે ન કહેવા પડ્યા હોત તો કેવું સારું હતું ! તમે એ ઉપરથી

એમ ન માનશો કે મારી ભૂલો અને મારી ઊણપો હું સમજતી જ નથી. મારી તો માગણી છે કે જેમ મેં તમારા પાસે હૈયું ખોલી નાખ્યું છે તેમ તમે પણ એક વખત ખોલી નાખો. હું વચન આપું છું કે પૂર્ણ પ્રેમ, ભક્તિ અને સમભાવથી હું તમને ઓળખવા અને અનુકૂળ થવા પ્રયત્ન કરીશ. અત્યારે તો હું એટલું જ કહેવા ઇચ્છું છું કે હું તમારા કરતાં અનેક રીતે નિર્બળ છું તેનું મને બરાબર ભાન છે. કોઈ નિર્બળને એના ખરા અધિકારો પ્રાપ્ત થતા નથી. આ માટે તો હું નવું જોમ પામવાનો યત્ન કરું જ છું. પરંતુ તમે પણ એમાં મને સાથ આપો એવી મારી પ્રાર્થના છે. હું તમારું જ અંગ છું ને? મારું બળ જો વધશે તો તેનો ઉપયોગ તમને પણ મળવાનો જ છે. હું નિર્બળ હોઈશ તેટલા તમે પણ નિર્બળ રહેશો.

આ સાથ અને સહકાર ઉપર હું વધુ ને વધુ ભાર એટલા માટે મૂકું છું કે મારી નિર્બળતા જ મારા દુઃખનું મૂળ કારણ છે તે હું સમજી ગઈ છું. તમારી દૃષ્ટિએ હું ઘણીવાર મારું અવલોકન કરી જોઉં છું. તમે મારા પ્રત્યે તુચ્છ દૃષ્ટિ રાખો છો તેનું કારણ મારું અજ્ઞાન, ગમારપણું, સંકુચિતતા, નવા યુગને જોવાની અશક્તિ વગેરે હશે. જીવનમાં જે સાહસો તમે કરી શકો છો તે કરવાની હિંમતનો અભાવ પણ આમાં કારણભૂત હશે. મારી શારીરિક દુર્બળતાને પણ ભૂલી શકાય નહિ. આ બધાથી તમે કંટાળો નહિ, થાકો નહિ, એટલા ખાતર મારા તરફ દુર્લક્ષ કરો નહિ એવી મારી માગણી છે. તમે બુદ્ધિશાળી છો. તમારે સમજવું જોઈએ કે મારી આ અશક્તિઓનું કારણ માત્ર હું જ નથી. તમે જ અમને બળપૂર્વક પછાત નથી રાખી? અમારી કેળવણીનો તમે જ અગાઉ વિરોધ નથી કર્યો? શક્તિના ઝરણરૂપ સ્વતંત્રતા તમે જ ખૂંચવી નથી લીધી? સાહસની દુનિયામાંથી અમને ઘરમાં ગોંધી રાખવામાં તમારો પણ હિસ્સો નથી? અમારાં અજ્ઞાન, અશક્તિ, અશિક્ષિતતા, ગમારપણું એ બધું ક્યાંથી

આવ્યું છે? આજે તમે એનાથી નાસો કે ત્રાસો તે કેમ કામ આવશે? એ દૂર કરવામાં તમારે સાથ આપવો જ જોઈએ—આપવો જ પડશે.

નવા યુગના બધા યુવકો ઇચ્છે છે કે એને સશક્ત, સુંદર, સુશિક્ષિત અને સંસ્કારી કન્યા પ્રાપ્ત થાય. આ ઇચ્છા હું સમજી શકું છું, પરંતુ મારે એમને આટલું જ કહેવું છે કે પ્રથમ એ બધા ગુણો તમે જાતે પ્રાપ્ત કરો અને તે પછી જ એવી અપેક્ષા રાખો. કોઈ સદ્‌ભાગ્યે એની પ્રાપ્તિ તમને થઈ હોય તો તમારા સમાજનું જરા અવલોકન કરો. તમે નથી જોઈ શકતા કે સમાજમાં કુમારોના વર્ગ કરતાં કન્યાઓનો વર્ગ ઘણો પછાત છે? જો એ વાત ખરી હોય તો બધા જ કુમારોને એવી જ કન્યાઓ ક્યાંથી મળશે? જો તમે સંસ્કારી હો તો તમારું કર્તવ્ય થઈ પડે છે કે તમારી આસપાસની કન્યાઓમાં, એ તમારી બહેન હોય, ભાભી હોય પત્ની હોય—ગમે તે હોય, ત્યા જ્ઞાનનો દીવો કરો. પણ તમે માત્ર ભણ્યા જ હો અને સંસ્કારનો અભાવ હોય તો ઓછામાં ઓછું તમારા ભાગ્યમાં પત્નીરૂપે જે માનવી આવ્યું છે તેના શિક્ષણનો ભાર તો ઉપાડી જ લો. આટલું તમારે કરવું જ જોઈએ. એ માટે પણ તમે તૈયાર ન હો તો મારે કહેવું જોઈએ કે તમે આ જગત ઉપરના એક મોટા સ્વાર્થી માનવ છો. તમે સમાજ પાસેથી સર્વ કાંઈ ઇચ્છો છો પરંતુ તેનો યથાશક્તિ બદલો આપવા માટે તૈયાર નથી.

તમે હવે મારી માગણીને યથાર્થરૂપે સમજી ગયા હશો. હું આગળ આવવા માટે તમારી મદદ માગું છું. હું અજ્ઞાન હોઉં તો તમે એ અજ્ઞાન દૂર કરો, મારામાં તમારે યોગ્ય બુદ્ધિ ન હોય તો ધીરજ રાખી તમે મને ભલામાં સીંચો. હું રૂઢિમાં જકડાયેલી હોઉં તો ધીરજ રાખી તમે મને મુક્ત કરો. મારાથી નાસો નહિ, મારા પ્રત્યે બેદરકારી સેવો નહિ. હું જાણું છું કે આ બધું કરવામાં તમને ભારે શ્રમ ઉઠાવવો પડશે. જે કાળે તમે લગ્નનો રસ ઇચ્છતા હશો ત્યારે જ તમારે પ્રિયતમને બદલે એક શિક્ષકની ગંભીરતા ધારણ કરવી પડશે. પરંતુ

એ ખ્યાલમાં રાખજો કે જિંદગી ઘણી લાંબી છે, એ લાંબી જિંદગીને લક્ષમાં રાખી પરિશ્રમ કરશો તો બધું આસાન લાગશે. એમાં તમને રસ પણ આવવા માંડશે અને જ્યારે હું તમારે યોગ્ય થઈ ગઈ હોઈશ ત્યારે? ત્યારે આપણા આનંદની કોઈ સીમા નહિ રહે. એટલે તમે મને દોરો, આગળ લાવો, મદદ કરો. હું શ્રદ્ધાપૂર્વક તમારું અનુસરણ કરીશ.

હવે બીજી એક વાત કહું. કૌટુંબિક સંબંધોમાં તમે મારું માન જાળવો એવી મારી માગણી છે. આપણા કુટુંબોમાં હું 'પગનું પગરખું' ગણાઉં છું તે સ્થિતિ દૂર કરવાનું તમારા હાથમાં છે. તમારા કુટુંબમાં મારું કહેવાય એવું તમારા સિવાય કોઈ નથી તે ખ્યાલમાં રાખજો. તમે જો મારી વાત નહિ સાંભળો તો મારું શું થશે? વડીલોની સેવાનો હું ઇન્કાર કરીશ નહિ. પરંતુ હું પણ એક માનવીની પેઠે સ્વમાનપૂર્વક જીવી શકું તે તમારે જોવું જ જોઈએ. મારો વિકાસ ન રૂંધાય તેની પણ તમારે ગોઠવણ કરવી જોઈએ. ચૂલા તરફ મને તિરસ્કાર નથી, પરંતુ એ જ મારા જીવનની ક્ષિતિજ ન બને એમ તો હું ઇચ્છું જ છું. તમે એ બધું કરશો?

આ પત્ર હવે પૂરો થવા આવ્યો છે. છેલ્લે છેલ્લે તમારા માટે મારું દિલ જે છાની ઝંખના રાખે છે તે પ્રગટ કરી દઉં. હું સ્ત્રી છું. તમે મારા પતિ છો. અગાઉ કહ્યું તેમ મારા મનમાં તમારા માટે સ્વામીભાવ જાગૃત થઈ જાય છે. એક સમાન મિત્ર તરીકે પણ તમારી ઉન્નતિની મને ઇચ્છાઓ થવી જોઈએ, પરંતુ તમારી પ્રિયતમા તરીકે એ ઇચ્છાઓ અતિશય પ્રબળ રૂપમાં પ્રગટે છે. મને શું થાય છે તે જણાવું?

સમાજમાં તમે પ્રતિષ્ઠિત હો, રહો એવી મારી ઝંખના છે. તમારી કીર્તિનો મને અપાર આનંદ છે. તમારાથી એવું કંઈ યે ન થવું જોઈએ જે તમારી આબરૂને, તમારી પ્રતિષ્ઠાને, તમારી માનવતાને શરમાવનારું

હોય. સર્વ સ્થળે, તમારી પ્રશંસા જ હું સાંભળું એવી ઇચ્છા ફરી-ફરીને મને થાય છે.

તમે શક્તિશાળી રહો, ન હોય તો પ્રાપ્ત કરો. મારો પતિ નિર્બળ છે એવો વિચાર પણ મારાથી સહન ન થઈ શકે. તમે શક્તિ પ્રાપ્ત કરશો ને મારું આકર્ષણ વધતું જશે. મેં અગાઉ કહ્યું છે કે અમે સ્ત્રીઓ પરાક્રમ તરફ આકર્ષાઇએ છીએ. આ શક્તિ કયા પ્રકારની જોઈએ તે તો સમજી જ શકશો.

અને તમારું સ્વમાન તો સદાયે અખંડ જ રહેવું જોઈએ. તમને ખુશામત કરતા હું જોઈ જ ન શકું. કોઈની પાસે ઝૂકી પડો તે મારાથી સહન જ ન થાય. ભલે ગરીબ રહીએ પણ કદી અપમાન તો ન જ સાંખીએ. અમને એની બહુ માઠી અસર થાય છે.

હું જાણું છું કે આવું બધું અમને થાય છે તેમાં અમારો સ્ત્રીભાવ, નિર્બળભાવ પણ કારણભૂત છે. પરંતુ એમ થાય છે એ તો ચોક્કસ, અમે જેમ આગળ વધીશું, શક્તિ મેળવીશું તેમ આ પ્રકારની માત્ર ઇચ્છા જ નહિ કરીએ, એની પ્રાપ્તિ પણ કરીશું અને એ માટે જરૂર પડશે તો ઝૂકીશું પણ ખરાં.

ચાલો, હવે વિદાય લઉં. તમારી ધીરજની મારે વધુ કસોટી ન કરવી જોઈએ. પત્ર પૂરો કરતાં તમને વિશ્વાસ આપું કે આમાં જે કાંઈ લખ્યું છે તે પ્રેમની પવિત્ર લાગણીથી પ્રેરાઈને જ લખ્યું છે. સાથે તમારું હૃદય જીતવાની શુભ મનોકામના પણ પ્રત્યેક અક્ષર પાડતાં જાગૃત રહી છે. તમને દુઃખ આપવાનો કે નારાજ કરવાનો લેશમાત્ર ઈરાદો સેવ્યો નથી. અને જે કાંઈ લખ્યું છે તે દિલની સચ્ચાઈ સાથે લખ્યું છે. તમારું હૃદય ભલે મેં પૂર્ણરૂપે ન જોયું હોય, ભલે હું તમને સંપૂર્ણ રીતે ન ઓળખતી હોઉં, પરંતુ જે મેં જોયું છે ને જાણ્યું છે તે આ જગતમાં બીજું કોણ જાણે છે? બીજા કોણે જોયું છે? તમારા તરફથી અમે જુલમોની ઝડીઓ

સહન કરી છે, અપમાન તો અમારું નિત્યનું સાક્ષી રહ્યું છે છતાં એ બધાંની પાછળ તમારું હૈયું જે પ્રેમથી ક્યારેક દ્રવે છે તેનાં સુખદ દર્શન મેં કર્યાં છે. આ દર્શનના આધારે જ આવો પત્ર લખવાની મેં હિંમત કરી છે.

અને કોઈ કોઈ સ્થળે તો તમે પરમ મંગલનું દર્શન પણ કરાવ્યું છે. તમે શક્તિશાળી હોવા છતાં તેનું અભિમાન કર્યું નથી. કાયદો તમારે પક્ષે હોવા છતાં એ તરફ તમે નજર કરી નથી. અમે અમારા અજ્ઞાનમાં તમને દુઃખ આપ્યું હોય તે તમે શંભુની અદાથી ગળી ગયા છો. અમારા પવિત્ર સ્મરણ સાથે વૈધુર્યનું કઠોર તપ આદર્યું છે તે પણ અમે જાણીએ છીએ. આ બધું સંભારવું કેટલું સુખદ છે! કેટલું મંગલમય છે! કેટલું પ્રેરણાદાયી છે! આ જે અલ્પ છે તે સમગ્ર જીવનમાં–સમગ્ર પુરુષ જાતિમાં વ્યાપી જાઓ!

પતિદેવ! નમસ્કાર સાથે હવે રજા લઉં.

લી........ના

પ્રેમપ્રણામ

અખંડ સૌભાગ્યવતી

[૧]

આકર્ષણ



અ. સૌ.

તમને જો હું અખંડ સૌભાગ્યવતી કહીને સંબોધું તો એનો અર્થ એમ ન માનશો કે મારા જીવન વિષે જ હું આશીર્વાદ ઉચ્ચારી રહ્યો છું, તમને અ. સો. ગમે છે અને એમ કહેવાનો રિવાજ પડી ગયો છે માટે જ મેં એ સંબોધન વાપર્યું છે,

તમારો પત્ર મને મળી ગયો છે. યોગાનયોગ એવો થયો છે કે મેં પણ એ જ વખતે મારા મનની વાતો તમારા પાસે પ્રગટ કરવાનો વિચાર કરેલો. હું જંજાળી રહ્યો એટલે મને થોડું થયું અને તમે પહેલાં થઈ ગયાં. ખેર, એટલી ખાતરી આપું છું કે ભલે આ પત્રમાં તમે તમારા પત્રનો જવાબ ન વાંચો. પરંતુ તમે લખેલો એકેએક શબ્દ મેં ધ્યાનથી વાંચ્યો છે ને દિલ તથા દિમાગમાં ઉતાર્યો છે. એનો જવાબ આપવાનો હું પ્રયત્ન કરત તો મારી બુદ્ધિ અને દલીલશક્તિ મારી જાતની વકીલ બની જઈ એક મોટું બચાવનામું

રજૂ કરી દેત. તમે જ કહો, એવા બચાવનામા કરતાં તમારા ઉપરનું આ ખુલ્લું તહોમતનામું જ મારા માટે વધારે સારું નથી? હું પણ તમારી પેઠે જ હૃદયદરવાજાના આગળા ઊઘાડી નાખું છું. અમે બાહ્યરૂપે એટલા કઠોર દેખાઈએ છીએ કે અમારું અંતર કેવું છે તેનો તમને કદી વિચાર જ આવી શકતો નથી. દિલના દરવાજા તોતિંગ છે, પણ જોઈએ તેવા મજબૂત નથી. દેખાવે એ ભયંકર લાગે છે પરંતુ એના મર્મસ્થાન ઉપર ટકોર પડતાં જ તૂટી જાય એટલા નાજુક છે.

અને દિલના એ દરવાજા જોઈને જ તમે પાછાં વળી જાઓ અને પછી ફરિયાદ કરો કે તમારા અંતરની અમને કશી માહિતી નથી એ કેવું! તમારે હિંમતપૂર્વક એ દરવાજાને ઠોકવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમ ન થઈ શકે ત્યાં ધૈર્ય રાખીને થોભવું જોઈએ. એ પણ અશક્ય હોય તો એની મેળે જ એ ક્યારેક ઊઘડી જાય છે ત્યારે પૂર્ણ શ્રદ્ધા સાથે અંદર પ્રવેશવું જોઈએ. તમે આમાંનું કશું કર્યું છે? આજે પણ કરો છો?

તમે તો એમ માની બેઠાં છો કે અમે પુરુષો હૈયું જ નથી ધરાવતા! કેટલું પાગલપણું છે આ માન્યતામાં? જો હૈયું જ ન હોય તો તમે અમારા ઉપર જે સૂક્ષ્મ સત્તા ભોગવી રહ્યાં છો તે કદી ભોગવી શકત ખરાં? તમે દલીલ કરશો કે 'અમે સત્તા ભોગવતાં જ નથી, અમે તો તમારા ગુલામ છીએ.' પણ આ સાચી દેખાતી દલીલ કેટલી ભરમાવનારી છે તે આ પત્રમાં હું તમને બતાવી આપીશ. છતાં ઘડીભરને માટે તમારી દલીલનો સ્વીકાર કરીએ તો પણ અમે હૈયાસૂના છીએ એમ સાબિત થઈ શકશે નહિ. જો એમ હોત તો તમારી આજે હસ્તી જ ન હોત. આ ઘર અને કુટુંબ કદી રચાયાં જ ન હોત. બાળકો ઉત્પન્ન થયાં હોત તો એ જીવ્યાં ન હોત અને જીવ્યાં હોત તો એ આપણને જ ખાઈ જવાનો પ્રયત્ન કરત. શ્રીમતીજી,

એવો ગર્વ કરશો જ નહિ કે આ મીઠા ગૃહસંસારની રચના તમે–તમે એકલાંએ જ કરી છે! અમારા વિનાના તમે આ પૃથ્વી ઉપર કેવું સ્થાન ધરાવો છો તેનું વર્ણન તો તમે જાતે જ કર્યું છે એટલે એ વિષે હું ફરીને લખતો નથી.

માટે પ્રથમ તો એ સ્વીકારી લો, કે જેવું કોમળ હૈયું તમે ધરાવો છો તેવું જ અમે ધરાવીએ છીએ. અમારી કઠોરતા તો એક આભાસ માત્ર છે. એમાં કશી તાકાત જ નથી. તમારા શાન્ત અગ્નિ પાસે લાખ્ખો વાર એ ઓગળી જાય છે. ક્યારેક એ અભેદ્ય દેખાય છે, પરંતુ તમારું પોચા પાણી જેવું સામર્થ્ય ધીમે ધીમે એના પાયાને જ ભીંજવી નાખે છે. તમારા ને મારા સહજીવન ઉપર એક નિષ્પક્ષ દૃષ્ટિ ફેંકી જશો તો મારો આ વાતનું સમર્થન મળી રહેશે.

પત્ર શરૂ કરતાં જ આ સવાલ મેં એટલા માટે ઉઠાવ્યો છે કે જ્યાં સુધી એનો સ્વીકાર તમે કરો નહિ ત્યાં સુધી હું જે કાંઇ લખું તે નકામું નીવડે. હૈયાસૂનાને વળી વેદના શી? દુઃખ શું? દર્દ શું? ફરિયાદ શી? મારે તમને બતાવવું છે કે અમારી સામે જેટલી ફરિયાદો છે તે કરતાં યે વિશેષ ફરિયાદો અમ અમારી છાતીમાં દબાવીને બેઠા છીએ. અમારો સ્વભાવ આંસુ સારવાનો કે નિસાસા મૂકવાનો નથી તેથી એ તરફ અમે કદી લક્ષ આપતા નથી. તમારી પેઠે રાત અને દિવસ એ ફરિયાદો ગાયા કરવાની પણ અમને ટેવ નથી. અમે ફરિયાદોનાં કારણો સમજી લઈ, સમાધાન મેળવી લઈએ છીએ. અમારા સ્વામિત્વનો ઉપરછલ્લો દેખાવ કાયમ રાખી, સૂક્ષ્મ ગુલામીનો સ્વીકાર પણ કરી લઈએ છીએ, અમ જગત સમક્ષ અમને અને તમને પણ સારાં દેખાડવા ચાહીએ છીએ એટલે તમે નહિ, પણ અમે જ મોટે ભાગે આપણાં ઘરનું અને આપણી ઇજ્જતનું ઢાંકણ બનીએ છીએ.

તમે ધીરજ રાખજો. આ બધું હુ સાબિત કરી આપવાનો છું. કેવળ જેમ તેમ બકવાદ કરીને મારે તમને દોષિત નથી ઠરાવવાં. સાચી હકીકતોના ઢગલાઓ રજૂ કરીને તમને પોતાને જ ખાતરી કરાવવી છે, કે તમે રોતાં રોતાં પણ અમને કેટલા બધા અન્યાયો કર્યા છે અને આજે પણ કરી રહ્યાં છો ! મને આશા છે કે તમે પોતે પણ એ જાણીને આશ્ચર્યમાં ડૂબી જસો અને નિશ્ચય કરી નાખશો કે હવે પછી એવો અન્યાય તમારા તરફથી કદી થશે નહિ. આમ કરશો એટલે તમારી અન્યાયની પ્રકૃતિ પણ બદલાઈ જશે. મને ખાતરી છે કે એથી આપણું ગૃહજીવન સુંદર બનશે.

આટલું વાંચતાં તમને એમ થશે કે આ પત્રોમાં હું શોધી શોધીને તમારા દોષો જ બતાવીશ અને મને, મારી જાતને દેવ જેવી બતાવવાનો પ્રયત્ન કરીશ. પરંતુ એવી મારી વૃત્તિ નથી. હું દેવ છું નહિ, કદી હતો નહિ. તમે અમને ક્યારેક દેવ માનો છો કે મનાવો છો તેમાં અમે કોઈ વાર ફસાઈ પણ જઈએ છીએ, પરંતુ સ્વસ્થ થતાં જ અમને ખબર પડી જાય છે કે અમે માનવ છીએ, પામર માનવ છીએ. અમને એમ પણ લાગે છે કે તમે ખુશામત કરી અમને દેવ બનાવો છો ખરા, પરંતુ ખરેખર તો ત્યારે અમે બેવકૂફ બનીએ છીએ, તમારી પાસે બેવકૂફ બનવાનો અમારો સ્વભાવ પડી ગયો છે, અને તમે એનો બરાબર લાભ ઊઠાવો છો.

અમે માનવ છીએ; અનેક ત્રૂટિઓ અને દોષોથી ભરેલા માનવ છીએ. આજના આપણાં દુ:ખોનું કારણ માત્ર તમે જ છો એમ માનતા નથી, પરંતુ એ વાતનો યે ઈન્કાર કરીએ છીએ કે બધાં દુ:ખોના જન્મદાતા અમે પુરુષો જ છીએ. ખરી વાત તો મેં તમને કહી નથી કે અમે બેવકૂફ–અક્કલહીન છીએ અને તેથી જ જે કંઈ બને છે તેનો દોષ અમારા ઉપર આવો પડે છે. અમારી કેટલીક નબળાઈઓ છે તેનો તમે આબાદ રીતે લાભ ઊઠાવો છો. એ

નબળાઈઓ અમારે ખંખેરી નાખવી જોઈએ, પરંતુ અમે ન ખંખેરી શકીએ તો યે તમારે તો એનો લાભ ઊઠાવવો જ ન જોઈએ.

સ્વભાવથી જ અમે સત્તાશોખી છીએ, જરા ગર્વિષ્ઠ પણ ખરા, બળવાન દેખાવાની અને ઉપકાર કરવાની વૃત્તિ પણ ઠીક પ્રમાણમાં; લાગણીઓનો આવેશ પણ તમારાં કરતાં વિશેષ બળવાન. આ બધું અમને પછાડે છે. તમે અમારા સત્તાશોખનો સ્વીકાર કરી ઘરની ગાડીનું એન્જીન અમને બનાવી દો છો. અને તમે બની જાઓ છો ગાર્ડ. અમને લાગે છે કે ગાડી અમે ચલાવીએ છીએ, પણ દોરનાર તો અમારી પાછળ હોય છે. દુનિયા અમને જુએ છે, કારણ કે મોટા ધમપછાડા કરતા અમે જ આગળ દોડતા હોઈએ છીએ. કેટલી કુનેહ છે તમારામાં? અમારા પાસે તમે મજૂરી કરાવો છો, અમને જોખમમાં મૂકો છો, સળગતી ભઠ્ઠી જ અમારી નજીકમાં જ હોય છે. છતાં અમે એમાં આનંદ માનવા લાગી જઈએ છીએ. આવું જ બીજી બધી બાબતો માટે છે. સમય આવ્યે એ સઘળું આપની સમક્ષ સાદર કરીશ. અત્યારે તમારા મન ઉપર એટલું ઠસાવવા માગું છું કે તમે અમારા દોષોની જ રાતદિવસ ગણતરી કર્યા કરો છો તે સ્વભાવ છોડો અને જરા આત્મનિરીક્ષણ પણ શરૂ કરો.

મને એમ લાગ્યું છે કે તમારા સ્વભાવમાં મોટામાં મોટો દોષ આ જ છે. આત્મનિરીક્ષણ તમે કદી કરતાં જ નથી. મનોમંથનને અને તમારે કશું લાગેવળગે જ નહિ. તમે તો મંથન શરૂ થતાં પહેલાં જ આંસુના બે ચાર ટીપાં પાડી દો. બસ, વેદનાનો અંત આવી ગયો. મારી તમને સલાહ છે કે આ સ્વભાવ બદલી નાખો. જો તમારી જાતને જોવાની વૃત્તિ જાગશે તો અમારા દોષો આજે દેખાય છે તેથી અર્ધા તો તુરત ઘટી જશે. તમને પોતાની જાત સુધારવાનું થોડું કામ મળી રહેશે. અમારો સ્વભાવ તો એવો છે કે આવું દૃશ્ય જોતાં જ અમે તમારા ઉપર મુગ્ધ બની જઈશું. તમે નહિ

ઇચ્છો તો યે અમારાથી તમને સુખ આપવાના પ્રયત્નો કર્યા વિના રહેવાશે નહિ. તમે આમ કરશો ખરાં?–કે જે ચીલે ચાલો છો તે જીવનના અને જગતના અંત સુધી તમારી પ્રકૃતિ અનુસાર છોડશો જ નહિ? કારણ કે નવો માર્ગ ન લેવાનો પણ તમારો એક સ્વભાવ છે.

ફરી કહું છું કે અમે કેવા મહાન છીએ અને તમે કેવાં પામર છો એમ બતાવવાનો આ પત્રનો ઉદ્દેશ નથી. અમને મહાન્ બતાવવાનો અમારો સ્વભાવ છે ખરો, પરંતુ આજે એ છોડી દઈને આ પત્ર લખી રહ્યો છું. એ સ્વભાવ અમને જ નુકસાન કરે છે એટલે તમારે એથી ડરવા જેવું નથી. અમે જાણીએ છીએ કે અમે અને તમે, બંને આજની સ્થિતિ માટે સરખાં જ જવાબદાર છીએ. હજારો-લાખો વર્ષો પહેલાં, જ્યારે આપણાં ગૃહજીવનનો ઉષઃકાળ હશે ત્યારે વિરોધનું પહેલું બીજ કોણે રોપ્યું હશે તે હું નથી જાણતો. એવી ચર્ચામાં ઊતરવાનો મને રસ પણ નથી. હું વર્તમાનમાં સુખરૂપ જીવવા માગું છું અને અંધકારભર્યા દેખાતા ભવિષ્યને ઉજાળવાની મારી ઇચ્છા છે. ભૂતકાળની અગાધ ખીણમાં હું ક્યારેક જ દૃષ્ટિ નાખું છું ત્યારે મને માત્ર આટલું જ દેખાય છે.

'એક પુરુષ છે, એક સ્ત્રી છે. બંને પ્રકૃતિમાં પોષાયાં છે. ત્યાં જ ઊછર્યાં છે અને ત્યાં જ યુવાન થયાં છે. એ બંને એક-બીજા તરફ ખેંચાય છે. શા કારણે તે જાણતાં નથી. પ્રકૃતિએ જ એમને એવાં આકર્ષક સર્જ્યાં જણાય છે. એમને જંપ નથી. દૂર દૂરના આકાશ-કિનારેથી બંને ચાલ્યાં આવે છે. એમના પગલે પગલે કુમકુમ વેરાય છે, આંખમાંથી કિરણો ફૂટે છે અને અંધારઘેરી કેડી ઉપર અજવાળાં પથરાતાં જાય છે. બંને ચાલ્યાં આવે છે. બંનેની દિશા ભિન્ન છે અને છતાં યે એક છે. મધ્યબિંદુ સુધી બેમાંથી કોઈ હજી પહોંચ્યું નથી. પરંતુ કોઈના દિલમાં એનો અફસોસ નથી. પ્રવાસનો થાક તેઓ

જાણતાં નથી. તેઓ અશાન્ત છે અને છતાંયે પરમ શાન્તિ ધરી આગળ ને આગળ વધી રહ્યાં છે.

બસ, આટલું જ મને દેખાય છે. એ સિવાય ભૂતકાળમાં બીજું કશું જોવા યોગ્ય હોય એમ હું માનતો નથી. પ્રિયતમે, એ પુરુષ હું છું અને એ સ્ત્રી તું છે કોઈ અગમ્ય આકર્ષણે આપણે એકબીજાની સાથે લડતાં–ઝગડતાં પણ એકરૂપ થવાને–મધ્યબિંદુએ પહોંચવાને તલસી રહ્યાં છીએ.

(૨)

પુરુષનું હૈયું

હૃદયની દુનિયાના એક ઊંચેરા શિખર ઉપરથી મેં ભૂતકાળમાં દૃષ્ટિ નાખી છે. પરંતુ મારું રોજનું નિશાન, નિત્યનું લક્ષ તો વર્તમાન ઉપર જ કેન્દ્રિત થયું છે. હું જાણું છું કે ભૂતકાળના ગર્ભમાં આજનો વર્તમાનકાળ ચોપાઈ રહ્યો છે અને ભાવિનું સર્જન વર્તમાનમાં જ આ પળે થઈ રહ્યું છે. ભૂતકાળને હું અવગણવા નથી ઇચ્છતો પરંતુ હું પુરુષ છું અને પુરુષાર્થ કરવો એ મારો ધર્મ છે એટલે વર્તમાન ઉપર જ મારી દૃષ્ટિ સ્થિર રાખું છું. એ વર્તમાન દુઃખમય છે અને સુખમય પણ છે. દુઃખ અને સુખ છૂટાં પણ પાડી શકાતાં નથી. કયારેક તો જેને બુદ્ધિ દુઃખ કહે તેને હૃદય સુખ કહે છે અને કોઈ વારે એથી ઊલટું પણ બને છે. સુખદુઃખની ફૂલગૂંથણી જ આપણું જીવન તો નથી ને?

લગ્ન પહેલાંના મનોભાવ તમે જણાવ્યા છે. હું પણ જણાવવા માગું છું. એમ ન માનશો કે હું તમારું અનુકરણ કરી રહ્યો છું.

હુ માનું છું કે મારી જાતને પ્રગટ કરવા માટે એ આવશ્યક છે. મેં પહેલાં જ કહી દીધું છે કે હું તમારા પત્રનો જવાબ નથી આપતો પરંતુ સ્વતંત્ર જ પત્ર લખું છું એટલે એ રીતે જ આ પત્રને વાંચો એવી મારી વિનંતિ છે.

લગ્ન પહેલાં અમારી માનસિક તૈયારી લગ્ન માટે હોય જ છે. અમે પણ સમજવા માંડીએ છીએ ત્યારથી જ અમારા લગ્નની વાત સાંભળીએ છીએ, એમાં ફરક માત્ર એટલો કે તમારી પેઠે અમારે ઘર બદલવાનું હોતું નથી; અમારા જીવનમાં સ્થિરતા હોય છે. અમે જે કાંઈ તૈયારીઓ કરી હોય તે બધી અમને કામમાં આવે છે, પરંતુ આનો અર્થ એવો નથી. કે લગ્નનું અમારા જીવનમાં ખાસ મહત્ત્વ નથી અથવા તો અમારા સમગ્ર જીવન ઉપર અસર કરનારો એ પ્રસંગ નથી.

તમે જાણો છો ને કે સંયુક્ત કુટુંબો હવે તૂટતાં જાય છે? મધ્યમ વર્ગમાં તો જુદા થવું હવે સામાન્ય બની ગયું છે. જે વર્ગ શિક્ષિત કે સંસ્કારી ગણાય છે તે તો હવે માબાપથી દૂર જ વસે છે. આ જુદા થવાનું અને કુટુંબમાંથી છૂટા પડવાનું ક્યારે બને છે? તમે જાણો છો કે લગ્નના વિચારની સાથે જ અમારા દિલમાં મંથન પેદા થાય છે! અમે ભૂલી જ નથી શકતા કે એક અજાણી કન્યા અમારા ઘરનો કારભાર ચલાવવા આવવાની છે. તમે ગમે તેમ માનો, પણ મારે તમને કહેવું જોઈએ કે એક બાજુ માતાપિતા પ્રત્યેનો ધર્મ અને પ્રેમ અને બીજી બાજુ તમારા પ્રત્યેનો પ્રેમ-ધર્મ અમને તીવ્ર મંથનમાં મૂકી દે છે. અમારા આદર્શો વળી અમને કંઈક જુદું જ કરવા પ્રેરી રહ્યા હોય છે. આ સ્થિતિનો તમને કદાચ ખ્યાલ જ નહિ આવી શકે.

અમારામાં જે પુરુષો સામાન્ય છે—એટલે કે જેઓ જૂની ચરેડ પ્રમાણે જ ચાલનારા અને કશું નવું કરવાના જોમ કે ઇચ્છા વિનાના

છે–તેમનાં જીવનમાં પહેલાં જ્યારે દાખલ થાઓ છો ત્યારે પણ એ બનાવ સામાન્ય નથી હોતો. સંયુક્ત કુટુંબમાં નાનાંમોટાં ભાઈ–બહેનો, જેઠાણી–દેરાણી, માતાપિતા એ સૌ હોય છે. તમને જ્યારે લાવવાનાં હોય છે ત્યારે એ બધાંનો આનંદનો પાર નથી હોતો. તમારે જેમ અજાણ્યાંને તમારા માતાપિતા અને ભાઈ–બહેન માનવાં પડે છે. તેમ જ એ સૌને પણ તમારા અધિકારનો સ્વીકાર કરવો પડે છે. તમે સાવ અજાણ્યા છો છતાં ઘરના અધિકારી છો તેની કોઈથી નાં પાડી શકાતી. નથી. સાસુ–નણંદના જુલમોની વાતો મેં બહુ સાંભળી છે. એમાં કોનો કેટલો દોષ છે તે બતાવવાનો આ પત્રનો ઉદ્દેશ નથી, કારણ કે એ સાસુ અને નણંદ તો સ્ત્રી જ છે ને તમે પણ કોઈની નણંદ હશો અને કોઇનાં સાસુ પણ બનશો જ. મારે તો આ પત્રમાં પુરુષની મનોદશા જ વ્યક્ત કરવી છે.

જ્યારે આવા ઘરમાં આવો છો ત્યારે
મે કદી વિચાર કર્યો છે ? પહેલી વા

તમે કે તમારા વડીલોએ પસંદ કર્યું છે તેને અનુરૂપ અને અનુકૂળ થતાં તમને આવડવું જ જોઈએ અને અમે જે કન્યા પસંદ કરી હોય તેને અમારે અમારામાં સંમાવી જ દેવી જોઈએ. હવે, જો તમે એવા સંસ્કાર સાથે ઘરમાં દાખલ થાઓ કે બસ, ધીમે ધીમે સત્તા જમાવી દેવી છે અથવા તો મને–તમારા પતિને યુક્તિપૂર્વક માતાપિતાની વિરુદ્ધ કરી મૂકવો છે તો તમને કદી શાન્તિ પ્રાપ્ત થઈ શકે ખરી ? કોઈ દાખલામાં તમે આવા પ્રયત્નોમાં સફળ થાઓ છો અને પુષ્કળ કંકાસને અંતે તમારું ધાર્યું કરાવ્યા પછી શાંતિ અને સુખ મેળવી શકો છો, પરંતુ મોટાભાગે તો તમારે વધુ ને વધુ દુઃખી થવું પડે છે. કુટુંબમાં ભાગ્યે જ તમે પ્રેમ મેળવી શકો છો અને આખું કુટુંબ નિત્યની અશાન્તિમાં ડૂબે છે.

તમારી સ્વતંત્રતા અને સમાનતાની જો તમે વાત કરવા ઇચ્છો

તો મારે તમને કહેવું જોઈએ કે તમે એમાં કંઈ સમજતા જ નથી. જેવો હું અને મારું કુટુંબ સામાન્ય હોય છે તેવાં જ કે તેથી યે વિશેષ તમે પણ સામાન્ય જ છો, તો પછી એવા સુધારાની અપેક્ષા કેમ રાખી શકો ? હું, પુરુષ પણ તમારી દૃષ્ટિએ વિચારીએ તો, એવા કુટુંબમાં પરતંત્ર જ હોઉં છું. તમારી ફરીફાઈ તો મારી સાથે છે ને ? તો તમે જોઈ શકતાં હશો કે એવાં કુટુંબોમાં જેટલું તમારું ચાલી શકે છે તેથી વિશેષ મારું ચાલી શકતું નથી. માતાપિતા કે મોટાભાઈ–ભાભી જ ઘરનાં મુખી હોય છે. તેઓ જેમ કરે તેમ થઈ શકે છે.

તમે જાણતાં હશો કે આવાં કુટુંબોની સંખ્યા કરોડોની છે. એમાં તો મારા ને તમારા સ્થાન વચ્ચે બહુ તફાવત નથી, પરંતુ આ પત્ર વાંચનાર તમે, મારાં પત્ની કે જેને હું પત્નીરૂપે સ્ત્રી માત્રના પ્રતિનિધિ તરીકે સંબોધી રહ્યો છું તે; અને હું, જે પુરુષોનો પ્રતિનિધિ બન્યો છું તે એ વર્ગનાં નથી જ એટલે એ વિષે ઘણું બધું મારે કહેવાનું હોવા છતાં હું ત્યાં થોભતો નથી અને આગળ વધું છું.

અમે જ્યારે સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈએ છીએ ત્યારે લગ્ન અંગેના અમારા આનંદ અને ઊર્મિઓમાં એક ચિંતાની લાગણી પણ ઓતપ્રોત હોય છે. અમને બધાં જ એમ કહે છે કે લગ્ન પછી આ માતાપિતાને, આ ભાઈબહેનને મારે તજવાં તો નહિ પડે ? આ ત્યાગની પાછળ તમારા જેવો છાનો ઉલ્લાસ નથી હોતો, દુઃખ જ હોય છે. કારણ કે જેમ તમારાં માતાપિતાનો આધાર તમે નહિ, પરંતુ તમારાં ભાઈ–ભાભી જ હોઈ શકે તેવું જ અમારું છે. અમે જો યુવાન થયા પછી અમને તજી દઈએ તો પછી એમનું કોણ ? એમની વૃદ્ધાવસ્થામાં સાથ–સહકાર વિના કેમ ચાલી શકે ?

હવે મારા આનંદ-ઊર્મિઓની વાત કરું. તમે નહિ જાણતાં હો કે અમે જ્યારે લગ્નની ઇચ્છા કરીએ છીએ ત્યારે અમારા હૃદયમાં

ભયાનક શૂન્યતા વ્યાપેલી હોય છે. રૂઢિ અમને લગ્ન કરવાની ફરજ નથી પાડતી: અમે ઇચ્છીએ તો લગ્ન વિના રહી શકીએ. તમારી પેઠે અમે માતાપિતાને મન 'પારકું ધન' નથી. જરા આગળ વધીને કહું તો 'સાંપનો ભારો' પણ નથી. અમે એમનો આધાર છીએ, આશા છીએ; એમના સત્વનું જ બીજું સ્વરૂપ છીએ. એમની સતત ઇચ્છા હોય છે કે અમે લગ્ન કરીએ, એમાં અમારા અને એમના સુખનો, પ્રતિષ્ઠાનો, કંઈક ગર્વનો અને કંઈક પોતાનો વંશવેલો ચાલુ રાખવાનો ખ્યાલ રહ્યો હોય છે. અમે જ્યારે લગ્ન માટે તત્પર થઈએ છીએ ત્યારે આ ખ્યાલો નથી હોતા અથવા ગૌણ હોય છે. અમારામાં એકલતાનો જે ભાવ જાગે છે તે તમને મેળવવા માટે મથે છે. અમે તમારો સ્વીકાર કરીએ છીએ તેનો અર્થ એ કે અમારામાં તમને સમાવી દઈએ છીએ. અમારું જે કંઈ છે તે તે જ દિવસથી તમારું અને માત્ર તમારું જ બની જાય છે. દેખીતી રીતે અમે કશો ત્યાગ કરતા નથી. શા માટે કરીએ? એની જરી યે જરૂર પણ નથી. અમે અમને અપૂર્ણ માનીએ છીએ. અમને એમ લાગે છે કે તમારા વિના બધું શૂન્ય છે, અધૂરું છે. અમ અમારા થાકમાં, અભિમાનમાં, વાસનામાં ઉલ્લાસમાં, મહત્ત્વાકાંક્ષામાં, એકલતામાં, આનંદમાં તમને સંભારીએ છીએ. એમ લાગે છે કે જો તમે અમારી પડખે નહિ હો તો અમે જીવી શકીશું નહિ. ફૂલ અને પાન વિનાના છોડ જેવી અમારી મનઃસ્થિતિ હોય છે.

તમે એમ માનશો કે આ મનોભાવની પાછળ સળગતી વિષયવાસના જ છે તો મારે પણ તમારી આકાંક્ષા ને અભિલાષાઓ વિષે એવું જ કહેવું પડશે કે કૃપા કરી એવું આરોપણ અમારા ઉપર કરશો નહિ. સાગર અને સરિતાની ઉપમા પુરુષ અને સ્ત્રીને આપવામાં આવે છે. મને એ એક રીતે યથાર્થ લાગે છે. અમે સાગરની પેઠે અમારી મર્યાદામાં જ ઊછળ્યા કરીએ છીએ. કોટિ કોટિ તરંગો

અમારામાં ઉત્પન્ન થાય છે, પરંતુ જળની એક સરવાણી પણ અમારી મર્યાદાની બહાર જતી નથી. તમે સરિતા છો. રમતાં રમતાં ચાલ્યાં આવો છો, અમને મળવા માટે અમે તમારી જ રાહ જોતા હોઈએ છીએ. સામે નથી આવી શકતાં, પરંતુ તમે આવો છો ત્યારે તમને અમારામાં ઓતપ્રોત કરી દઈએ છીએ. તમે શું એમ કહેશો કે તમારું આવવું એ પ્રેમ છે અને અમારું ઊછળવું, પ્રફુલ્લવું, તરંગિત થવું અને તમને ઝીલી લેવું એ પ્રેમ નથી?

આ ઉપમાને આગળ લંબાવશો નહિ. સાગરની વિશાળતા અને ખારાશ અમારામાં છે એમ કહેવાનો આશય નથી. અમે નથી રત્નાકર અને તમે નથી લોકમાતા. આ ઉપમાની ઉપર લખી એટલી જ મર્યાદા છે. એમાં અમારી અને તમારી સ્થિતિનો પૂરો ખ્યાલ પ્રગટ થઈ જાય છે. તમે હવે એમ કહી શકશો ખરા કે તમે અમારે ઘેર આવો છો તેનો અર્થ તમારું સ્વાર્પણ છે અને અમારો સ્વાર્થ છે? એક બીજી વસ્તુ તરફ પણ તમારું ધ્યાન ખેંચું. તમે અમારે ઘેર આવો છો અને તે પછી જ્યારે કોઈ ને કોઈ કારણે ઘરમાં કલેશ–કંકાસ જાગે છે ત્યારે તેનું પરિણામ શું આવે છે? જ્યારે સંયુક્ત કુટુંબ તૂટે છે ત્યારે હું કોની સાથે હોઉં છું? એકેય દાખલો એવો બતાવશો કે એવી સ્થિતિમાં હું મારા માતાપિતાની સાથે રહી શક્યો હોઉં? ઝગડાઓનું મૂળ ગમે તે વ્યક્તિ હોય, પરંતુ જુદા થવું જોઈએ તો મારે મારા કુટુંબને છોડી તમારી સાથે નવા કુટુંબની રચના કરવી જ રહી. આ વાતનો તમે ઈન્કાર કરી શકશો? આ સ્થિતિમાં અમારી સ્થિરતા પણ ક્યાં રહી? આનો સ્પષ્ટ અર્થ આટલો જ છે: 'જે દિવસે અમે લગ્ન કરીએ છીએ તે દિવસથી અમારા ઉપરનો પૂર્ણ અને આખરી અધિકાર તમારો જ થઈ જાય છે.'

અને જ્યાં સંયુકત કુટુંબનો સવાલ નથી ત્યાં? જ્યાં અમે એકલા જ છીએ અથવા તો એકલા જ રહેવા માગીએ છીએ ત્યાં તમારું

સ્થાન શું છે? મારે વચ્ચે જ કબૂલ કરી લેવું જોઈએ કે ઘર ઉપરના અધિકારની બાબતમાં–વારસાની બાબતમાં એક પત્નીવ્રત કે પતિવ્રતની બાબતમાં–કાયદો તમને અન્યાય કરે છે. પરંતુ એ કાયદો ફેરવવા માટે અમે પુરુષો જ આજે પ્રયત્ન નથી કરતા? તમારે સમજવું જોઈએ કે આપણે એક ગુલામ પ્રજા છીએ. આપણે ત્યાં કાયદો ઘડવાની ખરી સત્તા આપણી પાસે છે નહિ. આપણા ઉપર જે સરકાર રાજ્ય કરે છે તેની વૃત્તિ હમેશાં આપણી રૂઢિગત ભાવનાઓનો લાભ ઉઠાવવાની જ રહી છે. કોઈપણ સુધારાની તરફેણમાં એ પોતાનું વજન મૂકતી નથી. એટલે કાયદામાં તમારું જે સ્થાન છે તે વિષેનો દોષ તમારે પુરુષો ઉપર ન ઢોળવો જોઈએ. ભૂતકાળની વાત કરવા માંડતાં નહિ. કયા સંયોગોમાં આજની રૂઢિઓ દાખલ થઈ હશે તેની મને કે તમને પૂરી માહિતી નથી. આપણા દેશનો ઇતિહાસ એમ બતાવે છે કે અમુક અમુક કામમાં તો તમારું સ્થાન પુરુષોની જેવું જ માનભર્યું હતું. જે કાળમાં તમે બંધનમાં મુકાયાં છો કે તમને અન્યાય થયો છે તે કાળના ઇતિહાસ ઉપર આપણે આગળ ઉપર નજર ફેંકશું. અને ત્યારે તમે જોઈ શકશો કે તમે જ એ સ્થિતિનું કારણ હશો.

હવે આપણે મૂળ વાત ઉપર જ આવીએ. જ્યાં અમે સંયુક્ત કુટુંબમાં નથી ત્યા તમારાં આવતા પહેલાં અમારા મનોભાવ કેવા હોય છે તે જાણો છો? તમારા વિનાનું ઘર અમે કલ્પી શકતા જ નથી. વાત સાવ સાદી લાગશે, પરંતુ તેનું મહત્ત્વ ઓછું નથી. અમારા મનમાં તમારું સ્થાન કેટલું ઊંચું અને કેટલું મહત્ત્વનું હોય છે તેનો આ ઉપરથી ખ્યાલ આવી શકશે. આ વિશ્વની પ્રાણીસૃષ્ટિમાં માનવીની મહત્તા એની ગૃહરચનામાં અને સમાજ–રચનામાં રહેલી છે. તમારા વિના અમારું ઘર ધર્મશાળા જેવું હોય અને સમાજમાં અમારું સ્થાન સાધુ–બાવા કે બેજવાબદાર બાળક જેવું હોય તે હકીકત સામાન્ય ન ગણાય. ઉપરાંત, ઘર એટલે માટીના ભીંતડાં નહિ.

જમવા સૂવાની જગ્યા માત્ર નહિ, પરંતુ માનવચિત્તનું આરામ-મંદિર. દિવસભર રખડી-રઝળીને ત્યાં જ આવીને અમે શાન્તિ પામીએ. આ ગૃહને માણસ સુંદર, સુઘડ, સુગંધભર્યું એટલા માટે જ ઇચ્છે છે કે એ જ એના મનના આનંદનું અને ઊર્મિનું પ્રતીક છે. અમે તમારી કલ્પના કરીએ છીએ તે સાથે જ ગૃહની સુમધુર કલ્પના અમારા અંતરમાં ઊગી નીકળે છે. અમને લાગે છે કે લગ્ન પછી અમે સુખ, શાન્તિ અને પ્રસન્નતાના વાતાવરણમાં જ રહીશું. અમને એમ પણ થાય છે કે તમને પ્રેમ અને સુખ આપ્યા વિના અમારી ઝંખના પૂરી નહિ થાય, એટલે તમને પ્રસન્ન કરવાના લાખ લાખ વિચારો પણ અમે કરી રાખીએ છીએ. સ્ત્રીની, પત્નીની પ્રાપ્તિ એ પુરુષના જીવનમાં સર્વથી મહાન પ્રસંગ છે, એ વખતે અમારું અણુ યે અણુ તમને ઝંખતું હોય છે. તમારી ઇચ્છાઓ અને અભિલાષાઓ પૂર્ણ કરવા માટે અમે તલસતા હોઈએ છીએ. ત્યાગનો ભાવ અમારામાં જાગતો જ નથી: એ જ અમારું સુખ હોય છે. એથી મોટું સુખ અમે જાણતા નથી. તમારા મુખ ઉપરનું સ્મિત જોવા, લજ્જાયુક્ત પ્રસન્નતા જોવા અમે અમારું સર્વસ્વ ન્યોછાવર કરવા તત્પર થઈએ છીએ. અમારી અંતરની ઇચ્છા ગૂજરાતના મહાકવિએ આ રીતે વ્યક્ત કરી છે: 'સૃષ્ટિનું શુભ સંઘરી સંઘરી એના ચરણે ધરવાના અભિલાષ છે.'

પરંતુ બને છે શું? તમે આવો છો કોઈ જુદા જ સંસ્કાર અને જુદી જ કલ્પનાઓ લઈને. અમને સમજવા તને માગતાં જ નથી. અમારી ઊર્મિઓ જે હૃદયતલમાંથી ઊઠે છે તેની તમને પરવા જ નથી હોતી. તમે તો અમને વશ કરવા, ચૂસવા, અમારો કસ કાઢવા, અમારામાંથી સુખની પ્રાપ્તિ કરવા માટે જ આવો છો. તમારી આંખમાં પ્રેમની જ્યોત, જ્યારે અમે જોઈએ છીએ ત્યારે પતંગિયાંની પેઠે કૂદી પડીએ છીએ, પરંતુ ત્યાં જ્યારે

અમને વશ કરવાની કે રાખવાની વૃત્તિ દેખાય છે કે અમારા દ્વારા તમારા બધા શોખો સંતોષી લેવાની ઇચ્છા દેખાય છે ત્યારે અમારું હૃદય ભાંગી જાય છે; અમે હતાશ થઈને પાછા વળીએ છીએ અને તેના પ્રત્યાઘાતો તમારે સહન કરવા જ પડે છે.

જરા વિચારો, ગૃહદેવી! જેને અમે અમારી જાત અર્પણ કરીએ છીએ અને જેના બોલ ઉપર કુરબાન થઈ જવા ચાહીએ છીએ તેને અમે દુઃખ આપી શકીએ? તેને અમે ભોગનું, અમારી વાસના-તૃપ્તિનું સાધન માની શકીએ? એ બધું અમારામાં આવે છે ધીમે ધીમે. કારણ કે અમને એમ લાગી જાય છે કે એ સિવાય બીજું કશું તમે આપી શકો એમ નથી. એ વખતે અમારો પ્રેમ વિકૃત બની તમારા શરીરને ભોગવવા ચાહે છે. તમે માત્ર છેલ્લી સ્થિતિનો જ ખ્યાલ રાખો છો. એ સ્થિતિને જન્માવનાર કોણ છે તે તમે જોવાં જ નથી ઇચ્છતાં.

આવો, હું એ સ્થિતિના મૂળના તમને દર્શન કરાવું.

[૩]

પ્રેમની સ્થાપના

હું જાણું છું ત્યાં સુધી અમારા ઉપર જો મોટામાં મોટો કોઈ આપ હોય તો આ જ છે: અમે સ્ત્રીઓને ભોગનું સાધન માનીએ છીએ, સાચો પ્રેમ અમે આપી શકતા જ નથી: અમારા પ્રેમનું પૂર્ણવિરામ વિષયવાસના જ છે.

મારે આ આરોપોના જવાબ આપવા છે—એક વકીલની દૃષ્ટિએ નહિ, પરંતુ અમારા અંતરનાં તમને દર્શન કરાવીને, અને તે માટે જ

તમારા વર્તનનું તમને ભાન કરાવીને. જો તમે પૂર્વગ્રહ છોડીને આ પત્ર વાંચશો તો મને ખાતરી છે કે આ વિષેની તમારી માન્યતાઓ બદલાઈ જશે. તમે અમારા બદલે તમને કદાચ દોષનું મૂળ નહિ માનો, પરંતુ તમે સાચાં હશો તો તમારે એટલું સ્વીકારવું જ પડશે કે દોષના અર્ધોઅર્ધ ભાગીદાર તમે પણ છો અને કેટલીક વાર એ દોષોની પ્રેરણા તો માત્ર તમારી જ હોય છે. આ વિધાન તમને નહિ ગમે, પણ ધીરજ રાખજો. ઉશ્કેરાટ અનુભવ્યા વિના મારા શબ્દો ઉપર તમારા ચિત્તને સ્થિર કરજો.

પહેલાં બે ત્રણ પ્રશ્નો પૂછી લઉં. તમે લગ્ન કરો છો શા માટે? તમારા લગ્નવિચારમાં શરીરસુખને કંઈ સ્થાન ખરું કે નહિ? તમે શરીરસુખને કોઈ હલકું કાર્ય તો નથી સમજતાં ને? આના જવાબો તમે આપશો? આપો કે ન આપો. હું કહી દઉં. તમે અમારી પેઠે જ શરીરસુખ ઇચ્છો છો. અમારી પેઠે જ તમારા લગ્નવિચારમાં પણ એ ક્રિયાને સ્થાન છે. અમારી અને તમારી વચ્ચે તફાવત એટલો જ છે કે અમે પેલી સાગર–સરિતાની ઉપમાને યાદ કરીને કહીએ તો આ બાબતમાં સરિતા છીએ; અને તમે સાગર છો. અમે આક્રમક દેખાઈએ છીએ, પરંતુ એ આક્રમક વૃત્તિ પેદા કરનારું બળ તમે છો, પ્રેરણા તમે છો. સંભવ છે કે તમારી આ પ્રકૃતિનો તમને પણ ખ્યાલ ન હોય. જરા વિચારશો તો મને વિશ્વાસ છે કે એ ખ્યાલ તમને આવી શકશે. તમારો એક સ્વભાવ અમને વશ કરવાનો છે. એ સ્વભાવ અહીં પણ પ્રગટ થાય છે. તમારા મનોભાવ તમારી આંખમાં પ્રગટે છે. અમને ખેંચીને પછાડવા માટે એટલું જ બસ હોય છે. અમે તે પછી તમારા ગુલામ બની જઈએ છીએ. તમે જો ઇન્કાર કરો તો તમારી લાચારી કરીએ છીએ અને અથવા તમારા ઉપર જુલમ ગુજારવા તત્પર બનીએ છીએ. આ બંનેની પાછળ મનોવૃત્તિ તો એક જ પ્રકારની હોય છે.

તમે જો જૂની રૂઢિના ઘરમાંથી આવો છો તો અમને ઉશ્કેરવાની તમારી પદ્ધતિ એક પ્રકારની હોય છે. સુધારાના પ્રદેશમાંથી પધારો છો તો વળી જુદી જ રીતે તમે અમને ઉશ્કેરો છો. તમે અમારો સ્વભાવ એક પળમાં જાણી લો છો. અમે પ્રકૃતિથી જ ઉતાવળિયા છીએ. ઉશ્કેરાટ અમારો સ્વભાવ જ છે. તમે એ જાણો છો અને તેનો લાભ ઉઠાવો છો. ધૈર્ય અમે રાખી શકતા નથી. અમારો ઉછેર પણ આ સ્વભાવના ઘડતરમાં કારણરૂપ છે. અમે બહાર ફરીએ છીએ. અમારી ઇચ્છાઓનું તમારી પેઠે અમારે બહુ દમન નથી કરવું પડતું. આના લાભ-ગેરલાભ આપણે બંને સહન કરીએ છીએ. અમે શિથિલ હોઈએ છીએ અને તમે કદાચ વિકૃત માનસ ધરાવો છો. સંયમ અને પવિત્રતા તો આપણા બંનેથી દૂર જ હોય છે. તમે જો જૂના ઘરમાંથી આવો છો તો તમારાં ભાભી કે બીજું કોઈ તમને આ વિષેની સમજણ આપે છે. અમને કેમ વશ કરવા, કેમ નમાવવા એ તમે શીખી જાઓ છો. રિસામણાં, મનામણાં પણ અમને ખેંચવાનાં સાધનો જ છે. તમારું રુદન, નિસાસા, ભેટ લેવાની ઇચ્છાઓ, લજ્જા એ બધું અમારી કઈ લાગણીને જગાડનારું હોય છે?

અને તમે નવા યુગમાંથી આવો છો તો તમારા જીવન ઉપર ચલચિત્રો અને નવલ-વાર્તાઓની અસરો હોય છે. પ્રેમના કંઈ કંઈ પ્રકાર તમે જાણો છો. તમે બહુ સહેલાઈથી અમને ખેંચી શકો છો. અમે ખરેખર પતંગિયાની માફક ખેંચાઈ આવીએ છીએ. તમે એને 'આક્રમણ' કહો છો? વીજળીની ચાંપ તમે દબાવો છો અને અગ્નિ પ્રગટે છે ત્યારે તમે વિરોધ ઉઠાવો છો. આવી જ તમારી રીતભાત નથી?

રખે ગેરસમજ થાય. હું તમને દોષિત ઠરાવવાનો પ્રયાસ નથી કરતો. અથવા તો તમે અમારું પતન કરાવો છો એમ સાબિત કરવાનો પણ આ પ્રયત્ન નથી. હું કહેવા એમ ઇચ્છું છું કે આ વૃત્તિ

મારામાં અને તમારામાં સરખા જ પ્રમાણમાં છે. માત્ર જે તફાવત છે તો તો એના સ્વરૂપનો જ. તમે સ્થિર છો, હું આક્રમક છું. તમે સાગરની માફક તરંગો ઉછાળો છો, હું સરિતાની પેઠે ધસી આવું છું; તમે ફૂલની પેઠે ઝૂલો છો ને પ્રફુલ્લો છો, હું ભ્રમરની પેઠે ત્યાં ઊડી આવું છું; તમે દીપક છો, હું પતંગિયું છું. જો વિષયસંબંધ એ દોષ છે, ગુનો છે, પાપ છે તો એના સરખે હિસ્સે ભાગીદાર આપણે બંને છીએ.

હું એમ કહેવા માગતો જ નથી કે મારામ એવી વૃત્તિ નથી. છે, છે જ. ન હોય તો તમે મને ઉશ્કેરી શકો નહિ. ફૂલ ભ્રમરને બોલાવી શકે અને દીપક પતંગિયાને આકર્ષી શકે તેનું કારણ એ બંને પણ એ જ પ્રકારની વૃત્તિ ધરાવતા હોય છે એ છે. અફસોસ મને એનો થાય છે કે આ સંસારનું ફૂલ અને સંસારનો દીપક આ વાતનું રહસ્ય સમજતાં નથી અથવા તો સ્વીકારતાં નથી. એ તો ભ્રમર અને પતંગને ભોગી કહે છે, આક્રમક કહે છે.

મને ડર છે કે તમારામાં આવી પ્રેરકશક્તિ રહેલી છે તેનો તમે ઇન્કાર કરશો. હું તો એને કુદરતી સમજું છું એટલે સાબિત કરવાનું જરા કઠણ છે છતાં બાહ્યરૂપે જે એક વસ્તુ દેખાય છે તેનો તમને ખ્યાલ આપું. શરીર શણગારની, રૂપ વધારવાની અને રૂપાળાં દેખાવાની વૃત્તિ જગતના આદિકાળથી તમારામાં અત્યંત પ્રબળ રૂપમાં છે તેની તમે ના કહેશો? પુરુષોમાં આ વૃત્તિ મુદ્દલ નથી એમ હું નથી કહેતો, પરંતુ તમારી સરખામણીમાં તો એ નહિવત્ છે. આ વૃત્તિનું મૂળ ક્યાં છે? શા માટે રૂપાળાં દેખાવાની આટલી બધી ચિંતા? પરંતુ અહિંયા પણ એક આશ્ચર્ય વર્તી રહ્યું છે. જે વૃત્તિ તમારા સ્વભાવમાં જ છે તેનો દોષ પણ તમે તો પુરુષો ઉપર જ ઢોળો છો. એમ કહેવામાં આવે છે કે પુરુષ પોતાના સુખોપભોગ માટે સ્રીને શણગારે છે. હું એ વિષે એટલું જ કહીશ કે આપણા સમાજની કન્યાઓનું જરા અવલોકન કરી લેજો. એને તો હજી પુરુષ પ્રાપ્ત થયો નથી ને? અને તમે તમારા પોતાના અંગ અને

સામાનને તપાસી લઈ એમાં તમારી પસંદગીનું, માગણીનું, ખરીદ્યું શું છે અને તમારાં પતિદેવે તમારી ઇચ્છા વિરુદ્ધ આપેલું કેટલું છે તે જોઈ લેજો, મને આશા છે કે કાં તો તમારી ભ્રમણા ભાંગશે અથવા તો જે ડોળ તમે કરી રહ્યાં છો તેનો અંત આવશે.

પણ માની લો કે અમે આક્રમક છીએ. તો તમારે અમારી પ્રકૃતિમાં જ એ દોષ રહેલો છે એમ માની લઈને તમારું વર્તન ઠીક રાખવું જોઈએ. અમારામાં આક્રમક વૃત્તિ પેદા ન થાય તેનું તમારે ધ્યાન રાખવું ઘટે. અમારી સાથે તો તમારો વર્તાવ પણ એ જ જાતનો જોઈએ. અમને ભોગી અને વિલાસી કહેવાથી અમારો એ દુર્ગુણ દૂર થાય નહિ. એની મર્યાદા તમારે જ રચવી જોઈએ. તમે કોઈ દિવસ એમ કરવાનો વિચાર પણ કરો છો ? અમારામાં અગ્નિ હોય તો તમારો ધર્મ શીતળ જળ બનવાનો નથી ? જો તમારા વિકાસ માટે તમે અમારા સાથની અપેક્ષા રાખતા હો તો અમારી નબળાઈને નિવારવાનું કાર્ય તમારે ન કરવું જોઈએ ?

પરંતુ તમે એવું કશું કરતાં નથી. કાં તો એ વસ્તુની ગંભીરતા જ છોડી દઈ અમને યથેચ્છ વર્તવા દો છો તમારું હૃદય અમારી સાથે નથી રહેતું એટલે અમે ચામડા ચૂંથનાર જ બની જઈએ છીએ અમારી ભૂખ કદી સંતોષાતી નથી. તમને કદી આનંદની પ્રાપ્તિ થતી નથી. અમારું આદર્શ–ધોરણ નીચું ઊતરતું જ જાય છે. અમે હલકા પ્રકારોમાં રસ લેવા માંડીએ છીએ. તમે ત્યારે શું કરો છો, શું વિચારો છો તે અમે જાણતા નથી; જાણવાની પરવા પણ કરતા નથી. તમારા મૌનને અમે સંમતિ માનીએ છીએ. તમે ભયથી, લાલચથી કે બીજા કોઈ કારણથી જો આનંદ વ્યક્ત કરો છો તો અમે પાગલ બની જઈ, એ જ માર્ગે આગળ ધસી જઈએ છીએ.

કહેવા જ બેઠો છું ત્યારે જરા વધુ પણ કહી દઉં કુદરતે અમારા કરતાં તમારામાં કામવાસના વધુ મૂકેલી છે કે ઓછી તે વિષે ધર્મ-

શાસ્ત્રો અને દાક્તરો જે અભિપ્રાયો ઉચ્ચારતા હોય તે ભલે ઉચ્ચારે. એક વાત ચોક્કસ છે. તમારા જીવનમાં એવા દિવસો અને પછી મહિનાઓ આવે છે કે જ્યારે તમારું દિલ બીજી જ બાબતમાં પરોવાય છે. એ વખતે જો અમારા તરફથી આક્રમણ થાય છે તો તમારો આઘાત અનેકગણો વધી જાય છે. આ સ્થિતિ હું સમજી શકું છું. પરંતુ તમારે પણ જાણવું જોઈએ કે કુદરતે અમારામાં તો એવી કોઈ મર્યાદા મૂકેલી જ નથી. અમે જે સંયમ કેળવીએ તો સ્વપ્રયત્ને જ કેળવી શકીએ. તમારા નાજુક દિલને જો અમે આઘાત કરી બેસીએ તો તમારે અમને માફ કરવું જોઈએ.

જરા વિશેષ. ચારિત્ર્યની વાત પણ સાથે સાથે કરી નાખું. સ્ત્રી કરતાં પુરુષનું ચારિત્ર્ય ઊંચું નથી હોતું એવો પ્રચલિત મત છે. મારે આ મતની તરફેણમાં કે વિરુદ્ધમાં કશું કહેવું નથી. હું માત્ર એટલું કહેવા માગું છું કે અમારા પાપમાં જે ભાગીદાર થાય છે તેના વિષે તમે શું કહેશો? જો સ્ત્રીમાં ચારિત્ર્યશીલતા જ હોત તો પુરુષોના દોષ અર્ધા થઈ ગયા હોત. ઉપરાંત, અમારી પરિસ્થિતિ તમારા કરતાં જુદી છે તેનો પણ તમારે ખ્યાલ કરવો જોઈએ. સામાજિક રીતે અમારા દોષો તમારા જેટલા ભયંકર નથી ગણાતા. કુદરતી રીતે તમને આવા સંબંધોમાં જે ભય રહ્યો છે તે અમને નથી. આ બંધનો ન હોવાના કારણે અમે સહેલાઈથી પડી જઈએ છીએ. વળી, અમે કમાઈએ છીએ, બહાર ફરીએ છીએ એટલે પણ અમને પતનને માર્ગે જવાની સગવડ વિશેષ મળે છે. અમારા ઉપર તમે દોષારોપણ કરો ત્યારે આ વસ્તુસ્થિતિનો પણ તમારે વિચાર કરી લેવો જોઈએ.

પણ હુ સ્પષ્ટ કહી દઉં અને ઉતાવળે સ્પષ્ટ કહી દઉં કે આ બધું મેં લખ્યું છે તે અમારી નબળાઈઓને કાયમ રાખવા કે તેને યોગ્ય ગણવા માટે નહિ. હું તો આ હકીકત દ્વારા એટલુ જ જણાવવા ઇચ્છું છું કે: (૧) અમારા વિષેનો તમારો પૂર્વગ્રહ– પુરુષ સ્ત્રીને

ભોગનું સાધન જ માને છે' તે છોડી દો. (૨) તમે ચારિત્ર્યશીલ છો, શાન્ત અને સ્વસ્થ છો અને અમે આક્રમક છીએ. નીચ પ્રકારના આનંદમાં રસ લઈએ છીએ, એવી માન્યતા એક કોરે મૂકો. (૩) એમ માનો કે તમે અને અમે માટીનાં જ પૂતળાં છીએ. આજની સ્થિતિ માટે બંને સરખાં જ જવાબદાર છીએ. (૪) અને જો એમ જ ખાતરી થાય કે અમારી પ્રકૃતિ જ પતનશીલ છે તો અમારા પ્રત્યે ક્ષમાદૃષ્ટિ રાખી તમારા પ્રયત્નોથી અમને સ્થિર અને સ્વસ્થ રાખો. અમને તિરસ્કારો નહિ, તેમ અમને વશ પણ થાઓ નહિ.

આવું આવું લખતાં મને ઘણી શરમ થાય છે, પરંતુ શું કરું ? આપણા સંબંધોની સ્પષ્ટતા આ પ્રશ્નની ચર્ચા વિના શી રીતે થઈ શકે ? આપણે તદ્દન સડી ગયાં છીએ, આપણી સંતતિ નિર્માલ્ય છે, જુવાનોમાં કશું હીર નથી, સાહસિકતા તો મરી પરવારી છે. એ બધાંનું મૂળ આ સવાલ અંગેની નિર્બળતા જ છે ને ! અમે પુરુષો કૂતરાની પેઠે તમારા તરફ જોઈ રહીએ છીએ. તમે નીકળો છો ત્યારે રોગને લઈ જનાર માખીઓની પેઠે અમારી આંખો તમારા ઉપર ચોંટે છે. આ બધું અમારા માટે શરમાવનારું છે, પરંતુ તમે એ આંખો ખેંચવામાં કેટલો મોટો હિસ્સો લો છો તે જાણો છો ? તમે સ્ત્રી છો એટલું જાણે બસ ન હોય તેમ તમે તો શણગાર સજીને સ્વર્ગની અપ્સરા બનવા ચાહો છો. અમારી આંખો ખેંચવા માટે નહિ, તો કહો, શા માટે આ સાજશણગાર સજીને સમાજમાં ફરો છો ? હું તમારા મન ઉપર એમ ઠસાવવા માગું છું કે તમે કે અમે એકલા જ આ માર્ગેથી પાછા નહિ વળી શકીએ. આપણા બંનેના સંયુક્ત પ્રયત્નની જરૂર છે.

હવે થોડી બીજી બાબતો વિચારી લઈ આ પ્રશ્નને પૂરો કરું. એક વાત ગમવા ન ગમવાની અને રૂપની છે. પુરુષ જ્યારે સ્ત્રીને તજી દે છે અને એ ત્યક્તા બને ત્યારે બહાર એવાં જ કારણો રજૂ થાય છે કે પુરુષને એ ગમતી નહોતી માટે એણે તજી દીધી છે. હું જાણું છું કે

કોઈ દાખલામાં આવું બને છે, પરંતુ સોમાં નેવું દાખલામાં શરીરના રૂપનો સવાલ જ નથી હોતો. ન ગમવાનાં અનેક કારણો એમના ગૃહસંસારમાં પડેલાં હોય છે. આમ છતાં હું એ સ્વીકારું છું કે જ્યાં સુધી સ્ત્રી–પુરુષની કાયદેસર સમાન સ્થિતિ ન હોય અને સ્ત્રી પોતાનો માર્ગ લઈ શકવાની શક્તિ ન ધરાવતી હોય ત્યાં સુધી પુરુષ એને તજી શકે નહિ. બંનેએ કોઈ પણ રીતે નિભાવી લેવું જોઈએ. પરંતુ હું તમને, એક સ્ત્રીને આ પત્ર લખી રહ્યો છું એટલે મારે કહેવું જોઈએ કે આવા બનાવોમાં પુરુષના જેટલી જ સ્ત્રી પણ દોષિત હોય છે. પુરુષની સામાન્ય ઇચ્છાઓને અનુસરવામાં ન તો એણે અપમાન માનવું જોઈએ કે ન તો પોતે ગુલામ ગણાશે એવો વિચિત્ર ખ્યાલ રાખવો જોઈએ. નિત્યનાં ગૃહક્લેશનો નિકાલ લાવવા માટે બંનેએ સંયુક્ત પ્રયત્નો કરવા જોઈએ. પુરુષ પોતાના અભિમાનમાં અને સ્ત્રી પોતાની હઠમાં આજના ગૃહજીવનને ઝેરી બનાવી મૂકે છે એમ હું માનું છું. સ્ત્રી જો સામાન્ય સંસ્કારની હોય છે તો પુરુષને પોતે નથી ગમતી એવો ખ્યાલ મેળવતાં જ એક બાજુ દુઃખી થાય છે અને બીજી બાજુ વહેમી બને છે. પુરુષ એ વહેમથી એના પ્રત્યે વધુ અણગમો સેવવા માંડે છે. જો એના સંસ્કારો ઊંચા ન હોય તો એ બેદરકાર બની ભટકવા લાગે છે. એમ અંતર વધતું જ જાય છે.

અને જો સ્ત્રી નવા યુગની હોય તો તો એના રોષનો પાર જ રહેતો નથી. પુરુષને જે નથી ગમતું તે તો એ ખાસ કરવા લાગે છે, કારણ કે સ્વતંત્રતા અને સમાનતા વિષે આશ્ચર્યજનક ખ્યાલો એ ધરાવતી હોય છે. પરિણામે ધીમે ધીમે બંને એકબીજાને તિરસ્કારવા લાગી જાય છે અને દાંપત્યજીવનનો અંત આવે છે.

ગમવા ન ગમવામાં અનેક વસ્તુઓ ભાગ ભજવે છે રૂપ, ગુણ, રીતભાત, શક્તિઓ–આ બધાંનું મહત્ત્વ આદર્શ સ્થિતિએ પહોંચેલાંને ન હોય, અમ જેવા સામાન્ય પુરુષોને હોય છે. મારી તમને વિનતિ

કે એ વિષે અમે જે કહીએ તે તરફ તમે બેદરકાર ન રહો. સાથે થે એ પણ કહું કે અમારા પ્રત્યેના તમારા ગમા-અણગમા પણ મને જણાવતાં રહો. એમાં તમે ન અપમાન માનો, ન વહેમ વી અમને તમારા તરફ અણગમો પ્રેરો.

બીજું, તમારામાં એવી સ્ત્રીઓની સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં કે જે હમેશા પુરુષને ખુશ રાખવાનો જ પ્રયત્ન કરતી હોય છે. આવો પ્રયત્ન અંતરથી થાય તો એ પ્રયત્ન ન રહે, ટેવ કે ગુણ બની જાય એની મધુરતા સૌ કોઈ અનુભવી શકે, પરંતુ હૃદયના સહકાર વના આવો પ્રયત્ન થાય છે ત્યારે અમને શાન્તિ મળતી નથી. એ ધી એવા નિષ્ફળ જ નહિ, નુકશાનકારક નીવડે છે. તમે એમાંથી ચો. શરીરસંબંધમાં પણ આ બાબત વિચારવા જેવી છે.

ત્રીજું, જેમ અમારામાં તેમ તમારામાં પણ શ્વાનવૃત્તિ, ચારિત્ર-નતા, વિકૃતિઓ વગેરે ઠીક ઠીક પ્રમાણમાં રહેલાં છે તેનો તમે સતત ખ્યાલ રાખો. કથરોટ કૂંડાને હસે નહિ તે તમારે અને અમારે જોવુ જોઈએ. જાતીય સવાલને અંગે તો મને લાગે છે કે તમારે તમને ચાં અને અમને નીચા માનતાં અટકી જવું જોઈએ. અમે મને કેવળ વાસનાતૃપ્તિ માટે જ સ્વીકારીએ છીએ એ માન્યતા પણ ડવી જાઇએ. અને એમ માનવું જોઈએ કે પુરુષમાં કે સ્ત્રીમાં વિકૃતિ, જે વાસના, જે લોલુપતા દેખાય છે તે માટે એક અથવા બીજી રીતે બને જવાબદાર છે. એમાંથી જો આપણે ઊગરવું હોય તો નેએ સાવધ બનવાનું છે. પુરુષને તમે દોષિત ગણીને એનો પ્રેમ મેળવી શકશો ? અને પ્રેમની સ્થાપના વિના આપણા ગૃહજીવનમાં કોઈ કાળે સુગંધ અને સંવાદ પેદા થઈ શકશે ? અમારામાં અને મારામાં જ્યાં સુધી અહીં વર્ણવેલાં દોષોની હસ્તી હશે ત્યાં સુધી સાચા પ્રેમનો સંભવ જ નથી; અને ત્યાં સુધી આપણે બંને એક-બીજાને ચૂસ્યા જ કરશું; પછી ભલે ચૂસવાની રીતમાં તફાવત હોય !

આમાંથી તમે ઊગરો. અમે પણ ઊગરીએ.

[૪]

કડવું સત્ય

હું આશા રાખી શકું કે આ પત્ર તમે રોષ વિના વાંચી રહ્યાં હો ? જો ઊંચે શ્વાસે કે ગુસ્સા સાથે તમે એનું વાંચન કરશો તો મને ભય છે કે આપણો સંબંધ છે તેથી યે વધુ ખરાબ થશે. આપણે બંને જાણીએ છીએ કે એકબીજાના સહકાર અને સાથ વિના ચાલવાનું જ નથી; છતાં આટલાં બધાં વર્ષો પછી પણ આપણો સંબંધ કેમ પ્રેમપૂર્ણ નહિ થઈ શક્યો હોય ? મને એનું કારણ અત્યારે સમજાય છે. આપણે આપણા પોતાના દોષ જોવા કે સાંભળવા માટે કદી તૈયારી જ નથી બતાવતા. હું તમારા ઉપર આક્ષેપો કરું અને તમે મારા ઉપર કરો. જેનામાં તાકાત હોય તે જીતી લે. પુરુષમાં વિશેષ તાકાત છે એટલે એ જીતી શકે છે, પરંતુ સ્ત્રીમાં વળી બીજા પ્રકારની શક્તિ વિશેષ પ્રમાણમાં છે એટલે એ પુરુષની જીતને નિષ્ફળ બનાવી દે છે. એમ કહી શકાય કે પુરુષમાં બાહુબળ છે. અને સ્ત્રીમાં કુનેહનું બળ છે. મારો મત એવો છે કે મોટે ભાગે છેલ્લી જીત પુરુષની નહિ, પણ સ્ત્રીની જ થાય છે.

પરંતુ એવી જીતથી પુરુષ કે સ્ત્રી સાચું સુખ પામી શકતાં નથી. લગ્ન પહેલાં અને લગ્ન પછીના આરંભના દિવસોમાં બંનેનાં હૈયાં એકબીજા માટે તલસતાં હોય છે અને એમાંથી જ બંનેની ઊણપોને નિભાવી લેવાની વૃત્તિ જન્મે છે. આ મધુર સ્થિતિનો થોડા દિવસમાં કે થોડા મહિનામાં જ અંત આવે છે. પહેલી વસંત ઋતુ સુધી પણ લગ્નનો વસંતકાળ ચાલતો નથી; માટે જે ધ્યાનપૂર્વક તમારો આ પત્ર મેં વાંચ્યો છે અને હજી યે ફરીફરી વાંચીશ તે જ ધ્યાનપૂર્વક તમે વાંચજો.

મારાથી તમને દુઃખ ઊપજે, કદાચ અન્યાય પણ થાય એવું કંઈ લખાઈ જાય તો પણ એક પ્રિયજનના હૃદયની સાચી વેદના અને સાચી સમજણ છે એ રીતે તમારા મન ઉપર એ વસ્તુને લેજો.

હવે તમારી સામાન્ય ફરિયાદોના જવાબો અને મારી દૃષ્ટિએ તમારામાં વ્યાપક સ્વરૂપે દેખાતા દુર્ગુણો તરફ તમારું લક્ષ ખેંચું. પુરુષ અને સ્ત્રી સિવાય એવું કોઈ તટસ્થ પ્રાણી જો પૃથ્વી ઉપર હોત તો આપણા બંને વિષે નિષ્પક્ષ અભિપ્રાય ઉચ્ચારી શકત. એવાં પ્રાણીના અભાવે એ કાર્ય મારે અને તમારે જ પતાવવાનું રહે છે. મારા પત્રમાં જો તટસ્થતા ન દેખાય તો તમે મને માફ કરજો.

પ્રથમ પગલે જ હું સ્વીકારી લઉં કે આજે પુરુષ અને સ્ત્રી એ બંનેને ભિન્ન વર્ગ ગણીએ તો મારે કબૂલવું જોઈએ કે સ્ત્રીની દશા દયાજનક છે: એ અશક્ત છે, અજ્ઞાન છે, પ્રગટ રીતે તો પુરુષની ગુલામ પણ છે. પુરુષ એના તરફ એ દૃષ્ટિએ જ હમેશાં જુએ છે. સ્ત્રીમાં પુરુષ ઉપર કાબૂ મેળવી લેવાની સૂક્ષ્મ શકિત જ હોત તો એની દશા પશુ કરતાં યે બદતર હોત. આ રીતે જોઈએ તો બાહ્ય સ્વરૂપે એ અત્યંત દુઃખી છે અને કંગાલ છે. વધુમાં કાયદો પણ એના પક્ષમાં નથી. કાયદો ઘડવાની સત્તા પણ દેશી કે પરદેશી–પરંતુ પુરુષોના જ હાથમાં છે. ત્યક્તાની, વિધવાની, અરે, કન્યાની સ્થિતિ પણ અનુકંપા ઊપજાવે એવી છે. સ્ત્રીઓમાં આજે પ્રમાણમાં કોઈ સુખી હોય તો પરણેલી સ્ત્રી જ હોય છે. માટે જ એનું મહત્ત્વ મનાયું છે. એ શુકનવંતી કહેવાય છે. એનાં સૌભાગ્ય માટે આશીર્વાદ ઉચ્ચારાય છે.

પરંતુ આ સ્થિતિ શાને આભારી છે ? શા માટે પુરુષોના જેવું જ તમારું સ્થાન નથી. શા માટે તમે નિર્બળ, કંગાળ, કમતાકાત બણાઓ છો ? શા માટે પતિ વિનાનું તમારું જીવન શાપરૂપ મનાય છે ? એ માટે કન્યાકાળમાં પણ તમારી દશા ભિખારી જેવી હોય છે !

આ પ્રશ્નોના જવાબો તમે આપી શકશો ? કે પુરુષ જ અમારી આ દશા માટે જવાબદાર છે એમ કહીને સંતોષ માનશો ? હું એમ માનું છું કે આ સ્થિતિ વિષેની મુખ્ય જવાબદારી અમારી નહિ, પણ તમારી છે. વધુમાં તમને એ જણાવવા માગું છું કે તમારી આજની દશાનું કારણ તમે સ્ત્રી છો એ નથી, પરંતુ જગતના જીવનસંઘર્ષમાં તમે અશક્ત છો તે જ છે. હિંદુસ્તાન જેવો દેશ ગુલામ છે તેનું કારણ એની નિર્બળતા સિવાય શું છે ? અને જે દશા તમારી છે તે કરતાં યે બદતર દશા લાખો પુરુષોની પણ છે તે તો તમે જાણતાં હશો. જે ગુલામી, જે અજ્ઞાન, જે અપમાન તમે ભોગવો છો તે બીજા ઉપર આધાર રાખીને જીવતા લાખો પુરુષો પણ ભોગવે છે. માટે સમજી લો કે સ્ત્રી હોવાના કારણે જ તમારી આ સ્થિતિ નથી. તમે સ્ત્રી હોવા છતાં જ્યાં ધનવાન કે સમૃદ્ધિવાન છો ત્યાં પુરુષ-નોકર ઉપર હુકમ બજાવી શકો છો. એ પુરુષ હોવા છતાં તમારો ગુલામ હોય છે.

હા, પત્ની તરીકે તમે પછાત છો ખરાં, પરંતુ તેનું યે કારણ એ જ છે. તમારા એટલા સદ્‌ભાગ્ય છે કે ગુલામ હોવા છતાં ઘરનો દોર, પુરુષ ન જાણે તેમ, તમારા હાથમાં રાખવાની બુદ્ધિશક્તિ ઈશ્વરે તમને આપી છે. ઘરમાં ખરું રાજ્ય તમારું જ ચાલે છે, પરંતુ તે માટે તમારે કોઈ પણ યુક્તિથી પુરુષની મહેરબાની મેળવી લેવી પડે છે. આ સ્થિતિ હોવાને કારણે તમારી બીજી શક્તિઓ વિકાસ પામતી જ નથી. એ શક્તિઓ વિના જીવનસંઘર્ષમાં તમે પુરુષ સામે ટકી શકતાં નથી.

પણ આ માટે જવાબદારી કોની ? હું કહું છું કે તમારી. તમે જ્યાં સુધી તમારી સાચી સ્થિતિ સમજી લઈ એમાં પલટો આણવાના ભગીરથ પ્રયત્ન નહિ કરો ત્યાં સુધી તમારી દશા સુધરવાની જ નથી. તમે જેને પુરુષોના જુલમો ગણો છો તેને એક પછી એક હું તપાસી જાઉં ? તમે કન્યાકાળથી માતા થતાં સુધીમાં શું શું કરો છો તે તમારી સમક્ષ રજૂ કરી દઉં ? મારી તમારા પાસે એટલી જ માગણી છે કે તમે જરા

વિચાર કરવાની, કોઈ પણ પ્રશ્નમાં ઊંડા ઊતરવાની, કંઈક આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડો. એ વિનાના બધા પ્રયત્નો નકામા નીવડશે.

તમે કહો છો કે તમારા જન્મની સાથે જ તમારી અવદશા શરુ થાય છે. છોકરા–છોકરી વચ્ચેના ઊછેરમાં જ તફાવત હોય છે. આ વાત સાચી છે, પરંતુ એ માટે પુરુષ દોષિત છે ? કૃપા કરી જરા વિચાર કરો. તમારા ભાઈબહેન વચ્ચે ભેદ પાડવામાં તમારા પિતા અને માતામાં કોણ વધુ ભેદ પાડે છે ? કોણ વધુ રૂઢિની ગુલામી ભોગવે છે ? કોણ દીકરા પાછળ ગાંડુ બને છે અને દીકરીને દૂર હડસેલે છે ? બંનેમાં કોણ તમને વધારે પ્રમાણમાં 'પારકું ધન' કે 'સાપનો ભારો' માને છે ? મને આશા છે કે તમારે તમારાં માતુશ્રી ઉપર જ દોષનું વિશેષ પ્રમાણ ઢોળવુ પડશે. હવે બીજી સ્થિતિ જોઈએ. જે સંસ્કારી કુટુંબોમાં ભાઈબહેન વચ્ચે ખાસ ભેદ બતાવવામાં નથી આવતો ત્યાં તમે શું કરો છો ? નાનપણથી જ તમારી દૃષ્ટિ સંકુચિત નથી રહેતી ? પુરુષ ઉપર, પતિ ઉપર આધાર રાખવાની જ તમારા મનને તમે તાલીમ નથી આપતાં ? તમે કદી એવો પતિ પસંદ કરો છો કે જે શક્તિમાં તમારાથી ઊતરતો કે સમાન હોય ? તમારે કબૂલવું જ પડશે કે તમે જાણ્યે અજાણ્યે પતિના, પુરુષના આધારે જ રહેવા ઈચ્છો છો. શક્તિમાં તમે ઊતરતાં હોવા છતાં સમાન સત્તા માગો છો. દુનિયામાં ક્યાં ય એવું તમે જોયું છે ?

જરા આગળ વધીએ. તમે માતૃપદની લાગણી અનુભવવા લાગો છો ત્યારે તમારા હૃદયમાં પુત્ર ઈચ્છો છો કે પુત્રી ? શ્રીમતીજી, છાતી ઉપર હાથ મૂકી આ પ્રશ્નનો જવાબ આપજો. તમે સુધરેલાં હો કે ગ્રામવાસી હો પરંતુ આ બાબતમાં તમે સરખી જ નીચી કક્ષામાં રહેલાં છો તેની ના પાડી શકો એમ નથી. તમે પુત્ર જ ઈચ્છો છો. શા માટે ? જવાબ તમે આપી શકશો નહિ. હવે કહો, તમારા માતાપિતા સામે લગીર પણ ફરિયાદ કરવાનો તમને અધિકાર છે ? જો તમે સ્ત્રી છો અને સ્ત્રીની ઉન્નતિ ચાહો છો તો શા માટે પુત્રીની અપેક્ષા નથી રાખતાં ?

અને તમને પુત્રી થાય છે તો ? તમે એને પ્રેમથી ચાહો છો ખરાં, પરંતુ પુત્રદેવનું પારણું ન બંધાય ત્યાં સુધી જ. પુત્ર નથી ત્યાં સુધી તમે પુત્રીને પુત્ર માની ઊછેરો છો. તમારાં પ્રેમ અને વાત્સલ્યનાં સંબોધનો પણ એ પુત્ર હોય એવાં જ હોય છે. અરે, તમારાં હાલરડાં અને બાલગીતો પણ પુત્રો માટે જ વિશેષ પ્રમાણમાં છે ને ? આ રીતે તમે જ તમને નીચા પાડો છો અને ફરિયાદ કરો છો પુરુષોની સામે.

હજી આગળ વધવું છે ? તો જવાબ આપો કે તમે પુત્રીને કેવી રીતે ઉછેરો છો ? તમે કોઈ દિવસ એવો વિચાર કર્યો છે કે આ સ્ત્રી છે. પુરુષની સમાન કક્ષાએ મારે એને પહોંચાડવી છે. 'ભલે હું અશક્ત અને ગુલામ બની ગઈ, પરંતુ આ કન્યાને મારે સ્વતંત્ર અને ઉન્નત રહેવાની તાલીમ આપવી છે !' મને ખાતરી છે કે આ પ્રશ્નનો જવાબ તમારે 'ના'-માં જ આપવો પડશે. તમે જૂના જમાનાની સ્ત્રી હો કે નવા જમાનાની, એક બાબતમાં તમે મૂળરૂપે લગભગ સરખાં જ છો અને તે કન્યાના ઊછેરમાં. જૂની સ્ત્રી કશું સમજતી નથી, એણે પોતે કશી કેળવણી લીધી હોતી નથી. એની દીકરી જો શિક્ષણ મેળવે કે થોડીક પણ સ્વતંત્ર થઈ શકે એવું વાતાવરણ મેળવે તો તે એનો વિરોધ જ કરે છે. એવે વખતે પુત્રીની મદદે પિતા આવે છે. પિતા પુરુષ હોય છે એ તમારા ખ્યાલમાં છે ને ?

અને નવા જમાનાની માતા પોતાની જેવી જ તાલીમ એની પુત્રીને આપે છે. એને કદી યાદ પણ નથી આવતું કે મારે સ્ત્રી જાતિની ઉન્નતિ કરવી છે. એ તો પુત્રીને લડાવે છે, શણગારે છે, નવા યુગના બધા શોખો શીખવે છે, એની પુત્રી બહારથી સ્વતંત્ર દેખાય છે પરંતુ અંદરથી તો એક જ, પુરુષને આધારે જીવવાની નિર્બળ તાલીમ મેળવે છે. એટલું જ નહિ પણ સુધરેલા ઘરોનાં મોટા ભાગમાં તો

એ કન્યાની કેમ જાણે બજારમાં ખરીદી થવાની હોય તેમ જ એને સમજાવવામાં આવે છે, એનું શિક્ષણ, પહેરવેશ, કોઈ લલિતકલાનું જ્ઞાન વગેરે એ દ્રષ્ટિએ જ અપાય છે અને પછી કોઈ વાડી-બંગલા ધરાવતા શ્રીમંતના પુત્ર તરફ નજર કરવામાં આવે છે. કન્યા પણ સ્વતંત્રતા, શિક્ષણ અને સંસ્કારના નામે એની પાછળ ફર્યા કરે છે.

આ છે તમારી સાચી સ્થિતિ. સ્વતંત્ર અને સમાન થવા માટે જે પરિશ્રમની, જે સાહસવૃત્તિની, જે સ્વમાનપ્રિયતાની જરૂર છે તેનો તમારામાં અભાવ છે. આશ્ચર્ય જેવું એ છે કે તમે ત્યાગ કરો છો, પરંતુ તેમાંથી મળતો આનંદ કે પ્રાપ્ત થતું બળ તમે મેળવતાં નથી. કારણ કે તમારો ત્યાગ રૂઢિગત હોય છે. તમે પરિશ્રમ કરો છો અને જોખમ પણ ખેડો છો, પરંતુ નવા ક્ષેત્રમાં પગ મૂકતાં જ નથી. ચીલે ચાલ્યા જવું, પુરુષના પગલે ચાલવું એ જ તમારો સ્વભાવ છે અને ઇચ્છા પણ છે.

આમ હોવાનાં કારણો સ્પષ્ટ છે. તમને એ ગમે છે અને એમાં જ સુખ લાગે છે. આ યુગમાં સ્વાતંત્ર્યનો જે વાયુ ફૂંકાયો છે અને તે તરફ તમને જે આકર્ષણ જાગ્યું છે તેનું કારણ એ નથી કે તમે અત્યારની સ્થિતિથી ગૂંગળાઈ ગયાં છો. પરંતુ તેનું કારણ, એમાં વિશેષ સુખની તમને આશાઓ છે. તમે નવા અને જૂના-બંને જમાનામાં તમને જે સુખરૂપ છે તે રાખવા ચાહો છો. તમારા ઉપર, ખાસ કરીને સુધરેલી કન્યાઓ અને સ્ત્રીઓ ઉપર મારો આ ખુલ્લો આરોપ છે. આનાં કારણો હું આગળ ઉપર રજૂ કરીશ. અત્યારે હું એટલું જ કહું કે તમે કામનો ઢસરડો ખેંચતા હો તો પણ અને પ્રસવકાળનું જાનનું જોખમ વહોરતાં હો તો પણ સુખ અને આરામ ઇચ્છનારાં જ છો. ગમે તે ભોગે તમે એ મેળવી રાખો છો. જોખમ ખેડવા તમે માગતાં જ નથી. ઊલટાનું એ મેળવવા માટે કુનેહ વાપરો છો, ખુશામત કરો છો, અરે, ગુલામી પણ સ્વીકારી લો છો.

આ છે તમારી સાચી સ્થિતિ. પ્રથમ એમાંથી બહાર નીકળો પછી પુરુષની મદદ માગો. પુરુષને ફક્ત કહ્યા કરવું કે એ અમને ગુલામ રાખે છે અને પોતે ગુલામીની લાયકાત જ વધારતાં જવી એ અયોગ્ય છે, બેહૂદું છે. પુરુષ તમને સાથ આપવા આજે ઊભો થયો છે. તમે એ તકને ઝડપી લો. ખાતરીપૂર્વક માનો કે શક્તિ વિના, યોગ્યતા વિના આ જગતમાં કશું મળતું નથી, અને ભીખ માગવાથી જે મળે છે તે લાંબો કાળ ટકતું નથી. તમે, તમે જ તમારી આજની દશા માટે જવાબદાર છો એમ માનીને કમર કસો તો જ તમારો ઉદ્ધાર છે. એ સિવાય કંઈ પણ માનવું કે કહેવું તેમાં આત્મવંચના સિવાય બીજું કશું જ નથી.

લેશો આ નક્કર હકીકતો લક્ષમાં? કે ચીલો છોડશો જ નહિ!

[૫]

કેટલુંક આવશ્યક

ધાર્યા કરતાં પત્ર વધુ લાંબો થતો જાય છે, પરંતુ મારે જે કહેવાનું છે તે તો ટૂંકમાં પણ કહી જ દેવું જોઈએ. હું ધારું છું ફરીને આવો પત્ર હું લખું તે તમે પસંદ નહિ જ કરો, એટલે તમારો જે સ્વભાવ અને તમારી જે ટેવો મને પસંદ નથી તે, અને તમારા વિષે હું શી શી અભિલાષા રાખી રહ્યો છું તે જણાવવાનો આ છેલ્લા હિસ્સામાં હું પ્રયત્ન કરીશ.

તમે અમારા ઉપર 'અધિકાર' જમાવવાનો જે પ્રયાસ કરો છો તે મને પસંદ નથી. તમારો પતિ છું અને એટલો અધિકાર તમારો

છે જ. પરંતુ તમે તો [illegible] રણામે [illegible] જે પુત્ર [illegible] હોય તો મને માત્ર તમારી આસપાસ [illegible] કોઈની [illegible] છો. કુટુંબનાં બીજાં માટે હું કંઈ કરું તે [illegible] ી. મારાં ભાઈ-બહેનો કે ભાભીઓ તરફ તમે છાની ઇર્ષા રાખો છો તે સારું ન કહેવાય. આ ઘરમાં સૌનો સરખો હક માની આપણે વર્તીએ તો જ સુખી થઈ શકીએ. તમારે જો કંઈએ ધ્યાન રાખવાનું હોય તો તે બીજાંને વધુ આપી તમારે ઓછું લેવાનું જ રાખવાનું છે. સંયુક્ત કુટુંબ ન હોય તો બીજા સંબંધોમાં પણ તમારી એવી જ દૃષ્ટિ રહે છે. સ્વભાવે તમારે ઉદાર બનવું જોઈએ. આપણે કુટુંબની સાથે રહીએ કે દૂર, એમના પ્રત્યેની આપણી ફરજ તો આપણે બજાવવી જ જોઈએ.

તમે હમેશાં, તમારા પિયર તરફ પક્ષપાત રાખો છો. હું માનું છું કે તમારાં સગાંઓ માટે તમે કંઈ પણ કરી શકો તો, તે કરવું જોઈએ, પરંતુ પહેલું સ્થાન તો જે ગૃહના તમે ગૃહિણી બન્યાં છો તેનું છે. બીજું સ્થાન તમારા પિયરનું ગણાય. એમ થાય તો જ સામાજિક વ્યવસ્થા જળવાઈ શકે. તમે તો પહેલેથી જ એમ માનીને ચાલો છો કે જો તમે મને છૂટો મૂકશો તો હું 'માવડિયો' એટલે કે મારા કુટુંબની આંખે જોતો અને કુટુંબનાં કાને સાંભળતો થઈ જઈશ. કોણ જાણે શા માટે, પણ તમે મને કાચા કાનનો ભોળો માની લઈ, તમારા પિયર પક્ષ તરફ વાળવાનો પ્રયાસ કર્યા કરો છો. આનું પરિણામ સારું નથી આવતું. હું બંને પક્ષની સહાનુભૂતિ ગુમાવી બેસું છું. તમારું પણ વખત જતાં એવું જ બને છે.

આપણાં ઘરમાં સાસુ-વહુ કે નણંદભાભી વચ્ચે પ્રેમ રહે એવી મારી ઇચ્છા છે. તમે વિશ્વાસ રાખો કે હું મારી માતા તરફથી કે બહેન તરફથી તમને અન્યાય થતો હશે તો તે નહિ જ સાંખું. એમની વાતોને, પણ ખાતરી કર્યા વિના સાચી નહિ માનું, પરંતુ તમે એવો પ્રયત્ન ન જ કરો કે જેથી એમના પ્રત્યે ધીમે ધીમે પણ મને અણગમો

રોષ અને તિરસ્કાર પેદા થાય અને આપણે જુદા થઈ જઈએ. હું પૂરી સમજપૂર્વક તમને કહું છું કે જે પુત્ર એના માતાપિતાની સેવા નથી કરી શકતો તે આ જગતમાં કોઈની સાચી સેવા કરવા ' માટે નાલાયક છે. તમે ઘરની સાચી હકીકતથી મને જરૂર વાકેફ રાખજો, પરંતુ તેમાં નિંદા ન આવી જાય, કાનભંભેરણી ન થાય તે જોજો. તમારા સ્વભાવમાં જ આવા કેટલાક દોષો રહેલા છે. બીજાની નિંદા કરવામાં તમને અજબ રસ આવે છે. એ જ રીતે તદ્દન નાની વાતોને તમે મોટું રૂપ આપી વાતાવરણ તંગ બનાવી મૂકો છો. સામાન્ય બનાવોને હસી કાઢતાં, ગળી જતાં શીખી લેવું જોઈએ.

અને હું કે કોઈ પણ માણસ કદાચ કોઈ વાંકમાં આવેલ હોય તો એ ભૂલનો એને ખ્યાલ આવી જાય તેટલાથી જ તમે સંતોષ માનો. એ ન સ્વીકારો તો તમારો વિરોધ પ્રગટ કરો, પરંતુ કલાકો અને દિવસો સુધી કોઈ વાતને લંબાવો નહિ. દરેક પુરુષને તમારા આ સ્વભાવનો ભારે કંટાળો આવે છે. તેઓ એ સહન જ કરી શકતા નથી. આ માટે ઉદારતાનો ગુણ તમારે જરા કેળવવો જોઈએ. તમે અન્યાય સહન કરો એમ હું કહેતો જ નથી, પરંતુ વાતની ચોળાચોળ ન કરો. જે કરવા ઈચ્છતાં હો તે કરી નાખો. પછી ભલે પ્રસંગ સામાન્ય હોય કે અતિ ગંભીર હોય.

તમારા વહેમી સ્વભાવ વિષે તો મારે બહુ વિસ્તારથી લખવું જોઈએ. તમારા આ સ્વભાવે કેટલા ઘરોમાં આગ જલાવી તે તમે જાણો છો ? તમારે સમજવું જોઈએ કે વહેમ રાખ્યા કરવાથી તમે અમને, જો અમે ખોટા માર્ગે હોઈશું તો બચાવી શકશો નહિ, એટલું જ નહિ પણ એ માર્ગે ધક્કો જ મારશો. તમારા વહેમના કારણે તમારા વર્તનમાં ફેર પડશે. અમને તમે પ્રેમ કે આરામ આપી શકશો નહિ. તમારું રડવાનું, મૌન રહેવાનું, નિસાસા નાખવાનું અને વાત વધે તો ભૂખ્યા રહેવાનું ને બાળકો ઉપર જુલમ કરવાનું

ચાલવા માંડશે. અને પરિણામે આપણાં સ્નેહસંબંધ ઉપર છીણી મુકાઈ જશે.

અને એવી સ્થિતિ આવે તો આડકતરાં કટાક્ષો કે બીજું કાંઈ કરવાને બદલે તમે અમારી સાથે ચોખ્ખી જ વાત કરો તે અમે પસંદ કરીશું. એનું પરિણામ કાં તો તમારા મનના સમાધાનમાં આવશે અને કાં તો એનો બીજો કશોક નિકાલ આવી જશે. મિથ્યા વાતો તો આપણા જીવનને કોરી ખાશે, જૂનાં અને નવાં બંને ઘરોમાં આ વહેમનું સામ્રાજ્ય છે. નવામાં એનું જોર વિશેષ પ્રમાણમાં છે, કારણ કે એ માટેનાં કારણો પણ વિશેષ છે. આ વહેમી સ્વભાવથી કોઈ દિવસ પુરુષનું દિલ જીતી શકાતું નથી. એ દિલ દૂર જ થતું જાય છે. એવી સ્થિતિ આવતાં જ તમારાં દુઃખ અને આઘાત તમારે પ્રગટ કરી દેવાં જોઈએ અને અમારા ખુલાસાઓને સાચા માનવા જોઈએ. એ ખોટા હશે તો યે તેથી તમારું નુકસાન વધી જવાનું નથી. જેના વિષે તમને માત્ર 'શંકા' છે તેને સત્યનું રૂપ આપી જોખમ ન વહોરવું જોઈએ.

આમ કરવા માટે તમારે તમારો સંકુચિત સ્વભાવ બદલવો પડશે. વિશ્વાસના વાતાવરણમાં નવા જમાનાનો સ્વીકાર કરવો પડશે. તમને તમારા પતિ ઉપર અને તમારા પ્રેમ ઉપર શ્રદ્ધા હોવી જોઈએ. એ શ્રદ્ધા જુઠ્ઠી પડે તો, અને એની પાકી ખાતરી થાય તો સ્વભાવ અને શીલને શોભે તેમ તમારે એ પ્રશ્નનો નિકાલ કરવો જોઈએ. સહજ રીતે તો એ શ્રદ્ધા જ સૌને બચાવી લેશે એમ તમે માની લેજો. વાતવાતમાં રિસાઈ જવાનું, નારાજ થવાનું; આંસુ પાડવાનું તમારે છોડી દેવું જોઈએ. એવું વારંવાર બને ત્યારે તેની ગંભીરતા જતી રહે છે ને એની અમારા મન ઉપર કશી અસર થતી નથી. રુદન તો ત્યારે જ થાય, જ્યારે એ દુઃખ અને આઘાત સહી ન શકાય એટલાં ઉગ્ર હોય. વાતવાતમાં રડવાથી આંસુનું મહત્ત્વ ઊતરી જાય છે.

તમારી પ્રકૃતિમાં બેદરકારીનો એક દુર્ગુણ છે. એથી તમને કંઈ પણ નવું કરવાની પ્રેરણા થતી નથી. એક બાજુ રૂઢિપ્રિયતા અને બીજી બાજુ આ બેદરકારી. પછી નવું શીખવાની, નવા ક્ષેત્રમાં ઘૂમવાની, કંઈક સાહસભર્યો પ્રયત્ન કરવાની ઇચ્છા જ કેમ થાય? આ જગત પ્રત્યે તમારે સજાગ બનવું જોઈએ. આજનો પુરુષ તમારી એ જાગૃતિથી ખુશ થશે; એને માન આપશે. જાગૃતિ જોઈએ, જાગૃતિનો ડોળ નહિ.

તમે સ્વતંત્રતા અને સમાનતા ચાહો છો, પરંતુ મારું અવલોકન એમ કહે છે કે જ્યાં એ તમને પ્રાપ્ત થયાં છે ત્યાં એનું રહસ્ય તમે પિછાણ્યું જ નથી. સ્વતંત્રતા એક રસાયન છે. જો એ પચાવી ન શકાય તો સ્વચ્છંદતાના રૂપમાં ગૂમડાની પેઠે ફૂટી નીકળે. તમે સ્વતંત્ર થતાં જ શેખી મારવા લાગી જાઓ છો. પુરુષના અપમાનમાં તમારું સ્વમાન જુઓ છો. સ્ત્રીના જે સહજ ધર્મો છે તે વિષે અજ્ઞાન રહેવું અને પુરુષના ક્ષેત્રમાં હરીફાઈ કરવા દોડવું એ તમારું ધ્યેય બની જાય છે. બરાબર અર્ધદગ્ધની જે દશા હોય તેવી દશા તમારી થાય છે. તમે ઘરમાં ન રહેવા ઇચ્છતો હો તો જરૂર બહાર આવો; અમારી પેઠે પરિશ્રમ કરો અને શક્તિ પ્રાપ્ત કરો, પરંતુ તે સાથે જ કુદરતે સ્ત્રી તરીકે તમને જે ખાસ કામ સોંપ્યું છે તે તરફ બેદરકાર ન રહો. કવિએ અને ચિત્રકારે જો મહાન બનવું હોય તો પોતપોતાના ક્ષેત્રમાં જ વિકાસ સાધવો જોઈએ. અમારા ક્ષેત્ર વિષે તમે અજ્ઞાન ન રહો. એમાં જરૂર ઘૂમો, પણ સ્ત્રી મટી જઈને નહિ. એથી અંતે તમને અને સમસ્ત સંસારને નુકસાન થશે.

હમણાં હમણાં એક બીજો દોષ બહુ વ્યાપક થતો જાય છે. જૂની રૂઢિ અને જૂના ચીલા સ્ત્રી છોડે છે અને નવા રીતરિવાજમાં દાખલ થતી નથી. દાખલા તરીકે એ ગૃહિણી બનવાનો, ઘરકામ કરવાનો, પતિની અને વડીલોની સેવા કરવાનો, બાળકોની સંભાળ રાખવાનો ઇન્કાર કરે છે—પુરુષ શા માટે એમ નથી કરતો એવું કહીને અને

કમાવાનો, પરિશ્રમ કરવાનો, જોખમમાં મુકાવાનો વિચાર જ નથી કરતી. જૂની અને નવી રૂઢિમાં પોતાને જે આરામ આપનાર છે તેને જ એ સંભાળી રાખે છે. અમે તમને કહીએ છીએ કે કાં તો ગૃહિણી બનો અને કાં તો અમારી સાથે કામ કરવા બહાર નીકળી આવો. અમને બનાવવાનું અને ફેશનમાં ફસાવાનું છોડી દો. તમારી નવરાશથી તમે ઘડીભર અમને ખુશી કરી શકો છો, પરંતુ તેમાં અમારું, તમારું બાળકોનું હિત સધાતું નથી.

તમને થતું હશે કે મેં તો આજે દમ ભીડીને બસ લખવા જ માંડયું છે. દુર્ગુણોની મોટી હારમાળા તૈયાર થઈ ગઈ. આમાં હજી બીજા મણકા ઉમેરી શકાય એમ છે, પરંતુ તમારી ધીરજ હવે ખૂટી જશે અને કદાચ તમે રડવા લાગી જશો એટલે હું થોભી જાઉં છું. અને આ બધું જેણે લખ્યું છે તેના અંતરની સાચી સ્થિતિનું તમને દર્શન કરાવું છું.

એનાં અંતરમાં તમારું સ્થાન સર્વથી ઉન્નત છે. એ મિત્રો ધરાવે છે અને કુટુંબના વિશાળ વડલાની પ્રેમછાયા પણ એના ઉપર છે, પરંતુ એના જીવનની સાચી પ્રેરણા એ તમને જ માને છે. એ ઇચ્છે છે કે જ્યાં જ્યાં પ્રેમ છે, સેવા છે, સહકાર છે તે કશું એણે ન છોડવું પડે, પરંતુ તમને તો એ કદી છોડવા ચાહતો જ નથી. કોઇ અભિમાની કે કોઈ કામી તમારો ત્યાગ કરે અને તેમાં તમારો દોષ મુદ્દલ ન હોય તોયે તેટલા ખાતર આખી પુરુષ જાત માટે મત બાંધી લેશો નહિ. લાખો ને કરોડો પુરુષોના દિલનો આરામ તમે જ છો. થાક્યા-પાક્યા એ સાંજે કે રાત્રે ઘેર આવે છે ત્યારે તમારા સ્મિતની અને સ્વાગતની કલ્પના એનો તમામ થાક હરી લે છે. ભયંકર ગરીબાઇમાં એ અને એનાં બચ્ચાં જીવી શકે છે તે તમારી આંખમાંથી ઝરતાં અમૃતનું પાન કરીને જ. તમે એનાં સાચેસાચાં જીવનસાથી છો, કોઈ દુર્ભાગી પળે એ તમારા ઉપર રોષ કરે, અધિકાર જમાવવાનો યત્ન કરે, તમને

ગુલામ માને કે નબળાઇને વશ થઈ અનાચાર કહી શકાય એવું કરવા લાગી જાય તો યે ખાતરીથી માનજો કે એનાં જીવનનું સારસર્વસ્વ તમે જ રહો છો.

આટલું જાણ્યા પછી મારા મનોભાવ વિષે તમને સંદેહ રહેશે? હું માનું છું કે એવું જ મધુર અને સુલલિત પ્રેમઝરણુ તમારા હૃદયમાં પણુ વહે છે. આપણાં આજનાં દુઃખો આ પરમ સુખની પાસે કશી એ વિસાતમાં નથી. પરંતુ એનો યે આપણે અંત કેમ ન આણીએ? એકમેકને સમજી જઈ હવે આપણે શુદ્ધ બનીએ. સાચા અર્થમાં સંસ્કારી બનીએ. હાથમાં હાથ પરોવી આ પૃથ્વી ઉપરનું આપણું આનંદ-પર્યટન આપણે પૂરું કરીએ. પ્રભુ એમાં આપણને અવશ્ય સહાય આપશે.

વિશેષ શું લખું? પ્રેમ.

તીર્થસ્વરૂપ પિતાશ્રી



[૧]

આપની જવાબદારી

તીર્થસ્વરૂપ પિતાશ્રી,

આજે હું મારા અભ્યાસના છેલ્લા વર્ષમાં દાખલ થાઉં છું. એક વર્ષ પછી અભ્યાસકાળ પૂરો થશે અને સંસારની કઠણ ધરતી ઉપર મારે આવવું પડશે. જે જગતનો મને મુદ્દલ અનુભવ નથી તેમાં પગલું મૂકતાં પહેલાં તમને મારા અંતરની કેટલીક વાતો કહી દેવા ઇચ્છું છું. ઉપરાંત, મને પાકી ખાતરી છે કે આજ સુધી તો મારા લગ્નની વાત જેમતેમ કરીને મેં દૂર ઠેલી છે, પરંતુ મારો અભ્યાસ પૂરો થયા પછી તમારો આગ્રહ એટલો પ્રબળ બનશે કે એ વાતનો કોઇ ને કોઈ પ્રકારે મારે ફેંસલો કરવો પડશે. મારી પાસે જિંદગીની સલામતીનું આ છેલ્લું વર્ષ છે, તેનો ઉપયોગ જીવન વિષેની

વિચારણામાં હું ગાળવા ઇચ્છું છું. એ વિચારણાનો આરંભ કરતા જ મારે મારા જન્મકાળથી આજ દિન સુધીના જીવન ઉપર દૃષ્ટિ નાખવી પડે છે. હું જોઈ શકું છું કે એ જીવનના ગુણો ને અવગુણો મુખ્યત્વે તમને જ આભારી છે. કેટલુંક મને ખૂબ સુંદર અને ભવ્ય લાગ્યું છે, જે માટે મારું અંતર તમને વંદે છે. કેટલુંક દુઃખદ છે તે માટે હું દુઃખી રહ્યા કરું છું. મારા સદ્‌ભાગ્યે એવું કશું બન્યું નથી કે જેના પરિણામે મારું અંતર તમને શાપ આપે, પરંતુ મારી આસપાસના કેટલા યે કુમારો અને જુવાનોના જીવનમાં, જેમાંથી શાપ જ જન્મે એવી વસ્તુઓ હું જોઈ રહ્યો છું. મારો આ પત્ર તમને—મારા પિતાને જ ઉદ્દેશીને છે છતાં મને આશા છે કે આપણા સમાજના સર્વ પિતાઓને એ ઉપયોગી જણાશે, આંખ ઉઘાડનારો જણાશે, ચોંકાવનારો પણ જણાશે. એ જ રીતે એમાં મારા અંતરની જ વેદના અને ઉલ્લાસ મુખ્યત્વે ભરેલાં છે છતાં એમાં પુત્ર માત્રની અને કંઈક અંશે પુત્રીની પણ મનોવ્યથા અને પ્રેમભક્તિ તમે જોઈ શકશો.

હું તમને ખરેખર તીર્થસ્વરૂપ માનું છું અને તેથી જ એ સંબોધન મેં વાપર્યું છે. તીર્થ કરવા હું જતો નથી અને જવાનો નથી. કારણ કે એમાં મને શ્રદ્ધા નથી. એ સ્થાનોમાંથી ધર્મે હવે વિદાય લીધી છે એમ મને લાગે છે. નવાં તીર્થો હવે રચાઈ રહ્યાં છે, ને એ તરફ મારું મન હમેશાં ઝૂકી રહે છે એટલે તીર્થનું માહાત્મ્ય તો હું સમજું છું અને એ સમજ સાથે જ પિતાજી, તમને હું તીર્થસ્વરૂપ માનું છું. આ પત્રમાં તમને દુઃખ ઊપજે એવું કેટલુંક મારે કહેવું છે એટલે પહેલે જ પગલે મારા મનમાં તમારું સ્થાન કેવું છે તે સ્પષ્ટ કરી દઉં છું. તમે મને પૂજ્ય છો અને મારા પ્રત્યેના તમારા અનંત ઉપકારોનો બદલો વાળવાની મારી તાકાત નથી. તમે અને મારી માતાએ જે પ્રેમથી મારું જતન કર્યું છે તે ન કર્યું હોત તો આ પૃથ્વી ઉપર એક દિવસ પણ જીવવાનું મારા

ાટે અશક્ય હતું. મને જીવન આપનાર માતાપિતાનું ઋણ ચૂકી તઉં એવો કપૂત હું નથી.

અને તેથી જ તમારા કેટલાક વર્તન માટે મને દુઃખ ઊપજ્યું હોવા છતાં, અને એ દુઃખ કદાચ જીવનભર મને સાલશે તે જાણવા છતાં પણ હું તમારો તિરસ્કાર કરતો નથી. કારણ કે હું સાફ જોઈ શકું છું કે મારા જન્મના પ્રથમ દિવસથી આજની ઘડી સુધી તમે મારા પ્રત્યે પ્રેમની લાગણીથી જ જોયા કર્યું છે. તમે જે કંઈ કર્યું છે તે મારું હિત સમજીને જ કર્યું છે. મારા જીવનને નુકસાન પહોંચાડનારૂં કે મારી શક્તિઓને ક્ષીણ કરનારું તમારાથી જે કાંઈ બની ગયું છે તેમાંનું કશું યે ઈરાદાપૂર્વકનું નથી: એમ હોઈ જ ન શકે. હું તમારો હરીફ કે દુશ્મન થોડો જ છું? હું તો તમારી ઈચ્છાઓનું, આશાઓનું અને શક્તિઓનું બાળક છું. મારા માટે તમે જે કર્યું છે તે તમારા પોતાને માટે કરો તે કરતાં યે વિશેષ પ્રેમ અને કાળજીથી કર્યું છે.

—છતાં પિતાશ્રી, કેટલુંક એવું બન્યું છે કે જેને પરિણામે મારા જીવન ઉપર બહુ માઠી અસર થઈ છે. ત્યારે તો હું કશું વિચારી શકતો નહોતો, પરંતુ આજે તો વિચારી શકું છું. અને એટલે જ મારી પોતાની અને મારી આસપાસની આજની સ્થિતિ માટે હું ધારું છું કે તમે જ જવાબદાર છો એમ મારે કહેવું જોઈએ. એમાં જે સારું છે અને જે ખરાબ છે તે સઘળાની જવાબદારી તમારી એટલે કે પિતાઓની અને આગળ વધીને કહું તો એમના પણ પિતાઓની છે. દા. ત. આપણા દેશની ગુલામી માટે પણ કોણ જવાબદાર છે? આ ગુલામી અમારે ત્યાં બાળકો થાય ત્યારે પણ જો ચાલુ રહે અને તેને ભૂંસી નાખવાના પ્રયત્નો, જાનના જોખમે પણ અમે ન કર્યા હોય તો અમારા પુત્ર-પુત્રીઓ માટે અમારી પણ એક જ જવાબદારી છે. હું તો ત્યાં સુધી કહું છું કે તેઓ પોતાને ગુલામ

પિતાના બાળક તરીકે ઓળખાવતાં ભલે શરમાય ! ભલે અમારું નામ તેઓ ભૂંસી નાખે !

એ જ રીતે સામાજિક સ્થિતિ માટે પણ તમારી જ જવાબદારી હું માનું છું. તમારી એટલે મારા નામ ઉપર જેમનું નામ લખાય છે તે વ્યક્તિની નહિ, પરંતુ આજની નવી પેઢીના માતાપિતાની–વડીલોની. આ જવાબદારીનો તમે ઇન્કાર કરી શકશો ? અમારી આજની સ્થિતિ એ તમારો અમને આપેલો વારસો નથી તો બીજું શું છે ? એટલે સૌથી પહેલાં તો મારું દુઃખ આજની સ્થિતિ માટે જ હું વ્યક્ત કરવા ઇચ્છું. મને એમ લાગે છે કે તમે એ માટે તમારા પિતા અને પ્રપિતાને દોષ આપી ,શકો છો, પરંતુ તમે પોતે પણ એ દોષમાંથી છટકી શકતા નથી. પરંતુ આવી કોઇ જવાબદારીનો તમ કદી વિચાર પણ નહિ કર્યો હોય. તમારી દષ્ટિ તમારા નાનકડા કુટુંબથી આગળ ગઈ જ નહિ હોય. સામાજિક સુખદુઃખ અને સમૃદ્ધિ ગરીબીના વારસાની કલ્પના તમને કદી આવી જ નહિ હોય.

પણ મારા આરોપોનો તમે ઇન્કાર તો નહિ જ કરો એમ હું માનું છું. તમને ગુનેગાર ઠરાવવાના હેતુથી આ મેં નથી લખ્યું. પરંતુ અમારા ઉછેરમાં પણ તમે વિશાળ દૃષ્ટિ નથી રાખતા તેનું અમને અને અમારી પ્રજાને કેટલું નુકસાન વેઠવું પડશે તે બતાવવા માટે લખું છું. અમે કંઈક કરવા માગીએ છીએ ત્યારે અમને તેમ કરતાં અટકાવીને કેવું ગંભીર પાપ આચર્યું હતું તે બતાવવાનો મારો હેતુ છે. વ્યક્તિ અને સમાજ એકબીજામાં ઓતપ્રોત ન હોય તો બંનેનું પતન જ થાય. વ્યક્તિ સમાજ પાસેથી બળ ન મેળવી શકે. અને વ્યક્તિના, આંતરિક સહકાર વિના સમાજની તો હસ્તી જ ક્યાંથી હોય !

એટલે દરેક પિતાએ આટલું ખ્યાલમાં રાખવું જોઈએ કે તેઓ જો ખરેખર પિતૃધર્મ બજાવવા માગતા હોય તો તેમણે પોતાના કાળની

સમાજરચનાના દૂષણો દૂર કરવાના પ્રયત્નો કરવા જ જોઈએ. સામાજિક ધર્મનું પાલન કર્યા વિના કોઈ આદર્શ પિતા થઈ શકે નહિ. જૂનાની ગંધાતી ગટરોને ચાલુ રહેવા દઈ જે પિતા પોતાના પુત્રને સુખની શય્યામાં સુવાડશે તે એને રોગથી બચાવી શકશે નહિ; એ ગંધાતો ગટર સૌને ભરખી જશે.

અને તમે જો તમારા કાળની સામાજિક સ્થિતિ બદલવા માટે ઝંખાની આપી હોત તો? તો તમારા પુત્રના ગર્વનો પાર રહેત નહિ. એટલું જ નહિ, એ તમારાથી સવાઈ કુરબાની માટે હમેશાં તત્પર રહેત. તમારે એ ભૂલવું ન જોઈએ કે તમે એને શક્તિનો જે વારસો આપી જાઓ છો એ વારસો વધતો ને વધતો તમારા વંશમાં ઊતરે છે, અને તમારા કુળગૌરવને વધારનારો બની રહે છે. ત્યારે તમે સાચા પિતા બનો છો. તમારું નામ અને કામ તમારા પુત્રો દ્વારા અમર રહે છે.

એટલે મારી તમારી પાસે પહેલી માગણી એ છે કે જે ગર્વ મેં અનુભવ્યો નથી તે હું અનુભવી શકું, જે પ્રેરણા મેં પીધી નથી તેને પણ જરાતરા પી શકું અને મારાં નાનાં ભાઈબહેનો એનું પાન કરીને મસ્ત બને એવું કંઈક તમે કરજો. ન કરી શકો તો તમારી નબળાઈને ઢાંકતા નહિ. એનો સ્વીકાર કરજો. આમ કરશો તો અમારો માર્ગ સાફ થશે. જે પ્રેરણાની અમને જરૂર છે તે જગતના પ્રવાહોમાંથી અને આપણા દેશના મહાપુરુષોના જીવનમાંથી મળી રહેશે. અને એ સાથે તમારા આશીર્વાદ હશે જ એટલે તમે જે નથી કરી શક્યા તે અમે કરીશું અને તમારા ચિત્તને શાન્તિ આપીશું. પુત્રનો ધર્મ પણ એ જ છે ને? પિતાની શુભ ઇચ્છાઓ જો અધૂરી રહી હોય તો પુત્રે તે પૂરી કરવી જ જોઈએ.

પરંતુ આનો ઊલટો અર્થ ન થાય, જે તમે હમેશાં કરો છો. દરેક પિતા એવી ભૂલો કરતા આવ્યા છે તેઓ પોતાના બાળક દ્વારા

પોતાની ઇચ્છા પૂરી કરવા ચાહે છે. તેઓ ભૂલી જાય છે કે પ્રથમ તો એ ઇચ્છાઓ શુભ હોવી જોઈએ, કલ્યાણકારી હોવી જોઈએ, એમાં વ્યક્તિ અને સમાજનું હિત હોવું જોઈએ; અને તે પૂરી કરવા માટે જે જ્ઞાન, જે બળ, જે સંસ્કારની જરૂર છે તે પોતાનાં પુત્ર-પુત્રીમાં પોતે સીંચેલાં હોવાં જોઈએ. આવું કશું જે કરે નહિ તે પિતાની ઇચ્છા પૂરી થાય ખરી ? એ પછી પુત્ર અને પિતા વચ્ચેના પ્રેમ-સંબંધો નષ્ટ થાય એમાં કશી નવાઇ છે ? પુત્રના દોષો માટે પહેલી જવાબદારી પિતાની પોતાની છે છે તે એમણે કદી ન ભૂલવું જોઇએ.

આટલા ખાતર મારે ન કહેવી જોઈએ તેવી એક વાત હું તમને કહેવા માગું છું. અમે તમારા પુત્રો છીએ અને તમે જ અમને ઉછેરીને મોટા કર્યા છે, આ લખી શકું છું તે શક્તિ આપવામાં પણ તમારો હિસ્સો છે છતાં એટલું સાચું નથી કે મારો જન્મ એક અકસ્માત છે ? તમે મને ઇચ્છતા હશો પરંતુ એ માટે કશી તૈયારી તમે કરેલી ? પિતા થતા પહેલાં મારે શું શું કરવું જોઈએ એ વિચારો આજે મને આવી શકે છે કારણ કે એક બાજુ મારા લગ્નની વાતો થાય છે અને બીજી બાજુ આજની સામાજિક સ્થિતિ, પિતા-પુત્રના સંબંધો, આપણા ભાંગી રહેલાં સંયુક્ત કુટુંબો વગેરે હું જોઇ રહ્યો છું. આ વિષેના આપણા વિચારકોના વિચારોનું પણ હું મનન કરું છું. આ બધા ઉપરથી મને એમ લાગ્યું છે કે તમે મારા માટે કશી જ તૈયારી કરી નહોતી. લગભગ બધા માતાપિતાની આ જ સ્થિતિ છે ને ? જો તૈયારી કરી હોત તો મારો ઉછેર જુદી રીતે થયો હોત, આજે મારામાં સમજણ છે, પણ શક્તિ નથી–તે સ્થિતિ હોત જ નહિ.

એક વાત સ્પષ્ટ કરી દઉં. નહિ કરું તો મેં અસત્ય આચર્યું ગણાશે. મેં ઉપરની જ કંડિકામાં લખ્યું છે કે ‘ આ લખી શકું છું તે શક્તિ આપવામાં પણ તમારો હિસ્સો છે.’ હિસ્સાનો અર્થ એટલો જ છે કે તમે મને ભણવા દીધો. આવું બધું વાંચવા વિચારવા દીધું.

મારા મગજ અને હૃદયને ગૂંગળાવવાનું દુષ્ટ કાર્ય તમારા હાથે ન થયું. આ શક્તિ આપનાર' તો આજના યુગપુરુષો છે. આજના વિચાર-પ્રવાહો છે. આજની પળે પળે પરિવર્તન પામતી દુનિયા છે.

એ જ તમે આપ્યું હોત તો ? પણ અહીં મને વિચાર આવે છે કે જે તમારી પાસે નથી તે તમે શી રીતે આપી શકો ? પણ એનો યે જવાબ મનમાંથી ઊઠે છે. પિતા થતાં પહેલાં એવી શક્તિ ન મેળવવી જોઈએ ? લખવાનું રૂચતું નથી છતાં 'લખું' છું કે 'જો તમારામાં જ્ઞાન હોત, શકિત હોત, સમજણ હોત, પુરુષાર્થ હોત તો હું-તમારો પુત્ર-આજે કેટલો મહાન હોત ? એની ભાવનાઓ કેટલી ઊંચી હોત ! એનાં સ્વપ્નો કેટલાં ભવ્ય અને સુંદર હોત ? એના જીવન ઉપર માનવજાતે કેવી આશાની મીટ માંડી હોત ?

પણ એ હોત ! આજે તો હું ભાંગેલો છું. સમજ્યો છું પણ સંસ્કાર નથી. અને શકિત નથી એટલે તરફડીને જૂના ચીલે જ ચાલ્યો જાઉં છું; હું જાણું છું કે તમને એનો મુદ્દલ અફસોસ નથી. અરે, વિચાર પણ નથી, પરંતુ મને છે-મને લાગે છે કે હું ભારરૂપ જીવન ગુજારી રહ્યો છું.

[૨]

અમારો ઉછેર

તમે જેમ મારા પિતા છો તેમ આપણા ઘરના મુખી છો. આપણે હજી સંયુક્ત કુટુંબ રાખીને બેઠા છીએ, પરંતુ એમાંથી સ્નેહનું તત્ત્વ, જે સૌને જોડી રાખે છે તે હવે ખૂટતું જાય છે. હું મારા વિષે વધુ

કંઈ લખું તે પહેલાં આ વિષે થોડું કહી લેવા માગું છું. તમને એથી જરા ખ્યાલ આવશે કે અમે બોલીએ કે ન બોલીએ, પરંતુ અમારા કુમળા મન ઉપર નાનપણમાં જ કેવી અસર તમે પાડો છો!

સૌથી પહેલી વાત મારે એ કહેવાની છે કે દાદાજી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી તમારી અને એમની વચ્ચે મનનો મેળ થયો જ નહિ. શા માટે આમ બન્યું તે હું જાણતો નથી. દાદાજી સ્વભાવે ઉગ્ર હતા એટલી મને ખબર છે. પરંતુ પિતાશ્રી, તમારો સ્વભાવ પણ શું ઉગ્ર નથી? આપણે મઝિયારો ન વહેંચ્યો, પણ તમારે જુદા આવીને કેમ વસવું પડયું? જરૂર, દાદાજી સાથે તમને કે મારાં બાને નહિ ફાવ્યું હોય, મોટાં બા પણ કદાચ કારણરૂપ હોય. ગમે તે હોય; એટલી વાત ચોક્કસ ગણાય કે નહિ, કે જ્યારે દાદાજીને અને મોટાં બાને તમારી અને મારાં બાની સેવાની ખાસ જરૂર હતી ત્યારે તમે એ ફરજ ન બજાવી શકયાં? કારણ ગમે તે હોય, પણ હકીકતનો ઈન્કાર થઈ શકે એમ નથી.

બીજું, તમે પાંચ ભાઈઓ અને ચાર બહેનો છો, પરંતુ તમારા વચ્ચે કોઈ દિવસ પ્રેમભર્યો સંબંધ અમે જોયો જ નથી. મારાં ફઈબાઓ તો પોતપોતાને રસ્તે ચાલ્યાં ગયાં છે. કાકાઓમાંથી બે કલકત્તા જઈને જુદા જુદા રહી વેપાર કરે છે. બે કાકા અને તમે અહીં સાથે રહો છો. એમને પત્ની છે, બાળક છે. ઘર ઘણું મોટું છે. માણસો પુષ્કળ છે. આ બધાં વચ્ચે સ્નેહ હોય તો ઘરનું વાતાવરણ કેવું ગુંજતું રહે! મને પોતાને વિભક્ત કુટુંબની કલ્પના જ નથી ગમતી. ઝાડના ઠૂંઠા જેવાં, બે જ માણસો જ્યાં એકલવાયા જેવું જીવન જીવતાં હોય ત્યાં જીવન ઓછું દેખાય, છતાં આપણા કુટુંબમાં નિત્યનો કલેશ, જોઈને કોઈ દિવસ હું ઘરમાં નિરાંતે રહી શકયો નથી. શું કારણ છે આ બધાંનું?

મારે આ પ્રશ્નમાં ઊંડા નથી ઊતરવું. માત્ર તમારા ખ્યાલ ઉપર જ આટલું લાવવું હતું અને તમને જણાવવું હતું કે જે ઘરના તમે મુખી છો તે ઘરની ખરી સ્થિતિ આવી છે. આ સ્થિતિ જોયા અને સમજ્યા પછી તમે અમને સ્નેહ, સંપ, આજ્ઞાપાલન, પિતૃસેવા વગેરે વિષે ગમે તેટલી વાતો કરો તેની અમારા ઉપર શી અસર થાય ? મને એમ થાય છે કે તમને કોઇ દિવસ એવો વિચાર આવતો હશે ખરો કે 'જો મેં મારા પિતાની સેવા નથી કરી તો મારા પુત્રો મારી સેવા કેમ કરશે ? એવી ઇચ્છાપણ હું કેમ રાખી શકું ?' પિતૃસેવા, પુત્રની ફરજ વગેરે વિષે હું શું સમજું છું અને માનું છું તે તો યથાવકાશે તમને કહીશ જ, પરંતુ અત્યારે આ એક દૃષ્ટિ તો તમારી પાસે રજૂ કર્યા વિના મારાથી રહેવાયું જ નથી. ઘરના મુખી તરીકે સૌને તમારી પાંખમાં લેવાનું તમારું કર્તવ્ય નથી ? દાદાજીનો સ્વભાવ ગમે તેવો હોય, તેમની સેવાનો તમે ઈન્કાર કરી શકો ? મારાં બાને અને મોટા બાને ન ફાવતું હોય તો મધ્યમ માર્ગ તમારે ન શોધી આપવો જોઈએ ?

પરંતુ આ બધું તો વસ્તુસ્થિતિના પૂરા જ્ઞાન વિના જ હું લખી રહ્યો છું, મારે કહેવાનું એટલું જ છે કે અમારા ઉપર આ બધાંના પરિણામે સારા સંસ્કાર નથી પડતા. અમને એમ થાય છે કે અત્યારે જે રીતે આપણે સંયુક્ત કુટુંબ રાખી રહ્યા છીએ તે રીત ખોટી છે. આ કુટુંબ અંતે તૂટવાનું જ છે. અમારી અને તમારી વચ્ચે ભવિષ્યમાં કેવો સંબંધ રહેશે તે વિષે પણ મનમાં ડર રહ્યા કરે છે. આ પત્રથી એ ડર હું વ્યકત કરી દઈશ. એ પછી એ સંબંધને સારો રાખવાનું તમારા હાથમાં જ રહેશે. હું તો મારા વિચારો જણાવીને છૂટી જઈશ. હા, એમાં કંઈ દોષ હોય તો તમે અવશ્ય મારું ધ્યાન ખેંચી શકો છો.

મેં તમારી જવાબદારીની થોડી વાત તો કરી દીધી છે, પરંતુ એમાંથી તમે અજ્ઞાન કે અશક્તિ કબૂલ કરીને તમારો બચાવ કરી શકો છો. હવે હું મારા જન્મ પછીની અને કેવળ મારી જ વાત કરવા

માગું છું. સમાજની અને જન્મ પહેલાંની વાત હવે પૂરી થઈ.

તમે મને કહો કે મારા જન્મ વખતે તમારા મનમાં આનંદ અને મને ઉછેરવાની નહિ જેવી ચિંતા સિવાય બીજી કોઈ લાગણી જન્મેલી? તમને એમ થયેલું કે પરમાત્માએ પોતાનો એક અંશ તમને સોંપ્યો છે? તમને એમ થયેલું કે મારા કબજામાં, મારા ખોળામાં એક એવો જીવ આવ્યો છે કે, જેને હું ધારું તો દેવ બનાવી શકું: ધારું તો રાક્ષસ બનાવી શકું? તમે જન્મદાતા છો, પણ મારે કહેવું જોઈએ કે કોઈ પિતા આ વિચાર કરતા જ નથી, એમને લાગવું જોઈએ કે અમારું જીવન, મરણ, આરોગ્ય, અનારોગ્ય, શિક્ષણ, સંસ્કાર, જ્ઞાન, જડતા, માનવતા, પશુતા એ બધું, સરજવાનું એમના જ હાથમાં છે. જો આમ લાગે તો અમારા તરફની એમની દૃષ્ટિ જ બદલાઈ જાય. અમને જે લાડ લડાવવામાં આવે છે તેમાં યે ફેર પડે. અમે એમના આનંદનું, સુખનું, અભિમાનનું સાધન મટી જઈએ. એક કલાકારના હાથમાં રંગ અને પીંછી હોય, શિલ્પીના હાથમાં પત્થર અને ટાંકણું હોય, કવિના હૈયામાં ભાવના અને કલ્પના હોય અને પછી જે સર્જન થાય એ કેટલું પ્રાણવાન હોય! અમારા માતાપિતા માટે પણ આમ જ હોવું જોઈએ. આ જે હું તમને કહી રહ્યો છું તે જ મારી માતાને પણ કહું છું અને તેમાં મારી બહેનનો પણ સૂર સામેલ છે.

શા કારણે તમે અમારા ઉછેરમાં જોઈએ તેવું ધ્યાન આપતા જ નથી? કલાકારના મનમાં ચિત્રની કલ્પના હોય, તમારા મનમાં શું હોય છે? તમે શું એમ માનો છો કે અમે જન્મથી જ સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવીએ છીએ? અમે અમારો વિકાસ સ્વયંસ્ફુરણથી કરી લઈશું? વાત તો ખોટી નથી, પરંતુ એ માટે તમારે જે કરવું જોઈએ તે કરો છો? એવી તમને ખબર પણ છે? અમારું વ્યક્તિત્વ છે છતાં અમે તમારા જ લોહી–માંસમાંથી પેદા થયા છીએ અને તમારા ગુણો–અવગુણો અમને વળગેલા જ હોય છે–બરાબર પેલા કલાકારની પેઠે જ, એટલે

તમારે તો અમારા ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ. તમારા જીવનની જે ત્રુટીઓ હોય તે અમારામાં ન રહે, જે ખામીઓ હોય તે દૂર થાય, જે નવાં તત્ત્વો આવશ્યક હોય તે અમારામાં દાખલ થાય. આ માટે તમારે ખાસ પ્રયત્નો કરવા જોઈએ.

વળી તમે કહેશો કે આવું કંઈ અમે સમજતા નથી. સાચી વાત હશે, છે. પણ હવે સમજશો ખરા ? મારાં નાનાં ભાઈ–બહેનો તરફ આ નવી દૃષ્ટિએ નીરખશો ? જો એમ કરશો તો અમારા વિષે તમારે ખૂબ વિચારવું પડશે, વાંચવું પડશે. અવલોકન કરવું પડશે; અમારા બધા ચેનચાળાનું પણ તમારે નિરીક્ષણ કરવું પડશે. રખે, તમે એમ માનતા કે એ બધું શુષ્ક છે અથવા તો કઠિન છે. હું જાણું કે તમારા પાસે બહુ સમય નથી. હું એ પણ જાણું છું કે આ દેશનાં ઘણાંખરાં માતા-પિતાનું જીવનકાર્ય કમાવામાં અને ખાવાનું મેળવવામાં જ ખતમ થાય છે. આ દુર્ભાગ્ય આપણે બદલવું જ છે. તમે જો દૃષ્ટિ કેળવશો અને અમારો વિકાસ કરવાનો વિચાર સતત તમારા મન સમક્ષ રાખશો તો તમને જે કંઈ વખત મળશે, જે કંઈ અનુકૂળતા મળશે તેનો લાભ અમને મળ્યા વિના રહેશે નહિ. એમાંથી જ આપણાં દુર્ભાગ્યનો અંત આવશે.

આ હું તમને જ નહિ, સૌને કહી રહ્યો છું. હું જાણું છું કે તમારી સ્થિતિ તો બીજાં અનેક માતાપિતા કરતાં સારી છે. તમે જો ઇચ્છો તો આજે જ પિતૃધર્મનો સ્વીકાર કરી શકો; જરૂર છે તમારી ઇચ્છાની. એ ઇચ્છા હવે નહિ કરો ? અમને શું પશુની પેઠે જ મોટા થવા દેશો ? ગાય કે બળદ કદી એનાં બચ્ચાં માટે વિચાર કરતાં નથી, સ્વયંપ્રેરણાથી જે થાય તે કર્યે જાય છે. આપણે–બુદ્ધિશાળી માનવો–સ્વયંપ્રેરણાનું સ્થાન રૂઢિને, પ્રચલિત પદ્ધતિ અને રૂઢ માન્યતાને આપ્યું છે. તમે એમ જ કરો છો ને? જે સામાજિક વર્તુલ વચ્ચે તમે જીવો છો. ત્યાં જે રીતે બાળકને ઉછેરાય છે, કેળવાય છે, કેળવણી અપાય છે તે જ રીતે તમે કરો છો. બીજાં માબાપો વળી બીજા વર્તુળ પ્રમાણે

વર્તે છે. કલાકારની મૌલિકતા દેખાતી જ નથી એટલે ચારે બાજુ માનવ નહિ, પણ માનવનાં બીબાં જ દેખાય છે.

એટલે તમે અમને કેળવણી એવી આપો કે જેથી અમારી તમામ શક્તિઓ ખીલી ઊઠે. આ જગતમાં માનભેર જીવવા માટે, જગતમાં જ્યાં જ્યાં અનિષ્ટ જોઈએ ત્યાં તેની સામે લડવા માટે ચારે બાજુ પ્રેમનુ વાતાવરણ સર્જવા માટે જે જે તાલીમ જરૂરી હોય તે અમને મળવી જોઇએ. આ માટે તમારે પોતાએ કેટલુંક ત્યાગવું પડશે. પરંતુ એ વિનાનું જીવન એ જીવન છે?

તમે સમજી ગયા હશો કે અમારા ઉપર સૌથી પહેલી અસર તમારી–અમારાં માતાપિતાની થાય છે. જે દિવસે અમે જીવરૂપે માતાના ઉદરમાં આવીએ છીએ તે દિવસથી આ અસર થવા માંડે છે. જેને શિક્ષણ કહેવામાં આવે છે તે તો ઘણું મોડું અમને પ્રાપ્ત થાય છે. અને એટલે જ એ પહેલાં અમારું માનસ અમુક વલણ લેવા માંડે છે. એ વલણનો બધો આધાર તમે, તમે માતાપિતા જ છો. તમે એ ગંભીરતા નથી સમજતાં તો, તમારો ગમે તેટલો પ્રેમ હોવા છતાં, અમારું તો આવી જ બને છે.

એ પછી અમે આંગણામાં, શેરીમાં રમવા માંડીએ છીએ પણ તમે કદી જુઓ છો ખરા કે અમે કયાં રમીએ છીએ, શું રમીએ છીએ? રમીને શું મેળવીએ છીએ? રમત અમારે જોઈએ જ: એ જ અમારી કેળવણી છે. અમારી એકેએક ઇંદ્રિય વિકાસ માટે આતુર હોય છે. પણ તમે ક્યાં તેની પરવા પણ કરો છો? તમે તો નિરાંત મેળવવા માટે જ અમને રમવા મોકલો છો. અને અમારી સાથે જ્યારે તમે હો છો ત્યારે પ્રેમ વરસાવ્યા સિવાય શું કરો છો? બચીઓના વરસાદ વરસાવવાથી કે અમને વહાલભર્યાં સંબોધનો આપવા માત્રથી અમારું શું ભલું થાય? તમારે અમારા તલસાટને સમજવો જોઈએ.

અને પછી તમે અમને શાળામાં મોકલો છો. શા માટે? એનો વિચાર તમે કરતા નથી. તમારી કલ્પનાશક્તિ તમારાથી તમારા વર્તુલથી આગળ જતી જ નથી. શાળામાં જવું તો સારું છે, પણ અમે શું શીખશું, અમારી વૃત્તિ શી છે, અમારી જિજ્ઞાસા શું માગે છે, અમારો તલસાટ શાને માટે છે એનો પણ વિચાર કરવો જોઈએ ને? ગમે તેમ કરી, ટીંગાટોળી કે મારપીટ કરીને પણ અમને શાળામાં મોકલવાથી અમે કક્કો બારાખડી શીખીએ છીએ ખરા; એકડા-બગડા પણ અમને આવડી જાય છે, પણ અમે બદલામાં કેટલું હીર ગૂમાવી બેસીએ છીએ તે તમે જાણતાં નથી. પરિણામે સ્વયંસ્ફૂર્તિનું બળ ઓછું થવા માંડે છે, થનગનાટ-વિકાસ માટેનો થનગનાટ પણ ધીમે ધીમે શમવા લાગે છે.

અને આ બધા સમય દરમિયાન તમારી-અમારાં માતાપિતાના જીવનની અસર તો અમારા ઉપર પડ્યા જ કરે છે. આપણી શેરી પણ એની ધૂળ અમારા ઉપર ઉડાડે છે. કાકા, મામાના અને પાડોશીનાં છોકરાંઓ પણ એનો સ્પર્શ અમને આપી જાય છે અને આશ્ચર્યકારક રીતે આ બધાં તરફ તમે આંખો બંધ જ રાખો છો. તમે ધ્યાન એટલું જ રાખો છો કે 'અમે મોટા થઈએ, તમારા જેવા થઈએ, તમારી આશાઓ પૂરી કરીએ.

[૩]

બે યુગોનું જોડાણ

માત્ર મારી અને તમારી વચ્ચે જ નહિ પરંતુ ઘરઘરમાં પિતા-પુત્રો વચ્ચે જે પ્રશ્નો વિષે ઘર્ષણ થયા કરે છે તે વિષે થોડું

લખવા માગું છું. લગ્નનો સવાલ હમણાં હું બાજુએ રાખીશ. એ પ્રશ્ન અંગે અમારે અમારા પિતાઓને ઘણુંખરું કહેવાનું છે. 'પરંતુ એ સિવાયના પણ અનેક પ્રશ્નો એવા છે કે જે વિષે તમે અમારું મન જાણતા નથી અને તમારો આગ્રહ અમે સમજી શકતા નથી. ઉપરાંત, જે યુગમાં તમે અને હું જીવીએ છીએ તે યુગનું મહત્ત્વ જાણવું પણ આપણા સંબંધો માટે ઇષ્ટ છે.

પિતાશ્રી, અવિનય થાય તો ક્ષમા કરશો. પરંતુ એક જ વાક્યમાં એક સત્ય તમારા પાસે હું ઉચ્ચારી દેવા માગું છું. હું માનું છું અને લગભગ તમામ વિચારકો પણ માને છે કે એક યુગ, જેના તમે પ્રતિનિધિ છો અને વારસ છો, તે હવે ખતમ થઈ ગયો છે અને બીજો યુગ, જેનું હું ફરજંદ છું તેનું પ્રભાત અત્યારે ઊઘડી રહ્યું છે. આ બીજા યુગમાં જે કંઈ છે તે બધું જ સારું છે એમ તો હું કહી શકતો નથી, પરંતુ પહેલા યુગમાં યે બધું ઉત્તમ છે એમ તમે કહી શકશો નહિ. દરેક યુગનું મહત્ત્વ એ કાળમાં પ્રવર્તી રહેલા વિચારોમાં રહ્યું છે. હું એમ માનું છું કે તમારા યુગમાં જે વિચારોનું મહત્ત્વ હતું તે આજે રહ્યું નથી: એ વિચારોમાંથી જીવનતત્ત્વ ખલાસ થયુ છે. તમે સમાજના સુખ અને સમૃદ્ધિ અર્થે જે કંઈ કર્યું તે માટે આભાર, પરંતુ હવે એ જ માર્ગે કશું વિશેષ થઈ શકે એમ નથી. વિચારોનો પ્રવાહ હવે અટકી ગયો છે. જે સરિતા હતી તે હવે માત્ર રેલો જ રહ્યો છે, નવા યુગનું નવુ ઝરણુ અત્યારે ફૂટી રહ્યું છે તેનુ પણ કાળે કરીને એવું જ થશે. આ નવા વિચારો પણ જ્યારે ઉત્ક્રાંતિનો અનુભવ નહિ કરતા હોય, પરિસ્થિતિનું તોલન કરી નવા પ્રવાહો માટે માર્ગ નહિ ઉઘાડતા હોય ત્યારે તેનું પણ મૃત્યુ થશે. પરંતુ એ દિવસોને હજી વાર છે. અત્યારે તો અમે પહેલું પગલું જ માંડી રહ્યા છીએ. આ પગલાંના જે જોખમો તમે વર્ણવો છો તેનું અમને ભાન છે, પરંતુ જોખમ વિના, અને આગળ વધીને કહું તો

ભૂલો કર્યા વિના, આ જગતમાં કઈ વ્યક્તિ, કઈ પ્રજા, કયો યુગ પ્રગતિ સાધી શક્યો છે? ભૂલો થશે, જરૂર થશે. કેટલીક વાર તો જૂના યુગના પુનિત સ્મારકો ઉપર પ્રહારો કરવાનું પાપ પણ અમે કરી બેસશું, પરંતુ એ બધું અનિવાર્ય છે, એમ થશે, થવું જ જોઈશે. એ વિના અમારું વિચારઝરણું આ પૃથ્વી ઉપર માર્ગ મેળવી શકશે નહિ.

ફરીને સ્પષ્ટ કરવા માગું છું કે અમે જ સાચા છીએ અને તમે જે કહો છો અને કરો છો તે બધું જૂઠું છે એમ કહેવાનો મારો આશય નથી. કોણ સાચું અને કોણ જૂઠું તેનો નિર્ણય આજે થઈ શકશે નહિ. ભાવિનો ઇતિહાસકાર જ એ બધું નક્કી કરશે. એટલી વાત તમે કબૂલ કરશો કે છેલ્લાં બેત્રણ હજાર વર્ષોનો જે ઇતિહાસ આપણે જાણીએ છીએ તેમાં આવાં યુગપરિવર્તનો આવ્યાં છે. એ પરિવર્તનો જેમ અચાનક આવતાં નથી તેમ એનું કારણ અકસ્માત નથી. આકાશમાં બેઠેલા કોઈ ઈશ્વરના તરંગનું પણ એ પરિણામ નથી. આ પરિવર્તનો આવે જ છે, જેમ અંધકારભરી રાત્રી પછી દિવસ આવે છે તેમ જ. આપણા દુર્ભાગ્ય એ છે કે એવું પરિવર્તન લાવવા માટે જે વ્યક્તિ કે વ્યક્તિઓ પ્રયાસ કરે છે તે પોતાના કાળમાં ધિક્કારને પાત્ર ઠરે છે. કોઈને વધસ્થંભ ઉપર ચડવું પડે છે. કોઈને ઝેરના પ્યાલા પીવા પડે છે. કોઈને વનવન રઝળવું પડે છે. કોઈને તપસ્યા પછી ફરી ફરીને કાયા ગાળી નાખવી પડે છે. પરંતુ જ્યારે એ વ્યક્તિઓના જીવનની સંધ્યા આવે છે ત્યારે એમના પૂજનનો પ્રારંભ થાય છે અને એમના મૃત્યુ પછી એ દેવ બની જાય છે. એ સમયે એમના વિચારોને જે અનુસરે છે તે જ શિષ્ટ અને સાચા માનવીઓ મનાય છે. જે વિરોધ કરે છે ત્યારે તિરસ્કારને પાત્ર ઠરે છે. આવી અજબ છે આપણી દુનિયા!

આજે જે બળવાખોરો તરીકે ઓળખાય છે તેઓ જ બળવાખોરો

મંદિરોમાં પુજાય છે. એવા જ બળવાખોરોના ઉપદેશો ઘરઘરમાં વંચાય છે. જો આ બધું સાચું હોય તો તમે એવી આશા કેમ ન રાખી શકો કે આજના જે વિચાર–પ્રવાહો તમને અકળાવે છે તે જ આવતી કાલે આખા સમાજના જીવનપ્રવાહોના રૂપમાં બદલાઈ જશે! જે યુગ તરફ તમે ભયભરી નજરે જુઓ છો તે યુગ જ્યારે પોતાનું આસન જમાવી દેશે ત્યારે જગતના તમામ લોકો તેની પાસે મસ્તક ઝુકાવશે.

આપણા સૌનું કેવું દુર્ભાગ્ય છે કે જે થવાનું જ છે તે ન થવા દેવાના મિથ્યા પ્રયત્નો કરીને આપણે આપણી શક્તિઓને ક્ષીણ કરીએ છીએ? જેના ઉપર આપણા સુખનો અને જીવનનો આધાર છે તેની સાથેના જ પ્રેમસંબંધો આપણે બગાડી બેસીએ છીએ! તમે જાણો છો કે આજે લગભગ તમામ પિતાઓને ખાતરી થઇ ગઈ છે કે કેટલીક બાબતોમાં એનો પુત્ર એમનું માનવાનો નથી. એટલું જ નહિ, પણ એમને પૂછ્યા વિના જ પોતાનું ધાર્યું કરવાનો છે. આમ છતાં તેઓ એ સ્થિતિને નિભાવી લેવાને બદલે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. ઓછામાં ઓછું એમની પાસે એટલું ન માગી શકાય કે નવા યુગમાં જે અનીતિકર નથી, અસંત્યમય નથી, ધર્મના સાચા અર્થમાં અધાર્મિક નથી તે તો એ સહન કરી લે. જે પિતા આમ કરે છે તે એના પુત્રના અંતરમાં કેવું મહાન સ્થાન ભોગવે છે તે જણાવવાની જરૂર છે ખરી? પરંતુ કેટલા જૂજ કુટુંબોમાં આવું દૃશ્ય નજરે પડે છે છે!

એમ કહેવાય છે કે આજનો કાળ એ સંક્રાંતિ કાળ છે. બે યુગનું અત્યારે જોડાણ થઇ રહ્યું છે. એક વિદાય લે છે, બીજો આવવાની તૈયારી કરે છે. હું કહું છું કે આ માન્યતામાં થોડો ફેરફાર કરવાની જરૂર છે. મારી ધારણા પ્રમાણે તો એક યુગ હવે પૂરો થઇ ગયો છે. જે બાકી છે તે તેના નિર્જીવ અવશેષો જ માત્ર છે. બંને

યુગ વચ્ચેના જબરદસ્ત સંઘર્ષનો કાળ આપણે વટાવી ગયા છીએ. આપણા જ સમાજની વાત કરીએ તો જે વિચાર કે વર્તન વીસ વર્ષ પહેલાં અસત્ય મનાતાં તે આજે સત્ય બની ગયાં છે. જૂના યુગનું જોશ હવે રહ્યું નથી. નવા યુગનાં કિરણો આખી પૃથ્વી ઉપર પથરાઈ ગયાં છે. અત્યારે બંને વચ્ચે જે અથડામણો દેખાય છે તે સાવ મામુલી છે એટલું જ નહિ, પરંતુ હાસ્યજનક પણ છે. જૂના યુગના જે પ્રતિનિધિઓ હજી યે તેને સાચવવા માટે તનતોડ પ્રયાસો કરી રહ્યા છે તેમની કદર કરનાર હવે કોઇ રહ્યું નથી. તેઓ એક કાળમાં પૂજ્ય મનાતા તે હવે હાંસીપાત્ર બની રહ્યા છે.

આ નક્કર હકીકતને આધારે જ હું કહેવા માગું છું કે હવે તો પિતા અને પુત્ર વચ્ચે–જૂના અને નવા યુગ વચ્ચે સમાધાન થઈ જ જવું જોઈએ. જો આ અથડામણો ચાલુ જ રહેશે તો જૂના યુગે પોતાના આરંભકાળે જે કંઈ સિદ્ધિઓ મેળવી છે તેનો લાભ નવા યુગને મળશે નહિ. નવા યુગના લોકો જૂના યુગનું જે કંઈ હશે તેનો નાશ કરવાની ઇચ્છા સેવશે, પરિણામે સૌ કોઈને હાનિ જ પહોંચશે. જો તમે એમ ઇચ્છતા હો કે નવા યુગમાં અવિનય ન હોવો જોઈએ, જૂનાનું જે સારું છે તે તેણે ગ્રહણ કરવું જોઈએ, તમે પરિશ્રમ કરીને જે મેળવ્યું છે તેમાં અમારે વૃદ્ધિ કરવી જોઇએ. તો હું કહું છું કે તમારે અમારા પાસે કંઈ પણ કરાવવાનો આગ્રહ છોડી દેવો જોઈએ. અમને બધી વસ્તુઓનું મૂલ્ય આંકવાની સ્વતંત્રતા આપી દેવી જોઈએ. જેમ જેમ તમારો આગ્રહ મોળો પડતો જશે તેમ તેમ તમારામાં શું સારું છે તે શોધવાની વૃત્તિ નવા જમાનામાં તીવ્ર થવા માંડશે. તમે અમુક કરાવવાની હઠ જ પકડી રાખશો તો સામા પક્ષે, એવું નહિ જ કરવાનો કમભાગ્ય નિશ્ચય પેદા થશે.

આ બધું લખતાં એક ભય સતત મારા મન સમક્ષ રહ્યા કરે છે તે તમને જણાવી દઉં. સંભવ છે કે તમે તમારા જમાનાનું જે કંઈ

છે તે બધું શુભ અને કલ્યાણકારી જ સમજતા હો: તમને પોતાને તો હું ઓળખું છું; તમે એવું માનતા નથી, પરંતુ એવું માનનાર પિતાઓની સંખ્યા હું માનું છું કે ઓછી નથી. એ સૌને દષ્ટિમાં રાખીને મારે એમને પૂછવું જોઈએ કે અત્યારે જે દશા આપણા દેશની, સમાજની, જ્ઞાતિની, કુટુંબની અને વ્યક્તિની છે તેને તમે શુભ અને કલ્યાણકારી કહી શકો છો ? જો આ પ્રશ્નનો જવાબ 'હા' છે તો મારે એમની સાથે વાત સરખી પણ કરવી નથી. હું એમ માનીશ કે તેઓને આંખ ન હોવાને કારણે તેઓ અંધકાર અને પ્રકાશનો ભેદ સમજતા નથી. એમની વિવેકબુદ્ધિ નષ્ટ થયેલી હોવાથી શુભાશુભનો ખ્યાલ એમને આવી શકતો નથી. જે દુઃખને સુખ સમજે અને મૃત્યુને જીવન સમજે તેઓની સાથે કોઈ પ્રકારની વિચારણા જ શક્ય નથી. એવાં જે વડીલો હોય, પિતા હોય, માતા હોય તેમનો વિરોધ કરવો એ જ પુત્રનો સાચો ધર્મ હોઈ શકે. એમની એવી માન્યતાને તાબે થવામાં એમનું, અમારું કે સમાજનું કોઈ પ્રકારે શ્રેય થઈ શકે નહિ.

પરંતુ મને આશા છે કે મોટા ભાગના પિતા આજની સ્થિતિને શુભ અને કલ્યાણકારી કહી શકશે નહિ. પોતાના સ્વાર્થને ખાતર એક બ્રાહ્મણ અસ્પૃશ્યતાનો બચાવ કરી શકશે. પરંતુ સમજ પામેલો ભંગી પિતા તો એના પુત્ર પાસે કબૂલ કરશે જ કે એવી દશાનો સત્વર અંત આવવો જોઈએ. આજે જે દુઃખ છે, જે અજ્ઞાન છે, જે ગુલામી છે, જે દારિદ્ર્ય છે, જે જડતા છે, જે અનારોગ્ય છે એ બધાનું કારણ કોણ છે ? કોણે આ સ્થિતિ ઉત્પન્ન કરી છે ? આપણા સમાજની આજે જે કરુણાજનક દશા છે તેને માટે જવાબદાર કોણ છે ? સુખ, સંપ કે પ્રેમનું અસ્તિત્વ જ નજરે પડતું નથી. આખી પ્રજા પાયમાલ છે. સ્ત્રીઓ ગુલામીમાં સબડે છે. બાળકો કરુણ મોતે મરે છે. વૃદ્ધોને સાચવનાર કોઈ નથી. સામાજિક રૂઢિઓ સૌને ભરખી ખાય છે. કંગાલિયતનો અંત ક્યાંય દેખાતો નથી. આ

મન એમ ને એમ હસ્તીમાં નથી આવ્યું. જે આ સ્થિતિને નિભાવે છે તે એમ શી રીતે કહી શકશે કે 'જે છે તે ઇષ્ટ છે, એમાં ફેરફાર કરશો નહિ.' એમ પણ કેમ કહી શકે 'જે આ અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરશે તે અમારો વિરોધી બનશે?'

•

આમ બધી રીતે વિચાર કરતાં એટલી વાત તો સ્પષ્ટ થાય જ છે કે જૂનો યુગ ખતમ થયો છે. કોઈ કહેતું હોય કે નથી થયો તો એ તત્કાળ થવો જોઈએ, એની હસ્તી માટે હવે કોઈ કરતાં કોઈ કારણ રહ્યું નથી. એમાં જે કંઈ સારું છે—હા, સારું છે જ, માટે તો એ યુગ આટલો સમય ટકી શક્યો—તેનું નવા યુગે રક્ષણ કરવું જોઈએ અમે તમારા પાસે એટલી જ માગણી કરીએ છીએ કે બધું સાચવી રાખવાની વૃત્તિ તમે છોડો અને બધાનો નાશ કરવાની જે વૃત્તિ અમારામાં ઘણી વાર જાગ્રત થઈ આવે છે તે અમે છોડીએ. જો આમ થશે તો આ નવો યુગ સુવર્ણમય બની શકશે.

•

તમે પ્રશ્ન ઉઠાવશો કે એમ શી રીતે થઈ શકે? એનો જવાબ હું આપી ચૂક્યો છું. ફરીને કહું કે આપણે એક સિદ્ધાંત નક્કી કરી લઈએ. તમારી અને અમારી માન્યતાઓ એ સિદ્ધાંતની કસોટી ઉપર ચડાવીને જોઈએ અને પછી તેનો સ્વીકાર કરીએ. આ સિદ્ધાંત છે સત્યનો: જે સાચું છે તે જ શુભ છે અને તે જ કલ્યાણકારી છે. એમાંથી જ પ્રેમનો ઉદ્ભવ થાય છે. એમાંથી જ અનિષ્ટનો નાશ કરવાની અને ઇષ્ટનું સર્જન કરવાની શક્તિ ઉદ્ભવે છે. આ સત્યની કસોટી ઉપર આપણી વચ્ચે ઊઠતા તમામ પ્રશ્નોને આપણે તપાસી લઈએ. મને આશા છે કે મારી આ વિચારણાનો તમે વિરોધ નહિ કરો. જો એમ જ હોય તો ચાલો, આપણે આપણા નિત્યજીવનના પ્રશ્નોનું અવલોકન કરીએ.

[૪]

આજ્ઞાપાલનની મર્યાદા

સત્ય અને નીતિની કસોટી સાથે આપણી વચ્ચેની અથડામણોનો હવે વિચાર કરીએ. જે જે પ્રશ્નો વિષે આપણે એકબીજાનો વિરોધ કરીએ છીએ, ક્યારેક લડીએ છીએ અને ક્યારેક સમસમીને બેસી રહીએ છીએ તે બધા જ પ્રશ્નો ચર્ચવાનું આ પત્રમાં શક્ય નથી પરંતુ જીવનના મેરૂદંડ સમા જે મહત્ત્વના પ્રશ્નો છે તેની જ હું ચર્ચા કરીશ અને આશા રાખીશ કે જો એટલી બાબતોમાં આપણી વચ્ચેનો મતભેદ નાશ પામશે તો બીજા ગૌણ પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ આવી જશે.

સૌથી પહેલાં તો તમારી દૃષ્ટિમાં મારું સ્વતંત્ર વ્યક્તિત્વ કંઈ છે કે કેમ તે જ હું સમજવા માગું છું. હું દુઃખપૂર્વક જાણું છું કે મુદ્દલ જ નથી. હું પ્રણામપૂર્વક તમને પૂછી શકું કે શા માટે મારા વ્યક્તિત્વનો જ તમે ઈન્કાર કરો છો? જો આ એક જ માગણી હું તમારા પાસે સ્વીકારાવી શકું તો બીજી બધી જ બાબતો વિષે હું નિશ્ચિંત બની જઈશ. આ પત્રના આરંભમાં જ આ વિષે થોડું લખી નાખ્યું છે. એમાં તો મારી માગણી છેક બાલ્યકાળમાં પણ મારા વ્યક્તિત્વનો સ્વીકાર કરવાની છે. તમે એમ કરી શકશો? એમ ન કરી શકો તો કૃપા કરી મારામાં સમજશક્તિ આવે ત્યારે તો તેનો સ્વીકાર કરો. હું તમારૂં બાળક છું અને તમારામાંથી જ મારૂં સર્જન થયું છે છતાં એ વાત સાચી નથી કે હું તમારાથી સાવ ભિન્ન પ્રકારનો પણ હોઈ શકું! કેટલા પિતા અને પુત્ર એક જ પ્રકારના મળી આવે છે? અને એક જ લોહીમાંસમાંથી જન્મેલાં કેટલાં ભાઈબહેનો સરખી જ પ્રકૃતિ અને આકૃતિ ધરાવે છે?

હું તમારો છું છતાં યે તમારાથી ભિન્ન છું તે તમારે સમજવું જોઈએ. મારા ઉપર જેમ તમારી–મારા પિતાની અસર થાય છે તેમ આ વિશ્વના તમામ સજીવ અને નિર્જીવ તત્ત્વોની પણ અસર થયા જ કરે છે. હું એક રીતે કોઈનો જ નથી અને બીજી રીતે તમામ વિશ્વનો છું.

અને પિતાજી, તમે તો કર્મના સિદ્ધાંતમાં પણ માનો છો. જે માન્યતા પ્રમાણે તો મારું જીવન મારા જન્મકાળથી નહિ, પણ અનંત વર્ષોથી શરૂ થઈ ચૂકેલું છે. તમારે ત્યાં મેં જન્મ લીધો તેથી એ પ્રવાહ અટકી શકતો નથી. હું મારી તમામ મૂડી સાથે જ તમારે ત્યાં આવું છું. મારાં કર્મો મને પ્રેરે છે અને મારો આત્મા મને દોરે છે. તમારે તો મને સત્યમાર્ગ માટે માત્ર અનુકૂળતા જ કરી આપવી જોઈએ ને ?

પણ કર્મના તત્ત્વજ્ઞાનમાં મારે ઊંડા ન ઊતરવું જોઈએ." તમે સમજી શક્યા હશો કે દુનિયામાં કોઈ બે વ્યક્તિ એક સરખા મળતી નથી. ઝાડ ઉપરના બે પાંદડાં પણ એક સરખાં નથી. કુદરતે સૌ કોઈને જુદું જ વ્યક્તિત્વ બક્ષ્યું છે. પ્રભુની કહો, કુદરતની કહો, એ જ વિશેષતા છે. પ્રભુ અનેક રૂપે આ વિશ્વમાં પ્રગટ થવા ઇચ્છતા હોય એવું દેખાય છે !

એટલે મારી જે સ્વતંત્ર પ્રકૃતિ છે તેને જ તમે પ્રગટ થવા દો. આજે તો હું યુવાન થયો છું. હવે કેવળ પ્રકૃતિનો સવાલ નથી, મારી માન્યતા અને મારી સમજનો પણ સવાલ છે. કોઇ માણસ પૂર્ણજ્ઞાન તો કદી પ્રાપ્ત કરી શકતો જ નથી. પરંતુ જીવન જીવવા માટે અનિવાર્ય ગણાય એટલું જ્ઞાન હવે મને મળી ગયું ગણાય. મારાં આ જ્ઞાનની, ઉંમરની, શક્તિની, તમારે કદર કરવી જોઈએ. હું તો ત્યાં સુધી કહું છું કે ઘરના તમામ પ્રશ્નોમાં માત્ર મને રસ લેતો જ નહિ, પણ અભિપ્રાય આપતો અને તે પ્રમાણે વર્તતો તમારે કરવો જોઈએ. એ ન બની શકે, એમ કરવામાં તમારું મન ન માને તો ઓછામાં ઓછું

મારા પોતાના પ્રશ્નો વિષેનો નિર્ણય તો મારા ઉપર જ છોડવો જોઇએ. સંભવ છે કે એ નિર્ણય તમારા નિર્ણયથી વિરુદ્ધનો હોય, સંભવ છે મારા જીવન માટે અહિતકર હોય, સંભવ છે કે મને મહાન જોખમમાં મૂકી દેનાર હોય–છતાં યે જો મારે મારું વ્યક્તિત્વ ખીલવવું હોય તો એ નિર્ણય પ્રમાણે જ ચાલવું જ જોઈએ. તમે કે કોઈ ભાગ્યે જ એમ કહી શકશો કે તમારા બધા નિર્ણયો સાચા અને સારા જ હોય છે. જો સૌ કોઇ ભૂલ કરે છે તો હું યે કેમ ન કરું? જીવનમાં અનુભવ મેળવવાનો એ જ સાચો માર્ગ નથી?

આવું તો ક્યારે થઈ શકે? તમે જો મારા વ્યક્તિત્વનો સ્વીકાર કરો. મને હવે નાનો ભાઇ કે મિત્ર માનો. તમે આટલા વર્ષમાં જે કંઈ સંસ્કારો આપ્યા છે તે ઉપર શ્રદ્ધા રાખો. આમ થાય તો જ હું સ્વતંત્ર નિર્ણય કરતો કરતો મારી શક્તિઓને વિકસાવી શકું.

પરંતુ તમે અને મોટા ભાગના પિતાઓ આમ કરી શકતા જ નથી. સ્વેચ્છાએ તો પોતાના પુત્રના હાથમાં, ઘરની શું, એના પોતાના જીવનની લગામ પણ સોંપતા નથી. પુત્ર જ્યારે બળપૂર્વક એ લગામ ઝૂંટવી લે છે ત્યારે કેટલાક પિતાઓ પરિસ્થિતિ પારખી લઈને ચૂપ રહે છે અને કેટલાક ત્યારે પણ લડવા–ઝૂડવાનું ચાલુ રાખે છે. હું તમને જણાવું કે આમ શાથી બને છે? લગામ ન છોડવાની તમારી મનોવૃત્તિની પાછળ પડેલાં કારણો જો હું સ્પષ્ટ કરું તો મને માફ કરશો? મને વિશ્વાસ છે કે એ કારણો તમને સાચાં જ લાગશે અને તમે જો સમાધાન ઇચ્છતા હશો તો એ જાણીને થોડી શરમ પણ અનુભવશો.

આ રહ્યાં એ કારણો:

અમારો જન્મ થાય છે તે પહેલાંથી જ અમારી કલ્પના કરી તમે આનંદ મેળવો છો અને અમારા ઉપર પ્રેમ વરસાવો છો. જન્મ

પછી તમે જેમ તેટલી મુસીબતો સહન કરીને પણ અમને ઉછેરો છો. આ બધું તમે જેટલા પ્રમાણમાં પ્રેમથી પ્રેરાઈને કરો છો તેટલા પ્રમાણમાં એ શુદ્ધ હોય છે અને તેની અસર અમારા જીવન ઉપર એવી જ થાય છે, પરંતુ એ પ્રેમનાં ઝરણમાં કેટલોક મનનો મેલ પણ ઘસડાઈ આવે છે તેની તમને ખબર હોતી નથી. તમે પ્રેમ કરતાં કરતાં અમને તમારી માલિકીની કોઈ વસ્તુ હોય એમ માનવા લાગી જાઓ છો. આ ભૂલ આદિકાળથી થતી આવે છે. શ્રી રામચંદ્રજીના પિતાએ પણ એ ભૂલ કરી હતી. પુખ્તવયના પુત્રને વનવાસમાં મોકલવાનું એટલે જ શકય બન્યું હતું.

આ ભૂલના કારણે તમે અમારી સ્વયંસ્ફુરણા તરફ જોઈ શકતા નથી અને તમારી જે ઇચ્છાઓ હોય છે તેવા અમને બનાવવાનો પ્રયત્ન કરો છો. આ ઇચ્છા જ્યારે અમે સંતોષી શકતા નથી ત્યારે તમે ચીડાઓ છો, દુઃખી થાઓ છો. પિતૃધર્મ ભૂલી જઈ તમે અમારા ઉપર જે ઉપકારો કર્યા હોય તે ગણાવવા માંડો છો.

આનું પરિણામ કેટલું ખરાબ આવે છે ? અમને લાગવા માંડે છે કે તમે તો તમારા સ્વાર્થ ખાતર જ અમને ઉછેર્યા છે. મનમાંનો પૂજ્યભાવ ઘસાવા માંડે છે. અમે પણ સ્વાર્થી અને ઉદ્ધત બનવા માંડીએ છીએ. અમે કહીએ છીએ કે 'અમે તમારા પાસે અમારા જન્મની માગણી કરી નહોતી. તમે અમને શા માટે ઉછેર્યા ? ' અને જો અમે થોડી દલીલશક્તિ પ્રાપ્ત કરી હોય તો એમ પણ કહી નાખીએ છીએ કે જે રીતે તમે અમને ઉછેર્યા છે તે રીતે તમારું પાલન અમે કરીશું. અમે જેમ મૂગા મોંએ બધું સહન કરતા હતા તેમ જ તમે કરો.

આ સ્થિતિ કેટલી શરમજનક છે ? તમારા મનમાંથી માલિકીની વૃત્તિનો સમૂળગો નાશ થવો જોઈએ. ઉપરાંત, તમને એમ ન લાગવું

જોઇએ કે તમે ઉપકાર કર્યો છે. આ પૃથ્વી ઉપર માનવ પિતા સિવાય બીજા કયા પ્રાણીને એમ લાગે છે ? કોઈ પંખી કે પશુની માતા ઉપકારનો ભાવ દાખવે છે ? એનો બદલો માગે છે ? તમે અમને ઉછેર્યા છે તેનો બદલો શું બાલ્યકાળમાં જ અમારી હસ્તીથી, અમારા હાસ્યથી. અમારા કિલકિલાટથી, અમારી કાલીઘેલી વાતોથી અમે નથી આપી દીધો ?

અને છતાં યે હું તો સ્વીકારું છું કે તમારા ઉપકારો અનંત છે, પરંતુ તમે જ એ ગણાવવા લાગશો તો એ અનંતનો તાત્કાલિક અંત આવી જશે. કોઈપણ ઉપકારનો બદલો એ શુભ કાર્ય કર્યાના આનંદની બરાબર હોતો,જ' નથી. તમે તમારા પ્રેમને આવા વિચારોથી કલુષિત ન બનાવો. અમે અમારો ધર્મ કદી ન ચૂકીએ.

હવે તમે સમજી શકયા હશો કે અમારા જીવનની લગામ અમારા હાથમાં ન સોંપવાની પાછળ તમારી કઈ મનોવૃત્તિ પડેલી છે. આ મનોવૃત્તિને કારણે તમારામાં પ્રબળ અહંવૃત્તિ પણ જાગે છે. તમને એમ લાગે છે કે તમે જ બધું સમજો છો અને અમે સદા યે અણસમજુ બાળક જ છીએ. અમારું જ્ઞાન તમને કદી અસર જ કરતું નથી. તમારી દૃષ્ટિએ અમારો જીવનધર્મ તમારી સેવા કરવાનો અને તમે જે કહો તે આજ્ઞાનું પાલન કરવાનો જ હોય છે. મને લાગે છે આ બધું ભૂલભરેલું છે.

વ્યક્તિત્વના સ્વીકારના' પ્રશ્ન સાથે જ આજ્ઞાપાલનની વાત પણ મારે ચોખ્ખી કરી નાખવી જોઈએ. આપણાં પુરાણોમાં અને આપણી જૂની માન્યતામાં આજ્ઞાપાલનનું બહુ જ મહાત્મ્ય ગવાયું છે. અને સાચેસાચ મારી ઇચ્છા પણ એવા રામ અને એવા શ્રવણ થવાની છે. પરંતુ પિતાજી, તમે શ્રીરામની કથાનો કેવો દુરૂપયોગ કર્યો છે ! તમે તો જાણો છો ને કે શ્રી દશરથ મોહવશ બનીને ઢીલા

પડી ગયા હતા. એમણે તો શ્રીરામને આજ્ઞા આપી નહોતી. એમનો દેહ શ્રીરામ વિના નહિ ટકી શકે એવી સ્થિતિ હતી. છતાં શ્રીરામ તો વનવાસમાં ગયા જ. પિતાનું દુઃખ એ પી ગયા. મૃત્યુનો કારમો ઘા પણ એમણે જીરવી લીધો. શા માટે? પિતાની નહિ, આખા કુળની લાજ રાખવા માટે. એમાં મોહ નહોતો, એમાં ટેક હતો. એમાં પિતા ગૌણ હતા, સત્ય અને પ્રતિજ્ઞા પ્રધાન હતાં. એ જ પિતાએ કોઈ નિર્દોષનો વધ કરવાની આજ્ઞા આપી હોત તો? હું માનું છું કે શ્રીરામ એનો ઇન્કાર કરત. અને જો ઇન્કાર ન કરત તો મારે મન એ રામની કશી કિંમત ન રહેત. આ શ્રીરામ સાચા હોય કે કાલ્પનિક કથાના—તેની મને ચિંતા નથી.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે જે આજ્ઞામાં સત્ય હોય, ધર્મ હોય, તેનું જ અમારે પાલન કરવું જોઈએ. એમ ન હોત તો પ્રહ્લાદ પરમ ભક્ત બની શકત નહિ. તેનો રાક્ષસ પિતા જ સૌ કોઈનો આદર્શ બની જાત. પરંતુ એમ છે નહિ.

ફરી ફરીને એમ નક્કી થાય છે કે સત્ય જ સૌથી મહાન છે. એનાથી મહાન આ જગતમાં કશું જ નથી. માતા નહિ, પિતા નહિ, ગુરુ નહિ, મિત્ર નહિ, પત્ની નહિ, કશું જ નહિ. આ સત્ય પાસે સર્વ કાંઈ ડૂલ થઈ જવું જોઈએ. દશરથ જેવા પિતાનું મૃત્યુ આ સત્યની શક્તિથી જ સહન કરી શકાય.

મને આશા છે કે મારી આ વિચારણાનો તમે સ્વીકાર કરશો. જો એમ હોય તો હવે એક જ પ્રશ્ન બાકી રહે છે. આ પ્રશ્ન તે સત્ય શું અને અસત્ય શું? ધર્મ શું અને અધર્મ શું?

આ કઠિન પ્રશ્નનો હું સહેલો જ જવાબ આપવા માગું છું. આજ સુધી પરમ સત્યની અને પરમ ધર્મની શોધ કોઈ કરી શક્યું નથી. અને માનવની કલ્પના કહે છે કે એવી શોધ કોઈ કદી કરી શકશે નહિ. છતાં સૌ સંતોએ તપથી શુદ્ધ થઈને એમ તો કહ્યું જ છે કે

જે પોતાને સાચું લાગે તે જ સત્ય. આ સત્યનો તમારે સ્વીકાર કરવો જોઈએ, અને જે સાચું લાગે, ધર્મ્ય લાગે તે જ હું આચરું એવો તમારે આગ્રહ રાખવો જોઈએ. તમારી દરેક આજ્ઞાને હું આ કસોટી ઉપર મૂકી જોઈશ અને પછી જ તેનું પાલન' કરીશ. હું ખાતરી આપું છું કે જો તમે–જગતના પિતાઓ:–અમારા વ્યક્તિત્વનો સ્વીકાર કરશો તો અમારી બુદ્ધિ શુદ્ધ થશે, અમારી શક્તિઓ વિકાસ પામશે અને તમારી એક પણ ધર્મ્યઆજ્ઞાનું ઉલ્લંઘન થશે નહિ. પિતા અને પુત્ર વચ્ચે આ કલિયુગમાં પણ સત્યયુગની સ્થાપના થશે.

પરંતુ એવો સ્વીકાર તમે કરશો ખરા ?

પ્રાણપ્રશ્ન

આજ્ઞાપાલન અંગેના મારા વિચારો જાણીને તમારા મનમાં મારા વિષે કેવા ખ્યાલો પેદા થશે તે હું કલ્પી શકતો નથી. એ જ પ્રશ્નને હજુ વધુ લંબાવવાની મારી ઈચ્છા છે, છતાં તમે વધુ નારાજ થઈ જશો એ બીકથી એ ઈચ્છાને દબાવું છું. મેં અગાઉ લખ્યું છે તેમ મારા લગ્નના પ્રશ્નની જ મારે ચર્ચા કરી લેવી જોઈએ. એમાં યે આજ્ઞાપાલનનો સવાલ આવી તો જશે જ, પરંતુ એ માટે હું લાચાર છું.

આ યુગમા કેટલાયે રિવાજો અને માન્યતાઓ પરિવર્તન પામ્યાં છે, પરંતુ હું ધારું છું કે લગ્નના સવાલ અંગે જે વિચારપરિવર્તન દેખાય છે તેની તોલે બીજું એકે ય પરિવર્તન આવી શકે એમ નથી. આજ કાલ સુધી લગ્ન એ કુટુંબનો પ્રશ્ન હતો. વ્યક્તિનું એમાં ગૌણ સ્થાન

હતું. આજે હવે વ્યક્તિ પ્રધાનપદ ભોગવે છે અને કુટુંબ ગૌણ બની ગયું છે. હું જાણું છું કે આ પરિવર્તન તમને ખૂંચે છે. તમે પ્રમાણમાં સુધારક છો છતાં મારા માટે જ્યારે કોઈ કન્યા શોધો છો ત્યારે તમારી દૃષ્ટિમાં પ્રધાનપણે હું નહિ, પરંતુ આપણું આખું કુટુંબ હોય છે. પ્રભુની એટલી કૃપા છે કે તમારી દૃષ્ટિમાં મારું પણ કંઈક સ્થાન છે ખરું, બાકી લાખો પિતાઓની દૃષ્ટિમાં પરણનાર પુત્ર-પુત્રીઓનું કશું સ્થાન જ હોતું નથી. જ્યાં બાળલગ્ન પ્રચલિત છે ત્યાં તો એવા સ્થાનનો સવાલ જ ઉદ્‌ભવતો નથી અને જ્યાં આપણા ઘર જેવો સુધારો દાખલ થયો છે ત્યાં પણ કન્યા માટે તો કશો વિચાર કરવામાં આવતો જ નથી. આ સ્થિતિ અમે આજના યુવાનો મિટાવવા માગીએ છીએ. તમે એમાં સંમત થશો તો આપણી કુટુંબસંસ્થા સુરક્ષિત રહેશે અને આ પરિવર્તન સૌને સ્વાભાવિક લાગશે. પરંતુ જેમ અનેક માતાપિતાઓ આ પરિવર્તનની સામે ઊભાં છે તેમ જ તમે ઊભા રહેશો તો આપણા સંબંધો જાળવવાનું મુશ્કેલ બની જશે. સંયુક્ત કુટુંબની તમારી કલ્પના પણ ભાંગી પડશે. મારા માટે તમે જે આશાઓ રાખી હશે તે ઉપર પણ પાણી ફરી વળશે.

આ સવાલ માટે હું આટલો બધો ઉગ્ર અને ગંભીર શા માટે છું તે પણ મારે જણાવવું જોઈએ. સંયુક્ત કુટુંબની મહત્તા હું નથી સમજતો એમ તમે માનતા નહિ. કુટુંબની દરેક વ્યક્તિએ કુટુંબભાવ કેળવવા માટે ત્યાગ, તપ અને આજ્ઞાપાલનની વૃત્તિ કેળવવી જોઈએ તે પણ હું સ્વીકારું છું, પરંતુ માણસે રચેલી દરેક સંસ્થાઓમાં કાળે કરીને જે પરિવર્તન આવશ્યક છે તે તો થવાં જ જોઈએ એવો મારો મત છે. જો એમ ન થાય તો કોઈ પણ સંસ્થા જીવી શકે નહિ. બાળકનો જ વિચાર કરો. કેટકેટલાં પરિવર્તનો કરીને એ વિકાસ પામે છે! વનસૃષ્ટિ ઉપર નજર ફેંકો, કુદરતના દરેક કાર્યને અવલોકો, સર્વ સ્થળે માલૂમ પડી આવશે, આજે જે રિવાજો અને જે માન્યતાઓ તમે ધરાવો છો તે હજાર વર્ષ પહેલાં નહોતાં જ. એક કાળે આપણે

સૌ માંસાહારી હતા. આપણા લગ્નોમાં પણ આજના જેવા નિયમો નહોતા. એ બધું આપણા પૂર્વજોએ એમના વડીલો સામે લડી લડીને બદલી નાંખ્યું. આજે એ જ કાર્ય હવે અમારા શિરે આવ્યું છે.

પિતાજી, આપણા દેશનો વિકાસ અને હ્રાસ જે ઝીણી નજરે અવલોકી શકે છે એવા સમાજશાસ્ત્રીઓનો મત તમે કદાચ જાણતા નહિ હો. તેઓ કહે છે કે જે રિવાજોને તમે આજે પકડી બેઠા છો તે રિવાજો તો છેલ્લા થોડાક સૈકાઓથી જ આપણી પ્રજામાં દાખલ થયા છે અને તેનું કારણ આપણી નિર્બળતા, ગુલામી, પરદેશીઓના હુમલા અને જુલમ સામે ઝૂઝવાને બદલે સંતાઈ જવાની કાયરવૃત્તિ જ હતી. થોડાક સૈકા પહેલાંની સ્થિતિ આજના કરતાં અનેક રીતે ઉત્કૃષ્ટ હતી. અમે આજે પ્રાચીન ઉપર પ્રહાર કરી રહ્યાં છીએ; તમારું રચેલું બધું જમીનદોસ્ત કરી રહ્યા છીએ; એવા જે આક્ષેપો અવારનવાર અમને સંભળાવવામાં આવે છે તેના જવાબરૂપે જ મેં આટલું કહી નાખ્યું છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ પરિવર્તનશીલ હતી અને તેથી જ એમાં જીવન હતું. જ્યારથી તમે એ પરિવર્તનથી ડરી જઈ રિવાજોના બંધનો સ્વીકાર્યાં છે ત્યારથી આપણું જીવન રૂંધાવા લાગ્યું છે; આપણી પ્રજાનો સર્વ રીતે હ્રાસ થવા માંડ્યો છે.

અને આજે હવે અમે માગીએ છીએ કે એ સંસ્કૃતિ ફરીને પ્રાણવાન થાય. પરિવર્તન વિના એ કેમ બની શકશે? આજની યુગ-પરિસ્થિતિનું અવલોકન અને તોલન કરીને દરેક માન્યતાઓને આપણે તપાસવી જોઈએ; હું જ્યારે એમ કહું કે મારા લગ્નમાં મને ૨૮ પ્રધાનપદ આપવું જોઈએ, ત્યારે ખોટું શું કહું છું? હા, તમારા જમાનામાં આ વિચાર ભલે નવો અને આઘાતજનક હોય, આજે એમ નથી. તમે તો જાણો છો કે પચાસ વર્ષ પહેલાંના પિતા અને પુત્ર વચ્ચે, ભાઈ અને ભાઈ વચ્ચે સંસ્કારનો, સ્વભાવનો, શિક્ષણનો જે તફાવત હતો તે કરતાં આજે હજારગણો વધુ તફાવત છે. તમે મારે માટે જે કન્યાની શોધ

કરો તે તો તમારા સંસ્કાર પ્રમાણે જ શોધો ને? તમે એમ કહી શકશો કે મારા અને તમારા સંસ્કારો એકસરખા છે? તો પછી એ કન્યા મારા જીવનને શી રીતે ઉજાળશે? અને હું પણ એનું શી રીતે હિત સાધી શકીશ?

આજના યુગપલટાને તમારે ઓળખવો જોઈએ. વ્યક્તિએ વ્યક્તિએ વિચારોની, સંસ્કારોની, સ્વભાવની, માન્યતાઓની ભિન્નતા છે. એ ભિન્નતાની વચ્ચે આપણે જો એકતા સાધવી હોય તો વ્યક્તિઓને એમના પ્રશ્નમાં પૂર્ણ સ્વતંત્રતા મળવી જોઈએ. એમ નહિ થાય તો કુટુંબ, જ્ઞાતિ, સમાજ એ બધું ભાંગીને ભૂકો થઈ જવાનું છે. તમે શું, જગતની કોઈ સત્તા એ સંસ્થાઓની રક્ષા કરી શકશે નહિ. એવી રક્ષાનો એક માત્ર ઉપાય વ્યક્તિસ્વાતંત્ર્ય છે, બીજો ઉપાય છે જ નહિ.

રખે, મારા આ શબ્દોનો ખોટો અર્થ કરતા. લગ્નમાં તમારો, મારી માતાનો, મારા ભાઈબહેનોનો, મારા કુટુંબનો, મારા સમાજનો મારે વિચાર જ ન કરવો જોઈએ એમ હું કહેતો નથી. એમ હું માનતો પણ નથી. એવો વિચાર કર્યા વિના કેમ ચાલે? જેમની સાથે અને જેમની વચ્ચે હું જીવું છું તેમનો વિચાર કર્યા વિના મારું પણ શું ભલું થવાનું છે? પરંતુ હું લગ્ન કરું છું મારા માટે; મારા અંતરની ભૂખ સંતોષવા, મારું જીવન સંપૂર્ણ કરવા. એટલે પ્રથમ તો મારી દૃષ્ટિએ, મને જ મધ્યમાં રાખીને મારો લગ્નપ્રશ્ન મારે વિચારવો જોઈએ. 'મારા'માં કુટુંબ આવી જ જશે, કારણ કે 'હું' કુટુંબમાં છું. સમાજ આવી જશે કારણ કે 'હું' સમાજમાં છું. જો હું મારો પોતાનો વિચાર નહિ કરું તો સમાજનો કે કુટુંબનો વિચાર શું કરવાનો હતો?

મારો કહેવાનો આશય હવે તમે સમજ્યા હશો. હું ઇચ્છું છું મારો લગ્નપ્રશ્ન મારે જ ઉકેલવો જોઈએ. પરંતુ આનો અર્થ એ પણ નથી

કે એમાં તમારે મુદ્દલ આવવું જ ન જોઈએ. હું તો ત્યાં સુધી કહું છું કે જો તમે મારું અંતર, મારી પ્રકૃતિ સમજી ગયા હો તો તમે મારા માટે કન્યા શોધો છો એટલે તમારો ધર્મ મને આંગળી ચીંધવાનો જ છે, મને કોઈ પણ રીતે ત્યાં જોડી દેવાનો નહિ. મારું અંતર જો ના પાડે અને તમને એ કન્યા મારા માટે સુયોગ્ય લાગતી હોય તો તમે મને સમજાવો, ફરી ફરી સમજાવો, પરંતુ મારું મન ન જ માને તો તમારો આગ્રહ છોડી દો. એ જ રીતે જો હું કોઈ કન્યા સાથે મારું ભાગ્ય જોડવા ઇચ્છતો હોઉં અને તમને એ યોગ્ય ન લાગતું હોય તો તમે મારું ધ્યાન ખેંચો, સમજાવો, ફરી સમજાવો, પણ હું ન સમજું તો મને ભૂલ કરીને દુઃખી પણ થવા દો એવી મારી માગણી છે. કારણ કે મારા મત પ્રમાણે એ દુઃખ જ અંતે મારું સુખ નીવડશે.

મને આશા છે કે આ પ્રશ્ન વિષે હું કેટલું દર્દ અનુભવું છું તે હવે તમે સમજ્યા હશો. આજે જ્યારે તમે મારા લગ્નનાં સ્વપ્નાં સેવો છો ત્યારે આ વેદના મારે તમને જણાવવી જ જોઈએ. આ પ્રશ્ન અંગે આજ્ઞાપાલનનો સવાલ ઊઠવો જ ન જોઈએ. લગ્ન કોઈ દિવસ આજ્ઞાથી થઈ શકે નહિ, અને જો થાય તો તેમાંથી પ્રેમ, ધર્મ, કર્તવ્ય, હૃદય બધું નાશ પામે. લગ્ન અંતરની વૃત્તિથી જ થવાં જોઈએ. મારી એ વૃત્તિ તમે સમજી જાઓ તો કેવું સારું!

પણ શી રીતે તમે મારી વૃત્તિ સમજી શકો? શી રીતે મારું હૈયું હું તમારા પાસે ઊઘાડી શકું? જો તમે હમેશાં મને બાળક જ માન્યા કરો, અણસમજુ અને ઉતાવળીઓ જ ધાર્યા કરો, તો મારુ અંતર કદી ઊઘડી શકે ખરું? તમને નથી લાગતું, એ માટે તમારે મારા મિત્ર બનવું જોઈએ? મને હૈયું ઉઘાડવાની ઇચ્છા થાય એવું વર્તન કેટલું આવશ્યક છે તેનો આ ઉપરથી તમને ખ્યાલ આવી શકશે? ફરી ફરીને કહું છું કે મારા સ્વતંત્ર વ્યક્તિત્વને તમારા અંતરમાં સ્થાન આપો અને પ્રેમથી મારુ સર્વસ્વ મેળવી લો.

[૧]

કેટલુંક અગત્યનું

હવે મારા લાંબા પત્રનો અંત ભાગ લખીને તમારી વિદાય લઉં. પિતા અને પુત્ર વચ્ચે કેટલીક સામાન્ય લાગતી બાબતો ધીમે ધીમે ગંભીર સ્વરૂપ ધારણ કરી આખા ગૃહજીવનને કલુષિત કરી મૂકે છે તે તરફ તમારું ધ્યાન ખેંચવા માગું છું. મને આશા છે કે ટૂંકમાં જ જણાવેલી બાબતો પ્રત્યે તમે ઘટતું લક્ષ આપશો.

મેં મારા લગ્નપ્રશ્ન અંગે વિસ્તારથી લખ્યું છે, એ તો છે મારા જીવનસાથીની પસંદગીની વાત. પરંતુ મારી કે તમારી ઇચ્છા વડે હું પરણી જાઉં તે પછી શું? તે પછી એ પ્રશ્ન કશી મૂંઝવણ ઊભી નહિ કરે? હજારો કુટુંબોની કથા સાવ જુદી જ છે. ખરી તકલીફો, મતભેદો, કલહો, આગળ વધીને કહું તો કરુણાજનક આપઘાતો અને છાની યાતનાઓનો કાળ તે પછી જ આવે છે. લગ્ન વખતે માતાપિતાનો હર્ષ ક્યાંય સમાતો નથી. પુત્રને પરણાવવાનું અભિમાન એટલું પ્રબળ હોય છે કે તે માટે ઘરની માલમિલકત વેચવાં પડે કે કરજ કરવું પડે, તો પણ માતાપિતાને એ અભિમાનમાં સંતોષ છે. પુત્રવધૂને લાવવામાં કેમ જાણે કોઈ દેશ ઉપર વિજય મેળવવો હોય એવો ગર્વ અને એવી કુરબાની ત્યારે દેખાય છે. પરંતુ લગ્ન પતી ગયા પછી? પછી થોડા દિવસો આનંદમાં અને કુતૂહલમાં પસાર થાય છે. પરંતુ જીવનના મહાસાગરમાં બિંદુ સમાન એ દિવસોને વીતતાં વાર લાગતી નથી. એ પછી માતાપિતા એમ માનવા લાગે છે કે ઘરમાં આવેલી વહુ એમની માલિકીની કોઈ વસ્તુ છે. બસ, સ્નેહભાવનું ત્યારે અવસાન થાય છે. પુત્ર તરફ પણ સાશંક નજરે જોવામાં આવે છે. એ એની પત્નીનો પક્ષ કરી ન લે એવી તકેદારી

રાખવામાં આવે છે અને ભૂલેચૂકે પણ એ એમ કરે તો એને બાયલો કહેતાં પણ માતાપિતા અચકાતાં નથી.

આ વિષે મારા મનમ છે તે બધું હું લખું તો પાનાનાં પાનાં ભરાય, પણ આટલામાં જ મારું દર્દ તમે સમજી જાઓ એવી મારી પ્રાર્થના છે. મારી બહેનો પણ કોઈને ત્યાં પુત્રવધૂ થવાની છે અને એક દિવસે તો મારી માતાની પણ એ જ સ્થિતિ હતી ને? એમના અંતરને આરામ મળે તેવું વાતાવરણ દરેક કુટુંબમાં સર્જાવું જોઈએ. પરાયા ઘરમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારનું પૂરું સન્માન કરવું જોઈએ. એ વિના ગૃહજીવન ટકી શકશે નહિ. પુત્રનો સ્નેહ કે સેવા પણ પ્રાપ્ત થઈ શકશે નહિ. આજે લગભગ દરેક ઘરમાં 'જુદા થવાનું' સહજ બની ગયું છે તેનાં કારણો શાં છે? યુવાનો ઉચ્છૃંખલ બની ગયા છે એમ માનીને કોઈ સંતોષ ન લેજો. ગૃહિણી થઈને આવનારને ગૃહ નથી મળતું તે જ આ 'જુદા' થવાનું કારણ છે. મને આશા છે કે મારા દાખલામાં તો આવું નહિ બને. તમે જેટલો પ્રેમ મારા પ્રત્યે અને મારી બહેનો પ્રત્યે રાખો છો તેટલો જ એના પ્રત્યે રાખશો તો હું ખાતરી આપું છું કે અમે બંને અમારાં માતાપિતાની સેવા કરવામાં કચાશ નહિ રાખીએ.

સામાન્ય કુટુંબોની આર્થિક સ્થિતિ વિષે પણ બે શબ્દો કહી દઉં. મારું કે કોઈ પુત્રનું લગ્ન કરજ કરીને કરવું જ ન જોઈએ. એમ કરવાથી પિતાનું અભિમાન કદાચ સંતોષાતું હશે. કદાચ એમને ફરજ બજાવ્યાનો આનંદ પણ આવતો હશે, પરંતુ પુત્રનું તો એમાં મોત જ થાય છે, એનું લગ્ન ભાગ્યે જ સુખદાયી નીવડે છે કારણ કે લગ્ન પછી તરત જ એના નસીબમાં કરજ ભરવાનું અતિ કપરું કામ આવી પડે છે. પુત્ર પોતે જ એટલા પૈસા પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી લગ્નનો વિચાર છોડવો જોઈએ.

એક બીજી વાત પણ મારે અહીં કહી દેવી જોઈએ. કેટલાયે

પિતાઓ પુત્રને મોટો વારસો આપી જવા અથવા તો પોતાનું જ નામ વધારવા કોઇ પણ કૃત્ય કરતાં અચકાતા નથી. જિંદગીને કાંઠે આવી જાય છે ત્યારે પણ પુત્રોની ચિંતા કરીને ધન એકઠું કરવાનો ધંધો છોડતા નથી. આ સૌ પિતાઓને અમારી વિનતિ છે કે સાચો વારસો પૈસાનો નહિ, પણ શક્તિનો, નીતિનો, સત્યનો છે અને એ જ તમે અમને આપો. તમારો ધનનો વારસો અમને કુન્યગી સુખો ચૂસવાનું કદાચ શીખવી શકશે, પરંતુ અમારી માણસાઇ, અમારી શક્તિઓ, અમારાં ધર્મ–નીતિ એથી હરાઈ જશે. અમે તમારા નામને ઉજાળશું નહિ, પરંતુ કલંક લગાડશું.

સાથે સાથે અમે એમ પણ ઇચ્છીએ છીએ કે અમારા માટે તમે અસત્ય ન આચરો, ચોરી ન કરો, ગરીબોને ન રંજાડો; તમે અતિ ગરીબ હો તો પણ અપમાન ન સહો, કોઇની લાચારી ન કરો, માનવતા ન ગુમાવો. અમારું પોષણ કરવાનું તમારામાં સામર્થ્ય ન હોય તો અમને વગડામાં ફેંકી આવજો પણ અમારામાં હીન સંસ્કારોનું સીંચન થાય એવું કશું જ કૃપા કરી ન કરશો.

માન, અપમાન અને મર્યાદા વિષે પણ મારે થોડું કહેવું જોઈએ. આ પત્રમાં એ વિષે કેટલુંક તો હું લખી ગયો છું. છતાં ફરીને કહી દઉં કે માન, અપમાન, મર્યાદા તમે આ જમાનાની આંખે જોજો. તમારી હાજરીમાં મારી પત્ની સાથે હું વાત કરું કે અમે સાથે ફરવા જઈએ તો એને મર્યાદાભંગ ન માનશો. અમે ઉચ્છૃંખલ નહિ બનીએ, મર્યાદાનું અવશ્ય પાલન કરીશું, પરંતુ અમારા સમર્યાદ વર્તન પ્રત્યે તમે આનંદ અને આશીર્વાદની નજરે નિહાળજો.

વધુ શું લખું? ઘણું લખી નાખ્યું છે. કેટલુંક તમને દુઃખ પણ ઉપજાવશે. કદાચ મન ઉપરની લગામ ખોઈ નાખીને પણ મારાથી કેટલુંક લખાઈ ગયું છે. પરંતુ જાગ્રત મનથી એક વાતની તો તમને ખાતરી આપું છું કે તમારા તરફ અનહદ પ્રેમ અને ભક્તિ હું

અનુભવું છું. તમને સુખ ઊપજે, સંતોષ થાય, તમારું હૈયું આશીર્વાદ ઉચ્ચારે એવો થવા હું ઝંખું છું. પરંતુ તે સાથે જ મારે નવા યુગનું જે સારું છે તે પ્રાપ્ત કરવું છે. જે રૂઢિ અને રિવાજમાં સ્વતંત્રતા નથી, સમાનતા નથી, જ્યાં ઊંચા–નીચાની ભાવના છે, જ્યાં પુત્ર–પુત્રીને માલિકીની વસ્તુ માનવામાં આવે છે, જ્યાં વ્યક્તિઓનો વિકાસ રૂંધાય છે, જ્યાં નિર્દોષ વહુના આંસુથી ઘરની ધરતી ધોવાય છે તે બધાંનો મારે નાશ કરવો છે. નવા યુગનું નિર્માણ કરવામાં હું મારી જાતનો અને મારા સર્વસ્વનો ભોગ આપવા ઇચ્છું છું. જે વિચારો મેં ગૃહજીવન અંગે લખ્યા છે તે જ વિચારો રાષ્ટ્રજીવન માટે પણ હું ધરાવું છું. કોઈ ને કોઈ દિવસ એ સવાલ પણ ઉગ્ર બનીને તમારી સમક્ષ આવશે. મારે મારા દેશ માટે, દેશબંધુઓ માટે, જગતની શાન્તિ માટે કંઈ ને કંઈ કરવું જ પડશે. એ દિવસે તમે મને રોકશો ?'

મેં તમને આ પત્રમાં અનેકવાર કહી રાખ્યું છે કે સત્ય સૌથી મહાન છે. તેની પ્રાપ્તિ માટે જ્યારે હું બલિદાન આપવા તત્પર થાઉં ત્યારે તમે મને આશીર્વાદ આપજો. તમે નથી જાણતાં કે તમે ને હું આજે એ દિવસોની વચ્ચે જ જીવીએ છીએ. મારા નિર્બળ સંસ્કારોના કારણે હજી સુધી હું બેસી રહ્યો છું. વિચાર્યા કરું છું, પણ પગલું ભરી શકતો નથી. પરંતુ એ પગલું અવશ્ય ભરાઈ જશે. કારણ કે વાતાવરણમાં અત્યારે એવી ચેતના ભરેલી છે. એ દિવસ આવે ત્યારે તમે આનંદ અનુભવજો.

હવે આ પત્ર પૂરો કરું છું અને કંઈ અવિનય થયો હોય તો ફરી ફરીને ક્ષમા ચાહું છું.

લિ...........ના

દંડવત્ પ્રણામ

❊

ચિરંજીવી કુમાર

[૧]

યુવાનીમાં પ્રવેશતાં



વહાલા પુત્ર,

આજે તને વીસમું વર્ષ પૂરું થાય છે. આવતી કાલે એકવીસમા વર્ષમાં તારો પ્રવેશ થશે. તું જાણે છે કે આવતી કાલે આપણે ઘેર મોટો ઉત્સવ થવાનો છે. યોગાનુયોગ એવો થયો છે કે આવતી કાલે આપણાં દેશી પંચાંગ પ્રમાણે મને પણ એકાવનમું વર્ષ બેસે છે. આપણાં શાસ્ત્રોમાં વનપ્રવેશને ભારે મહત્ત્વ અપાયું છે. તને ખબર છે કે હું તો આપણી પુરાણી માન્યતાઓ તરફ ભક્તિભાવની નજરે જોઉં છું. આપણી કોમમાં મને સૌ સુધારક તરીકે ઓળખે છે, પણ હું ખરેખર તો જૂના વિચારનો જ છું, તને અને તારી બહેનને હું કેળવણી આપી રહ્યો છું તેથી, કે કેટલાક રૂઢિ–રિવાજો હું બરદાસ્ત નથી કરતો તેથી કંઈ સુધારક થોડો જ બની જાઉં છું! તું તો જાણે

છે કે આપણા જુવાનોની દૃષ્ટિએ હું અર્ધદગ્ધ છું અથવા તો દહીં-દૂધમાં પગ રાખનારો છું! પણ હું જે હોઉં તે. આ પત્ર લખતા વખતે મારા મન ઉપર મારા વનપ્રવેશની અને તારા એકવીસમા વર્ષના પ્રારંભની ભારે અસર છે. આજે મને એમ થયા જ કરે છે કે તું યુવાનીમાં આગળ પગલાં ભરી રહ્યો છે અને હું નિવૃત્તિ તરફ ઝૂકતો જાઉં છું ત્યારે તને કેટલીક સાચી વાતો કહી દઉં

તારે એટલું યાદ રાખવું કે આ વાતો કરનાર કોઈ ત્રાહિત–ત્રીજો માણસ નથી, પરંતુ તારો પ્રેમાળ પિતા જ છે. એ જે કહે છે તે કહેવા ખાતર કહેશે નહિ. એની ફરજ બજાવ્યાનો સંતોષ મેળવવા ખાતર પણ એ કશું બોલશે નહિ. તને દુઃખી કરવાનો કે તારા સામે વધુ પડતા જોખમો રજૂ કરવાનું પણ મારાથી બને નહિ. હું તો જે કહીશ તે ઈશ્વરની સાક્ષીએ જે મને સાચું લાગતું હશે તે જ કહીશ. એટલું ખરું કે આજ સુધીમાં જે રૂબરૂમાં નહિ કહી શકયો હોઉં, તારી ઉંમર ખ્યાલમાં રાખીને કેટલીક વાતો મેં મનમાં જ ઢાંકી રાખી હશે તે પણ આ વખતે જણાવી દઈશ. શાસ્ત્રોક્તિ પ્રમાણે તો મારે તને સોળમે વર્ષે મિત્ર માનવો જોઈએ. એ ન થઈ શકયું તો હવે વીસમે વર્ષે મિત્ર માનીને જે કંઈ મારા મનમાં છે તે બધું કહી દઈશ.

, તને કાગળ લખવાનો વિચાર તો છેલ્લા એક માસથી મારા મનમાં ઘોળાયા કરે છે. કારણો તું સમજી શકે એવા છે. આપણા કુટુંબમાં મારે નાનો ભાઈ નથી. તારી બા અને હું જ બધો વ્યવહાર ચલાવીએ છીએ. કુટુંબના કેટલાક પ્રશ્નો હવે સામે આવીને ઊભા છે. એ સૌના જવાબો જ્યારે હું શોધું છું ત્યારે તારી મદદની મને જરૂર જણાય છે. તારો પોતાનો જ પ્રશ્ન અત્યારે મને મૂંઝવી રહ્યો છે. તું જાણે છે કે આપણે તદ્દન સામાન્ય સ્થિતિના માણસો છીએ. આપણું ઘરખર્ચ અને તમારું શિક્ષણખર્ચ હું કેમ નિભાવું છું તે તમે કોઈ જાણતાં નથી. એક હું જાણું છું અને બીજી તારી બા જાણે છે. છેલ્લા વરસમાં

તને થોડોક ખ્યાલ આવી ગયો છે, પણ અમારા બંનેનો એવો પ્રયાસ હતો કે તમને કોઇ દિવસ આ સ્થિતિનો ખ્યાલ ન આપવો. પરંતુ હવે તો એ ખ્યાલ આપ્યા વિના છૂટકો નથી. એક બાજુ મારી શક્તિ હવે વધુ બોજો ઉપાડી શકે એમ નથી અને બીજી બાજુ તું હવે જુવાન થયો છે.

તારા લગ્નનો પ્રશ્ન પણ મનને મૂંઝવે છે, પણ એની બહુ ચિંતા નથી, તારું તેજ અને તારું શિક્ષણ જોઈ ઘણા માતાપિતા પોતાની કન્યા તને આપવા માટે તૈયાર છે, પણ વધુ મૂંઝવે છે કાન્તા અને કુસુમનો પ્રશ્ન. એ બંને વિષે મારા કરતાં યે તારી બાની ચિંતા વિશેષ છે. આમાં પણ તારી મદદ મને જરૂરી જણાય છે.

એક બીજો હેતુ પણ આ પત્ર લખવાની પાછળ રહ્યો છે. તું આજ સુધી આપણી જ્ઞાતિના અને દેશના યુવકસમાજમાં સક્રિય રસ લઇ રહ્યો છે. તું જાણે છે કે એ વિષે મારા વિચારો જુદા પ્રકારના હોવા છતાં મેં કદી તારો વિરોધ કર્યો નથી, તને કોઈ પણ કામ કરતાં રોક્યો નથી. તારી બા ક્યારેક તને સમજાવવાનો પ્રયાસ કરે ત્યારે પણ મેં એને રોકી છે. હું જુદા વિચારોનો હોવા છતાં આપણું ઘર તારી કેટલીયે પ્રવૃત્તિનું કેંદ્ર બની ગયું છે. આ વિષે આજ સુધી મેં જે મૌન રાખ્યું છે તે હવે તોડું એમ થયાં કરે છે, કારણ કે યુવક સંઘોમાં તારું સ્થાન આગળ પડતું છે. તને જો હું મારા વિચારો જણાવી શકીશ તો એ સૌની પાસે પહોંચશે એવી મને ખાતરી છે,

આ પત્ર તારી બા પણ વાંચશે અને એ જ આવતી કાલે તું એના આશીર્વાદ લેવા જઈશ ત્યારે આપશે. તું ગંભીરતાથી વિચારજે કે પુત્રના જન્મદિને આશીર્વાદરૂપે જે પત્ર માતાપિતા તરફથી આપવામાં આવે તેની કેટલી કિંમત હોય ! એ પત્રમાં જો અમારું હૈયું જ

ન પરોવાયું હોય તો તને આપીએ ખરા? માટે પૂરી ગંભીરતાથી આનું વાચન કરજે.

તારી બા બિચારી બહુ ભણી નથી, પરંતુ એની સમજણ ભણેલી સ્ત્રીઓ કરતાં કરતાં જરા યે ઓછી નથી. મને તો પચ્ચીસ વર્ષના મારા ગૃહસંસારમાં એનો સાથ જીવનના શ્વાસ જેવો ઉપયોગી નીવડયો છે. આજના સુધારક વિચારો હું જ્યારે સાંભળું છું કે વાંચું છું ત્યારે હું અમારા જીવન ઉપર વિચાર કર્યા વિના રહી શકતો નથી. કેટલીયે વાર મને આ નવા વિચાર–પ્રવાહોનું દુઃખ થાય છે અને કોઈવાર તો બાળકોનો ખેલ જોઈને હસવું આવે તેમ હસી જવાય છે. આજ એ બધું આ કાગળમાં મારે કહી નાખવું છે.

તું એમ ન માનીશ કે મને મારી ભૂલો અને મારી મર્યાદાઓનું ભાન નથી. એ ભાન મને છે. હું જાણું છું કે આજના અનેક પુત્રો પોતાની દરેક નબળાઈ માટે અને સમાજની આજની સ્થિતિ માટે એમના પિતા પ્રત્યે રોષ કેળવી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો જેમ મજૂર અને માલિક વચ્ચે વર્ગીય ભેદો ઊભા થયા છે તેવા જ ભેદો પિતા અને પુત્ર વચ્ચે ઊભા કરવામાં આવે છે. અને પુત્રના હિતો કેમ જાણે એકબીજાની વિરુદ્ધ હોય તેમ એ ક્ષેત્રમાં પણ લડાઈનાં મંડાણ થઈ ચૂક્યાં છે.

હું એમ કહેતો જ નથી કે અમે તો દેવ સરીખા છીએ, પરંતુ અમારા પુત્રો જ કપૂતો છે. એવું તો બની શકે જ નહિ. અમે દેવ હોઈએ તો અમારા પુત્રોમાં પણ એ દેવત્વ ઊતર્યા વિના રહે નહિ. અમે રાક્ષસ હોઈએ તો પુત્રો પણ રાક્ષસ રૂપે જ અવતરે, પરંતુ મારે એક મહત્ત્વના મુદ્દા તરફ તારું અને આખા યુવક–સમાજનું ધ્યાન ખેંચવું છે તે પ્રારંભમાં જ જણાવી દઉં.

તમે સૌ એમ કહો છો કે જમાનો બદલાઈ ગયો છે અથવા તો

બદલાઈ રહ્યો છે. મને તમે જવાબ આપી શકશો કે એનું કારણ શું છે! તમે આ જમાનો બદલાવી રહ્યા છો? કે એ બદલાયેલા પ્રવાહમાં માત્ર તણાયા કરો છો? ગમે તેમ હોય, પણ એક વાત તો નક્કી છે કે આજે તમે જેવા છો તેવા માત્ર અમારા કારણે જ નથી, તમારા ઉપર અમારાં જીવન કરતાં યે આ જમાનાની વિશેષ અસર છે. જો આ વાત ખરી હોય, અને ખરી છે જ, તો અત્યારે નવા જમાનાનાં જેટલાં અનિષ્ટો છે તેની જવાબદારી વિશેષતઃ તમારી જ ગણાશે. તમારે એ જવાબદારી સ્વીકારી લઈ એમાંથી છૂટવું પણ પડશે.

હું કબૂલ કરું છું કે અમે ભૂલો કરી છે, પરંતુ મારી જૂની આંખ જોઈ રહી છે કે તમે પણ એવી જ ભૂલો તરફ ધસી રહ્યા છો. મારી ઇચ્છા તમારા રસ્તા તરફ એક લાલબત્તી ધરવાની છે. પ્યારા પુત્ર, તું ઘડીક અહીં થોભજે અને તીક્ષ્ણ નજરે તારા માર્ગનું અવલોકન કરજે. તને લાગે કે મારી નબળી આંખ રસ્તો જોઈ શકતી નથી, માટે જ ભય સેવે છે તો એ લાલબત્તીના તું ચૂરા કરી નાખજે, પરંતુ મારી માગણી માત્ર થોભીને વિચારવાની જ છે એટલું તું ધ્યાનમાં રાખજે.

મારે આ એકના એક, પહેલા અને કદાચ છેલ્લા પત્રમાં શું શું કહેવું છે તે પ્રથમથી જ તારા ખ્યાલમાં લાવું એવી ઇચ્છા થાય છે. પણ મનમાં એવી શંકા રહે છે કે કદાચ એટલું જાણી લીધા પછી તું આખો પત્ર વાંચવાની ધીરજ રાખશે જ નહિ. જે જુવાન છે અને જેણે કૉલેજની કેળવણી લીધી છે તેને એવો ભ્રમ રહે છે કે પોતે બધું સમજે છે. બીજાની વાત સાંભળવા માટે એ ત્યારે જ તૈયાર થાય છે, જ્યારે ક્યાંક ઠોકર ખાઈ ને પડે છે અથવા તો આંખ સામે ગાઢ અંધકાર દેખાય છે. મારો પુત્ર એવો નહિ હોય એવી મને આશા છે છતાં આ પત્રનો અક્ષરેઅક્ષર ધ્યાનથી વંચાય એવી મારી તીવ્ર ઇચ્છા હોવાથી મારે જે કહેવું છે તે અનુક્રમે જ કહીશ. તારી ધીરજની જરા કસોટી થશે, પરંતુ એક પિતાનું હૃદય જાણવાની જિજ્ઞાસા શું તારામાં નહિ હોય? આ

શબ્દો લખતાં તારું સુકુમાર મુખ મારી આંખ આગળ પ્રત્યક્ષ થાય છે અને વિશ્વાસ રાખે છે કે તું આ પત્ર વાંચશે, પૂરી ગંભીરતાથી વાંચશે અને તારા પિતાએ મામુલી કલમ–શાહીથી નહિ, પરંતુ હૃદયની ભાવનાથી આલેખેલા અક્ષરોને તું તારી છાતીમાં કોતરી રાખશે.

[૨]

શક્તિ અને સંયોગો

સૌથી પહેલાં તો મારે અમારી મર્યાદાઓ અને અમારા સંયોગો તારા ધ્યાન ઉપર લાવવા છે. તારે સમજી જવું જોઈએ કે આ પત્ર એક પિતા તરીકે એક પુત્રને લખી રહ્યો છું. મારા પત્રમાં સહજ રીતે જ અનેક પિતાઓનાં હૃદય પરોવાઈ જશે અને તને કહેવા છતાં બીજા અનેક પુત્રોને પણ એમના પિતા જે કહેવા ઇચ્છે તે મારાથી કહી દેવાશે.

તું કબૂલ કરશે જ કે, કોઈ પણ ગુનેગારનો ન્યાય તોળતી વખતે તેના સંયોગો ન્યાયદેવતાએ લક્ષમાં લેવા જ જોઈએ. અમારામાં જે દોષો છે તે કેટલે અંશે અમારા ઇરાદાઓના કારણે છે અને કેટલે અંશે અમારા કાબૂ બહારના સંયોગોને કારણે છે તે તમારે જાણી લેવું જોઈએ. અને હું સ્વીકારું છું કે માણસે હંમેશાં સંયોગોને આધીન ન રહેવું જોઈએ અને દરેક માનવીનો એવો પુરુષાર્થ પણ હોવો જોઈએ કે એ સંયોગો ઉપર સ્વામિત્વ મેળવે, છતાં સત્ય શોધતી વેળા સંયોગો તરફ ધ્યાન આપવું જ જોઈએ.

મારા જ સંયોગોની વાત કરું : એક ગરીબ અને બહુ જ ઓછું ભણેલા પિતાને ત્યાં મારો જન્મ થયો. હું સોળ વર્ષનો હતો ત્યા

જ પિતા પરલોક સિધાવ્યા. બીજો ભાઈ તો હતો જ નહિ. ત્રણ બહેનો અને મોટાં બાને સંભાળવાનો ભાર મારા માથે આવ્યો. દાદાજીની એવી ઇચ્છા ખરી કે હું શિક્ષણ લઈને કંઇક આગળ વધું. પરંતુ મારે તો તે જ દિવસે શિક્ષણ છોડવું પડયું. એ પછી રાત અને દિવસ મેં કમાવામાં અને ઘરની ચિંતામાં ગાળ્યાં છે. નાની બહેનોનાં લગ્ન કર્યાં, હું પણ જાતે પરણ્યો, ઘર વસાવ્યું, તમને સૌને યથાશકિત કેળવણી આપતાં આપતાં ઉછેર્યાં. આ બધું જો વિસ્તારથી કહેવા બેસું તો પાનાં ભરાય, પરંતુ તું આટલામાં જ સમજી જશે એવી આશા રાખું છું.

તું જ હવે મને કહે કે આવા વિપરિત સંજોગોમાં જેને જીવવું પડયું છે એવો પિતા વધુ શું કરી શકે! બેટા, તું તારા યુવકસંઘના એકેએક સભ્યને એના માતાપિતાના સંયોગો વિષે પૂછી જોજે. તારી કૉલેજમાં રાજકુમારો જેવા થઈને ફરતા વિદ્યાર્થીઓને પણ તું એમના માતાપિતા વિષે પૂછજે. મને તો ખાતરી છે કે સોમાંથી સિત્તેર માતાપિતાના સંયોગો મારા કરતાં યે ખરાબ હશે. વીશેકના સંયોગો મારા જેવા હશે. પાંચેક મારાથી કંઇક ઠીક હશે એકસોમાં માત્ર પાંચ યુવકો પોતાના માતાપિતાના સારા સંયોગો વર્ણવી શકશે. હવે જો આ હકીકત સત્ય હોય તો તમારી આજની સ્થિતિ માટે કેટલો દોષ પરિસ્થિતિનો છે તેનું તમે તોલન કરજો.

પિતાપક્ષનો વકીલ બનીને હું કશું લખવા નથી માગતો. તેમ અમે ગમાર છીએ, અસંસ્કારી છીએ અથવા તો અમારા માતાપિતાએ અમને કશું ન આપ્યું એમ કહીને પણ છટકવા નથી ઇચ્છતો. એવી સ્થિતિ પણ છે ખરી, પરંતુ જે પુત્રો પિતાને દોષ દઈ રહ્યા છે તેઓ તો એ જ પુત્રો છે કે જેમને પિતાએ પોતાની શકિત અને સંસ્કાર અનુસાર કેળવણી આપી છે, સ્વતંત્ર વિચાર કરવાની શકિત અને સગવડ આપ્યાં છે. આ પિતાઓ અભણ કે ઓછું ભણેલ હશે.

ગરીબ તો મોટે ભાગે હશે જ. એમના પિતાઓએ એમના માટે કદાચ કશું જ નહિ કર્યું હોય. એમના જીવનનો પરમ રસ પણ સંભવ છે કે પુત્ર-પુત્રીઓ જ હશે, આ પિતાઓ માંહેનો જ હું એક છું, એટલે એમના વતી જ બોલી રહ્યો છું એમ કહું તો યે ચાલે.

હવે તું સમજી શક્યો હશે કે અમે આટલું જ ઇચ્છીએ છીએ કે અમારા વિષે તમે કંઇપણ વિચાર કરો, કંઇ પણ નિર્ણય બાંધો ત્યારે, સૌથી પહેલાં અમારા પોતાના સંયોગો તમે ધ્યાનમાં લેજો અને જો તમે કંઈક કલ્પનાશક્તિ કેળવી હોય, તર્કબુદ્ધિ મેળવી હોય તો એ સંયોગોમાં થોડીક વારને માટે તમે તમારી જાતને મૂકી જોજો. તમે જો પ્રમાણિક હશો તો અવશ્ય કબૂલ કરશો કે અમે જે કર્યું છે તે અમારી સમગ્ર શક્તિથી થઈ શકે તે બધું કર્યું છે. આથી વિશેષ કરવાની અમારી શક્તિ જ નહોતી. મારો પોતાનો વિચાર કરું છું ત્યારે તો મને આ હકીકત સંપૂર્ણ સાચી લાગે છે.

તું જાણે છે કે અમે પિતાઓ, અમારા પુત્રો કરતાં ઓછું ભણેલા છીએ. પુત્રોની જેમ જગતસાહિત્યમાં કે જગતના ઇતિહાસમાં અમે નજર નથી ફેંકી. પુત્રો જેવો ભાષાવૈભવ અને દલીલશક્તિ પણ અમારા પાસે ક્યાંથી હોય! અમારે જે કહેવું હોય તે જૂના પુરાણા બેચાર સૂત્રોમાં જ અમે કહીએ છીએ. અમારો વિરોધ જ્યારે ઉગ્ર બની જાય છે ત્યારે અમે, તમે જો નાના હો તો મારી બેસીએ છીએ અને મોટા હો તો એ જ રોષને અમારા ઉપર ઉતારીએ છીએ. બંને ક્રિયાને અંતે તો અમારું અંતર રડી જ ઊઠે છે; કારણ કે ત્યાં, જે સ્થાન તમારું છે તે સ્થાન સાક્ષાત પરમાત્માને પણ કદી આપ્યું જ નથી. અમારું આ રુદન અમારી છેલ્લી દલીલ છે.

તમે બરાબર ઊલટી રીતે જ વર્તો છો. તમારી પાસે તમારી જાતને વ્યક્ત કરવા માટે ભાષા છે, દાખલા છે, દૃષ્ટાંતો છે, દલીલો

છે. અમે જ્યારે એનો જવાબ નથી આપી શકતા ત્યારે તમે એમ માનવાં લાગો છો. કે તમે સાચા છો. કેમ જાણે સાચ–જૂઠનો નિર્ણય કરવાની સત્તા, માત્ર દલીલશક્તિને જ હોય? આજે હું જે કહી રહ્યો છું તે જો મારા એકલાની જ અને સામાન્ય વેદના હોત તો કદાચ મને કંઈ કહેતાં જ ન આવડત, પરંતુ મારું તો અત્યારે હૈયું જ વહેવા લાગ્યું છે. શી રીતે હું લખી રહ્યો છું તે હું પોતે પણ જાણતો નથી.

તમને ઉછેરવામાં અને કેળવવામાં મેં જે ભૂલો કરી છે અને જે ભૂલો હજારો પિતા આજે પણ કરી રહ્યા છે તેનો હું ઇન્કાર કરવાનો નથી. તેનો બચાવ પણ પણ મારે કરવો નથી. હું તો એ ભૂલો દ્વારા જ તને કેટલુંક કહી દેવા માગું છું કારણ કે, હું જોઈ રહ્યો છું કે એ જ ભૂલો, જરા જુદા સ્વરૂપમાં આજે તમે સૌ કરી રહ્યા છો. કેટલીક બાબતોમાં તો તમે ઘોર અંધારામાં અથડાઓ છો અને હમણાં જ કોઈ ભયાનક ખીણમાં કદાચ ધકેલાઇ જશો એવો મને ભય છે. અમારી ભૂલોનો મને અફસોસ છે, પણ શરમ નથી. કારણ કે એકેય ભૂલની પાછળ બદઈરાદો નથી, હોઈ જ કેમ શકે! એ ભૂલો અમારી નબળાઈની સૂચક છે. એ જ નબળાઈ તમારામાં ન ઊતરે એમ હું ઇચ્છું છું. કેટલીક ભૂલો અમારા સંયોગોને કારણે થયેલી હશે. હું ધારું છુ. કે તમે પણ એવી ભૂલોમાંથી મુક્ત નહિ રહી શકો.

મારી માગણી એટલી જ છે કે અમારા સંયોગો અને તેને અંગે ઊભી થતી મર્યાદાઓ સદાય તમારા લક્ષમાં રહે. જો એમ થશે તો તમને પણ તમારા જીવન વિષે વિચારવાનું, નિર્ણય કરવાનું અને વર્તવાનું સહેલું પડશે, હું એમ જોઈ રહ્યો છું કે આજે ઘણા યુવાનોને પોતાની મર્યાદાઓનો ખ્યાલ જ નથી. આજના શિક્ષણનું કહો, પરિસ્થિતિનું કહો, વાતાવરણનું કહો, એક પરિણામ એ આવ્યું છે કે માણસના પગ ધરતી ઉપર સ્થિર રહી શકતા નથી. એ આકાશગામી વિમાનને જોઈને ઊડવાના વિચારો કરે છે, પણ ભૂલી જાય છે કે એને પાંખ નથી, માત્ર

હાથ-પગ છે. એ ઊઠી તો શકતો જ નથી. પરંતુ એ ઇચ્છાના પ્રાબલ્યને લઈ હાથ-પગનો ઉપયોગ કરવાનું પણ એને સૂઝતું નથી. એની સ્થિતિ ત્રિશંકુના જેવી થઈ જાય છે.

દરિયાપારથી વિચારોનાં જે મોજાં આ દેશના કિનારા સાથે અફળાય છે તે તમામનું તમને આકર્ષણ થાય છે. તમે પુસ્તકોમાં જે કંઇ વાંચો છો તે બધું તમારા મન-મગજનો કબજો લઈ લે છે. તમારી શક્તિ અને સંયોગો તમને ખ્યાલમાં જ રહેતાં નથી. જ્યારે તમે એ વિચારોમાંનું કશું કરી શકતા નથી ત્યારે તેનો દોષ અમારા ઉપર, સમાજ ઉપર, પરિસ્થિતિ ઉપર ઢોળી દઈ સાંત્વન મેળવવાનો પ્રયાસ કરો છો; જ્યારે ખરેખર તો તમારી સ્થિતિ વિષે તમે કદી ગંભીરપણે વિચાર્યું જ હોતું નથી. બુદ્ધિમાં તમે જેટલા આગળ વધી ગયા છો તેટલા જ જો સમજણમાં અને શક્તિમાં આગળ વધી શક્યા હોત તો આવું બનત નહિ. દોડવાનું તમારામાં સામર્થ્ય નથી અને ચાલવાનું તમને સૂઝતું નથી.

મારા આ વિધાન વિષે તારે વધુ ખાત્રી કરવી હોય તો તારી સાથેના તારી ઉંમરના કે મોટી ઉંમરના જે જુવાનો પરણી ગયા હોય, ઘરબાર વસાવી બેઠા હોય કે નોકરી-ધંધો કરતા હોય તેની આજની સ્થિતિનું અવલોકન કરજે. અભ્યાસકાળે એમનામાં જે તરવરાટ હતો, તે આજે છે? એ જ શક્તિ, એ જ સ્વમાનપ્રિયતા, એ જ ક્રાંતિકારી વિચારો તેઓ ધરાવે છે? આકાશમાં ઊડવાના સ્વપ્નો એમને હવે આવે છે? એમના પિતાઓ કરતાં કોઇ મહત્ત્વની બાબતમાં તેઓ આગળ વધેલા દેખાય છે? મને લાગે છે કે તને એ અવલોકન કરતાં નિરાશા જ સાંપડશે. આ પરિવર્તનનાં શાં કારણો છે? તારે કબૂલવું પડશે કે એમણે પ્રથમથી એમની શક્તિઓનું માપ જ નહોતું કાઢ્યું.

એટલે માત્ર અમારા જ નહિ પણ તમારા પણ સંયોગોનો સ્પષ્ટ ખ્યાલ, કોઈ પણ વિચારણામાં તમારી પાસે હોવા જોઈએ. એ વિનાના

વિચારો માત્ર તરંગો છે, એનું કશું પરિણામ આવતું નથી. યુવાન મનને એ ક્ષણિક આવેશનો આનંદ આપી જાય છે. હું ઇચ્છું છું કે મારો પુત્ર એવા આવેશમાંથી મુક્ત હોય, ન હોય તો સત્વર થાય અને પોતાની શક્તિનું માપ કાઢવાનું કદી ન ચૂકે.

[૩]

અમારી આશાઓ

હું જે લખી ગયો અને હજી યે જે લખવાનો છું તેનો તું એવો અર્થ ન કરીશ કે તમારા ઉત્સાહ ઉપર હું ઠંડુ પાણી રેડવા માગું છું અથવા તો તમને જે પાંખો ફૂટે છે તેને હું અટકાવી રહ્યો છું. અમારા ઉપર આ એક મોટો આક્ષેપ છે. અમે જ્યારે સલામતીની વાત ઉચ્ચારીએ છીએ ત્યારે તેને ધ્યાનથી સાંભળવાને બદલે હસી કાઢવામાં આવે છે. આજના યુવકોને એમાં કાયરતાનો ભાસ થાય છે. અમારું જીવન સાહસમાં વીત્યું હોય તો પણ પુત્રો ઉપર તેની અસર થતી નથી. આનું પરિણામ એ આવે છે કે જે અનુભવો, કેટલીયે ભૂલો અને ઠોકરો પછી મેળવેલી હોય છે તે અમે તમને આપી શકતા નથી. તમારે પણ એ જ ઠોકરોમાં, જીવનના અમુક વર્ષો ગાળવાં પડે છે.

હું એમ તો કહેતો જ નથી કે અમે જે કહીએ તે સાચું માનીને તમે વર્તવા મંડો. એવું અમે કહીએ નહિ, કહીએ તો તમે માનો નહિ. જે પિતા એવો આગ્રહ રાખે છે તે છેવટે અપમાન પામે છે, પણ અમે એટલું તો જરૂર માગીએ છીએ કે અમારી દરેક વાતને તમે હસી ન કાઢો. તમે થોડું ભણી ગયા છો અથવા તો દુનિયાનું

સાહિત્ય વાંચી શકો તેથી સર્વજ્ઞ બની ગયા છો એમ કદી ન માનો. જગતનું અને જીવનનું તમામ જ્ઞાન પુસ્તકનાં પાનાંમાં જ ભર્યું છે એવી ભ્રમણા ન રાખો. અમે જે બોલીએ છીએ તે પરાપૂર્વથી ગોખેલાં સૂત્રો નથી, પરંતુ અમારો અનુભવ છે. આ અનુભવ તમને કેટલાયે કપરા સંયોગોમાં ભોમિયાનું કામ આપશે. અમારા શબ્દોને તમે એટલું વજન આપો એ જ મારે કહેવું છે. જે પિતા પોતાના દરેક શબ્દને સત્ય ઠરાવવા મથે છે તે જેટલો મૂર્ખ છે તેટલો જ મૂર્ખ પિતાના દરેક શબ્દને જૂઠા માનનાર પુત્ર છે. થોડાક પિતાઓ જે ભૂલ કરી રહ્યા છે તે જ ભૂલ થોડાક નહિ, લગભગ બધા પુત્રો આજે કરી રહ્યા હોય એમ મને લાગે છે.

અને એક બીજી વસ્તુ પણ આ અંગે ધ્યાન રાખવા જેવી છે. જે બાબતનો અમને અનુભવ નથી તે બાબતમાં અમે કદી સલાહ આપતા નથી. બહુ બહુ તો સંભાળીને ચાલવાની સૂચના જ આપીએ છીએ. આ સૂચનામાં ખોટું શું છે? એની પાછળ પ્રેમથી પ્રેરાયેલું પિતૃહૃદય જ હોય છે. જ્યારે એવી સૂચના તરફ કોઈ પુત્રને હું હસતો જોઉં છું ત્યારે મને એમ લાગે છે કે એને હૃદય જ નથી, એના શિક્ષણે એને નિષ્ઠુર બનાવી દીધો છે.

પુત્રના સાહસકર્મો પિતાને નથી ગમતાં એમ તું માનતો નહિ. પુત્ર પ્રત્યેના પ્રેમને લઈ પિતા પોતાના પુત્રને જોખમમાં મૂકતાં ડરે છે, પરંતુ હિંમત કરીને જ્યારે પુત્ર આગળ વધે છે ત્યારે તો એને આશીર્વાદ જ આપે છે અને પુત્ર જો પોતાના કાર્યમાં સફળતા મેળવે છે તો પિતાના ગર્વનો પાર જ રહેતો નથી. તું વિચારશે તો જોઈ શકશે કે મારા કરતાં તું વિશેષ કીર્તિ પ્રાપ્ત કરે, વિશેષ શક્તિ અને જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે હું કેટલી ઝંખના સેવું છું! તું જાણે છે કે પિતા પોતાનું સર્વસ્વ એના પુત્રમાં આરોપીને જ કૃતકૃત્ય થાય છે!

અમને તમારા માટે સદૈવ એક અફસોસ રહ્યો છે કે તમે કદી અમારી લાગણીને, અમારા હૃદયને, અમારા હેતુને સમજવાનો પ્રયત્ન જ કરતા નથી. અમારી કોઈ વાત તમને ન રુચે ત્યારે પણ તમે જો એની પાછળ રહેલું અમારું હૃદય જોઈ શકતા હો તો તમારા વર્તનમાં મહત્ત્વનો ફેર પડી જાય. તમારે જો અમારી વિરુદ્ધ જવું પડે તો તેનું દુઃખ તમારી આંખમાં દેખાયા વિના રહે નહિ. કોઈ સંયોગોમાં તમે અવિનયી તો બની જ ન શકો. એક વાત સૌ વિશ્વાસથી માનજો કે અમે જે કહીએ છીએ તે નિર્મળ પ્રેમની ભાવનાથી જ કહીએ છીએ. અમારા સ્વાર્થથી પ્રેરાઈને ભાગ્યે જ અમારે કશું કહેવાનું હોય છે. જો સ્વાર્થ હોય તો તમને સુખી, સમૃદ્ધ અને કીર્તિવંત જોવાનો જ હોય છે, પરંતુ એ વસ્તુની તમારા મનમાં કશી કદર જ હોતી નથી.

આ કાગળ હું તને જ લખી રહ્યો છું છતાં આખા યુવકસમાજને લખતો હોઉં એવાં સંબોધનો મારાથી વપરાઈ જાય છે. કારણ કે તને પોતાને તો મારે આ વિષે બહુ ઓછું જ કહેવાનું છે. અમારામાં આ એક મોટો દુર્ગુણ છે. અમે અમારા પુત્રના બહુ ઓછા જ દોષો જોઈ શકીએ છીએ.. આનો અર્થ એ નથી કે તારામાં દોષો હશે, પણ હું જોઈ શકતો નથી. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે દરેક પિતા બનતા પ્રયત્ને પોતાના પુત્રને ભોળો માને છે અને જો એમાં કંઈ દોષ જણાય તો બીજા કોઈના કારણે છે એમ માનવા માટે મથે છે આજે હું સૌને ઉદ્દેશી જે લખી રહ્યો છું તેની પાછળ એવો મનોભાવ તો નહિ હોય! અંગત રીતે તો હું તને એક સુશીલ પુત્ર માનું છું અને તારા માટે હંમેશાં ગર્વ અનુભવું છું.

તારા માટે હું કેટલી આશાઓ રાખી રહ્યો છું તે તું જાણે છે? દરેક પિતાની એ જ સ્થિતિ હોય છે. પોતાની દૃષ્ટિમર્યાદા અનુસાર સૌ કોઈ આશા સેવે છે. આમાં કેટલીક આશાઓ અમને પણ સુખ

આપનારી હોય છે અને કેટલીક તો કેવળ અમારા મનના સંતોષ માટે જ અમે સેવીએ છીએ. જેમાં અમને અમારું સુખ દેખાય છે તેમાં પણ તમારા સુખનો અને તમારી કીર્તિનો ખ્યાલ તો અમે રાખીએ જ છીએ.

એટલું ખરું કે અમારી આશાઓ, તમારી કલ્પનાઓ જેટલી વિશાળ કે ઉન્નત નથી હોતી, પરંતુ શ્રદ્ધા રાખજે કે અમને એનો વિરોધ નથી. મારી જ વાત કરું તો હું એવી આશા રાખી રહ્યો છું કે આપણાં ઘરનો બોજો હવે તું ઉઠાવી લે. મારે નવરા થઈને બેસી નથી જવું; જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી હું કામ કરવા માગું છું. પણ મારી જવાબદારીનો ભાર હવે તારા માથા ઉપર આવે એમ ઇચ્છું છું. તારો પોતાનો લગ્નપ્રશ્ન મારે ઉકેલવો છે: આ વિષે મારે જે કહેવાનું છે તે તો આ પત્રમાં હું કહીશ જ. પરંતુ એ પ્રશ્ન અને તારી બહેનોનો પ્રશ્ન તારી હૃદયપૂર્વકની સંમતિ અને મદદ વિના મારાથી ઉકેલાશે નહિ.

મારી આશાઓમાં આ ઉપરાંત તને પ્રમાણિકપણે આગળ વધતો જોવાની ઇચ્છા પણ છે. લક્ષ્મીનંદન થવાના કોડ તો મને નથી, પરંતુ જીવનની કોઈ જરૂરિયાતમાં તારે મૂંઝાવું ન પડે એવી સ્થિતિ તો હું ઇચ્છું જ છું, તારી શક્તિઓ ખીલે અને સન્માર્ગે વપરાય, દેશનું અને સમાજનું તું તારી સેવાઓ વડે હિત સાધી શકે તે હું ઇચ્છું જ છું, પણ મારી એવી માન્યતા થઈ ગઈ છે કે જે પોતાના કુટુંબનું હિત ન સાધી શકે તે સમાજનું ભલું ન જ કરી શકે. સમાજસેવા તરફ પણ જુવાનો ખેંચાય છે તેમાં કેટલીકવાર તો મને કીર્તિલોભ, પણ લાગે છે. કુટુંબ એક એવી સંસ્થા છે કે જ્યાં માણસ જે સેવા આપે તે તેનું કર્તવ્ય મનાય છે. એ માટે કીર્તિનો લોભ કોઈ રાખી શકતું નથી.

અને સૌથી મોટી આશા તો મારી એ જ છે કે તારી સામે કોઈ કરતાં કોઈ, આપણો દુશ્મન પણ કદી આંગળી ન ચીંધી શકે

…વું ઉજ્જ્વળ તારું ચારિત્ર્ય હોય. તું ગરીબ હશે, અભણ હશે, …દબુદ્ધિ હશે તે બધું મારાથી સાંખી શકાશે, પરંતુ મારા પુત્ર સામે …ઈ આંગળી ચીંધશે તો મારા માટે કોઈને મોં બતાવવાનું પણ અશક્ય થઈ પડશે. આ ઉપરાંત, તારામાં ધર્મવૃત્તિ, વિનય-વિવેક, મર્યાદા, વડીલો પ્રત્યે પૂજ્યભાવ, બીજા માટે ઘસાવાનો સ્વભાવ, વગેરે ગુણોની પણ અપેક્ષા રાખું છું.

એક સામટું મેં ઘણું લખી નાખ્યું છે, પણ મને ખાતરી છે કે મારી એ તમામ આશાઓ તું પૂરી કરશે જ. આજે જ એવું બળ અને એવા ગુણો હું તારામાં જોઈ શકું છું. જેમ તારી શકિત વધશે તેમ એ ગુણો વિકાસ પામતા જશે એવી મને આશા છે. તારી કેળવણી તું અવશ્ય દીપાવશે. તારા જન્મદિવસે આ વિષેનો તું સંકલ્પ કરી લેજે.

એકવીસમું વર્ષ બેસે છે તેનો અર્થ એ કે હવે તું યુવાન થયો. તારું બાળપણ તો કયારનું વીતી ગયું. કિશોર અને કુમાર અવસ્થા પણ વટાવી ગણાય. હવે તો તારે કર્તવ્ય-કર્મમાં લાગી જવાનો કાળ આવ્યો છે. આપણી સ્થિતિ સારી હોત તો હજી યે વધુ અભ્યાસ માટે તું બેચાર વર્ષો કાઢી શકત, પરંતુ હું લખી ચૂકયો છું કે મારી શકિત હવે ખૂટવા આવી છે. અંતરની વાત જો પૂછે તો હું પોતે એમ માનું પણ છું કે આટલું શિક્ષણ આપણા જેવા સ્થિતિ-સંયોગોવાળા-માટે બસ છે. હવે તો જે મેળવવું તે અનુભવની સાથે જ મેળવવું. અનુભવ જેવું શિક્ષણ તો બીજું કયુ છે ?

ઉપર મેં કહ્યું તેમ, આપણા સ્થિતિ-સંયોગોનો ખ્યાલ રાખીને પગલું ભરીએ તો જુવાનીનું જે જોમ છે તે કદી તૂટે નહિ. હું એમ ઇચ્છું છું કે મારો પુત્ર વિચારમાં કે આચારમાં કદી પાછાં પગલાં ન ભરે. શકિત કરતાં વધુ દોડવાનો પ્રયત્ન નહિ થાય તો એવો પ્રસંગ કદી આવશે જ નહિ. હું જાણું છું કે શકિતના વિકાસ માટે સાહસ

કરવાની જરૂર છે. પણ સાહસ અને આંધળિયાં વચ્ચેનો તફાવત આપણે જાણી લેવો જોઈએ. દસ માઈલ ચાલી શકનાર પંદર માઈલ ચાલવાનો પ્રયાસ કરે તો એ સાહસ છે, પણ એનો પચાસ માઈલનો પ્રયત્ન તો નિષ્ફળ જ જાય. તું હવે જે ઉંમરમાં આવે છે તે ઉંમર સાહસ અને શૌર્યની છે. હું તેને ઉત્તેજવા ઇચ્છું છું, પણ આ બધી ચેતવણીઓની સાથે એ વિનાની ઉત્તેજના તો શરાબ જ ગણાય. એનું જોશ ક્ષણિક હોય. હું તો તારા જોમને અખંડ રાખવા ઇચ્છું છું.

પ્યારા પુત્ર, મારી આ આશાઓને તું પૂર્ણ કરજે.

[૪]

લગ્નનો સવાલ

હવે જે પ્રશ્નો વિષે મારી અને તારી વચ્ચે, પિતા અને પુત્ર વચ્ચે તીવ્ર મતભેદ હોવાનો સંભવ છે તે વિષે થોડું કહી દઉં. નવા યુગનાં કેટલાંક ભયસ્થાનો મને દેખાય છે તેની ચર્ચા પણ આમાં જ હું કરી લઈશ.

સૌથી પહેલો પ્રશ્ન લગ્નનો જ લઉં. આ વિષે એક પિતા પોતાના સ્થાને રહીને જેટલું કહી શકે તેટલું હું કહી દઈશ. એ સિવાયનું તો તારે જાતે જ મારા શબ્દોના વિશાળ અર્થ કરીને સમજી લેવું પડશે.

લગ્નમાં સૌથી પહેલો સવાલ છે પસંદગીનો. આજે જે વિચારો યુવકોના મગજને રોકી રહ્યા છે તેની કલ્પના માત્રથી હું ધ્રૂજું છું. તું જાણે છે હું નિયમિત, વર્તમાનપત્ર વાંચું છું. થોડાં સામયિકો અને પુસ્તકો પણ હું જોઈ જાઉં છું. એ ઉપરાંત, યુવકો સાથે

અને મારી ઉંમરના બીજા પિતાઓ સાથે વાતો કરવાના પણ ઘણી વાર પ્રસંગો આવે છે. એ બધા ઉપરથી હું આજના ક્રાંતિકારી વિચારોને સહેજસાજ જાણી શકયો છું. જ્યાં સુધી પુત્ર-પુત્રીની સંમતિ વિષે આગ્રહ રાખવામાં આવે છે ત્યાં સુધી તો મને એ કબુલ છે. પ્રથમ તો એ વિચાર પણ મને રુચતો નહોતો, પરંતુ હવે એમ લાગે છે કે અગાઉની સમાજરચના આજે રહી નથી એટલે પુત્ર-પુત્રીની ઇચ્છા તો અવશ્ય જાણી લેવી જોઇએ, પરંતુ પોતાના જીવન સાથીની પસંદગી પુત્ર-પુત્રીએ જાતે જ કરી લેવી જોઇએ એ મત મને ભયકારક લાગે છે. બધા જ દાખલામાં નહિ, પરંતુ મોટા ભાગના આવા દાખલાઓમાં લગ્નજીવન નિષ્ફળ જ જાય એમ મારું માનવું છે. કોઈ અપવાદમાં સફળતા મળે તેથી એ મતને સિદ્ધિ મળેલી ન ગણાય. એનું અનુકરણ પણ કોઈએ ન કરવું જોઈએ.

એ પછી વિધવાવિવાહ, પરજ્ઞાતિ, પરપ્રાંત કે પરદેશમાં લગ્ન, પ્રાયોગિક લગ્નો, મુદતી લગ્નો, મુક્ત વ્યવહાર એ બધાં સામે મારો વિરોધ છે. ચાલુ લગ્નપ્રથાના દોષો હું જોઈ શકું છું. એ દોષો મૂળ પ્રથામાં તો નહોતા જ, પરંતુ સમાજની પ્રથા બદલાય ત્યારે લગ્નની પ્રથા પણ બદલાવી જોઈએ. જો ન બદલાય તો અવશ્ય દોષો આવી જાય. આજે પિતા-પુત્રના માનસમાં ફેર પડયો છે, આપણાં કુટુંબો પણ છિન્નભિન્ન થયાં છે, આપણા વ્યવસાયોમાં તો આકાશપાતાળના અંતર દાખલ થયાં છે. પિતા સામાન્ય વેપારી હોય અને પુત્ર ડૉકટર હોય, પિતા યજમાનવૃત્તિ કરતો હોય અને પુત્ર વકીલાતમાં પડયો હોય એવા દાખલાઓ ઓછા નથી. આ સ્થિતિમાં માતાપિતા કે કુટુંબને જોઈને એમનાં બાળકો વિષે સાચું અનુમાન બાંધી જ ન શકાય. ઉપરાંત, સુધારાનો જે પવન ફુંકાયો છે તે ખાતર પણ જો પિતાની જ પસંદગીથી કોઈ વેવિશાળ થાય તો પુત્ર-પુત્રીમાં તેનો વિરોધ કરવાની વૃત્તિ જાગે જ. એની દૃષ્ટિ પણ

શંકાશીલ બની જાય, સામા પાત્રમાં દોષ ન હોય તો યે તેને દેખાઈ આવે. એટલે ચાલુ લગ્નપ્રથામાં પરણનારની સંમતિની પ્રથા ઉમેરી દેવી જોઈએ એવો મારો મત છે. એથી વિશેષ કશું જ કરવાની જરુર મને લાગતી નથી.

તું જાણે છે કે હું જૂની રૂઢિઓને તે જૂની છે તેટલા ખાતર જ પકડી રાખનારો નથી, પરંતુ એ જૂનું છે એટલા ખાતર જ તેનો નાશ થવો જોઈએ એમ માનનાર પણ હું નથી. એવો નાશ કર્યા કરવાથી કોઈ જમાનો આગળ વધી શકે નહિ. ભૂતકાળ એ તો વર્તમાન જેમાંથી ફૂટે છે તે ધરતી છે. તેને ખોદવાથી વર્તમાન અને ભાવી બન્ને જોખમમાં મુકાઈ જાય. ઉપરાંત, કોઇ પણ પ્રથામાં એટલો જ સુધારો થવો જોઇએ, જેટલો અનિવાર્ય રીતે જરૂરી હોય. એક દરદીનો જ વિચાર કરીએ. એનાં દર્દ કરતાં વિશેષ પ્રમાણમાં જો ઔષધ આપવામાં આવે તો તેનું પરિણામ મૃત્યુ સિવાય બીજું શું આવે? કોઇ પણ પ્રથામાં જ્યારે દોષ દાખલ થાય ત્યારે તેને માંદગી સમજીને તેના પ્રમાણમાં જ ઉપાયો લેવા જોઈએ. દરેક ફોડલી વખતે જો નસ્તર જ મૂકીએ તો દર્દી ભાગ્યે જ બચી શકે.

જો આ વાત બરાબર હોય તો આપણી લગ્નપ્રથામાં ક્રાંતિકારી ફેરફારો કરવા જેટલો સડો દાખલ થયો છે ખરો? તને એમ લાગતું હોય કે થયો છે તો બેશક તું એનો નાશ કરજે, પરંતુ એ પ્રથામાં જીવ હોય છતાં તેને ફૂંકો મારતો નહિ. વ્યક્તિઓને કોઈ પ્રથાની જરૂર નથી પડતી, એ પોતાનો માર્ગ આપમેળે શોધી શકે છે, પરંતુ સમાજના કરોડો માણસો તો કોઇક પ્રથાને જ વળગી રહે છે. એ લોકોનો પણ તારે વિચાર કરી લેવાનો છે. એ પ્રથાનો નાશ કરી તેને બીજી કઈ પ્રથા તું આપશે

વળી, એ લક્ષમાં રાખવાનું છે કે કઈ પ્રથા સારી અને કઈ ખરાબ તેનો નિર્ણય દલીલોથી ન થઈ શકે. એ માટે તો એવી પ્રથાને વરેલા લોકોના જીવન જ જોવાં જોઈએ. તારો શું એવો મત છે કે અમારાં

દાંપત્ય જીવનમાં રસ નથી? ઉલ્લાસ નથી? સહકાર નથી? પ્રેમ અને ત્યાગ નથી? આપણા ઓળખીતા સૌ કોઈના ઘરમાં તું દૃષ્ટિ ફેંકશે તો નિષ્ફળતા કરતાં સફળતાનું પ્રમાણ વધારે છે એમ તું જોઈ શકશે. કેટલેક સ્થળે કલેશકંકાસ દેખાય તો તેનું કારણ લગ્ન છે કે બીજું કંઈ તે પણ જોઇ લેજે.

આગળ વધતાં પહેલાં એક વાત સ્પષ્ટ કરી દઉં. આજના ગૃહજીવનમાંથી મધુરતા લૂંટાતી જાય છે, સંયુક્ત કુટુંબો તૂટતા જાય છે, પ્રેમ અને ત્યાગના સ્થાને સ્વાર્થની હોળી સળગતી દેખાય છે તે બધું હું કબૂલ કરું છું પરંતુ તેનું કારણ લગ્નપ્રથા નથી. મારા મત પ્રમાણે તેનાં કારણો જુદાં જ છે અને તે સત્વર દૂર થવાં જોઈએ.'પહેલું કારણ સ્ત્રીને પુરુષના કરતાં નીચી માનવામાં આવે છે તે છે. બીજું કારણ: જૂની અને નવી પેઢી વચ્ચેના વિચારોનું અંતર સાંધવાનો પ્રયત્ન થતો નથી. બંને પક્ષ આગ્રહી બનીને પ્રેમતંતુને ખેંચી રહ્યા છે. ત્રીજું કારણ: આર્થિક હાલત પ્રતિદિન ખરાબ થતી જાય છે. એટલે સૌ કોઈ ને તંગી અનુભવવી પડે છે. એમાંથી લોભ અને ઈર્ષા જન્મે છે. ચોથું કારણ: સાસુ વહુ અને દેરાણી–જેઠાણીના નિત્યના ઝગડા છે. તેનો નિકાલ યોગ્ય કેળવણીમાં જ છે. આમાંના એક પ દોષ લગ્ન પ્રથાને કારણે છે એમ લાગતું નથી. આજે પણ જે કુટુંબમાં પિતા–પુત્રની પ્રકૃતિમાં અને સંસ્કારમાં તફાવત નથી ત્યાં તો પુત્રની સંમતિ લો કે ન લો તેનું લગભગ સરખું જ પરિણામ આવે છે. જ્યાં તફાવત છે ત્યાં એ જ પ્રશ્ન પુત્રને કુટુંબથી જુદા પડવાનું કારણ બની જાય છે. કન્યા હોય છે તો ઘણીવાર દુઃખમાં પડે છે. એને પૂરતો પ્રેમ મળી શકતો નથી. એમનું જીવન ચાલ્યા તો કરે છે, પરંતુ એને સફળતા ન કહી શકાય.

હવે ક્રાંતિકારી લગ્નનો વિચાર કરીએ એમાં કેટલા સફળ થાય છે? દરેકે દરેક પદ્ધતિ વિષે હું ટૂંકમાં મારો મત જણાવી દઉં.

પુત્ર-પુત્રી પોતે જ પોતાનો જીવનસાથી પસંદ કરે તેમાં મને ભારે જોખમો જણાય છે. પ્રથમ તો બધા જ કે મોટાં ભાગનાં યુવક-યુવતીઓ એમ કરી શકે એવું નથી. કારણ કે આવી પસંદગી મૈત્રી વિના બને નહિ. એવી મૈત્રી બહુ થોડાને જ મળે છે. એટલે વ્યવહારિક રીતે મોટાં ભાગનાં યુવક-યુવતીઓ માટે આવી પસંદગી કરવાનું લગભગ અશક્ય છે, પરંતુ આવી માન્યતા આજનાં યુવક-યુવતીઓના મગજમાં ઘર કરીને બેઠી હોય છે તેથી તેઓ એવી મૈત્રી માટે સદાયે ઉત્સુક રહે છે અને તેનાં માઠાં પરિણામો આખા સમાજને ભોગવવાં પડે છે. સોમાંથી નેવું નહિ, નવ્વાણું મૈત્રીની પાછળ આવો ભાવ હોય છે. તું જ કહે, એ ભાવ સાથે આજનો યુવકસમાજ પોતાનું ચારિત્ર્ય ઘડી શકે? શરીર-મનને સુદૃઢ અને નિરોગી રાખી શકે? સ્થૂળ દોષો ભલે ન થતા હોય કે ઓછા થતા હોય, પણ માનસિક પતન તો હું માનું છું કે પારાવાર હશે.

અને આ રીતે થયેલી પસંદગી સાચી હોય? યુવક અને યુવતીઓના સમૂહમાંથી કોઈક જ એ વખતે મોહની નિદ્રાથી મુક્ત હોય. બંનેનો પ્રયત્ન એકબીજા પાસે સારા દેખાવાનો હોય એટલે કોઈનું સાચું સ્વરૂપ પ્રગટ થાય જ નહિ. લગ્ન પછી એ મોહનિદ્રાનો અંત આવે અને વ્યવહાર-જીવન શરૂ થતાં જ બંને વચ્ચે કલેશનાં બીજ વવાય. મોટાં ભાગનાં નવાં લગ્નો કરુણતામાં પરિણમે છે તેનું કારણ આ જ છે.

વિધવાવિવાહનો પણ હું વિરોધી છું. એટલા માટે નહિ કે વિધવા ઇચ્છે તો પણ લગ્ન ન કરી શકે એવો મારો મત છે. હું તો માનું છું કે જે સંયમની પાછળ હૃદયનો સાથ નથી તે સંયમ વ્યભિચાર કરતાં યે ખરાબ છે. હું ઇચ્છું છું કે જે વિધવા ઇચ્છે તે લગ્ન કરે, પરંતુ એવાં લગ્નો વિધુરની સાથે થવાં જોઈએ. આવો જ મત હું વિધુર માટે પણ ધરાવું છું. લગ્નનું માધુર્ય અને લગ્નની મંગલતા તો કૌમાર્યમાં જ છે. કુમાર હમેશાં કુમારીને પસંદ કરે અને કુમારી

મારે—એવો મારો મત છે. આમાં અપવાદો થવાના, પણ એ તરફ ધ્યાન ન આપવું જોઈએ.

પરજ્ઞાતિ, પરપ્રાંત અને પરદેશમાં લગ્નનો વિચાર ન કરવો જોઈએ એમ હું માનું છું તેનું કારણ આટલું જ છે: લગન સમાન પરિસ્થિતિમાં થવાં જોઈએ. તો જ કુટુંબના અને સમાજના ધર્મો સારી રીતે પળાવી શકાય. આમાં પણ કોઈ અપવાદ તરફ ન જોવું જોઈએ.

હવે જે વિચારો વિષે મારે મત આપવો છે તે વિચારોનો મને માત્ર વિરોધ નથી, એને હું અંતઃકરણથી ધિક્કારું છું. એમાં આખા સમાજનું મને પતન દેખાય છે. એ વિચારો છે—પ્રાયોગિક લગન, મુદતી લગ્ન, મુક્ત વ્યવહાર હું બહુ લંબાણ નહિ કરું. એટલું જ કહીશ કે આ માર્ગ માનવીનો નહિ, પશુનો છે. તેઓ વગર સમજ્યે એવું જ કરે છે. માનવીમાં બુદ્ધિ અને નિયમની શક્તિ આવી તે પહેલાં કદાચ એ આમ જ વર્તતો હશે. આજે એટલા બધા પાછળ જવાની જરૂર નથી. મારા મને લગન એ સંયમ માટે છે. જે પ્રથા, વિચાર કે પદ્ધતિમાં સંયમનો વિચાર ન હોય તે વ્યક્તિ અને સમાજ માટે આફતરૂપ છે. આ ત્રણેય વિચારો ભયંકર છે. મારો પુત્ર એ તરફ ઝૂકતો હોય તો મારા દુ:ખને કોઈ સીમા ન રહે. સ્ત્રી–પુરુષ વચ્ચેના આવા સંબંધોમાં પ્રેમ ટકી જ ન શકે. પ્રાયોગિક લગન કરનાર જો નિષ્ફળ જાય તો એનો બીજો ઘડો થવો પણ મુશ્કેલ બને. એવું જ મુદતી લગ્નનું. અને મુક્ત વ્યવહાર એટલે તો બુદ્ધયુક્ત પશુવ્યવહાર. એમાં ન કુદરતી નિયમન, ન ઐચ્છિક નિયમન.

હું તો એ જ મત ઉપર દૃઢ છું કે જૂની લગનપ્રથામાં પુત્ર–પુત્રીની સંમતિનો રિવાજ દાખલ કરી દેવામાં આવે તો તે પૂરતું છે. સૌને માટે એ શ્રેયસ્કર છે. એમાં મોહનું ઘેન નહિ હોય, અસંયમ નહિ રહે. સૌ કોઈ સ્થિર. બુદ્ધિથી જીવનનો ગંભીર પ્રશ્ન ઉકેલી શકશે. આ પ્રથા સર્વત્ર સ્વીકારાય તો કેવું સારું ?

[૫]

સદ્‍ગુણોનું જન્મસ્થાન

વહાલા પુત્ર, લખેલા પાના ઉપર નજર નાખું છું તો એમ લાગે છે કે તને કહેવા જતાં તો હું સૌ કોઈને કહેવા લાગી ગયો છું અને તારો પ્રશ્ન વિચારતાં તો સમાજના ગંભીર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા મારાથી થઈ ગઈ છે. પરંતુ એમ તો લાગે જ છે કે જે લખ્યું છે તે સાચું છે, તને ઉપયોગી છે અને એમાંનું કશું યે એવું નથી લાગતું કે જેના ઉપર મારે છેકો મારવો પડે. મારે જે તને કહેવું છે તે સામાન્ય ચર્ચામાં મેં કહી નાખ્યું છે એટલો જ માત્ર તફાવત છે. હવે આ કાગળ પૂરો કરતાં પહેલાં તને જ ઉદ્દેશીને થોડું કહી દઉં.

લગ્ન વિષેના મારા વિચારો મેં જણાવી દીધા છે. એ ધ્યાનમાં રાખીને તું તારી મૈત્રીઓ કેળવજે. મૈત્રી મૈત્રી માટે જ હોય. મિત્ર પુરુષ હોય કે સ્ત્રી, મનમાં બીજો ભાવ પેદા જ ન થવો જોઈએ. તારા જે યુવક-મિત્રો છે તેની પસંદગીમાં પણ તું ધ્યાન રાખજે. કેવળ સાથે મળી મોજ કરવી તેને મૈત્રી ન કહેવાય. મોઇ તરંગોમાં મશગૂલ રહેવાથી પણ લાંબો વખત મૈત્રી ટકે નહિ. મૈત્રી સેવાની અને કર્તવ્યની ભાવનાથી રંગાયેલી હોય. સામા પક્ષે કેટલો ત્યાગ કર્યો તે જોવા કરતાં આપણે આપણા મિત્ર માટે શું કરી શકીએ તેની સતત કાળજી રાખવી જોઈએ, પણ આપણે મૂર્ખ કે અંધ તો કદી ન બનવું ઘટે. આપણા મિત્રના ગુણ-અવગુણનું આપણને પૂરું ભાન હોવું જોઈએ. એક ભય મને આજની મૈત્રીઓમાં દેખાય છે. મૈત્રી કરવી એ માનવીનો સ્વભાવ છે, એ વિના એને ચાલતું જ નથી. જે લાગણીથી મૈત્રીઓ રચાય છે તે જ લાગણી કુટુંબજીવનના મૂળમાં પડેલી છે. કેટલીક વાર એવું બને છે કે બહારની મૈત્રીઓને પરિણામે

કુટુંબના સબંધો તરફ દુર્લક્ષ કેળવાય છે. દરેક મૈત્રીથી કુટુંબનું વર્તુલ મોટું થવું જોઈએ, તૂટવું ન જોઈએ. તું વિચાર કરીશ તો તને જણાઈ આવશે કે વર્ષો પછી તો મિત્રો છૂટા જ પડે છે કારણ કે સૌનું જુદું કુટુંબ રચાય છે. કુટુંબપ્રેમમાં જરા યે ક્ષતિ ન આવે તેનો તું ખ્યાલ રાખજે.

અને સ્ત્રીમિત્ર—કન્યામિત્ર માટે તું સતત જાગ્રત રહેજે. તું એનાથી સો ગજ દૂર રહે એમ તો હું કહેતો નથી: કહું તો તું માને પણ નહિ, પણ તારા મનની જાગ્રતિ કદી ગુમાવતો નહિ. ' પુરુષ અને સ્ત્રી વચ્ચે અમારે કશો ભેદ નથી ' એવું ઘણા યુવકો બોલે છે, પણ મને તો એમાં દંભ જ લાગે છે. તેઓ સ્ત્રી—મિત્રોની હાજરીમાં જુદા જ દેખાતા હોય છે. માટે તું એવી ભ્રમણા કદી સેવતો નહિ અને મર્યાદાઓનું બરાબર પાલન કરજે. કોઈ પણ પ્રસંગે તારું મન તને ભુલાવામાં ન નાખે તે જોજે. અસ્વસ્થતા કે મંથન જો કોઈ દિવસ પણ અનુભવે તો એ મૈત્રીથી દૂર રહેજે. એ એક પ્રકારની ગૂંગળામણ છે અને એમાંથી છૂટવાનો પ્રયત્ન કરવા જતાં પતનને જ પમાય છે.

કદાચ એ સ્થળે તને લગ્નનો ભાવ પેદા થાય. આવી ભાવના સાથે તો કદી મૈત્રી કરતો જ નહિ, પણ એમ થાય તો દૂર ખસી જઈને વિચાર કરજે. તારા પિતા ઉપર તને વિશ્વાસ હોય તો તારા અંતરની વાત એને કહેજે. ન કહી શકે તો કોઈ મિત્ર તારફત એવા પ્રયાસ કરજે. એ પછી હું મારી આંખે જોઈશ, મારી બુદ્ધિથી વિચારીશ અને મારો સાચો અભિપ્રાય તને આપીશ. મેં સ્વીકારી જ લીધું છે કે લગ્નની બાબતમાં પિતા સલાહકાર છે, માર્ગદર્શક છે. આખરી નિર્ણયની સત્તા તો તારી, લગ્ન ઇચ્છનારની જ છે. તું મર્યાદા કદી ચૂકતો નહિ. કોઈ કન્યાનો એવો પ્રયત્ન હોય તો તેને

પણ તું તારા વર્તનથી અને જરૂર પડે તો વાણીથી પણ ચેતવી દેજે. આ શક્તિ જો તારામાં હશે તો તારા આદર્શો સલામત રહેવાના છે અને તું યશાસ્થાને પહોંચવાનો જ છે એમ ખાતરીથી માનજે. આ બાબતમાં જો તું નબળો રહ્યો તો તારું તમામ હીર ચુસાઇ જવાનું છે. નવા યુગના હું જે ભયસ્થાનો કહું છું તેમાંનું મોટામાં મોટું આ ભયસ્થાન છે.

કેળવણી તું પૂરી કરવા આવ્યો છે, પણ યાદ રાખજે કે આ તો કૉલેજની કેળવણી જ પૂરી થાય છે. દુનિયાની વિશાળ કૉલેજના બારણામાં તો હજી હવે જ તારે પગ મૂકવાનો છે અને એ કેળવણી કદી પૂરી થશે નહિ. શાળામાં જે ખંત અને પરિશ્રમથી તું આગળ રહ્યો છે તે કરતાં ઘણા વધારે ખંત–પરિશ્રમની આ મહાશાળામાં જરૂર પડશે. ઠોકરો પણ તારે ખાવી પડશે, પણ દરેક ઠોકર તને નવું ને નવું જ્ઞાન આપી જશે. આ જ્ઞાન મેળવતાં તું કદી ધરાઇ જતો નહિ અને ઠોકર ખાવાંથી કોઇ દિવસ અટકી પડતો નહિ. તારું જ્ઞાન મેળવવાનું કાર્ય સદાયે ચાલુ જ રાખજે. જેટલી મૂડી આજે તારી પાસે છે તેટલી મૂડી જીવનમાં કોઇ પણ મહાન કાર્ય કરવા માટે પૂરતી નથી. એ મૂડી તારે વાચનથી, અભ્યાસથી, નિરીક્ષણથી, કાર્યથી અને અનુભવથી વધાર્યા જ કરવાની છે. આજની દુનિયામાં લાગવગ બહુ ચાલે છે છતાં વિશ્વાસ રાખજે કે ખોટો રૂપિયો બહુ દુકાને ફરી શકશે નહિ. તારે જો સફળ થવું હોય તો કદી લાગવગના કે ક્યાં ય ઘૂસી જવાનો વિચાર કરતો નહિ. તું તારી યોગ્યતા કેળ-વવાનો જ નિત્ય પ્રયત્ન કરજે. એનો જવાબ અવશ્ય મળશે જ. તું કદાચ નહિ જાણતો હોય – આજે એક બાજુ ભયંકર બેકારી પ્રવર્તે છે અને બીજી બાજુ જવાબદારી સંભાળે એવા માણસો કોઇ ક્ષેત્રમાં મળતા નથી. તારા જીવનમાં યોગ્યતા એ જ બ્રાનમંત્ર બની જવો જોઈએ. એ વિનાનું બધું જ મિથ્યા છે.

મેં અગાઉ તને કહ્યું છે કે અમારી ભૂલમાંથી તારે શીખવાનું છે. આ ભૂલોમાં મહાભૂલ અમારા ચીલે ચાલ્યા જવાના સ્વભાવની છે: તું એમ ન કરતો. દરેક પગલું વિચારપૂર્વક જ ભરજે. તારા પિતાએ તો પ્રભુની કૃપાથી યથાશક્તિ–મતિ એમ કર્યું છે. તું એમાં આગળ વધજે. નવીનતા કેળવજે. જે બાબતમાં હું પાછળ રહી ગયો હોઉં તેમાં તું આગળ પગલાં માંડજે.

મેં તો આજના યુવક–સમાજ ઉપર એક આક્ષેપ એ મૂકયો છે કે જે ભૂલો અમે કરી છે તે જ જરા જુદા સ્વરૂપમાં તેઓ પણ કરી રહ્યા છે. આ ભૂલોમાંની એક તો મેં ઉપર ગણાવી. એ લોકો પણ અમારી પેઠે ચીલે જ ચાલનારા છે. ચીલો એમણે બદલ્યો છે, એટલું જ. વિચારમય જીવનનાં તો મને કોઇક જ સ્થળે દર્શન થાય છે. જો કે મને એમ પણ લાગે છે કે જેનું જીવન સંપૂર્ણ રીતે વિચારમય હોય તે તો મહાત્મા કે પયગંબર બની જાય. પરંતુ સામાન્ય જાગ્રતિ અને સ્વતંત્ર વિચારણા તો સૌ કોઇમાં હોવી જોઇએ. આવું જ રૂઢિ–રિવાજ વિષે મારે કહેવાનું છે. અમે લોકોએ આ બાબતમા અણલખ્યા નિયમો જ ઘડી નાખ્યા છે. તમે પણ એવું કરવાની તૈયારીમા અત્યારે છો. તમે લગ્નના રીતરિવાજોનો વિરોધ કરતાં કરતાં નવા રિવાજો દાખલ કરી રહ્યા છો તેનો તને ખ્યાલ છે ! જમણવારો બંધ કરી તેનું સ્થાન તમે ' પાર્ટી 'ઓને આપ્યું છે. વધાવું અને ચાંદલા બંધ કરી તમે લગ્નની ભેટો આપવા માંડી છે. પુત્રજન્મ વખતે પણ તમે ભેટ આપ્યા વિના રહેતાં નથી. તમારી ' પાર્ટી 'ઓએ તો માઝા મૂકી છે એમ મને તો લાગે છે. તમે અમારા કરતાં દસવીસ ગણા પ્રસંગો એ માટે નક્કી કરી રાખ્યા છે.

કન્યાવિક્રય–વરવિક્રયમાં પણ તમે પછાત નથી રહ્યા. જે સમાજમાં યોગ્ય કુમાર મળવાની મુશ્કેલી છે તે સમાજમાં કેળવાયેલા યુવકો

પણ કન્યાના પિતાને નીચોવવામાં બાકી નથી રાખતા. અમુક સ્થળે એ રકમો ખુલ્લી અપાય છે, અમુક સ્થળે આડકતરી ચૂકવાય છે. આમાં કોઈને શરમ પણ લાગતી નથી. કન્યાના પિતાપક્ષ તરફના વર્તાવમાં જો ફેર પડયો હોય તો એટલો જ પડયો છે કે જ્યાં કન્યા પત્ની બનીને એના પતિને વશ કરી શકી હોય છે ત્યાં યુવકનું વલણ પોતાના માતાપિતા કરતાં કન્યાના માતાપિતા તરફ વિશેષ ઢળેલું રહે છે. સાચો પૂજ્યભાવ તો બંનેમાંથી કોઈને મળતો નથી. પત્ની, પુત્ર, કુટુંબ વગેરે સાથેના વર્તન વિષે તો આ પત્રના અંત ભાગમાં હું કહેવાનો જ છું એટલે અત્યારે મૌન રાખું છું.

ધનવાનો અને ધર્મગુરુઓ તરફ અમે ઝૂકતા રહીએ છીએ એવો અમારા ઉપર આરોપ છે. યુવકો શું કરે છે? તેઓ પણ ધનવંતોને ત્યાં જ સલામો ભરવા જાય છે. ફેર એટલો જ છે કે અમે રૂબરૂમાં અને ખાનગીમાં, બંને વખતે એમના પ્રત્યે સન્માન રાખીએ છીએ અને આજના યુવકો ખાનગીમાં ગાળો ભાંડી જાહેરમાં એમને નમન કરે છે. કારણ કે મૂઠીભર ફકીર જેવા યુવકોને બાદ કરતાં, બીજા બધાંને અમારાં કરતાં વિશેષ ધનની જરૂર પડે છે. એમની જરૂરિયાતો વધી ગઈ છે. સાદાઈમાં અને શ્રમમાં એમને શરમ લાગે છે. પત્નીને શણગારવાની વૃત્તિ જૂના જમાના કરતાં હજારગણી વધી ગઈ છે. કઈ બાબતમાં આજના યુવકોનો મોટો સમૂહ આગળ વધ્યો છે તેનું તો સંશોધન કરવું પડે એમ છે.

પણ લખ્યે પાર આવે એમ નથી. આટલા દાખલાઓ બાકીનું સમજી જવાને બસ થશે. એ ઉપરથી હું તને જે કહેવા માગું છું તે તું સમજી ગયો હશે. હું સતત એવી ઈચ્છા રાખું છું કે મારો પુત્ર સાચા અર્થમાં સુધારક થાય. સમાજમાં જે અનિષ્ટો હોય તેને કદી વશ ન થાય, એટલું જ નહિ, પોતાની શક્તિ પ્રમાણે એનો સામનો કરે. પરંતુ

એ યાદ રાખે કે જેનો એ સામનો કરવા માગે છે તે તેના દુશ્મનો .. રાખજે. તેઓ તો પિતા છે, ભાઈ છે, કાકા છે, મામા છે, લોહીના સંબંધીઓ છે. આ બધાંનો સામનો પૂરા વિચારપૂર્વક અને પૂર્ણ વિનય સાથે થવો જોઈએ. તો જ એની અસર થવાની છે. અને સુધારકનું પોતાનું જીવન સૌને માને ઉપજે એટલું શુદ્ધ સેવામય અને સરળ હોવું જોઈએ. મારા પુત્રે તો જો એની જ્ઞાતિમાં, સમાજમાં, દેશમાં સુધારા દાખલ કરવા હોય તો આ ગુણો એણે મેળવી જ લેવા પડશે. મને એમ લાગ્યું છે કે આ ગુણોનું અને સુધારાનું આરંભસ્થાન આપણું પોતાનું કુટુંબ જ હોવું જોઈએ. હું આમ કહી રહ્યો છું તેથી મારા વિચારો સંકુચિત છે એમ માનતો નહિ. તું પોતે જ કહે કે જો તું વડોદરામાં રહેતો હશે તો તારી પ્રવૃત્તિનો આરંભ ત્યાં જ કરશે કે નહિ ? આખા ગુજરાતમાં જળપ્રલય થાય ત્યારે સેવકોની એ ફરજ નથી કે પોતે જ્યાં હોય ત્યાંથી જ કાર્યનો આરંભ કરે ?

રખે, તું મને સમજવામાં ભૂલ કરતો. કુટુંબની સેવામાં જ રચ્યા-પચ્યા રહેવું અને ત્યાં જ અટકી જવું એમ કહેવાનો મારો આશય નથી. જેમ દરેક ઉપદેશનો આરંભ પોતાની જાતથી થવો જોઈએ તેમ જ સેવાનો આરંભ પણ પોતાની અસંત નિકટમાં જે હોય તેનાથી જ થવો જોઈએ. વિનય વિના આ સેવા બની શકે ? વિવેકબુદ્ધિ કેળવ્યા વિના કદી એમ ખબર પડી શકે કે શું કરવું અને શું ન કરવું ? એ જ રીતે આજ્ઞાપાલનનો સ્વભાવ ન કેળવ્યો હોય તો કુટુંબમાં કોઈ ઉપર અસર પાડી શકાય ? જે જાતે પોતાના વડીલની આજ્ઞા માને તે જ બીજા પાસેથી એવી અપેક્ષા રાખી શકે ને ? આ આજ્ઞા કોઈ લશ્કરી સેનાપતિ કે શેઠની આજ્ઞા ન હોય, આ તો પ્રેમની ઇચ્છા માત્ર હોય. આવું આજ્ઞાપાલન ચારિત્ર્યની કેળવણીમાં ખૂબ મદદગાર થાય.

પણ ત્યાગભાવના વિના તો બધું જ નકામું. જે કુટુંબમાં, જે મિત્રમંડળમાં, જે સંસ્થામાં વ્યક્તિઓ 'આપવાનો' નહિ પણ 'લેવાનો'

ઇરાદો રાખે તે લાંબો વખત ટકી શકે નહિ. અને જેટલો સમય એ કુટુંબ, એ મંડળ કે એ સંસ્થા ટકેલી દેખાય તેટલો સમય પણ ક્લેશ, કલહ અને સ્વાર્થબાજીનો જ ત્યાં પરિચય મળે. તું જો કુટુંબમાં સફળ થવા ઇચ્છતો હો તો ત્યાં તારે આપવાની, માત્ર આપવાની વૃત્તિ જ કેળવવી પડશે. જરા આગળ વધીને કહું તો તારી બા જેમ સૌને જમાડયા પછી જમે છે અને ઉંઘાડયા પછી ઊંઘે છે એવું જ તારે કરવું પડશે. કોઇ સંસ્થામાં તું દાખલ થા તો ત્યાં પણ તારી બાને યાદ કરજે. એ અલ્પશિક્ષિત પાસેથી તારે અને મારે ઘણું શીખવાનું છે.

મારો પુત્ર આદર્શ યુવક થવાનો છે એમ માનીને જ હું બધું લખી રહ્યો છું. મારી માન્યતાને શું તુ ખોટી પાડશે?

[૬]

છેલ્લાં વચનો

મારા લાંબા પત્રનો આ અંતભાગ છે. આટલું કહ્યા પછી પણ જે કાંઇ મનમાં રહી ગયું છે તે હવે કહી દેવા માગું છું. ટૂંકમાં કહીશ, પણ તને સમજવામાં જરાયે મુશ્કેલી ન આવે તે માટે સ્પષ્ટ રીતે જ કહીશ.

ફરીને લગ્ન વિષે બે શબ્દ કહી લઉં. તારા જીવનસાથીની શોધ ગમે તે વ્યક્તિ કરે પરંતુ તેનો આખરી નિર્ણય તારે જ કરવાનો છે એટલે પસંદગી કરવામાં તારે શાનું ધ્યાન રાખવું જોઇએ તે હું જણાવી દઉં. આજના યુવકો રૂપ, બાહ્ય ટાપટીપ, શિક્ષણ, ધન વગેરે ઉપર મુખ્ય ધ્યાન આપે છે. મારે એમાંની એકે ય વસ્તુનો વિરોધ નથી. તું રૂપ

ઉપર અવશ્ય ધ્યાન આપજે, પણ તારા રૂપને પણ લક્ષમાં રાખજે. જેને જોતાં જ તારું મન પાછું પડે તેવી પસંદગી કરતો નહિ. બાહ્ય ટાપટીપની મર્યાદા નક્કી કરી રાખજે. અંતરના અવગુણોને શરીરના અનારોગ્યને ઢાંકનારી ટાપટીપથી સાવચેત રહેજે. સુઘડતા અને સાદાઈમાં સૌંદર્યનું દર્શન વધુ સહેલાઈથી થઈ શકશે. શિક્ષણને જરૂર મહત્વ આપજે, પણ સંસ્કારનું અને સાદી સમજનું મહત્વ એ કરતાં વિશેષ છે તે લક્ષમાં રાખજે. ધનને બહુ મહત્વ આપતો નહિ. કન્યા જો ધનને મહત્વ આપે તો સમજી શકાય, તારે તો કન્યાના માતાપિતાના ધન તરફ દૃષ્ટિ પણ ન કરવી જોઈએ, જો કરીશ તો કન્યાને ઓળખવામાં તારી ભૂલ થઈ જશે.

લગ્નનો નિર્ણય કરતાં પહેલાં બીજા કેટલાક વિચારો તારે કરી લેવાના છે. પ્રથમ તો લગ્ન તું શા માટે કરે છે તે તારે જાણી લેવું. એમ આવો વિચાર કર્યો નહોતો, પણ કરવો જોઈએ એમ મને લાગે છે. સાથે એ પણ વિચારી લેવું કે લગ્ન પછી અને જીવનભર કુટુંબ સાથે તું કેવા સંબંધો ઇચ્છે છે. ઉપરાંત, જીવન વિષેના તારા આદર્શોનો પણ તારે ખ્યાલ કરી લેવો જોઈએ આ બધું તું વિચારતો જ હશે એમ હું ધારું છું. છતાં મને થાય છે કે મારે તો તને કહી જ દેવું જોઈએ. લગ્ન જે હેતુથી કરતો હો તેની સિદ્ધિ મળે એવા પાત્રને જ પસંદગી આપજે. કુટુંબ–સંબંધો તારે જાળવવા હોય તો જે કન્યામાં કુટુંબપ્રેમ, સેવાવૃત્તિ, આજ્ઞાપરાયણતા વગેરે ગુણો હોય તેને જ તારે પસંદગી આપવી પડશે. તારા જીવનનો આદર્શ એટલા માટે નક્કી કરવાનો છે કે એથી વિરુદ્ધ સંસ્કારો ધરાવતી કન્યા તું પસંદ ન કરી લે. તું સાદાઈ ઇચ્છે અને એ શોખ ઇચ્છે; તું સંયમ ઇચ્છે અને એ વિલાસ ઇચ્છે; તું વિશાળ કુટુંબને પસંદ કરે અને એ 'બંને'માં જ આખા જગતનો સમાવેશ ન કરી લે તે તારે જોવું પડશે.

અને લગ્ન પછી તું ગૃહસ્થ બને છે તેનો યે ખ્યાલ રાખજે. ગૃહસ્થ

બનતાં પહેલાં ઘરનો ભાર ઉપાડવાની આર્થિક, વ્યવહારિક અને માનસિક તૈયારીઓ તારે કરી લેવી જોઈએ. આ બાબતોને જરા યે ઓછું મહત્ત્વ આપતો નહિ. નિત્યના જીવનમાં ડગલે ને પગલે આ પ્રશ્નો ઊભા થવાના છે. એની પૂર્ણ તૈયારી પછી જ તું લગ્ન માટે તૈયાર થજે. મને એવી હોંશ છે કે તું જલદી લગ્ન કર, સુખી થા, મારો અને તારી બાનો બોજો ઉતાર; પણ એ માટે હું મુદ્દલ ઉતાવળ કરવાનો નથી. તારી ના હશે ત્યાં સુધી એ દિશામાં હું કશો પ્રયત્ન જ કરવાનો નથી.

પણ એક વાત તારે સમજી લેવી જોઈએ. જો પરણવું જ છે અને આ જગતમાં કરોડો માણસો તો પરણે જ છે તો તે અંગેના તારા વિચારો મને જણાવજે. મેં ઉપર કહ્યું તેમ કુટુંબ વિષે અને જીવન વિષે તું જે વિચારો ધરાવતો હોય તે અને કેવી કન્યા તરફ તારું હૃદય ઢળે તે મને સ્પષ્ટ રીતે જણાવજે. મારી અવલોકનશક્તિ અને વ્યવહાર-બુદ્ધિથી જેટલું જાણી શકાય તેટલું તો મેં જાણી લીધું છે છતાં તારો સ્પષ્ટ મત મારી પાસે હોય તો મને કન્યા શોધવામાં સરળતા થાય. હું ધારું છું કે તું પણ મારી આ વાત સ્વીકારશે. મારા પોતાના વિચારો તો મેં તને જણાવી જ દીધા છે.

આ અંગે એક મહત્વની વાત હું તને કહી દઉં. તું જેવી ઇચ્છશે એવી જ કન્યા કદાચ નહિ મળે. તું સમજી શકશે કે આ જગતની રચના અને પ્રકૃતિ આપણી ઇચ્છા પ્રમાણેનાં નથી. એટલે તારે આ પ્રશ્નમાં કદાચ સમાધાન પણ કરવું પડશે. તારે કન્યાને જોવામાં કે પરિચય કેળવવામાં વિશેષ ધ્યાન એટલું રાખવું કે તું જેવી ઇચ્છે છે તેવી કન્યા જો નથી તો થોડા પ્રયત્ને તું એને એવી કરી શકશે કે નહિ. જો એમ લાગે કે તું ઇચ્છે છે તે ગુણોના બીજ પણ એનામાં નથી તો એવી પસંદગી કરતો નહિ, પણ બીજ હોય તો મન સાથે એને ખીલવવાનો દૃઢ નિશ્ચય કરી લેજે અને લગ્ન કબૂલ કરજે.

લગ્ન વખતે અર્થહીન સુધારાઓ કૃપા કરી સૂચવતો નહિ. જે સુધારામાં સાહાર્દ હોય, સંયમ હોય તે સૂચવજે. જ્યાં સિદ્ધાંતનો સવાલ ન હોય ત્યાં અમારી લાગણીને માન આપજે. કેવળ ફેશન ખાતર, ક્રાંતિકારી દેખાવા ખાતર કશું કરતો નહિ.

અને લગ્ન પછી? આ પ્રશ્ન વિશાળ છે. એનો જવાબ મારે અતિશય ટૂંકમાં આપવો છે. તારી પત્નીને મિત્ર માનજે, સાથી માનજે, સમાન માનજે. તને, આધુનિક જુવાનને હું વનમા પ્રવેશતો પિતા આ શું લખી રહ્યો છું, એમ તને લાગશે. પણ હું સાચું લખું છું. અમે આવુ કશુ ન માનતા અને ન સમજતા હોવા છતાં સો ટકા નહિ તો પંચોતેર ટકા એમ વર્તીએ છીએ. બાહ્યરૂપે પતિ જ મુખ્ય દેખાય છે, પરંતુ જૂના ઘરોમાં પત્નીનું સ્થાન પતિ જેટલું જ મહત્ત્વનું હોય છે. તું ક્યાં નથી જાણતો કે તારી બા જે બાબતમાં ઉગ્ર વિરોધ કરે તે કામ હું નથી કરતો! અને એ તો કદી હું નારાજ થાઉં એવો પ્રસંગ પણ આવવા દેતી નથી. સુધારાની જે વાતો કરે છે તે યુવાનો જ મારા મતે સ્ત્રીને વિલાસનું સાધન માને છે. થોડી કહેવાતી સ્વતંત્રતા આપી એનું સર્વસ્વ લૂંટી લે છે. આજની સ્ત્રી ભાગ્યે જ કોઈ બાબતમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, તું તારી પત્ની વિષે એવુ કરતો નહિ.

પણ સાથે એ પણ યાદ રાખજે કે આજના કેટલાયે જુવાનો સ્ત્રીના ગુલામ પણ બની જાય છે. માતાપિતા અને કુટુંબના તેઓ વિરોધી બને છે. સ્ત્રી સિવાય બીજું કશું એમને દેખાતું નથી. અલ્પ સંસ્કારવાળી સ્ત્રી પણ ઘણી વાર આ સ્થિતિના કારણરૂપ હોય છે. બીજી બાજુ કેટલીક માતા અને પુત્રવધૂ વચ્ચે અણબનાવ થતાં પુત્ર માતાનો પક્ષ લઈ માતાના આશ્રયે આવેલી સ્ત્રીને રંજાડે છે. તું આ બંને બાબતમાં ખબરદારી રાખજે. સતત એવો પ્રયાસ કરજે કે

જેથી કુટુંબમાં પ્રેમ અને સહનશીલતા કેળવાય. તારી પત્ની અને તારી માતા વચ્ચે કે ભાઈબહેનો અને તારી પત્ની વચ્ચે કદી અણબનાવ થવો જ ન જોઈએ. અમારા પક્ષે અમે સંભાળશું, તારા પક્ષે તું સંભાળજે. સંસારનું સુખ સર્વના પ્રયત્નોથી જ ટકી રહે છે અને વૃદ્ધિ પામે છે.

તારી પત્ની અને તું કેમ રહેશો, કેમ વર્તશો તે પણ અગત્યનો પ્રશ્ન છે. મારી એક જ માગણી છે, તમે વિનય ન છોડજો. મર્યાદા ન છોડજો, સેવા ન છોડજો. આટલું કરશો તો તમારા ગમે તે સુધારાને અમે પસંદ નહિ કરતા હોઈએ તો યે હસતે મુખે સાંખી શકીશું. પરંતુ વિનય, મર્યાદા ને સેવા જે દિવસે તમારા હૃદયમાંથી ચાલ્યા જાય તે દિવસે અમે અશક્ત, વૃદ્ધ અને તમારે આધીન જ હોઈએ તો પણ અમને છોડીને તમે જતા રહેજો. પરમ કૃપાળુ પરમાત્મા અમારી સંભાળ રાખી લેશે. અમારી આંખ સામે અવિનય અને અમર્યાદા અમે જોઈ શકીશું નહિ. એવી શરમ અને અપમાનભરી સ્થિતિમાં હે પુત્ર! તું અમને કદી મૂકતો નહિ,

જેવું અમારા વિષે તેવું જ અમને જે વહાલું છે તે તમામના વિષે અમે ઇચ્છીએ છીએ. આપણાં સગાં–વહાલાંને પણ તું સાચવજે. કુટુંબનો જ એ વિસ્તાર છે. એમનું માન રાખવાનું પણ તું ચૂકતો નહિ. એ જ રીતે જે ધર્મ અને જે સંપ્રદાયમાં અમે છીએ તે તરફ તને અશ્રદ્ધા હોય તો યે અમને આઘાત થાય તે રીતે તારી અશ્રદ્ધા વ્યક્ત કરતો નહિ. અમે તારા આશ્રયે આવી પડીએ ત્યારે પણ અમને તો અમારા ધર્મધ્યાનમાં મશગૂલ રહેવા દેજે. એ માટે જોઈતી સગવડો કરી આપવાનો તારો ધર્મ પણ તું ચૂકતો નહિ. જે સ્વતંત્ર વિચારણાની અપેક્ષા તું તારી જુવાનીમાં રાખે છે તે અમને વૃદ્ધાવસ્થામાં તું અવશ્ય આપજે.

તારા નાનાં ભાઈબહેનોને કદી ભૂલતો નહિ. અમારા પછી તો તું જ તેઓનો વડીલ છે. તું તેઓ પ્રત્યે પ્રેમ અને સંભાળ રાખશે તો તેઓ તને સેવા આપ્યા વિના રહેશે નહિ. એમના સત્ય વિચારોનું તારે બહુમાન કરવાનું છે. અમે ન હોઈએ ત્યારે એમને કશીયે મૂંઝવણ આવવા દેતો નહિ. એમની ઇચ્છાઓ તને ન રુચતી હોય તો યે જો એ ધર્મ્ય હોય તો જરૂર પૂરી કરજે. એમને એમના માર્ગે જવામાં સરળતા કરી આપજે.

હવે એક છેલ્લી વાત કહીને પત્ર પૂરો કરું. તું જાણે છે કે તારો જન્મ નહોતો થયો ત્યારથી અમે વધુમાં વધુ ચિંતા તારા શરીરની, તારા આરોગ્યની કરી છે. તારી માતાએ તને ઉછેરવા માટે જે દુઃખો વેઠ્યાં છે તેનું વર્ણન થઈ શકે એમ નથી. એ બધું તને જીવન અને જોમ આપવા માટે જ એણે સહન કર્યું છે. હું જોઈ રહ્યો છું કે નવી પેઢી આ બાબતમાં બેદરકાર છે. શરીરો તૂટતાં જાય છે. શ્રમ કરવાની શક્તિ રહી જ નથી. નવી પ્રજા જે ઉત્પન્ન થાય છે તે અત્યંત કંગાળ દેખાય છે. આ સ્થિતિ તારી ન થાય, કોઈની ન થાય એ મારી મોટામાં મોટી ઇચ્છા છે. ખાતરીથી માનજે કે આરોગ્ય વિના બધું જ મિથ્યા છે. સંસારનું કે સેવાનું સુખ રોગિષ્ટ શરીરથી કદી લઈ શકાશે નહિ. કમજોર માતાપિતાની સંતતિ એ કરતાં યે કમજોર થશે. કમજોરી, નિર્બળતા, રોગ, એ પાપ છે. એ પાપનો નાશ કરજે. એ વારસામાં તો કદી ઉતારતો જ નહિ. જેટલું ધ્યાન બૌદ્ધિક વિકાસ માટે આજના યુવકો આપે છે તેના દસમાં ભાગનું ધ્યાન શરીરવિકાસ માટે આપે તો નવી પ્રજાની આખી સૂરત બદલાઈ જાય. યાદ રાખજે કે માનવ એને જ કહી શકાય, જેણે શરીર, મન-બુદ્ધિ અને આત્માનો એક સાથે અને એક સરખો જ વિકાસ સાધ્યો હોય. એકાંગી વિકાસ સાધવાથી જીવનની ઉન્નતિ કદી થતી નથી. માટે તું આહાર-વિહારનો સંયમ કેળવજે. શ્રમ કરવાનું

છોડતો નહિ. વ્યાયામને વળગી રહેજે.

મારું કહેવાનું પૂરું થયું. જે બાકી રહ્યું તે તું જ પૂરી લેજે. તું મારો પુત્ર છે. તું મને ઓળખે છે, હું તને ઓળખું છું. આપણી વચ્ચે વિરોધ નથી. તારામાં હું મને જ જોઉં છું, મારી શુભ ઇચ્છાઓને તારા દ્વારા જ હું પૂર્ણ કરવા માગું છું. તું એ પૂર્ણ કરજે અને સુખી થજે. મારા અને તારી બાના આ પત્ર સાથે જ તને અનંત આશીર્વાદ છે. તારું નવું વર્ષ કલ્યાણકારી હો. તારો માર્ગ નિષ્કંટક હો, તારો પુરુષાર્થ સદા યે જીવંત હો.

લિ. ...... ના

શુભાશિષ.

માતુશ્રી

★

[૧]

મહત્તા અને—
જવાબદારી



પૂજ્ય માતુશ્રી,

મારી ઓળખાણ આપ્યા વિના જ આ પત્ર હું તમને લખું છું. મને તમે તમારો પુત્ર કે તમારી પુત્રી, ગમે તે સમજી શકો છો. એક વાત નિશ્ચિતરૂપે માનજો કે મારા અંતરમાં તમારા પ્રત્યે નિર્મળ પૂજ્યભાવ છે અને તેથી તમારા ચરણમાં વંદના કરીને જ હું આગળ વધવા ઇચ્છું છું.

આ સળગતા સંસારમાં માતૃત્વની તોલે આવે એવી સુમધુર શીતળતા મને તો ક્યાં ય દેખાતી નથી. મને લાગે છે કે, માતા એ ઘરનું, કુટુંબનું, સંસારનું પૂર્ણવિરામ છે; એથી આગળ કશું યે નથી. જગતભરના સંતોએ જે સદ્‌ગુણોને માનવજીવનમાં સૌથી મહાન ગણ્યા છે તે બધા જ એક સાથે સુયોગ્ય રીતે ક્યાંયે નજરે પડતા હોય તો હે માનવજનની! એ તારામાં જ છે. તારા ચરણમાં મારા કોટિ કોટિ પ્રણામ છે.

તારા વિચારથી, કલ્પનાથી, દર્શનથી હું કૃતકૃત્ય થાઉં છું. તું જ્યારે તારા બાળકને ઉદરમાં રાખીને પોષતી હોય છે ત્યારે તારા મુખ ઉપર જે આનંદની ઝલક દેખાય છે તે મને આ સચરાચર પૃથ્વીમાં ક્યાંયે જોવા મળતી નથી. અને જ્યારે તારો લાલ કે તારી લક્ષ્મી ખોળામાં આવીને રમવા લાગે છે ત્યારે તો સમગ્ર વિશ્વની મહારાણી કરતાં યે તું મને મહાન જણાય છે. સંતો કહે છે કે ત્યાગની મહત્તા એની પાછળ રહેલા અપૂર્વ આનંદમાં છે. તારો ત્યાગ તને કેટલું સુખ અને કેટલો આનંદ આપે છે!

પરંતુ એક અફસોસ મારા અંતરને નિશદિન કોરી ખાય છે તે તને જણાવી દઉં. મને એમ લાગે છે કે તારી આ મહત્તા હમણાં હમણાં ભૂંસાવા લાગી છે. ત્યાગમાં ત્યાગ રહ્યો છે પણ આનંદની માત્રા ઘટતી જાય છે. પુત્ર-પુત્રી ઉપર પ્રેમની વર્ષા હજી યે તું વર્ષાવે છે છતાં વર્ષાના વાદળમાંથી નિર્મળ નીર ખૂટી રહ્યાં હોય એવું લાગે છે. સાથે સાથે એમ પણ લાગે છે કે તું તને પોતાને જ ભૂલી ગઈ છે. તારી મહત્તાનો જેમ તને ખ્યાલ નથી તેમ તારા ધર્મો અને જવાબદારીઓ વિષે પણ તું વધુ ને વધુ પ્રકાશમાં જવાને બદલે અંધકારમાં જઈ રહી છે. જેના ઉપર તું પ્રેમ કરે છે તેને તું હવે પ્રાણશક્તિ નથી આપી શકતી. પ્રેરણાનું તારું દિવ્ય ઝરણું ક્યાંક રૂંધાઈ ગયું લાગે છે.

અને એટલે જ આ પત્ર હું લખું છું. તારા પ્રત્યે અનહદ ભક્તિ અને પ્રેમ ન હોત તો આ પત્ર લખવાની મને ઇચ્છા જ ન થાત. હું તને તારા સ્થાનનો ખ્યાલ આપવા માગું છું. એટલા માટે નહિ કે મારો એ અધિકાર છે અથવા તો હું મને તારાથી મહાન સમજું છું, પરંતુ એટલા માટે કે તારા ઉપર જ મારો, સમસ્ત સંસારનો, જગતના વર્તમાન અને ભવિષ્યનો આધાર છે. તું જો સુકાઈ જશે તો આ જગતમાં તૃષા છિપાવનારું કોઈ રહેશે જ નહિ. તારું આસન ચલિત થતાં અમે સૌ ચલિત થઈશું અને ફરીને ધૂળમાં રગદોળાઈ જઈશું.

તું નહિ માને, પરંતુ હું વિશ્વાસ આપીને કહેવા ઇચ્છું છું કે તારા વિના આ જગતમાં બધું મિથ્યા છે, શૂન્ય છે, અંધકારરૂપ છે. જગતના અવતારીઓ પણ એટલે જ તારી પૂજા કરે છે અને તારી મહત્તા ગાય છે.

રખે માનતી, હું આ ખુશામત કરું છું અથવા લખવાની ધૂનમાં કવિતાના અલંકારો તને પહેરાવી રહ્યો છું ! હું જે લખું છું તે અક્ષરે અક્ષર સત્ય છે. મારા સત્યની તારે જો વ્યવહારિક પ્રતીતિ જોઈતી હોય તો તે પણ હું આપી શકું એમ છું. તારી મહત્તાનો ખ્યાલ કાવ્ય કે ભાવનાની વાણીમાં નહિ પણ નિત્યજીવનના શુષ્ક વ્યવહારની ભાષામાં પણ હું તને જણાવી શકું છું. વધુમા એ પણ કહી દઉં કે આ અતિશય લાંબા પત્રમાં હવે પછી હું જે કાંઈ લખવાનો છું તેમાં મારા અંતરની સાચી સ્થિતિનો તને પરિચય થઈ જશે. તું જો સ્થિરતા ગુમાવશે તો કદાચ એમ પણ માની બેસશે કે આરંભમાં પ્રશંસાના ફૂલો વેરીને છેવટ તો મેં આ પત્રમાં કાંટા જ પાથર્યા છે.

પરંતુ હે જગજ્જનની ! એમ માનીશ નહિ. આ પત્રમાં જે જે લખું છું તે અંતરની ભક્તિથી સુવાસિત થયેલું છે, છતાં એ ભક્તિ આંધળી નથી. એ ભક્તિ વિવેક અને જ્ઞાનયુક્ત છે. દેવમંદિરમાં જેમ દીપક ઝળહળે છે તેવું જ અત્યારે મારા હૃદયમાં છે. જે કંઈ લખું છું તે અજવાળે બેસીને લખું છું. તારી મહત્તા ગાઉં છું તે પણ જ્ઞાનના પ્રકાશમાં જ અને તું તારા સ્થાનેથી ક્યારે ક્યારે ચલિત થાય છે તે બતાવીશ પણ એવા જ અજવાળામાં. અંધારું મને પ્રિય નથી, તને પણ એ કદી યે પ્રિય ન હજો.

સૌથી પહેલાં તારી મહત્તાનું તને વ્યવહારદર્શન કરાવું. તું શિક્ષિત હો કે અશિક્ષિત, સુંદર હો કે કદરૂપ, નિરોગી હો કે રોગિષ્ટ, સંસ્કારી હો કે અસંસ્કારી પરંતુ આખું જગત તારી જ ગોદમાં રમે છે એ વિધાનમાં કશી અતિશયોક્તિ છે ? માતા અને પિતા, પુરુષ અને સ્ત્રી આ જગતના સર્જક છે. છતાં માતાનું સ્થાન અપૂર્વ અને મહાન છે

એની તું ના પાડશે ? તું જ નવ નવ મહિના સુધી તારા ઉદરમાં અમને ધારે છે. તારું જે સારસર્વસ્વ છે તેનું અમે પોષણ મેળવીએ છીએ. તું જો ગાફેલ બને તો અમારું મૃત્યુ થાય છે. તું જો 'ત્યાગ અને પ્રેમનો સ્વભાવ વીસરી જાય તો યે અમે જીવી શકીએ નહિ. પ્રખર તપસ્વિની પેઠે એ નવ માસ સુધી તું સાધના કરે છે ત્યારે અમે જન્મ પામી શકીએ છીએ. પ્રસવકાળનું અવર્ણનીય કષ્ટ સહન કર્યા વિના તો અમારો જન્મ પણ અશક્ય બની જાય.

અને આ બધો કાળ તું અમારી કાયાનું સર્જન જ નથી કરતી; અમારા પ્રાણ, મન, બુદ્ધિ સર્વને પોષે છે. અમે તારા ખોળામાં આવીએ છીએ ત્યારે તારું પોષણકાર્ય એથી યે આગળ વધે છે. તારું તપ તો કદી પૂરું થતું જ નથી. 'સાધના જ તારું જીવન, સિદ્ધિ તો તારી કલ્પનામાં જ, આશાના દૂર દૂરના ચમકારાની પેઠે રહે છે. તારું દૂધ અમે પીએ છીએ અને તારા સંસ્કારોને અમે ઝીલીએ છીએ. તું જાણે છે કે આખું જગત જેને પૂજે છે તે રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઇસુ, મહંમદ બધા તારા જ ખોળામાં રમ્યા છે અને જગતના પરાક્રમી સેનાપતિઓને પણ તેં જ દૂધ પાયું છે. આ મહત્તા શું ઓછી છે ? હવે તું સ્વીકારશે કે તારા ઉપર જ જગતના ભૂત, વર્તમાન અને ભાવિનો આધાર છે ?

'અને તેથી જ કહું છું કે જેવી તારી મહત્તા છે તેવી જ જબરદસ્ત તારી જવાબદારી છે. તારા બાળકને માટે તું જે કરે છે તે આ પૃથ્વી ઉપર બીજું કોણ કરી શકવાનું છે ? પ્રેમ વિના પરિશ્રમ ક્યાંથી થાય ? પરિશ્રમનો આનંદ ક્યાંથી પ્રગટે ? છતાં આ જગતમાં આજે પ્રેમનો જ કેમ અભાવ છે ? તું તો માનવને પોષે છે 'છતાં માનવો એકબીજાને ખાઈ જવાનો કેમ પ્રયત્ન કરે છે ? તું તારું લોહી આપી અમને ઉછેરે છે. અમે થોડાં વર્ષો જીવવા માટે કેમ બીજાનું લોહી ચૂસવાનું કાર્ય કરીએ છીએ ? જો પ્રેમમાંથી અમારો જન્મ થયો છે અને પ્રેમમાં જ

અમે પોષાયા છીએ તો અમારામાં આ ઈર્ષા, હરીફાઈ, રોષ, લોલુપતા, સ્વાર્થ વગેરે કયાંથી પ્રગટી નીકળ્યાં?

આ પ્રશ્નોનો હું વિચાર કરું છું અને તને પણ વિચાર કરવાની મારી પ્રાર્થના છે. તું એટલું તો સ્વીકારશે જ કે જો મૂળ રૂપે જ આ દુર્ગુણો અથવા કહો કે ઝેરનાં બીજ અમારામાં ન હોત તો આજે જે સ્થિતિ દેખાય છે તે ન જ હોત. જો પ્રેમમૂર્તિ ગાંધીની જનની તું છે તો શું સંહારમૂર્તિ હિટલરની માતા તું નથી? ગાંધી કે હિટલરનું સર્જન કોણે કર્યું? પ્યારી માતા! એમ ન માનીશ કે આ બધા અકસ્માતો છે અથવા એમ પણ મનને ન મનાવીશ કે પૂર્વજન્મના જ બધા પ્રતાપ છે.

તો શું તારા જ માથે આજના પાપોની સઘળી જવાબદારી છે? ના એમ તો નથી. જેમ આજે જે કાંઈ શુભ દેખાય છે તેનું એક માત્ર કારણ તું નથી, પરંતુ તેનો યશ તારે ફાળે પણ જાય છે તેવું જ સર્વ અશુભનું છે. વ્યક્તિના અને સમૂહના સર્જનમાં જગતનાં બળાબળો પોતાનો ભાગ ભજવે જ છે. પરંતુ તને એક વ્યક્તિ તરીકે નહિ, પરંતુ જગતજનની તરીકે, જગતની સર્વ માતાઓ તરીકે હું સંબોધું છું ત્યારે તારી જવાબદારી બહુ વધી જાય છે. જગતમાં કોણ પોતાની જવાબદારી અદા કરે છે અને કોણ નથી કરતું તે તરફ ખાસ લક્ષ આપ્યા વિના જો વ્યક્તિ તરીકે તું તારી જવાબદારી અદા કરશે તો ખચિત માનજે કે જગતનાં પાપ એટલા ઓછાં થશે અને પુણ્યની માત્રા એટલી વધશે. તેં જોયું છે કે ગાંધી પણ એક માતાનો જ પુત્ર છે તું કેમ એવા ગાંધીની માતા ન બને?

હવે તું જોઈ શકી હશે કે તારી જવાબદારી કેટલી મહાન છે. તું વ્યક્તિરૂપે આજે જ નિશ્ચય કરે તો તારા બાળકને, તારા કુટુંબને સદ્‌ગુણોથી સુવાસિત કરી શકે અને જો સમષ્ટિરૂપે નિશ્ચય કરે તો જગતમાં મહાન પરિવર્તન નિપજાવી શકે. હું કહું છું કે વ્યક્તિ તરીકે

જ તું વિચાર કરજે. એક વખત તારા પોતાના બાળક ઉપર નજર કરીને જોજે કે એનામાં દૈવ અને દાનવના, માનવ અને પશુના, પ્રેમ અને દ્વેષના જે જે સંસ્કારો દેખાય છે તેમાં તારો કેટલો મોટો હિસ્સો છે ? એ જોતાં તને ખાતરી થઈ જશે કે જગતના આખરી કલ્યાણનો આધાર માતાઓ ઉપર જ છે. જો આ વાત તને સાચી લાગતી હોય તો તારે ગંભીરપણે તારા જીવન ઉપર વિચારવાનું છે એમ તું સ્વીકારશે જ એવી મને આશા છે.

તું જોઈ શકી હશે કે તારું જ આરોગ્ય તારા બાળકમાં ઊતરે છે. તારું જ ચારિત્ર્ય બાળકની પ્રકૃતિમાં પ્રવેશે છે. તારા જ સંસ્કારોથી એનું મન ઘડાય છે અને તારું જ સર્વસ્વ બીજું રૂપ લઈ ને બાળકમાં આવે છે. આજે જો તું તારા પુત્ર કે પુત્રી સામે કંઈ યે ફરિયાદ કરતી હો તો તે પહેલાં તારા પોતાના દોષનો વિચાર કરજે. એનાં સદ્‌ગુણોથી આનંદ પામતી હો તો એ માટે સાત્ત્વિક પ્રકારનો આત્મસંતોષ પણ તું લેજે.

અને આટલેથી વાત અટકતી નથી. જે તારાં બાળકો છે તેને ત્યાં પણ બાળકો જન્મવાના છે. તારા સંસ્કારો કેટલે દૂર સુધી પહોંચશે ! તારા માતાપિતાએ તને જે આપ્યું તે જ જો તારા બાળકને તું આપીશ તો એ પણ એમ જ કરશે ને? એટલે 'મને સંસ્કાર નથી મળ્યા, શિક્ષણ નથી મળ્યું' એમ કહીને તારી એકે ય ઊણપનો બચાવ ન કરીશ. પશુમાં અને મનુષ્યમાં તફાવત જ એ છે કે પશુ જેવું છે તેવું રહે છે, સ્વભાવને જ વશ વર્તે છે; જ્યારે માનવી વિકાસ સાધે છે અને સ્વભાવને સંસ્કારે છે. આપણે આશા રાખીએ કે તારા પુત્રો અને પુત્રીઓ કલ્યાણના માર્ગે તારાથી યે આગળ વધે. પરંતુ કોઈના પ્રત્યે આશા રાખવાનો અધિકાર એમને જ પ્રાપ્ત થાય છે, જે પોતાનો ધર્મ સૌથી પહેલાં બજાવે છે. તું તારો ધર્મ જો બજાવશે તો તારી તમામ આશાઓ અવશ્ય ફળીભૂત થવાની છે.

તું માતા છે; ફરીને કહું છું કે જગત તારા ખોળામાં રમ્યું છે, રમે છે અને રમશે. તું એને જે પ્રેમ આપે છે તેમાં વિવેકનાં અજવાળાંને મેળવી દે. તું જે ત્યાગ કરે છે તેમાં પણ જ્ઞાનનો પ્રકાશ પાથરી દે. તારી જે તપ-સાધના છે તેને તારા અને બાળકના સમગ્ર જીવનમાં જીવનની એકેએક ક્રિયામાં મેળવી દે. મોહનો અંધકાર તારા અંતરને ઘેરી ન લે તે માટે સદાયે સાવધ રહે.

[૨]

માતા થતાં પહેલાં અને પછી

હવે તો હું માનું છું કે તમારી મહત્તા અને જવાબદારી વિષે મુદ્દલ સંદેહ નહિ રહ્યો હોય. આટલું લખતાં યાદ આવે છે કે હું 'તમને' અને 'તને' એમ બંને સંબોધનો વાપરું છું. ખરું કહું તો એ વિષે મેં ધ્યાન જ રાખ્યું નથી. જે અંતરમાં આવે છે તે લખી નાખું છું. માતાને 'તું' કહેવામાં પ્રેમ અને ભક્તિ છે. 'તમે' કહેવામાં વિનય અને પૂજ્યભાવ છે. લાગણીનું તત્ત્વ તો બંનેમાં એકસરખું જ છે.

તમારી મહત્તા તો મેં ગાઈ સંભળાવી છે. એનું વિશેષ વર્ણન હજી યે કરી શકું એમ છું. પરંતુ એમ કરવા કરતાં તમારી જવાબદારીઓ તરફ જ તમારું ધ્યાન ખેંચીશ તો વધુ સારું ગણાશે એમ માનું છું. જેની જવાબદારીઓ મોટી હોય છે તેની મહત્તા વિષે કશું કહેવાનું હોય જ નહિ. આ જવાબદારી જો તમે અદા કરશો તો તમારી મહત્તા સમસ્ત સંસારને મહાન બનાવશે.

તમે એક સ્ત્રી છો : કન્યા રૂપે, ભગિની રૂપે, પત્નિ રૂપે, માતા રૂપે; પરંતુ તમારું આખરી અને પૂર્ણ રૂપ તો માતાનું જ છે એટલે આજે તમે ગમે તે સ્થિતિમાં હો, ભલે તમારા ખોળામાં બાળક રમતું ન હોય કે ભલે લગ્નજીવનમાં તમે પગલું પણ ન મૂક્યું હોય પરંતુ તમે જો એક દિવસ કોઈ લાલ કે લક્ષ્મીને જન્મ આપવાનાં જ છો તો એ વિષે આવશ્યક ગણાય એટલું જ્ઞાન તમારે આજે મેળવી જ લેવું જોઈએ.

અને તમે એક કે બે ચાર બાળકની માતા બની ચૂક્યાં હો તો પણ તમારે આ જ્ઞાન મેળવવું પડશે. કારણ કે હજી યે તમારો માતૃધર્મ પૂરો નહિ થયો હોય. તમે બેચાર વર્ષે ફરીને માતા બનશો અથવા તો તમારાં બાળકોને ઉછેરવાનું પવિત્ર કાર્ય તો આજે પણ તમારે બજાવવું પડતું હશે. આવાં મહત્ત્વનાં કારણોસર જ આ પત્રમાં હું 'માતા થતાં પહેલાં અને પછી'ની તમારી જવાબદારીઓનો ખ્યાલ આપવા માગું છું.

સૌથી પહેલાં તો તમે માતૃધર્મની ગંભીરતાને પિછાનો એમ હું ઇચ્છું છું. તમે જો સમજુ, સુશિક્ષિત અને સંસ્કારી હશો તો તમારાં પોતાનાં માતાપિતા અને અન્ય પાડોશીઓનાં જીવનનું આ દૃષ્ટિએ તમે અવલોકન કર્યું જ હશે. તમારા પોતાના સદ્‌ગુણ અને દુર્ગુણનાં મૂળ જોવાનો પણ તમે પ્રયત્ન કર્યો હશે. તમે સમજી ગયાં હશો કે ક્યાં ક્યાં તમારાં માતાપિતાએ પોતાનો ધર્મ યથાર્થ રીતે બજાવ્યો છે અને ક્યાં ક્યાં તેઓ પોતાનું કર્તવ્ય પિછાની શક્યાં નથી અથવા તો પિછાનવા છતાં તેનું પાલન કરી શક્યાં નથી. ઉપરાંત માતૃધર્મ વિષે તમે કેટલુંક વાંચ્યું અને સાંભળ્યું પણ હશે.

હવે હું તમને પૂછું કે આ બધું જાણ્યા પછી તમે તમારા પોતાના જીવન વિષે શા શા વિચારો કર્યા છે? તમે આદર્શ માતા બનો એવી ઇચ્છા કદાચ તમે સેવી હશે, કદાચ ન પણ સેવી હોય. અગાઉ મેં કહ્યું છે તેમ

માનવસમાજનો મોટો ભાગ તો પશુની પેઠે પોતાની પ્રકૃતિ અને વાતાવરણને જ વશ વર્તે છે. સ્વતંત્ર વિચારણા અને તે પ્રમાણે જ જીવન જીવવાની દઢતા બહુ ઓછા માનવીમાં નજરે પડે છે. આપણા સમાજમાં જે કન્યાઓ અને જે પરિણીત સ્ત્રીઓ સુશિક્ષિત તરીકે ઓળખાય છે તેઓમાં પણ જીવન વિષેની ગંભીરતા ભાગ્યે જ દેખાય છે. સ્થિતિમાં તમે આદર્શ માતા બનવાના વિચારો કર્યાં હોય તે કરતાં ન કર્યાં હોય એવો સંભવ વિશેષ છે. જો મારું આ અનુમાન સાચું હોય તો, પ્રથમ પહેલી મારી પ્રાર્થના એ વિષે જ છે. તમે મન સાથે આજે ને આજે નક્કી કરી લો કે તમારે આદર્શ માતા બનવું જ છે. તમારા માતાપિતાએ તમને જે ગુણો આપ્યા હોય તે તમારા બાળકોમાં તમે ઉતારવાનાં છો. પરંતુ જે દુર્ગુણોનો વારસો તમને મળ્યો હોય તેનો, તો એક અંશ પણ તમારા બાળકમાં ઊતરવાનો નથી. કારણ કે સદ્‌ગુણ અને દુર્ગુણને પારખવાની વિવેકશક્તિ જાગ્રત થયા પછી તમે વારસામાં મળેલા સદ્‌ગુણોને ખીલવ્યા હશે અને દુર્ગુણોનો નાશ કર્યો હશે.

મેં અગાઉ કહ્યું છે કે માતૃપદ એ સ્ત્રીનું આખરી પદ છે. એમ કહો કે એનું છેલ્લામાં છેલ્લું અને સર્વોચ્ચ સ્વર્ગ છે. એની તૈયારી પ્રથમથી જ થવા માંડે છે, જે આદર્શ કન્યા નથી, પત્ની નથી, ભગિની નથી તે ભાગ્યે જ આદર્શ માતા બની શકે છે. એટલે જે કન્યા છે અને જેની વય લગ્નનો વિચાર કરી શકવા જેટલી મોટી છે તેણે પોતાનાં આખરી પદની પ્રાપ્તિ માટે તૈયારીઓ કરવી જ જોઈએ. એ જ રીતે જે પરિણીત છે તેણે એ પદની પ્રાપ્તિ માટે વિશેષ તૈયારીની જરૂર છે. એટલું તો સૌએ માની જ લેવાનું છે કે પ્રકૃતિએ સ્ત્રીના હૃદયમાં માતૃત્વના ગુણોનાં બીજ ભલે રોપ્યાં હોય છતાં એ બીજને પણ પાળવાં અને પોષવાં તો પડે જ છે. સમસ્ત જીવસૃષ્ટિમાં એ જ નિયમ નજરે પડે છે એટલે આદર્શ સ્થિતિની પ્રાપ્તિ માટે સૌ કોઈએ, પ્રયત્ન કરવાની જરૂર છે. એ પ્રયત્નો શા છે તે આપણે જોઈએ.

બાળક એ માતાપિતાના લોહીમાંસ અને સંસ્કારનું જ મોટે ભાગે પ્રતિબિંબ હોય છે; એટલે જે આદર્શ માતા બનવા ચાહે તેણે પ્રથમ તો જીવનનો આદર્શ નક્કી કરી લેવો. જેના જીવનમાં કશો આદર્શ નથી, કશું ધ્યેય નથી તેના જીવનમાં જ્ઞાનયુક્ત પુરુષાર્થ હોય જ ક્યાંથી ? એવી માતા એનાં બાળકને સંસ્કાર પણ શા આપી શકે ? એટલે દરેક માનવી પાસે જીવનનું ધ્યેય સ્પષ્ટ હોવું જરૂરી છે. માતા થવું છે તેની પાસે વિશેષ જરૂરી છે. કારણ કે એણે તો જાતે જીવવું છે અને એક કે વિશેષ નવા જીવમાં એ જ ધ્યેયભાવનાનું સીંચન કરવું છે.

જીવનધ્યેય વિચારતાં આપણે બહુ ઊંડા ન ઊતરીએ તો યે એટલું તો દરેક માનવીએ નક્કી કરેલું હોવું જોઈએ કે એનું જીવન પવિત્ર, પ્રેરણામય, નિરોગી, અન્યને ઉપયોગી, સુવાસિત અને સુંદર હોવું જોઈએ. આવું જીવન જેનું હોય તે માતાનું બાળક એવું જ તેજસ્વી અને પ્રભાવયુક્ત હોય એ કહેવાની જરૂર ખરી ?

જો આ વાત ખરી હોય તો જે પોતાનાં બાળકમાં આવા ગુણોની ઇચ્છા રાખતું હોય તેણે એવાં સદ્‌ગુણી થવું જ જોઈએ. આંબામાંથી આંબો અને ઝેરકોચલામાંથી ઝેરકોચલું જ પ્રગટે એ સાદો નિયમ કોણ નહિ જાણતું હોય ! છતાં ભાગ્યે જ કોઈ માતાપિતા પોતાનાં બાળકનું જેવું જીવન ઇચ્છે છે તેવું પોતે જીવે છે. આ એક કરુણ પણ સત્ય હકીકત છે તેનો કોણ ઇન્કાર કરી શકશે ? અને તેથી જ શિક્ષણ અને સંસ્કારના ભારે પ્રબંધો જે કુટુંબોમાં છે તે કુટુંબોમાં પણ બાળકોના જીવન તેજસ્વી જણાતાં નથી.

એટલે હે સ્ત્રી ! તું કુમારિકા હો કે પત્ની, જો માતા થવા ઇચ્છતી હો તો તારા જીવનમાં આજે જ તારી કલ્પનાના બાળકને દાખલ કરી દેજે. તું વિચારી જોજે કે તારે કેવો પુત્ર જોઈએ, કેવી પુત્રી જોઈએ અને તેની તૈયારી કરવા માંડજે. એક ક્ષણ પણ એ ભૂલતી નહિ કે

તું હશે તેવું જ મોટેભાગે તારું બાળક હશે. તું રોગિષ્ટ હો અને તારું બાળક જો નિરોગી અને અલમસ્ત હોય તો એ ઈશ્વરની કૃપા જ માનજે. એવા અપવાદ ઉપર બહુ આધાર રાખતી નહિ. માતાપિતા ગમાર હોય અને પુત્રમાં પ્રખર-બુદ્ધિ હોય એવા અકસ્માતો પણ બને છે છતાં એના આધારે જીવનના નિયમો ઘડી શકાય નહિ. વેશ્યાનો પુત્ર પરમ સંત થયો હોય એવા દાખલાઓ પણ આ જગતમાં છે. છતાં સોમાં નેવું નહિ. નવાણું દાખલાઓ તો ગમારમાંથી ગમાર, લંપટમાંથી લંપટ અને રોગિષ્ટમાંથી રોગિષ્ટ જન્મ્યાના જ મળે છે. એકાદ અપવાદના ખડક તરફ જીવનનું નાવ કદી હંકારવું ન જોઈએ. જગતમાં અને જીવનમાં એવા અપવાદો સદા યે બન્યા જ કરશે. ભરદરિયે વેરણછેરણ થયેલા વહાણમાંથી કોઈ મુસાફર જીવતો નીકળી આવે છે અને પ્રચંડ ધરતીકંપથી તારાજ થયેલાં હજારો શહેરો ને ગામડાંઓમાંથી પણ એકાદ મકાન કે બે પાંચ માનવી સલામત રહી ગયેલાં દેખાઈ આવે છે, પરંતુ એ અકસ્માત છે, અપવાદ છે, ઈશ્વરકૃપા છે.

વિજ્ઞાનીઓ એમ કહે છે કે જગતમાં અકસ્માત જેવું કંઈ છે નહિ. આ વાત ખોટી નથી. વિશ્વનું જેટલું અવલોકન આપણે કરી શકીએ છીએ તેટલા ઉપરથી પણ એમ લાગે છે કે આખું જગત ચોક્કસ પ્રકારના નિયમને આધીન જ ચાલે છે. આ નિયમ આપણે ન જાણીએ એટલે એને અકસ્માત કહીએ. એ રીતે કોઈ દાખલામાં જે અકસ્માત બની જાય છે તેનો વિચાર પણ આપણે કરી લેવો જોઈએ. પ્રજનનશાસ્ત્રના અભ્યાસીઓ એમ કહે છે કે બાળક જ્યારે બીજરૂપે સ્ત્રીના ગર્ભમાં દાખલ થાય છે તે વખતે, બંનેના અને તે પછી માતા એને નવ માસ પોષે છે તે કાળ દરમ્યાન માતાના માનસની બાળકના શરીર, મન અને પ્રાણ ઉપર ભારે અસર થાય છે. સહેજ વિચાર કરતાં આ વાત સાચી પણ લાગે છે. ધર્મશાસ્ત્રો જેમ કહે છે કે મૃત્યુ વખતે માણસની જે મનોભાવના હોય તેવો જ બીજો જન્મ એને મળે છે તેવું જ આ બાબતમાં

છે. પરંતુ આખો જન્મારો જેણે પાપના કાદવમાં ગાળ્યો હોય તે મૃત્યુ વખતે પોતાના અંતરથી ભાગ્યે જ સારી ભાવના અનુભવી શકે છે, તેવું જ પરિણીત દંપતીનું અને સગર્ભા સ્ત્રીનું છે. એનાં નિત્યજીવન જેવી જ મનોભાવના મોટેભાગે એનામાં કાયમ રહે છે—અને એટલે જ 'અકસ્માત' ઓછા બને છે.

આ રીતે વિચારતા માતૃપદ મોટી તૈયારી માગી લે છે. જે રોગી છે, દુષ્ટ છે, અપવિત્ર છે, સ્વાર્થી છે, તે જો જરી પણ સમજદાર હોય તો તેણે માતા ન બનવું જોઈએ. પોતાના દુર્ગુણોને બીજા જીવમાં ઉતારવાને બદલે પોતાની સાથે જ ખતમ કરવા જોઈએ. જેણે માતા બનવું છે તેણે સમજવું જોઈએ કે ખુદ પરમાત્મા એને એક મહાન કાર્ય સોંપી રહ્યા છે. એ કાર્ય પાર પાડવાની જો પોતાનામાં યોગ્યતા ન હોય તો એ હાથમાં જ ન લેવું જોઈએ અને જો લીધું તો ગમે તે પ્રયાસે એને સફળ રીતે પાર પાડવું જોઈએ. ઈશ્વરની સૃષ્ટિમાં કોઈ ઈશ્વરી જીવને જ એણે અવતાર આપવો જોઈએ.

એટલે માતૃપદના ઇચ્છુકે પોતાના જીવન ઉપર એક દૃષ્ટિ નાંખી લેવી. સૌથી પહેલાં એણે પોતાના શરીર તરફ જોવું. એ સુદૃઢ છે? નિરોગી છે? ખડતલ છે? ઈશ્વરે આપેલી સુંદરતાને પોતે વધારી છે? જો જવાબ ના હોય તો એણે નિશ્ચય કરી લેવો : પૂરું સ્વાસ્થ્ય મેળવ્યા પહેલાં લગ્ન કરવાં નથી, લગ્ન થઈ ગયાં હોય તો માતા બનવું નથી, બાળક હોય તો નિશ્ચય કરવો કે નવું બાળક થવા દેવું નથી. અને બીજા જ દિવસથી આરોગ્યના નિયમોનું પાલન કરવા માંડવું. દવાઓ અને ઇન્જકશનો પાછળ [illegible]ડત, કુદરતી જીવન તરફ નજર માંડશો તો વહેલા સફળ થશો. સાદો આહાર, નિયમિત જીવન અને યોગ્ય વ્યાયામ થોડા જ સમયમાં કાયાનો રંગ પલટી નાખશે. પુષ્કળ પ્રમાણમાં ખુલ્લી હવા, શીળો તડકો, લાંબા શ્વાસોચ્છવાસ વગેરે તો નબળામાં નબળું માણસ પણ લઈ શકે.

અને પછી તમારાં જ્ઞાનને, બુદ્ધિને, સમજશક્તિને તપાસજો અને ત્યાં જે ખામી જણાય તે પૂરવાનો પ્રયત્ન કરજો. આ બધું તાત્કાલિક નહિ બની શકે પરંતુ તમે જો એ શક્તિઓ તરફ પગલાં માંડશો તો તમારું બાળક અવશ્ય પ્રગતિશીલ થશે. તમે કોઈ દિવસ આ બાબતમાં સંતોષ માની લેતા નહિ. સદા યે વિદ્યાર્થી જ રહેજો. જ્યાં હો ત્યાં શીખવાનું ચાલુ રાખજો. તમારું જ્ઞાન નહિ, પરંતુ શીખવાની અદમ્ય વૃત્તિ અને ગ્રહણશક્તિ તમારા બાળકમાં ઊતરશે. એ જે સાંભળશે, જે જોશે, જે અનુભવશે, તેનું રહસ્ય તત્કાળ પારખી શકશે.

મન અને આત્મા વિષે તો શું કહું ? તમે સમજી શકો એવી વાત છે કે જો તમે સત્ય, શીલ, નિઃસ્વાર્થતા, સેવાવૃત્તિ વગેરે કેળવ્યાં હશે તો જ તમારાં બાળકમાં એ આવશે. કૂવામાં નહિ હોય તો હવાડામાં આવશે નહિ. સિવાય કે કોઈ પુરુષાર્થી હવાડાને જ ખોદી બીજો કૂવો બનાવી નાખે. આ માટે તમારે શું કરવું જોઈએ તે કહેવાની મને જરૂર નથી લાગતી. તમે સમજી શકો એવી સાદી છતાં આચરવામાં કઠિન એવી આ બાબત છે.

માતા થતાં પહેલાં જ જો આ બધું તમે મેળવી લેશો તો સંભવ છે કે તે પછી તમારે શું કરવું તે વિચારવાની જરૂર નહિ પડે. એ માટે ખાસ પ્રયત્ન પણ નહિ કરવો પડે, કારણ, તમારું જીવન વિચારમય થઈ ગયું હશે અને બધા પ્રયત્નો તમારા માટે સહજ બની ગયા હશે. તમારું જીવન તેજસ્વી હશે તો બાળક તેજસ્વી થશે જ.

આ ઉપરાંત કેટલુંક વ્યવહારજ્ઞાન તમારે મેળવી લેવું જોઈએ. કન્યાકાળમાં જ એ શિક્ષણ મળી જાય તો ઉત્તમ, નહિ તો યે શીખવા માટે જિંદગીનો કોઈ પણ સમય સુયોગ્ય જ છે. કામશાસ્ત્ર અને પ્રજનનશાસ્ત્ર વિષે સંયમિત રીતે લખાયેલાં પુસ્તકો તમારે વાંચવાં જોઈએ અને અનુભવી વડીલ પાસેથી જ્ઞાન મેળવતાં અચકાવું ન

જોઈએ. તમે તેટલાં સદ્‌ગુણી, બુદ્ધિશાળી અને નિરોગી હો પરંતુ એ જ્ઞાનનો જો અભાવ હોય તો આદર્શ માતા બની શકો નહિ. સગર્ભાવસ્થા દરમ્યાન કેમ વર્તવું તે અવશ્ય જાણવું જોઈએ. એ વિના બાળકને પૂરતું પોષણ મળી શકે નહિ. એનો પ્રાણવિકાસ પણ અટકી જાય. બાળકના જન્મ પછી એના ઉછેરનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. એમ નહિ થાય તો તમે સુવર્ણને કથીર બનાવી મૂકશો.

એટલે તમે સતત અભ્યાસશીલ રહેજો. અભ્યાસ એટલે માત્ર પુસ્તકોનું વાચન જ નહિ; અનુભવીઓનો અનુભવ મેળવજો. જેટલું જાતે જોઈ જાણી શકાય તેટલું જરૂર જાણી લેજો. 'થઈ રહેશે' કહીને બેદરકાર બનશો નહિ. સામાન્ય ઇજનેરને કે ચિત્રકારને ઘણું તપ અને તેટલો જ અભ્યાસ કરવો પડે છે તો તમે તો એક માનવનું, કદાચ જગતના સર્વશ્રેષ્ઠ માનવનું સર્જન કરવા માગો છો. પ્રકૃતિએ જે બીજ તમારા સ્વભાવમાં મૂક્યું છે તેને અભ્યાસનું પાણી પાજો, અનુભવ અને અવલોકનનું ખાતર આપજો, પુરુષાર્થનો પ્રકાશ પાથરજો અને એક સુંદર, સુવાસિત અને આકર્ષક માનવ–ફૂલને તમારા જીવન–છોડ ઉપર ઉગાડી જગતની સુંદરતામાં વૃદ્ધિ કરજો

[૩]

સંસ્કારનું સિંચન

આટલા ઉપરથી તમે જોઈ શક્યાં હશો કે કેવા બાળકનો જન્મ આપવો એ મુખ્યત્વે તમારા જ હાથમાં છે. જગતમાં જે કાંઈ બને છે તે પ્રભુની ઇચ્છા પ્રમાણે અથવા તો કુદરતના નિયમ પ્રમાણે જ બને છે એમ આપણે સૌ કહીએ છીએ, પરંતુ આ વાક્યનો ખરો અર્થ

બહુ ઓછા માણસો સમજે છે. પ્રભુની ઇચ્છા એ જ કુદરતનો નિયમ છે અથવા તો કુદરતનો નિયમ એ જ ઇશ્વરેચ્છા છે. આ નિયમમાં અવ્યવસ્થા હોય નહિ, હોય તો એને નિયમ ન કહી શકાય. આ નિયમ અને આ વ્યવસ્થાને આપણે ઓળખી લેવાં જોઈએ. ઇશ્વર કેવા બાળકને જન્મ આપવા ઇચ્છે છે એ 'ઇશ્વરેચ્છા' માતા દ્વારા પૂરી થાય છે. જેવી માતા તેવી ઇશ્વરની ઇચ્છા.

એટલે તમે ખાતરીપૂર્વક માનજો કે તમે આપશો તે કરતાં કોઈ જુદા જ પ્રકારના સંસ્કારો બાળકમાં ઉતરી આવશે નહિ. તમે ગમે તેવા હો પરંતુ તમારા બાળક માટે તો હંમેશાં ભવ્ય આકાંક્ષાઓ જ રાખજો. જેવાં તમે છો તેવાં નહિ, પરંતુ ખરેખર હોવાં જોઈએ એવા જ તમારાં બાળકો થાય તે વિષે પૂરેપૂરી કાળજી રાખજો. આમ કરવા માટે તમારે શું શું કરવું જોઈએ તેનો વિચાર આપણે કર્યો છે એ જ વિચારને આ પત્રમાં આગળ લંબાવીએ.

તમે માતા થઈ ગયાં. એ પહેલાં જે કરવું જોઈએ તે તમે કર્યું અથવા ન કર્યું કે અધૂરું કર્યું, પણ હવે શું? બાળકના જન્મ પછી, એ પોતાની મેળે પોતાના જીવન વિષે વિચાર કરી શકે અને નિર્ણય બાંધી શકે એવી ઉંમર આવતાં બહુ વાર લાગે છે. કુમાર અને યુવાન વયમાં એની વિવેકશક્તિ સારી પેઠે જાગ્રત થવી જોઈએ, પરંતુ તેનો આધાર પણ તમે આપેલા સંસ્કારો ઉપર જ છે; એટલે બાળકના જન્મ પછીથી તરત જ તમારે સંસ્કારસિંચનનું કાર્ય કરવાનું છે. આ બાબતમાં હું આગળ વધું તે પહેલાં બાળક બાળક વચ્ચે તમે જે ભેદ ઊભો કરો છો તે વિષે બે શબ્દ કહી લઉં.

તમારા ખોળામાં લાલ આવે કે લક્ષ્મી આવે, પરંતુ તમારો માતૃધર્મ તો એક સરખો જ રહેવો જોઈએ એ વાતનો તમે સ્વીકાર કરો છો? જગતમાં મનુષ્ય સિવાય તમામ પશુપંખી અને અન્ય

જીવ સૃષ્ટિને જોઈ લો. કોઇ સ્થળે તમને એવા ભેદનું નિશાન મળશે નહિ. માણસે જ શા માટે આવા ક્રૂર ભેદની રચના કરી હશે? હું એને ક્રૂર જ કહેવા ઇચ્છું છું કારણ કે કોઇના પેટે અવતરવામાં કોઇ કન્યાનો તો મુદ્દલ દોષ હોતો જ નથી. છતાં કેમ જાણે એ પાપ કરીને આવી હોય, વણનોતરી આવી હોય, ભારરૂપ બનીને આવી હોય એવું વર્તન એના પ્રત્યે રાખવામાં આવે છે.

આમ થવામાં સામાજિક રૂઢિનું પ્રાબલ્ય છે તે હું જાણું છું, પરંતુ એ રૂઢિને રચનારાં ને વિકસાવનારાં તો આપણે જ છીએ ને! તો પછી જો એ રૂઢિ અયોગ્ય, અન્યાયકર અને ઘાતકી હોય તો તેનો નાશ પણ આપણે જ કરી નાખવો જોઈએ. તમારા ખોળામાં લક્ષ્મી આવે કે લાલ આવે, તમારે તો પ્રથમથી જ એ વિષે નિશ્ચિંત રહેવું જોઈએ. પુત્રની જ ઇચ્છા રાખવી તે પણ મારે મન તો ગુનો છે, કારણ કે એક તો એવી ઇચ્છા રાખવાનો તમને કોઈ અધિકાર નથી. અને બીજું એવી જ ઇચ્છા હશે તો પુત્રને બદલે પુત્રીનું દર્શન થતા જ તમારા હૃદયમાં સહજ રીતે સ્ફુરી આવતું પ્રેમ અને વાત્સલ્યનું ઝરણ કાં તો સુકાઇ જશે અને કાં તો એનો વેગ મંદ પડી જશે એટલે ગર્ભધારણના પહેલા દિવસથી જ તમારે એ વિષે ખરા અંતરથી ઓપરવા રહેવું જોઈએ.

આજે માનવસમાજમાં પુરુષના કરતાં કેટલાં યે જીવનક્ષેત્રોમાં સ્ત્રી ઓછી શક્તિશાળી દેખાય છે અને ચારે બાજુ નજર ફેંકતાં એ પુરુષના આશ્રયે જ જીવી રહી હોય એવું માલમ પડે છે. તેની પાછળ આ ભેદની મનોવૃત્તિ જ કારણરૂપ છે. કુદરતે સ્ત્રીને નિર્બળ બનાવી જ નથી, એણે તો સૌથી જે કઠિન કાર્ય છે, ખરું જોતાં પ્રભુનું પોતાનું જ જે કાર્ય છે, તે એણે સ્ત્રીને સોંપ્યું છે. માણસ પહેલેથી જ ભેદ બતાવવા માંડે છે એટલે કન્યાને પૂરતું પ્રેમનું પોષણ મળી શકતું નથી. એ લગભગ દયા ઉપર જ ઊછરે છે. એ દરરોજ પોતાની

સ્થિતિ જુએ છે. આ ભેદથી દુઃખી થવા જેટલા સંસ્કાર પણ એને મળ્યા નથી હોતા એટલે એ લાચાર અને દીનવૃત્તિમાં જ પોષાય છે. આવી કન્યા શરીર અને મનથી નિર્બળ બને એમાં આશ્ચર્ય જેવું શું છે?

પણ હું પોતે જ મારા મનને સવાલ પૂછવા માગું છું કે આવો ભેદ માતાપિતા બતાવે છે શા માટે? પિતા તો ઠીક, માતા પોતે તો લક્ષ્મી છે, કન્યા છે, સ્રી છે. એ આવો ભેદ કેમ બતાવે? અને મને ઉત્તર મળે છે: 'રૂઢિગત સંસ્કારની જ એ પરંપરા છે.' અને એ રૂઢિનું મૂળ શોધવાનો હું પ્રયત્ન કરું છું તો દેખાઇ આવે છે કે પહેલેથી જ કન્યા એ 'પારકું ધન' મનાય છે તેનું જ આ પરિણામ છે. માં કોઇ ભૂલી જાય છે કે કન્યા પોતે તો પારકું ધન નથી જ, પરંતુ માતાપિતા જ એને પારકું ધન બનાવે છે. કન્યાને જો પ્રથમથી જ કુમારની પેઠે ઉછેરવામાં આવે, એનામાં એવી શક્તિ સીંચવામાં આવે તો લગ્ન પછી એ બીજાને ઘેર જાય કે પોતાનું સ્વતંત્ર ઘર રચે, પણ માતાપિતાનું ઋણ ભૂલે નહિ, ભૂલી શકે નહિ. સામાજિક રિવાજોમાં ક્રાંતિ થઈ જાય એવી આ વાત છે, પરંતુ સાચી વાત છે અને તેનો અમલ કોઇ પણ માતાપિતા આજે જ કરી શકે એમ છે.

આજે જેને ત્યાં ચાર-પાંચ કન્યાઓ જ હોય છે તે બિચારાં પ્રભુનાં શાપિત માણસો ગણાય છે. શા માટે? કારણ કે એમને ખાતરી છે કે વૃદ્ધાવસ્થામાં કોઇ એમને મદદરૂપ બની શકશે નહિ અને આ કન્યાઓને બીજાને ઘેર મોકલવાં માટે પણ પુષ્કળ ખર્ચ કરવું પડશે. ખરું જોતાં આમ થવું જ ન જોઈએ. કન્યા પણ માતાપિતાને પોષી શકે છે, હા. લગ્ન છતાં પોષી શકે છે. જરૂર આટલી જ વસ્તુની છે—કન્યામાં કુમાર જેવી ખુમારીની શક્તિની, સંસ્કારની. અને એ તો માતાપિતાના પોતાનાં જ હાથની વાત છે.

પરંતુ આવી મનોભાવના જે માતાપિતા ન અનુભવી શકે કે, ન આચરી શકે તેમણે પણ કન્યા-કુમાર વચ્ચે ભેદ ન રાખવો જોઈએ. અંતે એ કન્યા તો પોતાનાં જ લોહી, માંસ અને પ્રાણનું પ્રતીક છે. જો એણે સારા સંસ્કાર અને શક્તિ પ્રાપ્ત કર્યાં હશે તો માતાપિતાની ઇજ્જત વધશે. એ પોતે સુખી થશે, જેની સાથે રહેશે તેને સુખી કરશે અને એની શક્તિઓ નવી પ્રજામાં પણ ઊતર્યા વિના રહેશે નહિ.

આ ભેદનો વિચાર કરતાં મને પિતા માટે તો એટલું દુઃખ અને અફસોસ નથી થતાં, જેટલાં માતા માટે થાય છે. કારણ કે એક બાજુ એ પોતે કોણ છે તે ભૂલી જાય છે અને બીજી બાજુ પિતા કરતાંયે એની ભેદવૃત્તિ વિશેષ પ્રબળ હોય છે. માતાને પોતાના નાનપણમાં જ ભેદના જે સંસ્કારો મળ્યા હશે તેનું જ આ પરિણામ તો નહિ હોય? અથવા તો એની માતા પ્રત્યેનું પોતે પણ ન સમજતી હોય તેમ છાનું વેર તો એ નહિ લેતી હોય?

ગમે તેમ હોય. જેને ઉદ્દેશીને આ પત્ર હું લખું છું તેને પ્રાર્થના કરું છું કે જો આ જગતની માતાઓ આદર્શ માતા બને એમ તું ઇચ્છતી હો તો એનું મૂળ કન્યાના ઉછેરમાં જ રહ્યું છે એટલું સમજી જજે. કન્યા જ માતા બનવાની છે, કન્યા જ ગૃહરચના કરવાની છે, કન્યા જ નવી પ્રજામાં સંસ્કાર રેડવાની છે. એ કન્યાને તું કુમાર કરતાં લેશમાત્ર ઊતરતી ગણતી નહિ. જો તું જ એ બે વચ્ચે ભેદ પાડશે તો આ જગતનું કદી શ્રેય થવાનું નથી. કારણ કે તું જ ભવિષ્યની માતાને ગૂંગળાવવાનું દુષ્ટ કૃત્ય કરી રહી હશે.

આટલું લખ્યા પછી મારે માની જ લેવું જોઈએ કે તારો ખોળો ખૂંદતા લાલ અને લક્ષ્મી વચ્ચે તું મુદ્દલ ભેદ નહિ રાખે અને એ બંનેને સમાન ભાવ અને પ્રેમથી તું ઉછેરશે. છેક નાનપણમાં બાળકને કેમ

ઉછેરવું તેનું જ્ઞાન મેળવી લેવા માટે હું અગાઉ લખી ચૂક્યો છું. બાળ-ઉછેરની ઝીણી ઝીણી વિગતો લખવાનું આ સ્થળ નથી, તેમ જ કેળવણી અને સંસ્કાર વિષે પણ કશું યોજનાબદ્ધ આવા પત્રોમાં લખી શકાય નહિ. જે મુદ્દાની વાત છે—એટલે કે સંસ્કાર અને શિક્ષણમાં જે પ્રાણરૂપ છે—તે કહીને જ હું સંતોષ માનીશ. મને આશા છે કે એક વખત દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી બાકીની વિગતો મેળવી લેવાનું કોઈ પણ જિજ્ઞાસુને માટે મુશ્કેલ નહિ નીવડે.

બાળક મોટું થવા માંડે કે એનામાં જિજ્ઞાસાની ભાવના પ્રગટે છે. છેક બાલ્યકાળમાં પણ આ ભાવ એનામાં હોય છે, પરંતુ ત્યારે તે આપણે સ્પષ્ટ રૂપમાં જોઈ શકતાં નથી. જ્યારથી આ ભાવ જોવા માંડીએ ત્યારથી તેને પોષવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ. એક વાત સમજી લેવી. બાળક એ માટીનો પીંડો નથી, પરંતુ જીવતોજાગતો ફૂલનો છોડ છે. માટીના પીંડાને ઘાટ આપવા માટે જે કરવાની જરૂર છે તે આપણે છોડ ઉપર ન કરી બેસીએ તેનું ધ્યાન રાખવું પણ માતાપિતા એમ સમજે છે કે બાળકને જેવો ઘાટ આપવો હોય તેવો આપી શકાય. આ વાત સાચી પણ છે અને ખોટી પણ છે. સાચી એ અર્થમાં કે આપણે એનામાં શુભ અને અશુભ સંસ્કારો સીંચી શકીએ. અને ખોટી એ અર્થમાં કે કોઈ જડ વસ્તુ, દાખલા તરીકે માટી ઉપર આપણે હાથની કારીગરી અજમાવતા હોઈએ તેવું આમાં ન બની શકે. જો ફૂલને સુંદર અને સુવિકસિત બનાવવું હોય તો અવશ્ય બનાવી શકાય, પરંતુ માટીના કે કાગળના ફૂલની પેઠે નહિ. સાચા ફૂલને તો યોગ્ય ખાતર, યોગ્ય પાણી અને યોગ્ય પ્રકાશ આપવાં જોઈએ. બાળક—ફૂલનું પણ એવું જ છે. સ્વભાવથી જ એ વિકાસશીલ છે. પોતાને જોઈતી શક્તિઓ એ આસપાસથી મેળવવાનો પ્રયત્ન કરે છે. આપણું કામ એમાં મદદરૂપ બનવાનું છે. આપણું પોતાનું ડહાપણ ડોળવાનું નથી.

આનો અર્થ એ થયો કે બાળકને પોતાનો વિકાસ સ્વતંત્ર રીતે

સાધવા દેવો જોઈએ અને આપણે તો એમાં થઈ શકે તેટલા સહાયભૂત થવું જોઈએ; પરંતુ ધારો કે બાળક દુષ્ટ માર્ગે વિકાસ સાધે છે તો એ માર્ગેથી પાછા વળી સાચા માર્ગે લાવવાનું કામ પણ આપણું જ છે. કયો માર્ગ દુષ્ટ છે અને કયો નથી તે પારખતાં તો આપણને આવડવું જ જોઈએ. એ નહિ જાણતાં હોઈએ તો આપણે અનર્થ કરી બેસીશું

પણ બાળક પોતાની પ્રકૃતિથી જ દુષ્ટ માર્ગે જાય ખરું ? મને એમ લાગે છે કે ગર્ભધારણના સમયથી જ સુસંસ્કારો મળ્યા હોય તો ન જાય, પરંતુ એમ ન બન્યું હોય અને એમાં ભૂલો પણ થઈ હોય એવો ઘણો સંભવ છે; એટલે એવા માર્ગે જવાની ભીતિ તો છે જ. પરંતુ આ સ્થિતિમાં પણ કામ તો ફૂલના છોડ ઉપર લેતાં હોઈએ તેમ જ લેવું. માટીના પીંડાની પેઠે નહિ. એક વસ્તુનું ખાસ ધ્યાન રાખવું કે બાળક જે જુએ અને જે અનુભવે તેની એના મન ઉપર ઊંડી અસર પડે છે. એમ માનવું જ નહિ કે બાળક કશું સમજતું નથી. બાળક બોલી શકતું નથી, બોલવાનું શીખ્યા પછી પણ પોતાની લાગણી વ્યક્ત કરી શકતું નથી, પરંતુ એ બધું સમજી તો જાય છે. માતાપિતા કે અન્ય કોઈની સારીમાઠી લાગણીની પણ એને અસર થાય છે. પ્રેમ–દ્વેષની લાગણી તો એ એકદમ સમજી લે છે. એટલે બાળકની સાથેના દરેક વર્તાવમાં પ્રેમની લાગણી વહાવવી જોઈએ. કોઈ માતાને તો કહેવાપણું હોય નહિ. માતાને સૂચના એટલી જ આપવાની છે કે એ લાગણી માઝા ન મૂકે, તેમ એમાં વેવલાઈ કે નબળાઈ ન આવી જાય.

બાળક જેમ બધું સમજી જાય છે તેમ કોઈ પણ ટેવને પણ એ જલદી સ્વીકારી લે છે. છેક બાળપણમાં જ જો સારી ટેવો પાડવાનું ધ્યાન રાખવામાં આવે તો બાળકના સંસ્કારો દૃઢ થાય છે. ઉપર કહ્યું તેમ માતા જો પ્રેમની લાગણીમાં માઝા મૂકી દેશે, વેવલી બની જશે કે નબળી દેખાશે તો એ ભાગ્યે જ પોતાના બાળકમાં સારી ટેવો દાખલ કરી શકશે. બાળક માની નબળાઈ સમજી જશે અને પછી એનો લાભ ઉઠાવતાં ઉઠાવતાં

બગડતું જશે. એક વખત એને ખબર પડી કે પોતે રડે છે ત્યારે મા એશાકળી બની દોડી આવે છે એટલે ન ગમતી કોઇ પણ સ્થિતિમાંથી છૂટવા અને ગમતી વસ્તુ મેળવવા એ રડવા જ માંડશે. એની હઠને ઉત્તેજન મળ્યું. તો એ પણ દૃઢ બનતી જ જશે.

બાળક તરફ પ્રેમની લાગણી રાખવા અને એની જિજ્ઞાસા તથા વિકાસવૃત્તિને સંતોષવી, પરંતુ એને નબળું, હઠીલું, રોગિષ્ટ કે કજિયાળું ન બનાવવું હોય તો એની દરેક ક્રિયા ઉપર નજર રાખવી અને જ્યાં મદદની જરૂર હોય ત્યાં જ મદદ આપવી. દરેક વખતે મદદ માટે દોડી જવું નહિ. મેં પ્રથમ જ કહ્યું છે કે બાળક સજીવ, સુંદર, સુગંધી અને વિકાસની સર્વ સામગ્રીવાળા ફૂલની બરાબર છે. ફૂલ ઉપર સૂર્યનાં કિરણો પડે છે અને એ ખીલે છે. ફૂલના કળીને હાથેથી ખીલવવા જઇએ તો એ કરમાઇ જાય. બાળક ઉપર પણ એ જ રીતે સંસ્કારો વરસાવવા જોઇએ. બાળકને પોતાનું વિકાસ–તંત્ર છે તેનો હમેશાં ખ્યાલ રાખવો. આપણું વર્તન એવું રાખવું કે જે જોતાં જોતાં જ બાળક સારી ટેવો શીખે અને ખરાબ ટેવો પડી હોય તો છોડી દે. બાળક ઉપર જ્યાં જડ પ્રયોગો કરવાની જ મનાઇ છે ત્યાં મારવાની વાત તરફ ધિક્કાર સિવાય બીજું શું હોઇ શકે ? મારવાથી બાળકની સ્વતંત્ર શક્તિઓ હણાઇ જાય છે, એ કાયર અને ભીરુ બને છે. જુઠું બોલવા–આચરવાની ટેવનું પણ એ જન્મસ્થાન છે. આપણો રોષ બાળકને મારવાની હદ સુધી પહોંચી જાય તો આપણે બાળકને ત્યાં જ મૂકી દઇ એ સ્થાન છોડી દેવું, પણ મારવાનો ગુનો તો કદી કરવો જ નહિ.

[૪]

શરીર-મનનું ઘડતર

તમારા પુત્ર કે પુત્રીને તમારે સાચા અર્થમાં મનુષ્ય બનાવવા હોય તો તમે ધનવાન હો કે ગરીબ, શિક્ષિત હો કે અશિક્ષિત, સમાજમાં સામાન્ય જન હો કે પ્રતિષ્ઠિત-પરંતુ આ પત્રમાં લખું છું તેવા સંસ્કારો તમારે એનામાં ઉતારવા જ પડશે. તમારે ઘેર નોકરોની ધમાલ ન હોય તો સારું. પરંતુ હોય તો યે બાળકને તો જાતે કામ કરવાની, પરિશ્રમ કરવાની ટેવ પાડવી પડશે. આ ટેવ જો તમે નહિ પાડો તો એના ચારિત્ર્યનું ઘડતર અધૂરું રહેશે. એનો ઇંદ્રિયવિકાસ પણ મારા મત પ્રમાણે પૂર્ણરૂપમાં થશે નહિ અને આ ટેવ વિના ભવિષ્યમાં જ્યારે સારીમાઠી સ્થિતિનો સામનો કરવાનો સમય આવશે ત્યારે એના કિસ્મતમાં માથે હાથ મૂકીને રોવાનું કે બીજાની પાસે લાચારી કરવાનું જ આવશે.

તેમાં યે જો તમારું બાળક પુત્રી હોય તો ઘરકામની જ નહિ, પણ પુરુષની પેઠે એ કમાઈ શકે એવી તાલીમ પણ તમારે અવશ્ય આપવી જોઈએ. શિક્ષણ, હુન્નર-ઉદ્યોગ, દાક્તરી વિદ્યા વગેરેમાંથી કંઈક તો લગ્ન પહેલાં જ એના હાથમાં મૂકી દેજો. જે સ્ત્રીમાં કમાવાની શક્તિ હોય છે તેનું સન્માન થાય છે, અને સાથે સાથે એ પોતે પણ પોતાના સ્વમાનને સમજી શકે છે અને જરૂર પડ્યે સામનો કરી પોતાની જાતને રક્ષી પણ શકે છે. ભાગ્યવશાત્ દુ:ખના દિવસો આવે છે ત્યારે કોઈ પાક કે નાપાક દયા ઉપર એને જીવવું નથી પડતું; એ પોતાનો માર્ગ સરળતાથી કાઢી શકે છે.

જેમ બાળકમાં કામ કરવાની ટેવ દાખલ કરો તેમ જ તેને કામની આવડત પણ શીખવજો. હરેક કામ, પછી એ ભલેને ઝાડુ કાઢવાનું હોય,

પરંતુ આવડત માગી જ લે છે. ડાહ્યા માણસો કહે છે કે દરેક કામનું વ્યવસ્થાશાસ્ત્ર હોય છે. આ શાસ્ત્ર બાળકને શીખવી દેવું જોઈએ. કોઈ પણ માણસ પોતાની ઉપર આવી પડેલા કામને હળવું, સહેલું અને સુંદર બનાવી શકે ત્યારે જ તે માણસ નામને યોગ્ય ગણાય. ગધેડાની પેઠે વૈતરું તો સૌ કોઈ કરી શકે, એટલે દરેક કામની સાથે તે કામનું વ્યાવહારિક જ્ઞાન પણ આપી દેજો.

શારીરિક શ્રમની શરમ તો કદી બાળકમાં પેસવા જ દેતા નહિ. આજના ઘણા અનર્થોનું મૂળ આ શરમમાં રહેલું છે. ખાસ કરીને બેકારી ભોગવતા શિક્ષિતોમાં તો એ શરમે કેર વર્તાવ્યો છે. તેઓ બીજાની લાચારી કરી શકે છે, ગુલામી ભોગવી શકે છે, સ્વમાન વેચી શકે છે પરંતુ શ્રમ કરવાની હિંમત કે બળ દાખવી શકતા નથી. તમારું બાળક એવું ન જ થવું જોઈએ. આ યુગના મહાપુરુષે શરીરશ્રમનું ગૌરવ વધાર્યું છે. તમે અને તમારું બાળક એમાં વૃદ્ધિ કરનારાં નીવડવાં જોઈએ. ધનના કે પ્રતિષ્ઠાના ખ્યાલમાં રખે આ ગુણ બાળકમાં રોપવાનું રહી જાય!

શાળા–કોલેજનું શિક્ષણ તો બાળકને તમે આપવાનાં જ છો. પરંતુ તેમાં યે કરજ કરી બહુ ભણાવવાનું વિચારતા નહિ. રખે એમ માનતા કે એથી એ વધુ કમાઈ જશે અને તમારું કરજ ફેડી નાંખશે. તમારી શક્તિ પ્રમાણે શિક્ષણ આપજો, પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે તમારા બાળકમાં પોતાનું ફોડી લેવા જેટલી હોશિયારી અને જ્ઞાન આવી જાય. એ વિનાનું બધું શિક્ષણ આજના યુગમાં કદાચ નકામું નીવડશે.

બાળકના મનને તાલીમ આપવા માટે એનામાં સાહિત્ય, સંગીત, કલાના સંસ્કાર પડે તે પણ જોજો. આ બાબતમાં વેવલાઈ દાખવતા નહિ. દરેક બાળક ખાંસાહેબ અબ્દુલ કરીમખાં, મહાન નૃત્યકાર ઉદયશંકર કે ચિત્રકાર નંદબાબુ બનવાનું નથી. સૌ રવીન્દ્રનાથ ઠાકુર પણ બની જવાના નથી. એટલે એવી વૃત્તિ જેનામાં ન દેખાય તેની પાછળ

કેવળ દેખાદેખીથી બહુ મહેનત ન લેતા; પરંતુ સામાન્ય જ્ઞાન તો બધાં બાળકોને અવશ્ય આપજો. કલા, સંગીત અને સાહિત્યના પ્રેમથી હૃદય સંસ્કારી બનશે, બાળકમાં કોમળતા આવશે, એના હલનચલન અને વર્તનમાં સંગીતનો સંચાર આવશે; એ લાગણી અનુભવશે અને બીજાની લાગણીની કદર કરશે.

છતાં યાદ રાખજો કે ઉપર કહ્યા તેવા શરીરશ્રમ, કામની આવડત અને આદતના ગુણો એનામાં નહિ ખીલ્યા હોય અને માત્ર કલા-સંગીત પાછળ જ બાળક વહેતું મુકાશે તો એમાંથી સંસ્કારને બદલે શરાબની જ પ્રાપ્તિ થશે. એ બાળક રંગીલું બની જશે. એ પોતાના સુખનો જ માત્ર ખ્યાલ કરશે. લાગણીપ્રધાન એ બનશે પરંતુ બીજાની લાગણીનો જવાબ એ આપી શકશે નહિ. એની કોમળતા નિર્બળતા અથવા તો વિલાસિતામાં સરી જશે. એટલે આ બધા ગુણોનો સપ્રમાણ વિકાસ સાધજો.

આ બધા ગુણો છતાં જો બાળકમાં તમે સત્ય ખાતર મરવાની વૃત્તિ, બીજા માટે ઘસાવાનો સ્વભાવ, સ્વમાનનું મૂલ્ય વગેરે દાખલ નહિ કરી શકો તો એ મનુષ્ય બની શકશે નહિ. એનાં સાંસારિક જીવનમાં પણ સાચું સુખ એ નહિ મેળવી શકે. સત્ય અને સ્વમાન એ તો માનવનું સર્વસ્વ છે. તમે ગરીબ હો પણ લાચારી તો કદી ન દાખવો એમ થવું જોઈએ. સત્ય અને સ્વમાન ખાતર કદાચ કષ્ટ ભોગવવું પડે. પરંતુ તેમાં યે ભોગવનારને તો જીવનની મીઠાશ લાગશે. સુખ અને દુઃખ અંતે તો મનની જ કલ્પના છે. દેશ અને સમાજને ખાતર ફાંસીના માંચડા ઉપર ચડી જનાર પોતાને પરમ સુખી અને ભાગ્યવાન સમજે છે, જ્યારે કેટલાક સ્વાર્થીઓ પોતાના સ્વાર્થની શોધમાં જ સુખનાં દર્શન કરે છે.

સત્ય અને સ્વમાન માટે જે આગ્રહી હશે તે આ જગતમાં સામાન્ય માનવ નહિ રહે તે પણ તમારે જાણવું જોઈએ. દુનિયાના તખ્તા ઉપર જેમણે મહાન કાર્યો કર્યાં છે તે સૌમાં આ ગુણોનો પૂર્ણ વિકાસ નજરે

ડરે છે. આવો માણસ જેમ હીનતા કદી ધારણ કરે નહિ તેમ મોટા શહેનશાહ કે રાવણ જેવા રાક્ષસથી પણ ડરે નહિ. મૃત્યુને હસતે મોંએ ભેટવા માટે જે તૈયાર હોય છે તેની પાસે મૃત્યુનો દેવ સહેલાઈથી આવી શકતો નથી અને આવે છે ત્યારે મિત્ર બનીને આવે છે. તમે જાણો જ છો કે આજે આપણો દેશ અને આપણો સમાજ પતિત અવસ્થામાં પડેલો છે. આ અવસ્થાને મિટાવી દે એવો પુત્ર કે પુત્રી તમારે જન્માવવાં હોય તો સત્ય-સ્વમાનનો આગ્રહ એને ગળથૂથીમાં જ આપી દેજો.

પણ યાદ રાખજો કે એ અહંકારી કે હઠાગ્રહી ન બની જાય. એવા માણસ સમાજની તો શું, પોતાની કે પોતાના કુટુંબની પણ સેવા કરી શકશે નહિ. એટલે સત્ય-સ્વમાનની સાથે સેવા અને વિનય પણ શીખવજો. એ હશે તો અહંકાર કે હઠાગ્રહ આવશે નહિ. સેવાની વૃત્તિમાં જાતે ઘસાવાનો અને ત્યાગનો ભાવ તો રહ્યો જ છે. આ સેવા અને ત્યાગને કોઈ સીમા જ નથી—એટલું તમારા બાળકને શીખવી દેજો.

આ પત્રમાં જણાવ્યું છે એટલું જો તમારા પુત્ર-પુત્રીને આપશો તો હું ખાતરી આપું છું કે તમે સમાજની એક મહાન વ્યક્તિની માતા બન્યાં હશો. તમારો પુત્ર કે પુત્રી આ ગુણો દ્વારા જાતે જ સુખી થશે જ, પરંતુ સમાજનાં દુઃખોને દુર કરી ત્યાં પણ સુખની સ્થાપના કરશે અને એ પણ જાણી લેજો કે કદાચ એ મહાન વ્યક્તિ નહિ થાય તો યે એનાં ગૃહજીવન અને સંસારજીવનમાં તો આ ગુણોને લઈ અનેરી મીઠાશ પેદા થશે. જેને વ્યવહારનું જ્ઞાન કહેવામાં આવે તે જ્ઞાન આ ગુણો દ્વારા એને પ્રાપ્ત થઈ જશે.

તમે જ વિચારો કે જો તમારો પુત્ર કામ કરવાની ટેવ અને આવડત ધરાવતો હશે, શારીરિક મહેનતથી શરમાતો નહિ હોય, યોગ્ય શિક્ષણ એણે મેળવ્યું હશે, લલિત કલાનું થોડું જ્ઞાન પણ સંપાદન કર્યું હશે, સત્યવાદી અને સ્વમાનશીલ હશે, વિનય અને સેવા એને

વરેલાં હશે તો જ્યાં એ જશે ત્યાં પોતાની સુવાસ જ મૂકશે. તમારી તો એ સેવા કરશે જ, પરંતુ કોઈ પણ દુઃખીનું દુઃખ દૂર કરવામાં એને આનંદ આવશે. એનું પોતાનું ગૃહજીવન મંગલમય હશે. એની પત્ની પોતાને ભાગ્યશાળી સમજશે અને એની સંતતિ એ કરતાં યે વિશેષ ચારિત્ર્યવાન, શકિતવાન અને નીતિવાન બનશે. જે બીજ તમે રોપશો તે અનેક છોડ દ્વારા ઊગી નીકળશે અને શુદ્ધિવૃદ્ધિનું કાર્ય અનેક જમાના સુધી ચાલુ જ રહેશે. તમારા આજના પ્રયત્નો તમે નહિ કલ્પી હોય તેટલી સફળતા સાથે ભવિષ્યમાં ઊગી નીકળશે.

અને તમારું બાળક જો પુત્રી હશે તો એક શકિતએ જ અવતાર લીધો હોય એવું બનશે. આપણા દેશના પદદલિત સ્ત્રીઓનો એ ઉદ્ધાર કરે એવી આશા પણ તમે રાખી શકશો. કદાચ એવી પ્રચંડ શકિત એનામાં ન પ્રગટે અને એનું જીવન પોતાના ગૃહમાં જ મર્યાદિત બની જાય તો પણ સેવાની સુગંધથી એણે સૌને વશ કરી લીધાં હશે. આજે ઘરઘરમાં સાસુ-વહુ, નણંદ ભાભી અને દેરાણી-જેઠાણીઓ વચ્ચે જે હોળીઓ સળગે છે તે તમારી સંસ્કારી કન્યાના ઘરમાં નહિ હોય. સાસુ, નણંદ કે જેઠાણી જો સ્વભાવથી જ દુષ્ટ હશે તો પોતાનાં શરીર, મન, બુદ્ધિનો હ્રાસ થાય તે પહેલાં જ તમારી કન્યા એના પતિને સમજાવીને એ ઘરથી જુદી પડી ગઈ હશે અને એ લોકોમાં કેવળ સંસ્કારની જ ખામી હશે તો તમારી કન્યા પોતાનાં કામ, સેવા અને વિનયથી એ સૌનાં દિલને જીતી લેશે. કોઈ પણ સંયોગોમાં એ દુઃખી તો રહેશે જ નહિ.

તમે જાણતાં તો હશો કે આજે હજારો કન્યાઓ અને કુમારો પોતાની યુવાવસ્થામાં માબાપને શાપ આપતાં નજરે પડે છે. તેઓ શરીરે ક્ષીણ હોય છે, મનથી સાવ નબળાં હોય છે, બુદ્ધિમાં પણ કશું તેજ દેખાતું નથી. નિશ્ચય કરી તેને વળગી રહેવાની શકિત તો તેમનામાં લગભગ હોતી જ નથી. માતાપિતાના વિલાસનું જ એ

સર્જન હોય એવાં એ વધુ વિલાસી બની ગયાં હોય છે. જો તેઓની સમજશક્તિ જાગ્રત થાય છે તો તેઓ પોતાની તમામ નિર્બળતાઓને જાણી લે છે અને તેનાં કારણરૂપ પોતાને મળેલા કુસંસ્કારો માટે માતાપિતા તરફ તિરસ્કારની લાગણી રાખ્યા કરે છે. કન્યાઓ તો એવી કેટલી યે મળશે જે પોતાના સસરાના ઘરમાં આંસુ સારતી સારતી માતાપિતા ઉપર નિઃશ્વાસ વરસાવતી હોય.

આ સૌને સાચા પિતા કરતાં સાચી માતાની વિશેષ ખોટ પડેલી હોય છે. તમે ઇચ્છતા હો કે તમારાં પુત્ર–પુત્રીઓ સદા યે પ્રેમ અને ભક્તિપૂર્વક તમારું મંગલ સ્મરણ કરતાં રહે, દુઃખથી હારે નહિ અને સાચા સુખને ઓળખી લે તો છેક બાળપણથી જ એના ઉછેર ઉપર ધ્યાન આપજો. એક પળ પણ ભૂલતાં નહિ કે માતા બનીને તમે જાતે જ તમારા ઉપર મહાન જવાબદારીનો બોજ ઉઠાવ્યો છે. એ જવાબદારી અદા કરવા માટે જેટલું તપ કરવું પડે તેટલું કરજો અને એમાંથા છટકવાનો કદી વિચાર જ કરતાં નહિ.

એક વાત તમારી પાસે વધુ સ્પષ્ટ કરી લઉં. જે મહાન જવાબદારી તમારા ઉપર આવે છે તેના ભારથી દબાઈ જતાં નહિ. કોઈ વેઠ કરતાં હો તેમ તમારી તપ–સાધના કરતા નહિ. એક પળ માટે પણ ભૂલતા નહિ કે તમે તો પ્રેમ અને વાત્સલ્યનું અખૂટ ઝરણું છો. તમે જે કંઈ કરશો તે અંતરના આનંદથી જ કરશો. અને હું તમને ખાતરી આપું છું કે એ માટે તમારે બળપૂર્વક પ્રયત્ન નહિ કરવો પડે. એક વખત તમે આનંદ સાથે તપ આદરશો તો તમારાં એ આનંદને અખંડ રાખવાનું કાર્ય તો તમારું બાળક જ બજાવવા માંડશે. દિવસભરના તમારા થાકને હરી લેવાનું સામર્થ્ય બાળકના એક હાસ્યમાં હોય છે તે કઈ માતા જાણતી નથી? જીવન અંતે છે શું, જો એમાં નિર્દોષ આનંદ ન હોય, પ્રસન્ન લાગ ન હોય, સ્વજનોને માટે કંઈક કરવાની ઝંખના ન હોય?

માટે હે માતા ! તું તારા પ્રેમના દીપકને સદા યે ઝળહળતો રાખજે અને એનું અજવાળું પાઈ પાઈને તારાં બાળકોને ઉછેરજે. તારી ગોદમાં આવેલાં બાળકને મહાન જગદ્‌ઉદ્ધારક બનાવવાનાં તું સ્વપ્ન સેવજે. આદર્શ જો હિમાલય જેવો મહાન હશે તો તારું ધ્યાન જ તારા નાનકડા ઘરમાં, પિતાના વેપાર-ધંધામાં કે જ્ઞાતિ-કુટુંબના સાંકડાં વર્તુળમાં જ મર્યાદિત હશે તો એ બાળક એવી સંકુચિતતામાં જ ઊછરશે ને મોટું થયે એ વર્તુળને વિસ્તારવાની હિંમત મેળવી શકશે નહિ. તું ભલે સ્થૂળ રીતે એવાં બધાં બંધનોમાં પડેલી હોય પણ બાળકની માતા બનતાં જ તારા મનને વિશાળ બનાવી મૂકજે, તારી કલ્પનાને ગગનગામી પાંખ આપજે અને ખાતરી રાખજે કે તારું બાળક એ ઉપર સવારી કરીને નવી દુનિયાના સુંદરતમ પ્રદેશમાં પહોંચી જશે. બાળકને ઉછેરતાં ઉછેરતાં એના મિત્ર પણ તારે બની જવાનું છે તે ભૂલતી નહિ. એની કલ્પના અને બુદ્ધિને સતેજ કરતી વાર્તાઓ જ્યારે તું કહેવા માંડશે ત્યારે એની સાથે જ તારે આકાશમાં ઊડવું પડશે. એવાં ગીતો જ્યારે તું ગાશે ત્યારે પણ બાળક પોતાના ભવ્ય કલ્પના-પ્રદેશમાં તારી સાથે જ ઘૂમતું હશે. તું બાળકમય બની જજે. અને એ અવશ્ય તારામય બની જશે.

પરંતુ ફરીને કહું છું કે એમાં પાગલ બની જતી નહિ. પ્રેમને ઘેવલો બનાવી મૂકતી નહિ. તારે જે કાર્ય બજાવવાનું છે તેની ગંભીરતા ભૂલી જતી નહિ. સતત જાગ્રત રહીને જોજે કે જે ફૂલને તું ખીલવી રહી છે તે સોળે કળાએ ખીલે છે કે નહિ. ન ખીલતું હોય તો વિચારજે, ફરી ફરીને વિચારજે અને એના વિકાસમાં જે અંતરાયરૂપ થતું હોય તે શોધી કાઢી તેને દૂર કરજે, જે મદદરૂપ થતું હોય તેનો ઉપયોગ કરજે. પ્રેમ અને જાગૃતિ એક સાથે જ કેળવજે. તપ અને આનંદ એકમેકમાં મિલાવી દેજે. જવાબદારીની સાથે જ, મહાન કાર્યનો પરમ આનંદ પણ ભોગવતી રહેજે.

[૫]

કુટુંબનો વડલો

અત્યાર સુધી તો તને મેં જે લખ્યું તે તારું કન્યાસ્વરૂપ અને પછી ઊઘડતું માતૃસ્વરૂપ કલ્પીને લખ્યું છે: હવે તારું પૂર્ણ રૂપ લક્ષમાં રાખીને થોડું લખવા ઇચ્છું છું. માતા થતાં પહેલાં અને પછી, બાળકનો ઉછેર, સંસ્કારનું દાન, ચારિત્ર્યનું ઘડતર વગેરે વિષે મેં લખી નાખ્યું છે. હવે એમ ધારી લઉં છું કે તું ઘણા સમયથી માતા બની ચૂકી છે. તારે ત્યાં યુવાન પુત્રો ને પુત્રીઓ છે. થોડા દિવસમાં એમનાં લગ્ન કરવાના મનસૂબા પણ તું સેવે છે. એમાં તું આગળ પગલાં ભરે છે અને પુત્રીને કોઈ સુયોગ્ય યુવાનના હાથમાં સોંપે છે અને કોઈ સુશીલ-સંસ્કારી કન્યાને તારા ઘરની લક્ષ્મી બનાવી લઈ આવે છે. તું તારા વિશાળ કુટુંબના વડલારૂપ બની ગઈ છે.

એ પછી તારી ચામડી ઉપર કરચલીઓ પડે છે. પુત્રો હવે પોતાનું સંભાળે છે અને એમની પાસેથી તું સેવાની અપેક્ષા રાખે છે. પુત્રવધૂ હવે તો માતા બની છે. એનાં બાળકો વૃદ્ધ દાદીમાને હેરાન કરતાં કરતાં કોઈ અનેરી મીઠાશ આપી રહ્યાં છે. તું આયુષ્યને આરે પહોંચી છે.

આ લાંબા પત્રના છેડે આ બંને સ્થિતિ કલ્પી લઈને હું કંઈક લખવા માગું છું. એમ પણ ગૃહિત કરી લઉં છું કે તેં 'આદર્શ' માતા બનવાનો પ્રયત્ન કર્યો છે અને નથી કર્યો. તારા બાળકોને ઉછેરવામાં તેં ધ્યાન આપ્યું છે અને નથી આપ્યું. તું સામાન્ય છે અને મહાન પણ છે. સર્વ પ્રકારની માતાને ઉદ્દેશીને મારે જે કહેવું છે તે ટૂંકમાં હવે કહી દઈશ.

જૂજ અપવાદો સિવાય લગભગ બધી માતાઓ રૂઢિના બંધનમાં જકડાએલી જ હોય છે. એમના પૂર્વગ્રહો પણ બહુ પ્રબળ હોય છે. નવા વિચારો કે આચારો એનાથી સહન થઇ શકતા નથી. પરાપૂર્વથી ધર્મ વિષે, કુટુંબ વિષે, સમાજ વિષે, વ્યવહાર વિષે જે માન્યતાઓ ચાલી આવતી હોય છે તેને મડાગાંઠ વાળીને એ પકડી રાખે છે. આ વાંચનાર એ હજારો લાખ્ખો માતા જેવી હશે કે થોડાક અપવાદો જેવી ! મને તો આશા છે કે બંને પ્રકારની માતાઓના હાથમાં આ પત્ર આવ્યો હશે. જે અપવાદરૂપ હશે તેના આસપાસ રૂઢિચુસ્ત માતા રહેતી જ હશે અને જે સામાન્ય હશે તેણે પણ આ યુગમાં વધી રહેલા અપવાદોમાંથી કોઇકનું જીવન જોયું હશે.

રૂઢિ એ એક પ્રકારની સામાજિક ટેવ જ છે. જ્યાં સુધી એ રૂઢિ સમાજના હિતને નુકસાનરૂપ નથી બની જતી ત્યાં સુધી એનો વિરોધ કોઇ કરતું નથી, કરવાને કશું કારણ પણ નથી. કેટલીક રૂઢિઓ તો સમાજના સ્વાશ્રયને મદદરૂપ પણ હોય છે, પરંતુ જેની પ્રકૃતિ રૂઢિને વશ રહેવાની હોય છે તેઓ કઇ રૂઢિ લાભદાયી છે અને કઈ હાનિ કરે છે તેનો વિચાર જ કરતા નથી. એટલા માટે એમ કહેવું પડે છે કે રૂઢિના બંધનમાંથી સૌ કોઈએ, માતાએ તો ખાસ, મુક્ત થઇ જ જવું જોઈએ. એવી મુક્તિ વિના કોઈને સારાસાર પારખવાની વિવેકશક્તિ પ્રાપ્ત થઇ શકે નહિ. રૂઢિથી જે મુક્તિ મેળવે છે તે થોડા સમયમાં જ પૂર્વગ્રહમાંથી પણ છૂટી જાય છે. પૂર્વગ્રહ એ મનની ગાંઠ છે. અમુક અનુભવ થયો, અસર ઉપજી કે વિચાર આવ્યો અને મનમાં ગાંઠ બંધાઇ ગઇ. વ્યક્તિઓ અને વસ્તુઓ વિષે અભિપ્રાય બંધાઇ ગયો. એ પછી જુદા અનુભવો થાય છતાં મનની અસર બદલાય નહિ. આ જ પૂર્વગ્રહ છે, આમાંથી પણ દરેકે છૂટવું જ જોઇએ.

રૂઢિ અને પૂર્વગ્રહ, બંનેમાંથી છૂટવા માટે મનને હમેશાં ખુલ્લું-

મુક્ત રાખવું જોઈએ. કોઈ પણ વિચાર, અભિપ્રાય, માન્યતાને આખરી ન માની લેવાં જોઈએ. હમેશાં એટલું ધ્યાનમાં રાખવું કે આપણું જ્ઞાન બહુ મર્યાદિત હોય છે. આપણે જેમ આપણા જ પગ વડે ચાલીએ, આપણી જ આંખો વડે જોઈએ અને આપણા જ શ્વાસોશ્વાસ વડે જીવીએ છીએ તે જ રીતે આપણા જ જ્ઞાન વડે આપણે બધું વિચારવાનું અને જાણવાનું છે, પરંતુ જ્ઞાન હમેશાં વૃદ્ધિ પામતું રહેવું જોઇએ. જે વૃદ્ધિ ન પામી શકે તે જ્ઞાન જ ન કહેવાય. એટલે આપણી માન્યતાથી વિરુદ્ધનો કોઇ વિચાર કે અભિપ્રાય આપણે સાંભળીએ તો તેને તિરસ્કારી ન કાઢીએ, પણ આપણા, આપણા કુટુંબના અને સમાજના હિતાહિતની દૃષ્ટિએ એ ઉપર શાન્તિથી અને ખુલ્લા દિલે વિચાર કરી જોઇએ. એમ લાગે કે સામા પક્ષની વાત સાચી છે તો તેને સ્વીકારતાં અચકાઇએ નહિ અને એ વાત ખોટી લાગે તો આપણા પોતાના જ વિચારને મક્કમપણે વળગી રહીએ. એમ કરવાથી જ જ્ઞાન અને અનુભવ વધતાં રહે, રૂઢિનાં બંધન તૂટતાં રહે અને પૂર્વગ્રહ પણ છૂટતો રહે.

મને લાગે છે કે હું જે કહેવા માગું છું તે સ્પષ્ટ રીતે સમજાઈ ગયું હશે. કોણ રૂઢિને વશ છે અને કોણ નથી તેની પરીક્ષા કરવાનું કાર્ય કઠિન નથી. જેની વિચારશક્તિ જાગ્રત હોય, જે નિર્ભય હોય, જેના જ્ઞાન અને અનુભવ વધતાં જતાં હોય તે કોઈ પણ રૂઢિમાં બંધાય નહિ. એના મન ઉપર પૂર્વગ્રહની પણ અસર ન હોય. અને જે નવા વિચારથી રોષે ભરાય કે ડરી જાય, નવા અનુભવ માટે હિંમત જ ન કરે, વિચાર કરવાની જેને ટેવ જ ન હોય, તેનાં રૂઢિબંધન વજ્ર જેવાં મજબૂત હોય. આવું માણસ માણસ હોવા છતાં લગભગ પશુની પેઠે જ વર્તતું હોય. કારણ કે મનુષ્યત્વની સાચી પરીક્ષા એની વિવેકશક્તિ–સારાસાર પારખવાની શક્તિમાં છે. આ શક્તિ એ માણસમાં હોય જ ક્યાંથી !

જે માતા કુટુંબના વડલારૂપ હોય અને જેનું જીવન પુત્ર–પુત્રીઓ, પુત્રવધૂઓ, સગાં–સંબંધીઓ એમ અનેક સાથે જોડાયેલું હોય–તે માતામાં વિવેકશક્તિનો પ્રથમ પહેલી જરૂર છે. એ નહિ હોય તો આજના યુગમાં એ કુટુંબના વડલારૂપ રહી શકશે નહિ. પોતાનાં બાળકોને એ છાયારૂપ બની શકશે નહિ. જો એ રૂઢિગ્રસ્ત હશે તો બાળકો મોટાં થતાં જ એને વડલાને બદલે બાવળ માનવા લાગશે અને એના કાંટામાંથી બચવા માટે એનો ત્યાગ કરી જશે. એ વખતે માતા ફરિયાદ કરશે કે મારા પુત્રો કપૂતો નીવડ્યા છે, પોતાની માને ભૂલી ગયા છે, પોતાની સ્ત્રીના ગુલામ બની ગયા છે. આ ફરિયાદ સામે બાળકો લક્ષ આપશે નહિ. એ કહેશે કે 'તમે માતા તરીકેની યોગ્યતા જ ધરાવતાં નથી.' આ વચન ઉદ્ધતાઇનું છે, છતાં એ ખોટું છે એમ કહી શકાશે નહિ.

દરેક માતાએ, જો એણે સુખી થવું હોય, પુત્ર–પુત્રીઓનો પ્રેમ અખંડ રાખવો હોય, સંયુક્ત કુટુંબની મીઠાશ ભોગવવી હોય અને જિંદગીને આરે બેઠાં બેઠાં પોતે રચેલી સૃષ્ટિમાં પરમ પ્રસન્નતા અનુભવવી હોય તો તેણે નવા યુગને ઓળખવો જ પડશે. નવા યુગમાં નવી માન્યતાઓ અને નવી રૂઢિઓ રચાવા લાગી છે છતાં મુખ્યત્વે આ યુગમાં વિવેક અને વિચારની શક્તિ વિશેષ જાગ્રત થયેલી છે. માતાએ પણ એ શક્તિને આધારે જ જીવવું પડશે.

જે માતા રૂઢિમાં બંધાયેલી હશે તે પ્રથમ તો કન્યા અને કુમાર વચ્ચે ભેદ કરશે. એ પછી એ કન્યાને શિક્ષણ આપશે જ નહિ અને આપશે તો યે સમાજમાં એના લગ્ન માટે સારો મુરતિયો મળી શકે તે વૃત્તિથી જ આપશે. કન્યાને બીજી છૂટ તો એ આપી જ નહિ શકે. ઘરની બહાર નીકળવા દેવામાં એને હીણપત લાગશે. કન્યા કોઈ કુમાર સાથે વાતચીત કરવા જેટલી મૈત્રી પણ રાખી શકશે નહિ. એનો વિકાસ રસોડામાં જ મર્યાદિત રહેશે અને એક દિવસ માત

પિતાએ જ પસંદ કરેલા કોઈ કુમાર કે વિધુર સાથે એનું લગ્ન થઈ જશે.

પુત્રની બાબતમાં માતાપિતા આવું જ કરવાનો પ્રયત્ન કરશે, પરંતુ મોટે ભાગે એમાં ફાવશે નહિ. જો પુત્રે શિક્ષણ લીધું હશે અને એ બહાર ફરતો પણ થઈ ગયો હશે તો તો માતાપિતાની ઇચ્છાઓ પૂરી થવાની સંભાવના ઓછી રહેશે. અને એમ નહિ બન્યું હોય તો યે પુત્રના લગ્નનો લહાવો લીધા પછી માતાપિતા માટે પસ્તાવાનો જ સમય આવશે. કારણ કે વરસ બે વરસમાં જ દીકરો ઉદ્ધત બની જુદો થઈ ગયો હશે.

પણ જે માતાએ રૂઢિનાં બંધન છોડ્યાં હશે અને બધી બાજુનો વિચાર કરી, સારાસાર જાણી લગ્નને જ આગળ પગલાં ભરવાનો નિશ્ચય કર્યો હશે, તેની સ્થિતિ તદ્દન જુદી જ હશે. એણે તો પ્રથમથી જ કન્યા અને કુમાર વચ્ચે ભેદ નહિ ગણ્યા હોય, કન્યાને પણ પૂરતી કેળવણી આપી હશે. એની સ્વતંત્રતા ઉપર કદી કાપ નહિ મૂક્યો હોય. લગ્નના પ્રશ્નમાં પણ પુત્ર-પુત્રીના અભિપ્રાયને જ છેવટનો ગણ્યો હશે. જ્યાં આવા માતાપિતા હશે ત્યાં પૃથ્વી પર સ્વર્ગ ઊતર્યું હશે. માતા ખરેખર વડલો બની પોતાના વિશાળ કુટુંબને સંસારના તાપમાં શીતળતા આપી રહી હશે.

આ જ વસ્તુને વ્યવહારિક રીતે પણ વિચારીએ :

બાળકો શિક્ષણ લેવા માંડે ત્યારથી માતાએ એમાં રસ લેવો જોઈએ. માતા પોતે શિક્ષિત ન હોય તો તેની ચિંતા નહિ. પરંતુ શક્ય હોય તો એણે ગમે તે ઉંમરે પણ સામાન્ય લખતાં-વાંચતાં શીખી લેવું જોઈએ. બાળકો શું ભણી રહ્યાં છે તે વિષે માતા જો માહિત-ગાર રહેશે તો બાળકોને એ ગમશે જ. બાળકો મોટાં થઈ આગળ અભ્યાસ કરતાં હશે ત્યારે માતાને પણ આપોઆપ થોડુંઘણું શિક્ષણ મળતું રહેશે. વિશેષ લાભ એ થશે કે બાળકોને મા પોતાના મિત્ર

જેવી લાગશે. પુત્ર અને પુત્રી બંને માતાની પાસે પોતાનાં હૃદયને ખુલ્લું મૂકી શકશે. અને એમ થશે તો માતા-પિતા અને પુત્ર-પુત્રી વચ્ચે ભાગ્યે જ ઘર્ષણ થવાનો સમય આવશે. કારણ કે બંને એક-બીજાનો સ્વભાવ સમજતા થઈ ગયાં હશે. સાથે પ્રેમની ગાંઠ એવી દૃઢ બની હશે કે તેને તોડવાનું કોઈને મન જ નહિ થાય. ઘર્ષણ થાય એવા પ્રસંગોમાં બંને પક્ષે ઉદારતા જન્મશે એટલે સુયોગ્ય સમાધાન સ્થપાઈ જશે.

એક વાતનું ખાસ ધ્યાન રાખવું. પુત્ર-પુત્રીઓને પૂરેપૂરી સ્વતંત્રતા આપવી. ખાસ કરીને આ સવાલ ત્રણ બાબતોમાં મુશ્કેલીભર્યો બની જાય છે. આપણે એ ત્રણેયનો વિચાર કરી લઈએ.

પહેલી. સાહસની સ્વતંત્રતા. દરેક બાળક બાલ્યાવસ્થામાં, કુમાર અવસ્થામાં અને યુવાનીમાં સાહસ કરવાને પ્રેરાતું જ હોય છે. આ વખતે જોખમ ખેડીને પણ એને સાહસ કરવા દેવું જોઈએ. એ તરવા જશે તો ડૂબી મરશે, ઝાડે ચડશે તો હાડકાં ભાંગશે, સાયકલ કે ઘોડા ઉપરથી પટકાઈ પડશે વગેરે બીતિ સાચી છે છતાં એ છોડવી જ જોઈએ. કારણ કે સાહસ વિના વિકાસ શક્ય જ નથી. માતા બાળકને જન્મ આપે છે ત્યારે પણ જિંદગી સાથે ખેલ જ ખેલે છે. સંતાનની સંભાળ રાખવી અને જોખમો તરફ એનું ધ્યાન ખેંચવું તે સારું છે, પરંતુ તેની શક્તિઓને રૂંધવાનું પાપકૃત્ય કદી કરવું જ ન જોઈએ. શિક્ષણકાળમાં એ ચોપડીમાં માથું ઘાલી ભણ્યા જ કરે એવી અપેક્ષા પણ ન રાખવી. બુદ્ધિનો વિકાસ પુસ્તક કરતાં સાહસિક રમતોથી વિશેષ થવાનો છે એ ખાતરીપૂર્વક માનવું.

બીજી સ્વતંત્રતા મૈત્રીની. આ યુગમાં મૈત્રીનું મહત્ત્વ બહુ વધી ગયું છે. કોઈ દિવસ પુત્ર-પુત્રીને મૈત્રીઓ કરતાં રોકવાં નહિ. દુષ્ટ બાળકો સાથે મૈત્રી હોય તો એ વિષે એને સમજણ આપવી, પરંતુ

બંધન તો મૂકવું જ નહિ. બંધન મુકાશે તો એમના દિલમાં પાપનો પ્રવેશ થશે. પછી એ છાની રીતે મૈત્રી રાખશે અને તેનું પરિણામ સારું આવશે નહિ. પુત્રને બીજાની મૈત્રીથી દૂર રાખવાનું માતાપિતાને અઘરું પડે છે. કારણ કે એ તો સામો થઈ જાય એવી બીક રહે છે, પરંતુ પુત્રીને માબાપો સહેલાઈથી રોકી શકે છે. સામાજિક વાતાવરણ પણ પુત્રીની વિરુદ્ધ હોય છે. માતાપિતાને ડર પણ પુત્રીને અંગે જ હોય છે. કેટલીકવાર માતાપિતા પોતે પોતાની કન્યાને ઓળખતાં હોઈ એના ઉપર વિશ્વાસ રાખી મૈત્રીઓ કરવા દેવા ઇચ્છતાં હોય છે. પરંતુ સમાજની નિંદા સહન ન કરી શકવાના કારણે પુત્રીને રોકે છે. આ બાબતમાં માતાએ હિંમતવાન બનવું જોઈએ. કન્યાનું કે કુમારનું ચારિત્ર્ય એણે પોતે જ ઘડ્યું હોય છે એ ઉપર માતાને પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. લોકનિંદાને વશ થઈ સંતાનો ઉપર અન્યાય ન ગુજારવો જોઈએ. નિંદા કરવાનો જેમનો સ્વભાવ જ છે તે તો એ પછી પણ નિંદા ચાલુ જ રાખે છે. જેને સત્યને માર્ગે જવું છે તેણે નિંદા વિષે બેપરવા બનવું જ જોઈએ.

આ બાજી સ્વતંત્રતા જે માતાપિતાએ પોતાનાં બાળકોને આપી હશે તેને ત્રીજી સ્વતંત્રતા અવશ્ય મળી જશે એમ હું માનું છું. કારણ કે ત્રીજી સ્વતંત્રતા હું લગ્ન અંગેની પસંદગીને ગણું છું આ વિષે વિસ્તારથી ઘણું લખી શકાય એમ છે પણ ટૂંકમાં જ જોઈએ તો લગ્નના પ્રશ્નમાં માતાપિતાએ પોતાના સંતાનના ખરેખરા મિત્ર જ બનવું જોઈએ. પુત્ર અને પુત્રીને પણ, ખાતરી હોવા જોઈએ કે એના માતાપિતા એની ઇચ્છા વિરુદ્ધ એને કોઈ સાથે જોડશે જ નહિ. લગ્નના ગંભીર પ્રશ્નમાં બાળકની હૃદયપૂર્વકની સંમતિ અત્યંત આવશ્યક છે. જે કન્યા કે કુમાર પોતાની મેળે જ પોતાનો જીવનસાથી શોધી લે તેને માતાપિતાએ આશીર્વાદ આપવા જોઈએ. એ સાથીમાં કંઈ ખામી જણાય તો બાળકનું ધ્યાન અવશ્ય ખેંચવું જોઈએ, ચેતવણી પણ આપવી જોઈએ, વધુ

વિચારવા માટે અમુક સમય સુધી થોભી જવાની સૂચના પણ કરવી જોઈએ, પરંતુ જો બાળક પોતાના વિચારમાં મક્કમ જ રહે તો એ આશીર્વાદનું અધિકારી બનવું જ જોઈએ. લગ્નના પ્રશ્નમાં જો માતા-પિતા પોતાની ઇચ્છા અને પસંદગીને ગૌણ સ્થાન આપે અને બાળકના સ્વભાવ, સંસ્કાર, ગમા–અણગમાને લક્ષમાં રાખીને જ વિચારે તો હું માનું છું કે બાળક અને માબાપ વચ્ચેના મતભેદો નહિવત્ બની જશે અને જે કંઈ બનશે તેમાં બંનેએ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હશે.

આ ત્રણેય સ્વતંત્રતાનો કોઈ પણ માનવને પૂર્ણ અધિકાર છે. એટલે માતાપિતાએ એમ માનવું નહિ કે પોતે બાળક ઉપર ભારે ઉપકાર કરી નાખ્યો છે. આ સ્વતંત્રતાને અંગે જે પ્રેમ અને આદર જન્મશે તેની મધુરતા કુટુંબનાં સૌ કોઈ માણી શકશે એ વિષે મુદ્દલ શંકા નથી.

[૬]

આયુષ્યને આરે

પૂજ્ય માતા, આરા પત્રનો અંત ભાગ છે. જે ભક્તિપૂર્વક મેં પત્રનો આરંભ કર્યો હતો એ જ ભાવના સાથે પત્રને પૂરો કરવા ઇચ્છું છું. મારી કલ્પના પ્રમાણે હવે તું આયુષ્યને આરે પહોંચવા આવી છે. તારે ઘેર પુત્રવધૂઓ અને ક્યારેક ક્યારેક બીજા પુત્ર જેવો જમાઈ અને દીકરી તારે ત્યાં આવી રહ્યાં છે. થોડા જ દિવસમાં, તારા ઘરની લક્ષ્મીરૂપ વહુના ખોળામાં, અને બીજે ઘેર ગયેલી પુત્રીની ગોદમાં તારી જ પરંપરા હોય એવાં લાલ અને લક્ષ્મી લોટવાનાં છે, પુત્રો હવે પિતા બનશે અને પુત્રી માતા બનશે. તું તો વૃદ્ધ દાદીમા બની સંતોષના શ્વાસ લેતી હશે.

પુત્રોનો અભ્યાસ તો ક્યારનો પૂરો થઈ ગયો હશે. ઘરની ધૂરાને ખેંચવાનું હવે એના પિતાના શિરે નહિ હોય, પુત્રો જ બધો બોજો ઉઠાવતા હશે, એ જ રીતે સંસારનો સર્વ બોજો પણ તારી વહુઓએ ઉપાડવા માંડ્યો હશે. તું ઝડપભેર હવે નિવૃત્તિ તરફ ખેંચાતી હશે.

આ અવસ્થા જીવનના પૂર્ણવિરામની છે. આ સમયે અપાર શાન્તિ અને ઊંડી પ્રસન્નતા જ તારા ભાગ્યમાં હોવાં જોઈએ. તારો તપ અને પરિશ્રમનો કાળ તો પૂરો થઈ ગયો છે. હવે તો શાન્તિમય જીવનની મંગળ પળોમાં ઈશ્વરનું સ્મરણ કરતા કરતાં તારા આશીર્વાદો જ પુત્રો અને તેના પુત્રો ઉપર વરસતા હશે.

મારી આ કલ્પના કેટલી મધુર અને કેટલી સુંદર છે! જેના ગૃહસંસારમાં આ કલ્પના જેવું જ સત્ય સિદ્ધ થયું હોય તેના જેવું ભાગ્યવાન કોણ હોઈ શકે? પરંતુ તું જ કહે, આવું સુંદર અને પ્રેરક દૃશ્ય કેટલાં ઓછા કુટુંબોમાં નજરે પડે છે! સોમાં નેવું નહિ, પંચાણું કુટુંબમ તો બરાબર આ કરતાં ઊલટું જ દેખાય છે.

માતા વૃદ્ધાવસ્થામાં દાખલ થઈ ગઈ હોય અને પુત્રવધૂ માતા બન ચૂકી હોય, છતાં ઘરનું સુકાન છોડવાનું માતાને ગમે જ નહિ. નિવૃત્તિને બદલે પુત્રવધૂ ઉપર હુકમો છોડવાની પ્રવૃત્તિમાં જ એ મશગૂલ હોય. કર્તવ્ય બજાવવા માટે કોઈ તયાર જ ન હોય અને સત્તા માટેની ખેંચતાણ રાતદિવસ ચાલ્યા જ કરતી હોય. શાન્તિ, આરામ, પ્રસન્નતા, પ્રભુધ્યાન એ બધું તો માત્ર શબ્દોમાં જ દેખાતું હોય, જીવનમાં, વ્યવહારમાં તો સાસુનું જોહુકમીપણું, મટેલાઈ, અન્યની નિંદા, પેટીઓની ચાવી અને દરેક બાબતમાં સાર્વભૌમ સત્તા જ દેખાતાં હોય. પુત્ર અને પિતા વચ્ચે, સાંસુ અને વહુ વચ્ચે, પત્ની અને પતિ વચ્ચે, માતા અને પુત્ર વચ્ચે બસ અસંતોષની આગ જ સળગતી હોય.

આવાં કુરૂપ દશ્યો સમાજમાં ઠેર ઠેર નજરે પડે છે. જે માતાને આ પત્ર લખું છું તેને પ્રાર્થના કરું છું કે તારા કુટુંબમાં આવું

દ્વેષ કદી ન જન્મે. તારે ત્યાં તો પ્રેમ અને આદરનો ધૂપ સદા યે મઘમઘતો રહે. માતા થતી વખતે જે જ્ઞાનનો દીવો તેં પ્રગટાવ્યો છે તે સદા યે જલતો જ રહે.

શી રીતે એમ બનશે? તું સમજે છે છતાં મેં કહેવા જ માંડયું છે તે કહી દઉં. પુત્ર જુવાન થાય ત્યારે પિતાએ એને મિત્ર માનવો જોઈએ અને જ્યારે એની કાંધ મજબૂત થાય ત્યારે ઘરનો બોજ એના ઉપર મૂકી દેવો જોઈએ. તારે પણ એમ જ કરવું જોઈએ. તારા પુત્રની વહુ તારા ઘરમાં દાખલ થાય તે દિવસે તું સ્મરણમાં રાખજે કે એ પણ એક માતાની લાડકવાયી કન્યા છે. માનો ખોળો છોડીને તારા ખોળામા આવેલી એ ગભરુ બાળાને તું પ્રેમથી સંભાળી લેજે. એ તારી હરીફ છે અથવા તો આ ઘરમાં સત્તા જમાવવા માટે આવી છે એવી કલ્પના એક ક્ષણ પણ તું સેવતી નહિ: તારા ઘરમાં જ્યારે એ દાખલ થાય ત્યારે તું એને પ્રેમ અને વિશ્વાસ આપજે. તારી પુત્રીને જે તાલીમ તેં આપી છે તે એનામા અધૂરી હોય તો આપી દેજે અને પછી આગળ વધજે. ધીમે ધીમે તારી જાતે જ એક પછી એક જવાબદારીઓ એના ઉપર છોડતી જજે. વિશ્વાસ રાખજે કે જો તું એમ કરીશ તો તું અપંગ અને અશક્ત બની ગઈ હશે ત્યારે પણ એ તારું માન જાળવશે અને તને પૂછ્યા વિના પાણી પણ નહિ પીએ.'

નવા જમાનાને ઓળખજે અને તારો પુત્ર અને તેની વહુ જે સ્વતંત્રતા ભોગવવા ચાહે તે ભોગવવા દેજે. તું અંતરાય નાખશે તો આરંભમાં કદાચ તેઓ દબાઈ જશે પરંતુ અંદર દાખલ થએલો અસંતોષ ધીમે ધીમે બહાર નીકળવા માંડશે.. પ્રથમ અવિનય, પછી ઉદ્ધતાઈ અને છેવટે તિરસ્કારની લાગણી એ બંનેમાં જન્મ પામશે.

તમારા જમાનામાં તમે બંનેએ જેવી મર્યાદાઓ પાળી હશે તેવી મર્યાદાઓ એ લોકો નહિ જ પાળે. લાજ વગેરેના રિવાજને તિલાંજલી આપે તો ખુશી થજે. તમારા પ્રેમની આડેનો પડદો હટી ગયો એમ

માનીને સંતોષ લેજે. સાથે બેસવું, ફરવા જવું, સુખદુઃખની વાતો કરવી વગેરેમાં તો તું જ એમને પ્રેરણા આપી શકશે. એટલું ખચિત માનજે કે પુત્રો હમેશાં માતાપિતાના સંતોષને ઝંખતા હોય છે. તું આટલું સ્વીકારશે તો તેઓના આનંદનો પાર નહિ રહે.

નિવૃત્તિ અને ઘરનું સુકાન સોંપવા વિષે મેં જે લખ્યું છે તેનો અર્થ એવો તો કરીશ જ નહિ કે તારે હવે માળા લઇને બેસી જવાનું છે. પ્રભુભજનમાં વધુ સમય હવે તું ચોક્કસ ગાળી શકશે, પરંતુ આ યુગનું પ્રભુભજન જુદા પ્રકારનું છે તે પણ સમજી લેજે. પ્રભુને સૌથી વધુ કંઈ પણ વહાલું હોય તો અન્યની સેવા જ છે. તારા ઉપરનો ઘરભાર ઉતારી નાખ્યા પછી તારો સમય સેવામાં ગાળજે. આટલા વર્ષોમાં જે અનુભવો પ્રાપ્ત થયા છે તેની મૂડી સાથે તારે ઊછરતી કન્યાઓ અને વહુઓને હવે પ્રેમપૂર્વક ગૃહસંસારની તાલીમ આપવી જોઈએ. બીજાના ઘરના પ્રશ્નોમાં માથું મારવાનો સ્વભાવ દેખાડતી જ નહિ, પરંતુ ભીડમાં આવી પડેલાને મદદ કરજે. સાચી સલાહ આપજે, અને દુઃખીને આશ્વાસનરૂપ બનજે.

અને તારા ઘરમાં સદાયે વહુની મદદગાર બનજે. સામાજિક વ્યવહારોમાં એને જ આગળ વધવા દેજે. તું જો એને માનના અધિકારી બનાવશે તો તારું માન તો કદી ચલિત થશે જ નહિ. પુત્ર અને પુત્રવધૂને હમેશાં એમ લાગશે કે એમના ઘરમાં સમસ્ત સંસારમાં અજોડ એવું તીર્થધામ છે. સાચોસાચ એ શ્રીગણેશની પેઠે તારાં પ્રદક્ષિણા ફરવામાં જ જગતમાં સર્વ તીર્થોની યાત્રા કરી છે એમ સમજશે.

દરરોજના જીવનમાં એવું દેખાય છે કે જે દિવસભર શ્રમ કરે છે તેની રાત્રી સુંદર રીતે પસાર થાય છે. એની ઊંઘમાં વિક્ષેપ આવતો નથી. બીજે પ્રભાતે જ્યારે એ ઊઠે છે ત્યારે એનામાં ચેતના—સ્ફૂર્તિ હોય છે. એવું જ આપણા સમગ્ર જીવન વિષે છે. જે જીવનભર શ્રમ કરે છે તેને શાન્ત મૃત્યુની પ્રાપ્તિ થાય છે. એની વૃદ્ધાવસ્થા જ્ઞાનના

શીતળ પ્રકાશથી ઉજ્જ્વળ બને છે. ' સાઠે બુદ્ધિ નાઠી ' એ લોકોક્તિ એવાઓને માટે નથી. એ કહેવત તો રૂઢિઓ અને પૂર્વગ્રહોમાં જકડાયેલા માણસો માટે છે. જેણે જીવન તપ અને સાધનામાં ગાળ્યું છે તેની વૃદ્ધાવસ્થા દૈવી હોય છે. અસંતોષની એક રેખા પણ એનામાં દેખાતી નથી. પોતાની નાનકડી દુનિયામાં એને સર્વ સુખોની પ્રાપ્તિ થઇ જાય છે.

હે જગજ્જનની ! તારી પણ એ જ સ્થિતિ હો. પરાક્રમી, પ્રભાવશીલ, ચારિત્ર્યવાન અને તેજસ્વી બાળકોની હે માતા ! તને અમારાં કોટિ કોટિ પ્રણામ છે. અમે ફરી ફરીને કહીએ છીએ કે આ જગતના કલ્યાણ-અકલ્યાણનો મુખ્ય આધાર તારા ઉપર જ છે. તારી એ મહત્તા છે અને તેથી જ તારી જવાબદારીઓ અત્યંત મહાન છે. મૃત્યુના મુખમાં પેસીને જો તું એક દિવ્ય બાળકને જન્મ આપે છે તો તેને મહાન બનાવવાના પરિશ્રમમાં પાછું વાળીને જોતી નહિ. જે ત્યાગ તારા માતૃપદના પ્રથમ પગલામાં છે તે જ જીવનપ્રવાસના છેલ્લા પગલા સુધી ચાલુ રાખજે. આ સળગતો સંસાર આજે તારા ઉપર જ આશાની નજર માંડીને બેઠો છે. ચારે બાજુ ઘોર અંધકાર છે. હિંસા, વેર, અનીતિ અને અધર્મથી સૌ ઘેરાયેલા છે. તું ધારે તો આ અંધકારમાં અજવાળાં પાથરી શકે એમ છે. કારણ કે અંધકારને સરજનારા તારા જ ખોળામાં ઊછરીને મોટાં થાય છે. એમને તું પ્રકાશનું પાન કરાવશે તો એ જગતને પ્રકાશ જ આપશે.

ફરી ફરીને કહું છું કે પ્રકૃતિએ તારામાં પ્રેમ, ત્યાગ, સેવા, બલિદાન, શાન્તિ ઇત્યાદિ પરમ સદ્‌ગુણોનાં બીજ મૂકેલાં છે. તું એને સુયોગ્ય સ્વરૂપમાં ખીલવશે તો એ ગુણો આખા જગતમાં વ્યાપક બનશે. તું તો એવો છોડ છે કે જેના ઉપર આખા વિશ્વને સુવાસિત બનાવી શકે તેવું ફૂલ ઊગી શકે છે. હે માતા ! તારી ડાળીએ ડાળીએ એવાં ફૂલો પ્રગટી નીકળે અને આ દુર્ગંધથી અસહ્ય બની ગયેલા જગતમાં સુંદરતા અને સુગંધ પ્રસરી રહે એવી મારી પ્રાર્થના છે.

★

ચિ. સુકન્યા

★



[૧]

તું કોણ છે ?

ચિ. સુકન્યા

છેલ્લા કેટલાયે દિવસથી તને એક પત્ર લખવાનો વિચાર કરું છું. તું જાણે છે કે રૂબરૂમાં તો કેટલીયે વાર મેં તારી સાથે દિલ ખોલીને વાતો કરી છે. તેં પણ મારી પાસે તારા અંતરની વાતો છાની રાખી નથી. આમ છતાં કેટલીક બાબતો હજી સુધી મારા મનમાં પડી રહી છે. કહેવાની ઇચ્છા બહુ વાર થઈ છે છતાં મારાથી એ વાતો કહી શકાઈ નથી. કોણ જાણે કેમ, પણ એ બધું જો હું રૂબરૂમાં કહીશ તો તું સંકોચ પામીશ એમ મને લાગ્યું છે અને તેથી જ એ વિષે મારે મૌન રાખવું પડ્યું છે. આજે એ મૌનનો આ પત્ર દ્વારા ભંગ કરું છું અને જે કંઈ કહેવાનું બાકી રહ્યું છે તે આમાં કહી નાખું છું.

મારે જે કહેવું હોય તેની મારા મનમાં કેટલી મોટી કિંમત હોય છે તે તું જાણે છે. વખતે કવખતે હું કશું બોલતો જ નથી. તને ખબર છે કે જ્યારે તારું અંતર મારી વાતો સાંભળવાને અભિમુખ હોય અને તું એ સમજવા માટે પૂરેપૂરી જાગ્રત હોય ત્યારે જ હું વાત કરું છું. રૂબરૂ કહેતી વખતે તારી આંખમાં હું તારા મનોભાવ વાંચી શકું છું. તારી જિજ્ઞાસા અને જાગૃતિનું માપ પૂરેપૂરું મળી રહે છે. પરંતુ આ પત્રમાં એવું શી રીતે બની શકશે? જ્યારે આ પત્ર તારા હાથમાં આવશે ત્યારે તારી મનઃસ્થિતિ કેવી હશે તેની કલ્પના મને આવી શકતી નથી. એટલે હું તારી પાસે એટલું માગી લઉં છું કે મારી વાતો સાંભળતી વખતે તું જેવી સ્વસ્થ અને સજાગ રહે છે તેવી સ્થિતિ તારી હોય ત્યારે જ આ પત્રનું વાચન કરજે. આરામની શિથિલ પળોમાં કે ચિંતા અથવા ઉદ્વેગથી ઘેરાયેલી ઘડીઓમાં આનું વાચન કરીશ નહિ.

આ પત્રમાં હું તારી સમક્ષ નહિ કહેલી વાતો કહી નાખવાનો છું તે સાથે જ કહેલી વાતો પણ ઓછાવત્તા પ્રમાણમાં ટપકાવતો જઈશ. તેં કેટલી બધી વાર મારી પાસે એવી માગણી કરી છે કે તમે જે કહો છો તે મને લખીને આપો એટલે હું ફરી ફરીને એના ઉપર મારું મનને સ્થિર કરી શકું. આજે તારી એ માગણીનો પણ હું અંશત સ્વીકાર કરી લઉં છું.

તું જાણે છે કે તારી, વ્યક્તિગત નહિ પણ સામાજિક સ્થિતિ વિષે મારા મનમાં ઊંડું દુઃખ ભરેલું છે. સાથે તને એ પણ ખબર છે કે આ દુઃખનો નાશ કરનારાં આશાનાં કિરણો પણ હવે મારા હૃદય ઉપર પડવા લાગ્યાં છે. ઉપમા આપીને કહેવું હોય તો એમ કહી શકાય કે પ્રભાતનું અજવાળું હજી આવ્યું નથી, પરંતુ વાતાવરણમાં જે તાજગી પેદા થઈ છે તે એમ સૂચવે છે કે આ અંધારું હવે થોડી પળોમાં નહિ તો થોડી ઘડીઓમાં તો વિખરાઈ

જવાનું છે. આ વિષે મેં કેટલીયે વાર તારી પાસે મારા મનના ઉદ્ગારો કાઢ્યા છે.

તું પણ કબૂલ કરે છે કે મારી આજની સ્થિતિ દુઃખ અને કરુણાથી ભરેલી છે. આશા અને પ્રેરણાનો જે સ્રોત છે તે જ આજે સુકાયેલો દેખાય છે. દેશ અને સમાજના દુર્દૈવની સર્વ નિશાની હું સુકન્યાઓના મંડળમાં જોઈ શકું છું. ત્યાં અજ્ઞાન છે, અંધકાર છે, નિરાશા છે, ભીરુતા છે, જડતા છે. જે આજે એક ગૃહમાં ઉછરી રહી છે અને આવતી કાલે એક નવા ઘરની રચના કરવાની છે તેનામાં કોઈ નવા પ્રકારનું સજીવ મંગલતત્ત્વ દેખાતું નથી. માંગલ્ય વિના, જીવન વિના, આશા વિના, પ્રકાશ વિના જે ગૃહની રચના થાય છે તેને ગૃહનું નામ પણ કેમ શોભે? એ તો ખંડિયેર હોય છે અથવા તો જીવ વિનાના જડ પથ્થરની જ કોઈ બાંધણી હોય છે.

કન્યાઓની આજની સ્થિતિ વિષે હું જ્યારે દુઃખની વાણી ઉચ્ચારું છું ત્યારે એકાદ પ્રકારનું દુઃખદ દૃશ્ય જ મને નથી દેખાતું. એમ હોત તો બીજું દૃશ્ય જોઈને મારું અંતર એ દુઃખને ભૂલી જઈ શકત. હું જોઉં છું ચારે બાજુથી અને એમના અંતરમાં ઊતરીને, મને સર્વત્ર એક જ સ્થિતિ દેખાય છે. શરીરે તેઓ અતિ કંગાળ છે. મન તો એમનું પવનઝપાટે ઝૂલતાં અને ખરી પડતાં પાંદડાં કરતાં યે નિર્બળ છે. આદર્શો જેવું એમને કશું છે જ નહિ. એમની આંખમાં આશાનો ચમકારો નહિ, પણ યાચનાનાં આંસુ જ મને દેખાય છે.

હું જાણું છું કે માત્ર તારી જ આવી સ્થિતિ નથી, આખા સમાજની આ દશા છે; પરંતુ જ્યારે સમાજના એકેએક અંગનો જુદો વિચાર કરીએ છીએ ત્યારે મને તારી સ્થિતિ સૌથી વધુ કંગાળ દેખાય છે. બીજી બાજુ જ્યારે સમાજશરીરની રચનામાં તારા સ્થાનનો વિચાર આવે છે ત્યારે એ દુઃખ હજારગણું વધી જાય છે. કારણ કે

મને એમ નિશ્ચિતપણે લાગે છે કે સમાજનાં ભલે બધાં અંગો રોગમુક્ત બને પરંતુ જ્યાં સુધી તારું અંગ નિર્બળ હશે ત્યાં સુધી એ રોગમુક્ત અંગોમાં જીવનશક્તિનાં દર્શન થશે નહિ. દરેક વર્ગ જેમ પોતાનું સ્વતંત્ર સ્થાન ધરાવે છે તેમ એ સમાજનું ઓછા કે વત્તા મહત્ત્વનું અંગ પણ હોય છે. તું એ રીતે સમાજનું અતિ મહત્ત્વનું અંગ છે અને દુઃખની વાત છે કે બીજાં અંગો કરતાં યે વિશેષ નબળું છે.

આપણા દેશનો જ વિચાર કરીએ તો ત્યાં ભૂખમરો છે, અજ્ઞાન છે, નિરાશા છે, જડતા છે અને એ બધું તું એ દેશમાં જ હોવાથી તારામાં પણ છે. કરોડો સુકન્યાઓ ભૂખથી પીડાય છે, અને મરે છે. અજ્ઞાન અને જડતા એમને પણ ઘેરીને બેઠાં છે. ના, એટલું જ નથી, એમનાં દુઃખો વિશેષ છે. ભૂખથી રીબાઇને મરી જનાર સુકન્યાઓ વિશેષ છે. અજ્ઞાનની અંધતા ત્યાં વિશેષ પ્રમાણમાં છે. કંગાળ દેહલતા અને તેમા યે રોગનો સડો પણ ત્યાં વધુ પ્રમાણમાં દેખાય છે, જે દૂષણ અને જે અભાવ સામજમા છે તે બધું કન્યાઓમાં વિશેષ પ્રમાણમાં છે.

કરોડો કંગાળો અને દુઃખીની વચ્ચે આ દેશમાં મૂઠીભર ધનવંતે અને સુખી લોકો પણ વસે છે. એ બંનેની વચ્ચેનો એક મધ્યમ વર્ગ પણ પોતાનું જીવન જેમતેમ ગુજારી રહ્યો છે. આ લોકોની દશા કંઈક સારી છે. એમની વચ્ચે પણ તારી હસ્તી છે. ત્યાં હું જોઉં છું તો તારી સ્થિતિ લગભગ કંગાળોમાં જેવી છે તેવી જ દેખાય છે. ત્યાં પણ તારું સુખ અન્યનાં કરતાં ઓછું છે. જ્ઞાનનો પ્રકાશ તને ઓછો મળે છે. રૂઢિની જડતા, જીવવાની લાચારી, માનસની ગુલામી વગેરે તારામાં ભયાનક પ્રમાણમાં દેખાય છે.

હું જાણું છું કે આ દશામાંથી છૂટવાનો તું કેટલાક વર્ષોથી

પ્રયત્ન કરી રહી છે. આ દેશમાં જે નવજાગૃતિ પેદા થઈ છે તેની અસર તારામાં પણ દેખાય છે. હું જેને આશાનાં કિરણો કહું છું તે એ જ છે, પરંતુ તારું આખરી નિશાન ઘણું દૂર છે અને તારી ચાલવાની ગતિ, અતિશય ધીમી છે. આવાં ટૂંકાં પગલાં ભરીને તું ક્યારે તારે મુકામે પહોંચી શકશે? અને તું એક બીજી ભૂલ પણ કરી રહી છે. તું એકલી નથી, તારો પણ વિશાળ સમાજ છે. હું જોઈ રહ્યો છું કે તું એકલી જ આગળ વધવા માટે મથે છે. તારા સમાજને સાથે લઈ-જવાનું તને સૂઝતું નથી. આનાં પરિણામો સારા આવતાં નથી, કારણ કે તું તારી અન્ય બહેનો, ભલે તું એને ઓળખતી હો કે ન ઓળખતી હો, તેના સાથે અદૃશ્ય બંધનથી બંધાયેલી છે. તું એકલી આગળ વધી શકશે નહિ. વધશે તો યે તારો માર્ગ તું ભૂલી જાય એવી ભુલભુલામણીમાં આવી પડશે. તારું ધ્યાન તારી પોતાની બહેનો તરફ નહિ, પણ તારાથી આગળ ધસી જતા કુમારો તરફ જ જો મંડાયેલું રહેશે તો તારું આવી જ બન્યું એમ ખાતરીથી માનજે. એક સિદ્ધાંત તરીકે સ્વીકારી લેજે કે જે સમાજથી વિખૂટું પડે છે તે મહાન બની શકતું જ નથી; અને બને છે તો યે એની મહત્તા તાડવૃક્ષ જેવી હોય છે. એની છાયા કોઈને મળતી નથી.

તું વિચાર કરી જો. આ દેશમાં જ નહિ, જગતભરમાં જેની તોલે આવે એવો મહાન પુરુષ નથી—તે પણ શું કરે છે? વ્યક્તિ તરીકે જો વિચારીએ તો એના વિકાસમાં હવે શું બાકી રહ્યું છે? ધર્મશાસ્ત્રોમાં જેને પરમપદ કહ્યું છે તેનો અધિકારી તો એ છે જ, છતાં એ જંપતો નથી અને એકલો આગળ વધી જવા ઇચ્છતો પણ નથી. તું જાણે છે કે એણે પોતાની સાથે આ દેશના ચાલીસ કરોડ નાગાભૂખ્યાંને રાખ્યાં છે. એ સૌને સાથે લઈને જ એ કૂચ કરે છે. માટે જ એ મહાન છે અને માટે એની છાયામાં આપણે સૌ નવા યુગનું અમૃત પી રહ્યાં છીએ.

હું શું કહેવા માગું છું તે તું સમજી ગઈ હશે. આ પત્રમાં આની

આ જ વાત હું વિસ્તારથી પણ કહેવાનો છું. પણ ટૂંકમાં તું એટલું જાણી લે કે તારા વિકાસના પ્રયત્નો બે જાતના હોવા જોઈએ. એક વ્યક્તિગત અને બીજો સામાજિક. એક ઘડી માટે પણ ન ભૂલજે કે વ્યક્તિઓનો સમૂહ તે જ સમાજ છે એટલે તારો અંગત વિકાસ સમાજને પણ બળ આપનારો બનશે, જો તેં સામાજિક દૃષ્ટિ કેળવી હશે તો. અને તારો સામાજિક વિકાસ પણ વ્યક્તિવિકાસને મદદરૂપ બનશે જ. આ બંને બાજુએ તારે એક સાથે જ પ્રયત્નો કરવા જોઈએ.

તું સમજી શકશે કે જે આગળ વધવા ઇચ્છે છે તેણે પ્રથમ જાણી લેવું જોઈએ કે પોતે આજે ક્યાં છે અને પોતાને કેટલે દૂર જવાનું છે. એ જ રીતે જે રોગમુક્ત થઈ સશક્ત થવા ઇચ્છે છે તેણે પોતાના રોગનું સાચું નિદાન મેળવવું જોઈએ. એ રોગનાં જે કારણો હોય તેનાથી છૂટવું જોઈએ અને નિરોગી જીવનના નિયમો સમજી લઈ તે પ્રમાણે વર્તવું જોઈએ. કેવળ શુભેચ્છાથી કશું થઈ શકતું નથી. દરેક ઇચ્છાને અમલમાં મૂકવાથી જ એ પૂર્ણ થાય છે.

એ રીતે આપણે જોઈએ કે તું આજે ક્યાં છો અને તારે ક્યાં જવાનું છે. આવો વિચાર પહેલાં તો સામાજિક દૃષ્ટિએ જ કરીએ. મેં કલ્પી લીધું છે કે તું, એટલે કે આ પત્રનો વાચક, વ્યક્તિ તરીકે તો તું જેને સુશિક્ષિત, સંસ્કારી અને કંઈક કરી જવાની મહેચ્છા સેવનાર કહે છે તેવો હશે. તારો અંગત વિચાર એ દૃષ્ટિએ જ આપણે કરવો પડશે. સામાજિક રીતે પહેલાં જોઈએ.

આપણો દેશ ગુલામ છે, તું પણ ગુલામ છે. આપણો દેશ જગતમાં ઇજ્જત ધરાવતો નથી. તું પણ એ બેઇજ્જતીનો ભાગીદાર છે. દેશમાં કરોડો માણસો ભૂખે મરે છે, તું જે ખાય છે, તેમાં એમનો હિસ્સો છે. કરોડોને વાંચવા લખવા માટે આંખ જ નથી. તું જે જાણે છે તે એમના ભોગે જાણી શકી છે. કરોડો રોગથી પીડાય છે અને અકાળે મરે છે. તું

જો નિરોગી છે અને સારી રીતે જીવે છે તો તેનું કારણ તારી પાસેનાં સાધનો જ છે.

કેવળ સ્ત્રીસમાજનો વિચાર કરીએ, કારણ કે તું સીધું જ એમનું અંગ છો અથવા તો એ તારો વર્ગ છે અને તારો સમાજ છે. દેશની તમામ દુર્દશા એમને પણ વળગેલી જ છે. ફરક એટલો જ છે કે એ વધુ રોગી છે. વધુ અજ્ઞાન છે. એની ગુલામી બેવડી છે. એ ઘરના પુરુષોની પણ ગુલામી ભોગવે છે. એનું અજ્ઞાન અનતગણું છે. કારણ કે જ્ઞાનથી એ ભય પામે છે. અને અજ્ઞાનને સાચવવા માટે એ લડે છે. એના રોગો પણ ભયાનક છે કારણ કે ઈશ્વરે એને માતા બનવાનું અત્યંત જોખમી અને નાજુક કામ સોંપ્યું છે.

હવે વ્યક્તિગત જોઈએ. તું શિક્ષિત છે પણ તારું શિક્ષણ પુસ્તકના જ્ઞાનમાં જ મર્યાદિત છે. તું આગળ વધવા ઇચ્છે છે, પણ ક્યાં જવું તેનો તારી પાસે સ્પષ્ટ ખ્યાલ નથી. શરીરે તું કંગાળ છે, અન્નના અભાવથી નહિ, પણ તારી પોતાની જ બેદરકારી અથવા ભૂલથી. કુમારો–પુરુષોથી તું અનેક રીતે પછાત છે અને આગળ વધવા માટે એની નકલ કરે છે. ભૂલી જાય છે કે જે નકલ કરે છે તેની ગુલામી કદી પૂરી થતી નથી. નવા યુગનો તને સ્પર્શ થયો છે, પરંતુ એ યુગમાં જે કંઈ છે તેનો વિવેક કરવાનું તને હજી સૂઝયું નથી. તારો બુદ્ધિવિકાસ ઠીક થયો છે, પરંતુ એના પ્રમાણમાં મનોબળનો વિકાસ થયો નથી. જીવનમાં આદર્શ હોવો જોઈએ એવું તું સમજે છે, પણ તારો આદર્શ તેં હજી નક્કી કર્યો નથી. તું ઇચ્છે છે સ્વતંત્ર રીતે જીવવા, પરંતુ હજી સુધી તો નવા યુગના પ્રવાહોમાં જ તણાય છે.

આ બધાનો આપણે વિગતથી વિચાર કરવો જોઈએ.

[૧]

જીવનનો આદર્શ

મેં વર્ણવી એ જ જો તારી સાચી સ્થિતિ છે તો તેમાંથી છૂટવા માટે તું શું કરે છે? તું એટલું તો કબૂલ કરશે જ કે આ સ્થિતિ ઈષ્ટ નથી. એમાં તારો, સ્ત્રીસમાજનો કે આપણા દેશનો ઉદ્ધાર નથી. તું જીવે છે અને કંઈક સારી રીતે જીવે છે, એ કારણે તારાથી સંતોષ લઈને બેસી શકાય નહિ. એવો સંતોષ જેને પ્રાપ્ત થાય છે તેનું મારી દૃષ્ટિએ તો જીવતા જીવનમાં મૃત્યુ જ નોંધાય છે. કારણ કે જીવનનું લક્ષણ ગતિ છે અને જ્ઞાનનું લક્ષણ પ્રગતિ છે. આ બે જેનામાં ન દેખાય તેના શ્વાસોશ્વાસ ચાલતા હોય તો યે એનું જીવન નકામું છે. આવો નિર્જીવ સંતોષ તને કદી પ્રાપ્ત ન થાઓ.

પરંતુ તે સાથે જ એવો અસંતોષ પણ તારા મનમાં ન જાગી ઊઠવો જોઈએ કે જેથી જીવનનો રસ સુકાઈ જાય અને પ્રયત્ન કરવાની પ્રેરણા જ મૃત્યુ પામે. વ્યક્તિ, સમાજ અને દેશની જે દુર્દશા આપણે જોઈએ છે તેના પરિણામે જુવાન અને આશાભર્યા અંતરમાં અસંતોષનો અગ્નિ પ્રજળી ઊઠે તે સાવ સ્વાભાવિક છે. પરંતુ, આપણે ખ્યાલ રાખવો કે આ જગતમાં ચમત્કારો બહુ ઓછા બને છે, તે ઉપર માણસ જાતનો કાબૂ નથી. એટલે પરિસ્થિતિને પલટાવવાના આપણા પ્રયત્નોમાં વેગની સાથે ધૈર્ય પણ હોવું જ જોઈએ. બાળક ધીમે ધીમે જ મોટું થાય છે અને વિશાળ વડલો એક દિવસમાં ઊગી શકતો નથી.

એટલે પરિસ્થિતિ પલટાવવા જુસ્સો પેદા થવો જોઈએ. પરંતુ, એમાં નશો ન હોવો જોઈએ. મને એમ દેખાય છે કે સામાજિક

કે રાજકીય ક્રાન્તિમાં ઘણી વાર જુસ્સાને બદલે નશો જ કામ કરે છે. આરંભમાં એવા નશાથી પ્રેરાયેલાં કુમારો ને કુમારિકાઓ, યુવકો ને યુવતીઓ ફના થવા માટે પણ તત્પર દેખાય છે. પરંતુ વાતાવરણ કે સંયોગોમાં ફેરફાર થતાં કે એ નશાને ઠેકાણે લાવી દે એવો એકાદ આઘાત આવી પડતાં તેઓ સાવ લાચાર બની ગયેલાં માલૂમ પડે છે અને એ પછી પ્રગતિને બદલે પ્રત્યાઘાતની સ્થિતિ આવે છે.

આ વસ્તુસ્થિતિ લક્ષમાં રાખીને વર્તમાન સ્થિતિને પલટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મનમાં નિશ્ચય કરવાની તો જરૂર છે જ, પરંતુ તે સાથે જ એ નિશ્ચય પાર પાડવા જેટલું મનોબળ અને જ્ઞાન પણ મેળવી લેવાં જોઈએ. જો તું આજે જ નક્કી કરી નાખે કે મારી જે વ્યક્તિગત નબળાઈઓ છે તેને હું દૂર ફગાવી દઈશ અને મારા દેશ અને સમાજની જે દુર્દશા છે તે પણ મિટાવીશ તો તારું પ્રથમ પહેલું કાર્ય એ વિષે જ્ઞાન મેળવી લેવાનું, તાલીમ પામવાનું અને સુખદુઃખ વિષેની દુન્યવી કલ્પનાને બદલી નાખવાનું રહેશે. એ ત્રણે ય કેમ બની શકે તે આપણે જોઈશું.

સૌથી પ્રથમ આપણે સુખદુઃખની કલ્પનાનો જ વિચાર કરીએ. હું ઇરાદાપૂર્વક એને કલ્પના કહું છું. કારણ કે સુખદુઃખ એ તો મનનો જ વિષય છે ને? આપણું મન એટલું સંસ્કારી બની જવું જોઈએ કે જે સાચું હોય તે આચરતાં આપણને સુખ જ ઊપજે. દુનિયાની દૃષ્ટિએ એમ દેખાય છે કે સત્ય આચરનાર ઉપર તો દુઃખના ડુંગરો ખડકાય છે. પરંતુ ખરેખર એમ છે જ નહિ. સત્ય આચરનારને પોતાના આચરણમાં જ અનહદ આનંદની પ્રાપ્તિ થાય છે. આ વિષેનો મોટામાં મોટો દાખલો જોઈતો હોય તો આપણા દેશની અને જગતના બીજા દેશોની સ્વતંત્રતાની લડાઈનો જ છે. આવી લડતોમાં જે ભોગ આપે છે, ફના થાય છે, કુરબાની કરે છે તેનું હૃદય સંતોષથી ભરેલું રહે છે. દુનિયા તો એમ જ માનતી હશે ને, કે મહાત્માજી માથે કેટલાં સંકટો પડી રહ્યાં છે? પરંતુ

આપણે જાણીએ છીએ કે ઉપવાસની અગ્નિપરીક્ષા વખતે જ્યારે જીવન છેલ્લા ઝબકારા મારી રહ્યું હોય છે ત્યારે પણ એમના હોઠ ઉપર સ્મિત અને આંખમાં આશાનાં કિરણો જ ચમકતાં હોય છે: દુઃખ એમને થતું જ નથી, લાગતું જ નથી.

આપણા સામાન્ય જીવનમાં જોઈએ તો પણ એ જ વસ્તુ દેખાય છે. પ્રિયજનની માંદગી વેળા ઉજાગરા ને ઉપવાસો કરવામાં કોને કષ્ટ થાય છે? બાળકને ઉછેરવામાં કઈ માતા દુઃખનો અનુભવ કરે છે? સ્વજનોની સેવામાં કોને થાક લાગે છે? બીજી બાજુ જોઈએ તો જગતનાં દુઃખોથી જેમનાં અંતર ત્રાસી ઊઠયાં છે એવા સંતોને દુનિયાનાં દરેક સુખો કાંટાની પેઠે ભોંકાય છે. આપણે જાણીએ છીએ કે ભગવાન બુદ્ધને એમના રંગમહેલમાં વીંછીના ડંખની વેદના થતી હતી. સીતાને એના રામ સાથે અરણ્યમાં જ સુખ ઊપજ્યું હતું. ભરતને અયોધ્યાની રાજગાદી અગ્નિથી યે વધુ બાળનારી લાગી હતી. મીરાંને રાણાના મહેલમાં ચેન નહોતું. આજે જોઈએ તો ભગતસિંહ, જતીન ઇ. ને પણ ઘરમાં અશાન્તિ જ જણાતી હતી ને? આપણા જવાહરો, સરદારો, મૌલાનાઓ વગેરેને સુખની શૈય્યા ક્યાં છે!

માટે જો તારે જીવનમાં મહાન બનવું હોય તો સુખદુઃખ વિષેની દૃષ્ટિ જ બદલવી પડશે. જેના જીવનમાં નક્કી કરેલું કોઈ ધ્યેય હોય અને તે માટે જે પ્રયત્ન આદરે છે તેની દૃષ્ટિ તાત્કાલિક બદલાઈ જાય છે. એણે ગીતા વાંચી હોય કે ન વાંચી હોય, પરંતુ એને પોતાના પ્રયત્નોમાંથી જ અજબ પ્રકારનું સુખ મળી રહે છે. એટલે તારે તારા જીવનનો આદર્શ નક્કી કરી નાખવો જોઈએ. હું તો એમ કહું છું કે વ્યક્તિ, સમાજ અને દેશની જે દુઃખદાયક સ્થિતિ છે તે બદલવાનો જ તારો આદર્શ હોય, એ જ તારા જીવનનું ધ્યેય હોય, અને એ માટે જ તું બધા પ્રયત્નો કરતી હોય. જો તું જ્ઞાનપૂર્વક આવી રીતે જીવવાનું નક્કી કરશે તો સુખદુઃખ વિષેની તારી દૃષ્ટિ જરૂર બદલાઈ જશે.

આટલું કરવા માત્રથી બધું થઈ જશે એવી ભોળી કલ્પના તો તું પણ નહિ સેવતી હોય એમ માની લઉં છું. ઉપર કહ્યું છે કે કામ કરવાનો નિશ્ચય કર્યા પછી એ વિષયનાં જ્ઞાન અને તાલીમની જરૂર પડે છે. તેં એટલું તો જાણી લીધું છે કે તારે શું કરવું જોઈએ. તો એ કરવા માટે શું જાણવુ જોઈએ તે હું તને કહું.

પ્રથમ તો આજની દુર્દશાનાં કારણોનો અભ્યાસ કરવો. આ અભ્યાસ પુસ્તકો દ્વારા થાય, ને એ માટે પુષ્કળ ગ્રંથે પણ મળી શકશે; એટલેથી પતી જશે નહિ. તારે જાતે જ એ દુર્દશાને જોઈ તેના ઉપર વિચાર કરી એનુ મૂળ શોધવું પડશે. આમ કરવા માટે તારે એક બાજુ આત્મનિરીક્ષણની અને બીજી બાજુ સમાજ સાથેના ગાઢ સંપર્કની જરૂર પડશે. આત્મનિરીક્ષણથી તું તારી જાતનુ અવલોકન કરી, એમા રહેલી ખામીઓ શોધી શકીશ. સમાજ સાથેના સંપર્કથી એમનાં દુઃખો વિષે જાણી શકીશ. સમાજનો અર્થ તું બરાબર સમજી લેજે. સરખેસરખાંની વચ્ચે જ ફરતી નહિ. જે માણસો સાથેનો સંબંધ આપણે તોડી દીધો છે તે જ ખરો સમાજ છે. વિશેષ દુઃખી પણ તેઓ જ છે; એમની વચ્ચે જતા દરરોજ તને અનેક આશ્ચર્યજનક અનુભવો થશે. તને લાગશે કે એ દુનિયા મેં કદી જોઈ જ નહોતી.

આમ કરતાં તારું જ્ઞાન વધતું જ જશે અને કાર્ય કરવા માટે કયા પ્રકારની તાલીમની જરૂર છે તે પણ તને આપોઆપ સમજાવા માંડશે. અમુક તાલીમની દરેક કામમાં જરૂર પડવાની જ એમ માની તે મેળવવાના પ્રયત્નો તો તાત્કાલિક આરંભી દેજે. એ વિષે હું ટૂંકમાં તને થોડો ખ્યાલ આપી દઉં છું.

ખડતલ અને નિરોગી શરીર વિના એક ડગલું યે આગળ જઈ શકાશે નહિ. તું પોતે જે અને તારા જેવી અનેક શિક્ષિત કુમારિકાઓ આ બાબતમાં કમનસીબ છો. બીજી બાજુ જેઓ ગરીબ છે તેઓના,

શરીર મજૂરીના પ્રતાપે મજબૂત દેખાય છે. પરંતુ, યોગ્ય પોષણ અને આરોગ્ય વિષેના જ્ઞાનના અભાવે એમનાં મજબૂત દેખાતાં શરીરો રોગના હુમલા સામે ટકી શકતાં નથી. તારા માટે અને આ લોકો માટે તારે નિરોગી અને બળવાન બની જઈ એ વિષેનું સામાન્ય જ્ઞાન પણ મેળવી લેવું પડશે. તારા ભાવિ જીવનમાં એ તને ખૂબ મદદગાર નીવડશે.

કઠિન જીવનની તાલીમ પણ એટલી જ જરૂરી છે, કારણ કે જેણે એવી તાલીમ લીધી હશે તેને ગમે તેવી પરિસ્થિતિમાં મુશ્કેલી જણાશે નહિ. ટાઢ, તડકો, વરસાદ તો સહન થવાં જ જોઈએ. સામાન્ય કામનો પણ થાક ન લાગવો જોઈએ. ખાવામાં સૂકુંપાકું મળે તેથી ચલાવી લેવું જોઈએ. સ્વાદઅસ્વાદની ખબર ન પડે તે ગમાર ગણાય. પરંતુ જે મળે તે ચીજથી પેટ ન ભરી શકે તો દુનિયાના ઝંઝાવાતમાં ઊભી શકે નહિ.

સાદાઈને તો સમગ્ર જીવનમાં આજે જ દાખલ કરી દેવી જોઈએ. કેવળ વસ્ત્રો, ભોજન, પાગરણની જ નહિ. સ્વભાવ, રીતભાત, ભાષા વગેરે તમામ વસ્તુમાં સાદાઈ આવશ્યક છે. કોઈને એમ લાગવું જ ન જોઈએ તું એમના કરતાં ઊંચી એટલે કે ઊંચે ઓટલે બેઠેલી છે.

આનંદિત અને સાહસિક સ્વભાવની પણ એટલી જ જરૂર છે. આનંદ વિના કામનો થાક ઓછો થશે નહિ, જેમની સાથે સંસર્ગમાં આવવાનું છે તેમનાં અંતર ઉઘાડી શકાશે નહિ, અને જીવનમાં જે ઘસારો લાગે છે તે પૂરવાની સામગ્રી મળશે નહિ. સાહસિકતા વિના તો ચાલશે જ કેમ? યુગ યુગથી તારી જાતિમાં અને આપણા સમાજમાં જે કાયરતા ભરાયેલી છે તેને અંત એ વિના શી રીતે આવી શકશે!

આ બધું વાંચતાં તને કદાચ એમ લાગશે કે 'આટલું જો હું કરું તો તો મહાન બની જાઉં અને મારે મહાન તો બનવું નથી'

પહેલી વાત એ કે તારે મહાન બનવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. શા માટે તું મહાન ન બને? શા માટે તારું જીવન અનેકને પ્રેરણા આપી શકે એવું ઉજ્જવળ, સુંદર અને સુવાસિત ન હોય? સાથે તારે એ પણ ખ્યાલ રાખવાનો છે કે આ બધું વૈરાગીની પેઠે રાખ ચોળીને કરવાનું નથી, પરંતુ અંતરના અસીમ આનંદની સાથે સાથે જ આગળ વધવાનું છે. એમ માનતી નહિ કે આવું જ્ઞાન અને આવી તાલીમ મેળવવા માટે તો તારે અકાળે વૃદ્ધ થઈ જવું પડશે, તારે આજનો નિર્દોષ આનંદવૈભવ છોડવો પડશે, કલ્પનાની રંગભૂમિ ઉપરથી ઊતરી જવું પડશે.

હું તને ખાતરી આપું છું કે તારો આનંદ અને તારા જીવનની મસ્તી આ તાલીમથી વધશે જ. તુ સામાન્ય છોકરી મટી જઈશ. અન્યાય સામે લડવાનું તારામાં જોમ આવશે, તું આ જગતમાં કંઈક નવું તેજ મૂકી શકીશ. ચાલુ ઘરેડમાંથી બહાર નીકળતા જ એક વિશાળ અને અમાપ સૃષ્ટિના ચોકમા તું પોતે જ તને ઊભેલી જોશે અને આનંદ પામશે.

એક ચેતવણી આપી દઉં છું. કેવળ કલ્પનામાં વિહાર કરવાનું છોડી દેજે. આ યુગમાં હું જોઈ ગયો છું કે કલ્પનાવિહાર બહુ વધી ગયો છે. આનું કારણ આજનું શિક્ષણ અને કૃત્રિમ જીવન છે. સાહિત્યનું વાચન પણ એમાં કારણરૂપ છે. જેટલો બુદ્ધિનો વિકાસ થાય છે તેટલું ક્રિયાજીવન કોઈ જીવતું નથી. કુમાર અવસ્થામાં સાહસિક કલ્પનાઓ આવેં છે. જરા આગળ જતાં કંઈક કરી નાખવાની તમન્ના પણ જાગ્રત થય છે. પરંતુ નિરીક્ષણ એમ કહે છે કે એવી કલ્પના- ઓમાંથી સાહસ પ્રગટ થતું નથી અને સોમાંથી નેવું કન્યાઓ માત્ર મગજનાં જ સાહસો ખેડે છે. બાકીની દસ કન્યાઓમાંથી પાંચ થોડા સમયમાં થાકી જાય છે અને બાકીની પાંચ પોતાના આદર્શો સાહસો

વગેરેને લગ્નજીવન શરૂ થતાં કે તે પહેલાં છોડી દે છે. કોઈક જ, હજારે એક કહી શકાય એ બધાં ભયસ્થાનોમાંથી બહાર નીકળી આવે છે.

સંભવ છે કે આ વાંચનાર કુમારી કંઈક કરી નાખવાનાં સ્વપ્નાં સેવતી હશે. થોડી સાહસવૃત્તિ પણ કેળવી હશે. સમાજમાં બંડખોર ગણાય એવી પણ કદાચ એ હશે. નવા વિચારોને ઝીલી લઈ સ્વતંત્રતા, સમાનતા, જાતે કમાવું, પુરુષના બરોબરીઆ બનવું, સમાજસેવામાં જીવન ગાળવું, જીવનભર કુમારિકા જ રહેવું વગેરે નિશ્ચયો એણે સેવ્યા હશે. એ સૌને એક ભયસ્થાન બતાવવા માગું છું. એ છે લગ્નનો સવાલ. એ ખડક સાથે અથડાઈને અનેક નૌકાઓના ચૂરા થયા છે. સુકન્યા ! બહેન ! તારી નૌકા એ ખડક સાથે અથડાઈ ન પડે તેનો ખ્યાલ રાખજે. મારે આ પત્રમાં જીવનવિકાસની અનેક વાતો તને કહેવી છે, પરંતુ આટલું લખતાં એમ થાય છે કે એ ભયસ્થાનનો જ પ્રથમ તને કંઈક ખ્યાલ આપું. શી રીતે એ આપું ? વિચારું છું તો સારો માર્ગ એ લાગે છે કે થોડા જ સાચા કિસ્સાઓ, સત્ય કથાઓ જ તારી સમક્ષ મૂકી દઉં. એ ઉપરથી ગ્રહણ કરવા જેવું તું મેળવી જ લેશે તેની મને ખાતરી છે.

એ કથાઓ વર્ણવ્યા પછી મારે તારા મનોવિકાસને અંગે થોડુંક કહેવું છે. શું વાંચવું, કેમ વાંચવું, શું વિચારવું, શું ચિંતવવું વગેરે તો મારે તને કહેવું જ જોઈશે. સાહિત્ય, સંગીત, કલા વિષે પણ થોડુંક કહીશ. અને એ પછી મારે સુકન્યાને યુવાનીના ઉંબરમાં ઊભેલી જોઈને કેટલીક ન કહેવી વાતો આ પત્રમાં કહી દેવી પડશે. માટે તું અખૂટ ધીરજથી આ પત્રનું વાચન કરજે.

[૩]

જે નજરે જોયું

થોડીક સાચી કથાઓ લખવાનો વિચાર કરું છું અને તુરત જ આંખ સામે અનેક ઘટનાઓ દેખાવા માંડે છે. વિચારતાં એમ લાગે છે કે આ જગતમાં જો ખામી હોય તો પ્રગતિ અને પુરુષાર્થની કથાઓની છે. સિદ્ધાંતત્યાગ અને અકર્મણ્યતાની કથાઓનો તો કોઈ પાર નથી. આ કથાઓ વાંચ્યા પછી, મને ખાતરી છે કે, તને પોતાને પણ તારી આજુબાજુમાંથી નવી કથાઓ મળી રહેશે. મારે તો ઢગલાબંધ કથાઓમાંથી માત્ર ચાર જ નમૂના રૂપે તારી પાસે મૂકવી છે અને એ ઉપર કશું યે વિવેચન કરવું નથી. હું જાણું છું કે તું તો ભારે વાર્તાશોખી છે એટલે વાર્તાના મર્મને પણ સમજી જતી હોઈશ એમ માનવું જ રહ્યું. નહિ સમજી શકતી હોય તો યે આ કથામાં તો કશી મુશ્કેલી નડશે જ નહિ.

પહેલી કથા તારી જ પેઠે કૉલેજમાં અભ્યાસ કરી ચૂકેલી એક કન્યાની કહું છું. આજે તો એ કન્યા રહી નથી તેમ એ માતા યે હજી બની નથી, પણ બનવાની તૈયારીમાં છે. કૉલેજ છોડયે ત્રણ વરસ થઈ ગયાં. કૉલેજની સાથે જ એણે અભ્યાસ, સ્વતંત્ર અભ્યાસ પણ છોડી દીધો છે. આજે એ ઘરરખ્ખુ બૈરી બની ગઈ છે એમ કહું તો ચાલે. એટલું ખરું કે જૂના વિચારની સ્ત્રીઓની પેઠે એ ઘરમાં જ નથી ભરાઈ બેસતી પણ બહાર નીકળે છે, પતિ સાથે ફરે છે, ચલચિત્રો જુએ છે, હોટેલ–રેસ્ટોરાંનો સ્વાદ પણ કરે છે. છતાં એ ઘરરખુ જ છે, કારણ કે એની દુનિયા મર્યાદિત બની ગઈ છે. પોતાની આસપાસના વર્તુળની બહાર એ જતી નથી, કદાચ જઈ શકે એમ પણ નથી.

આ કન્યાનું નામ મારે ખોટું જ કહેવું પડશે. આપણે એને સુલોચના કહીએ. એ નાની હતી ત્યારે ભારે મસ્તીખોર હતી. સદ્ભાગ્યે માતાપિતા, ખાસ કરીને પિતા નવા યુગના વિચારોથી રંગાયેલા હતા એ પિતાને ક્રાંતિકારી તો ન કહી શકાય, પણ સુધારક જરૂર કહેવાય. પુત્રની પેઠે જ એ પુત્રીને પણ અભ્યાસ કરાવવા ઇચ્છતા હતા. એમની જ્ઞાતિમાં કન્યા–કેળવણીનો લગભગ અભાવ જ હતો. સમસ્ત જ્ઞાતિલોકમાં માંડ પાંચ–દશ કન્યાઓ અભ્યાસ કરતી હશે. સુલોચના પ્રથમથી જ તેજસ્વી હતી. બુદ્ધિની સાથે પ્રભુએ એને શરીર પણ સુદૃઢ આપ્યું હતું. જો કે આજે એ શરીર રહ્યું નથી, પરંતુ એની કિશોર વયમાં એ મસ્તાન હતી. માતા–પિતા એક ગામડામાં રહેતાં હતાં ત્યાં પણ અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી જ અભ્યાસની સગવડ હતી એટલે કન્યાને આગળ અભ્યાસ માટે બહારગામ મોકલ્યા વિના છૂટકો નહોતો. મુંબઈમા સુલોચનાના મામા રહેતા હતા. એમને ત્યાં રહી સુલોચના અભ્યાસ કરે એવી ગોઠવણ થઈ હતી.

મામા તો નવા કે જૂના, એકેય વિચારના નહોતા. શેર બજાર તો ભલે પાંચ કલાક જ ખુલ્લું રહેતું હતું. પરંતુ મામાનું મગજ શેરના સોદાઓ માટે આખો દિવસ અને મોડી રાત સુધી ઉઘાડું રહેતું એટલે ત્યાં બીજા કોઈ વિચારને આવવાનો અવકાશ નહોતો. મામી કંઈક ભોળાં અને કંઈક શોખીન હતાં. પૈસા બહુ તો નહોતા પરંતુ મુંબઈમાં લહેર ઉડાવી શકાય એટલું ધન મળી ગયું હતું. સંતાન હતું નહિ એટલે બંને જરા ‘આઝાદ’ બની ગયાં હતાં. આ ઘરમાં સુલોચના જે દિવસે દાખલ થઈ તે દિવસે તો એને કશું ગમ્યું નહિ. પિતાએ આપેલા સંસ્કારોને અનુરૂપ વાતાવરણ ત્યાં હતું જ નહિ, પરંતુ આઠ દિવસમાં જ સુલોચનાને ત્યાં ગમવા લાગ્યું. કારણ કે મામાની સામેના ‘ફ્લેટ’ માં જે કુટુંબ રહેતું હતું તેનાં બાળકો સાથે સુલોચનાને મૈત્રી થઈ ગઈ અને એણે જોઈ લીધું કે મામાના ઘરમાં

એના માટે કોઈ જાતનું બંધન તો નથી જ.

સુલોચનાનો સ્વભાવ જેટલો અભ્યાસપ્રિય હતો તેટલો જ રમતપ્રિય પણ હતો એટલે શરીર-મનનો વિકાસ એકધારી રીતે ચાલતો હતો. જે શાળામાં તે દાખલ થઇ તે પણ ઉત્તમ હતી. ત્યાં એને એવા અને સ્વતંત્રતાના જ સંસ્કાર મળે એમ હતું. એ શાળા ગષ્ટ્રિય એટલે કે બિનસરકારી તો નહોતી, પરંતુ શિક્ષકો અને સંચાલકો ગષ્ટ્રિય માનસ ધરાવતા હોવાથી એ શાળા લગભગ રાષ્ટ્રિય શાળા જેવી જ ગણાતી. રાષ્ટ્રના કોઇ પણ મહાન દિનને ઉજવવામાં એ શાળા પહેલી હરોળમાં જ રહેતી.

સુભાગી સુલોચનાને બધું જ શુભ અને સુંદર જ મળ્યું હતું. પાડોશીનાં બાળકો, ખાસ કરીને સુલોચના જેવડી જ કન્યા ચંદ્રિકા એની પરમ મિત્ર બની ગઇ હતી. એ પણ એ જ શાળામાં અભ્યાસ કરતી હતી. શિક્ષક-શિક્ષિકાઓનો પ્રેમ પણ એણે સંપાદન કરી લીધો હતો. સામાન્ય વાતોમાં શિક્ષકો સેવા, ત્યાગ કે બલિદાનની વાત કરતા તો પણ સુલોચનાના મન ઉપર તેની ભારે અસર થતી. એકેક વરસમાં તો શાળામાં સુલોચનાએ નામ કાઢયું. એણે અભ્યાસ ઉપરાંત લલિતકળાઓ ઉપર સારો કાબૂ મેળવ્યો હતો. સંગીત એનો પ્રિય વિષય બની ગયો હતો. કુદરતે એને કંઠની બક્ષીસ પણ આપી હતી.

સુલોચનાના પિતાને આનંદનો પાર નહોતો. માતાને પણ આ બધું ગમતું હતું. પરંતુ મનમાં એક ભય હંમેશાં રહ્યા કરતો હતો. આવી ભણેલી કન્યા જ્ઞાતિમાં જશે કોના ઘેર? અને ત્યાં એનું થશે શું! ધીમે ધીમે આ ચિંતાની અસર પતિના મન સુધી પણ એણે પહોંચાડી દીધી. સુલોચનાના પિતાએ બહુ વિચારને અંતે એમ નક્કી કર્યું કે મેટ્રિક સુધી તો ભણુાવવી જ અને પછી લગ્ન કરી નાખવાં.

સુલોચના બહાદુર અને બુદ્ધિશાળી કન્યા તરીકે ખ્યાતિ પામત જ જતી હતી. ધીમે ધીમે યુવકમંડળો અને કુમારમંડળોમાં પણ એ રસ લેવા લાગી હતી. રાષ્ટ્રિય કાર્યમાં પણ એણે ભાગ લેવા માંડ્યો હતો. મેટ્રિકમાં પહોંચી ત્યારે તો એની ખ્યાતિ, એની ઉંમરના પ્રમાણમાં બહુ વધી ગઈ હતી. સ્વતંત્ર વિચારો કરી શકવા જેવી એની વય પણ હવે થઈ હતી. સાહિત્યનું જ નહિ વર્તમાનપત્રોનું વાચન પણ એનો શોખ બની ગયું હતું. સામાન્ય સભાઓમાં હવે એ વ્યાખ્યાનો કરતી અને માસિકોમાં સ્ત્રી–ઉદ્ધાર, દેશભક્તિ, સ્વતંત્રતા વગેરે વિષયો ઉપર લેખો પણ લખતી.

પિતાના મનમાં શું ચાલી રહ્યું છે તેની એને ખબર જ નહોતી. પોતે એમ વિચારતી હતી કે ઓછામાં ઓછું પોતે બી. એ. સુધી તો અભ્યાસ કરશે જ અને તે પછી પોતાનું જીવન સમાજસેવામાં ખર્ચશે. લગ્નના વિચાર સામે એને નફરત પેદા થઈ ગઈ હતી. સ્ત્રી પુરુષની ગુલામ છે પણ ગુલામ રહેવા સર્જાઈ નથી એમ એ બોલ્યા કરતી. પોતે જીવનમાં પહેલામાં પહેલું કામ સ્ત્રીની ગુલામી તોડવાનું કરશે એવા સ્વપ્નોમાં એ મશગૂલ રહેતી હતી.

પરંતુ મેટ્રિકની પરીક્ષા આપીને લાંબી રજાઓ ગાળવા માટે જ્યારે એ ઘેર આવી ત્યારે એની મસ્તીના સ્થાને એના મનમાં મંથન જાગવા લાગ્યું. એની બાએ થોડા દિવસ પછી ખબર આપ્યા કે હવે એના લગ્નની ગોઠવણ થવાની છે અને આગળ અભ્યાસ કરી શકશે નહિ. સુલોચનાએ પ્રથમ તો આ માન્યું નહિ, પરંતુ એક દિવસ બે યુવકો મહેમાન તરીકે એને ત્યાં આવ્યા ત્યારે એ સમજી ગઈ કે હવે તૈયારીઓ થઈ રહી છે. બાની પાસે એણે સ્પષ્ટ કહી દીધું કે પોતે લગ્ન કરવા ખુશી નથી અને આખી જિંદગી કુમારિકા જ રહેવા ઇચ્છે છે. બાએ આંસુ સાર્યાં. વાત એના પિતા પાસે પહોંચી. સુલોચના એ દરમ્યાન તો ગંભીર મંથનમાં પડી ગઈ.

પિતાએ સુલોચનાને બોલાવી જ્ઞાતિની સ્થિતિનો અને પોતાના વિચારોનો ખ્યાલ આપ્યો. સુલોચનાએ મૂગા મૂગા બધુ સાંભળી લીધું. પિતાને લાગ્યું કે પુત્રી ઉપર એમની વાતની અસર થઈ છે. પરંતુ તે જ રાત્રે સુલોચનાએ જાતે આવીને એક પત્ર પિતાના હાથમાં મૂક્યો ત્યારે જ પિતાની આંખ ઊઘડી ગઈ. પોતાની પુત્રી વિચારો અને વર્તનમા આટલી સ્વતંત્ર અને આટલી પ્રગતિશીલ બની ગઈ હશે એમ એમણે કદી ધાર્યું જ નહોતું. સુલોચનાએ અત્યંત વેદનાભરી વાણીમા પોતાના વિચારો અને આદર્શો જણાવ્યા હતા. અંતમાં પ્રાર્થના કરી હતી કે 'તમે જ મને આ સંસ્કારો આપ્યા છે, હવે એ ભૂસવાનું પાપ ન કરો. મને મારી રીતે જીવવા દો.' પિતા ઉપર આ કાગળની અસર થઈ અને સુલોચનાની બા નારાજ હતાં છતાં લગ્નની વાત પડતી મુકાઈ.

પરંતુ તે દિવસથી જ સુલોચનાના પરિવર્તનનો પ્રારંભ થયો. પિતાએ લગ્ન વિષે મૌન રાખ્યું તેથી એને આનંદ તો થયો જ, પણ સાથે ગર્વના ભાવથી પણ એનું હૈયું ભરપૂર બન્યું. એને લાગ્યું કે પોતે અસામાન્ય કન્યા છે, ક્રાંતિકારી છે, સાથે સાથે છેલ્લા દિવસોના મંથનકાળ દરમ્યાન લગ્ન વિષેના વિચારો પણ એના મનમાં દાખલ થયા હતા. જો કે જાગ્રત સ્થિતિમાં તો એણે લગ્ન સામે ધિક્કારથી જ જોયું હતું. પરંતુ જે પ્રશ્નની આજ સુધી હસ્તી જ નહોતી તે એક અંકુશરૂપે એનાં અંતરમાં દાખલ થઈ ગયો હતો.

રજાઓ પૂરી થતાં પહેલા જ એ મુંબઈ આવી પહોંચી. મેટ્રિકમાં સારા ગુણ મેળવીને એ સફળ થઈ હતી. મિત્રમંડળ હવે વધ્યું હતું. એકબીજાંની સલાહ લીધા પછી એક કોલેજ ઉપર પસંદગી ઢોળાઈ અને આનંદ, આશ્ચર્ય અને કુતૂહલની મિશ્ર લાગણીઓ વચ્ચે સુલોચનાના કોલેજજીવનનો આરંભ થયો. પહેલા એક મહિના સુધી તો એનામાં ખાસ ફેર દેખાયો નહિ, પરંતુ તે પછી એણે પ્રથમ તો પોતાના જ

વર્ગનું અને પછી બીજા વર્ગોનું પણ ધ્યાન ખેંચવા માંડયું. કૉલેજ-વિદ્યાર્થીઓના ટીખળનો ભોગ તો એને પણ થવું પડતું હતું છતાં એની ગણતરી ખૂબ બુદ્ધિશાળી, નિર્ભય અને સરસ વક્તા તરીકે થવા લાગી. વાચનનો તો એને શોખ હતો જ, જે હવે વધવા લાગ્યો. કૉલેજમંડળોમાં પણ એણે આગેવાનીભર્યો ભાગ લેવાનું શરૂ કર્યું. સુલોચના મહાન બનશે, એવું એને પોતાને અને આસપાસ એક મંડળ રચાતું જતું હતું તેમાંના સૌને લાગવા માંડયું.

થોડો વધુ વખત પસાર થયો અને એ વિચારોમાં ઉદ્દામ સમાજવાદી તરીકે ઓળખાવા લાગી. મુંબઈના સામ્યવાદી આગેવાનો સાથે એને ઓળખાણ પણ થઈ ગઈ. પહેલું વર્ષ પસાર કરી એ બીજામાં આવી ત્યારે તો મજૂરો અને વિદ્યાર્થીઓમાં એણે થોડુંઘણું કામ પણ કરવા માંડયું હતું. ઉદ્દામ વિચારના જુવાનોને લાગતું હતું કે સુલોચના હવે થોડા જ સમયમાં એમના મંડળમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લેશે.

આ મહત્તાની સાથે સાથે પેલું પરિવર્તન તો ચાલુ જ હતું. એના સ્વભાવમાં એક પ્રકારની ખુમારી આવી ગઈ હતી. દેશભક્તિ અને સેવા વિષેના એના વિચારો બદલાયા હતા. કુમારિકા રહેવાની વાત તો હજી યે એ કરતી હતી. પરંતુ લગ્ન તરફની નફરત ઓછી થઈ ગઈ હતી પુરુષો જાલિમ, સ્વાર્થી અને દંભી હોય છે એમ એ હજી યે બોલતી હતી. પરંતુ કૉલેજમાં અને કૉલેજ બહાર જે વિશાળ મિત્રમંડળ રચાયું હતું તેમા સ્ત્રી-મિત્રો, કન્યા-મિત્રો તો બે જ હતાં, જ્યારે પુરુષ-મિત્રો, યુવક-મિત્રોની ગણતરી કરવી જ મુશ્કેલી હતી!

અને એના ઉપરના વર્ગમાં અભ્યાસ કરતાં સુબોધ અને કંદર્પ સાથેની મૈત્રી તો ગાઢ બનતી જતી હતી. આજુબાજુમાં વાતો ચાલતી હતી કે હવે એક પ્રણયત્રિકોણ રચાવાની તૈયારી છે. સુલોચનાના

કાન ઉપર પણ આવા શબ્દો, મશ્કરીના રૂપમાં ક્યારેક અથડાઈ જતા, પરંતુ બોલનારની પામરતા ઉપર એ હસી લેતી. કંદર્પ અને સુબોધ સાથે આવી મજાક વિષે એ છૂટથી વાત પણ કરી શકતી.

દિવસો તો પસાર થતા જ જતા હતા અને સુલોચના પણ સ્થિર નહોતી. જે માર્ગે એણે પગલા માંડયાં હતા તે માર્ગે આગળ વધવાનું ચાલુ જ હતું. પ્રવૃત્તિ વધતી હતી. ઓળખાણો ઉમેરાતી હતી. મૈત્રી ગાઢ બનતી હતી. વિચારોમાં ઉમતા આવતી હતી અને સુલોચનાને એમ લાગતું હતું કે પોતે હવે ઘણી આગળ વધી ગઈ છે. અભ્યાસ વિષેની છેલ્લી કલ્પના હવે બી. એ. ની નહોતી. હવે તો અમેરિકા જવું હતું અને આખા યુરોપખંડનો પ્રવાસ કરવો હતો. રશિયામા તો એકાદ વર્ષ ખાસ રહેવું હતું!

આવાં સ્વપ્નોમાં એ મશગૂલ હતી ત્યા જ સુબોધ અને કંદર્પ સાથેની મૈત્રીએ ગંભીર સ્વરૂપ લઇ લીધું સુબોધ ધનવાન પિતાનો પુત્ર હતો. કંદર્પ એક અમલદારનો નબીરો હતો. બંનેએ એ વર્ષે બી. એ. પૂરું કર્યું. સુલોચનાને હજી એક વર્ષ બાકી હતું. સુબોધ આગળ અભ્યાસ ચાલુ રાખવાનો હતો જ્યારે કંદર્પના પિતાએ એને પરદેશ મોકલવાની ગોઠવણ કરી હતી કંદર્પ એથી ખુશ જ હતો, પરંતુ સુલોચના વિષે મનમાં જે કંઈ ધારી રાખ્યું હતું તે પ્રગટ કર્યા સિવાય હવે છૂટકો જ નહોતો.

અને એક દિવસ સુલોચના પાસે એણે મનની વાત પ્રગટ કરી નાખી. સાથે કહી દીધું, તો સાથે જ વિલાયત જઈ શકીશું. સુલોચનાએ તુરત તો એ દરખાસ્ત સામે આશ્ચર્ય વ્યક્ત કર્યું પરંતુ જેમ વાતો થવા લાગી તેમ કંદર્પ વિશેષ ને વિશેષ લાગણી બતાવવા લાગ્યો. સુલોચનાનું સ્થિર લાગતું અંતરજલ ડોલી ઊઠયું.

અને બીજા બે દિવસ પસાર થયા ત્યાં સુબોધે સુલોચનાને ગંભીર ભાવે પૂછ્યું.

'મારા પ્રત્યેની તારી લાગણીમાં કશો ફરક પડ્યો છે?'

સુલોચનાએ તુરત તો જવાબ આપ્યો, 'ના.' પરંતુ એના મુખ ઉપર મૂંઝવણ તરી આવી. સુબોધે કંદર્પનું નામ ઉચ્ચાર્યા વિના કહી દીધું કે 'હું જોઈ રહ્યો છું કે મારા પ્રત્યે હવે તને અભાવ ઊપજ્યો છે.'

બસ, એ પછીની વાત વિગતથી કહેવા જેવી નથી. પ્રેમ અને પ્રણયનાં તોફાન શરૂ થયાં. કંદર્પે કોઈ પણ બહાના નીચે વિલાયત જવાનું મોકૂફ કર્યું. સુબોધ અને એની વચ્ચેની મૈત્રી તૂટી ગઈ. સુલોચના બંને સાથે સારો સંબંધ રાખવામાં પોતાની શક્તિ ખરચવા લાગી. પ્રવૃત્તિઓ મંદ પડી. અભ્યાસમાં પણ શિથિલતા આવવા લાગી. છ મહિનામાં તો આખી પરિસ્થિતિ જ પલટાઈ ગઈ.

શાન્ત ક્ષણોમાં સુલોચના આ બધા માટે દુઃખી થતી હતી, પરંતુ એનું મનોબળ ઘટતું જતું હતું. લગ્ન કરવા ન કરવાંનાં મંથન હવે શમવા આવ્યાં હતાં. એનામાં એટલું ડહાપણ આવી ગયું હતું કે 'લગ્ન તો કરવાં જોઈએ. કરવા જ પડશે,' મનની નબળાઈઓ પણ હવે બહાર ધસી આવતી હતી. લાગણીભર્યા શબ્દો સાંભળતાં સાંભળતાં એવું બોલવા પણ લાગી ગઈ હતી અને હવે એના અંતરાત્મા પાસે એ કબૂલ કરતી કે છેલ્લાં બે વર્ષથી એ લગ્ન માટે તૈયાર હતી. એની મૈત્રી એ જ પ્રકારની હતી! એને સમજાઈ ગયું કે છાનો લગ્નભાવ એને પુરુષોની મૈત્રી તરફ ખેંચતો હતો. એ મોંએથી પુરુષોની નિંદા કરતી છતાં એનું જ અનુકરણ કરતી. સ્ત્રી–ઉદ્ધારની વાતો હવે વાતો જ રહી હતી. દિવસના ચોવીસ કલાકમાં એક કલાક પણ એ સ્ત્રીઓના સંસર્ગમાં રહેતી નહોતી.

તે પછી કંદર્પ અને સુબોધ હરીફના સ્વરૂપમાં આંખ સામે ઊભા રહેતા. બીજા મિત્રો, જેમની સાથે કશી ઘનિષ્ઠતા નહોતી છતાં એ દરેક એને ઇચ્છતા હતા એટલું એ સમજી ગઈ હતી. એ સૌ વિષે વિચારો

આવવા લાગ્યા, આખા મનોપ્રદેશનો કબજો આ અને આવા જ વિચારોએ લઈ લીધો.

આ મંથનની અસર શરીર, મન, બુદ્ધિ, વક્તૃત્વ બધા ઉપર થવા લાગી. બી. એ. પૂરું કરતાં કરતાં તો સુલોચના સાવ બદલાઈ ગઈ. હવે પહેલાનું પ્રેમ અને પહેલાંની ખુમારી એનામાં હતાં નહિ. કંદર્પ અને સુબોધ બંને સાથે મૈત્રી કરી હતી. પરંતુ એમાં લાગણીવેડા સિવાય બીજું કશું નહોતું. જીવન વિષેની દૃષ્ટિ પણ બદલાઈ ગઈ હતી. સભા, પુસ્તકાલય, મંડળ વગેરેને સ્થાને હવે દરિયાકિનારો, ફિલ્મગૃહો, રેસ્ટોરાં અને મોટર ગાડી આવી ગયાં હતાં.

આમ કરતાં કરતાં એક દિવસ પરજ્ઞાતિના કંદર્પ સાથે એમણે લગ્ન કરી નાખ્યાં. પિતા નારાજ તો ખૂબ થયા. પરંતુ સંસ્કારી હતા એટલે આશીર્વાદ આપીને સંતોષ પામ્યા અને સુલોચનાનું ગૃહજીવન શરૂ થઈ ગયું.

એ પછીની કથા સાવ નિરસ છે. એ બંને સુખમાં હશે એમ ધારું છું. પરંતુ એમની દુનિયા એટલામાં જ પૂરી થાય છે. એમની જીવન-યાત્રા મારી દૃષ્ટિએ હવે સમાપ્ત થઈ ગઈ છે.

(૨)

આ લાંબી કથા પછી બીજી કથાઓ કહેવાનું મન થતું નથી. છતાં, કલમ ઉપર કથા ચડી જ આવે છે એટલે ટૂંકમાં જ કહી દઉં છું.

એક કન્યા, જેનાં હમણાં જ લગ્ન થયાં, એણે જીવનમાં એક સિદ્ધાંત સ્વીકાર્યો હતો કે જે સ્ત્રી પુરુષની ગુલામ બનવા ન ઇચ્છતી હોય તેણે દર અવસ્થામાં પોતાની જાતે કમાઈ લેવાનું ન છોડવું જોઈએ. શિક્ષણ પ્રાપ્ત કરી કમાવાની શક્તિ મળે કે તુરત જ, પિતાને ઘેરથી કમાવા માંડવું જોઈએ. આમ કરવાથી માતાપિતાને ખાતરી થશે કે

પુત્ર કરતાં પુત્રી જરા પણ ઊતરતી કોટિની નથી. એમને એવું પણ લાગશે કે જેમ પુત્રના વિશ્વાસે વૃદ્ધાવસ્થામાં નિશ્ચિંત બની શકાય છે તેમ પુત્રીના વિશ્વાસે પણ નિશ્ચિંત રહી શકાય. કમાવાનું શરૂ કરતાં જ કન્યાને વિશાળ દુનિયાનો પરિચય થાય અને તેથી એના મનમાં જે ખોટા ભય હોય છે તે નાશ પામે.

એ માનતી હતી કે લગ્ન પછી જો પતિના બરોબરિયા રહેવું હોય તો કમાવાનું ચાલુ જ રાખવું. પતિ ઉપર એની અસર થયા વિના રહેશે નહિ. એ એવું ગુમાન કદી નહિ કરી શકે કે પોતે પોતાની સ્ત્રીને પોષે છે અથવા તો સ્ત્રી એને વફાદારીપૂર્વક વળગી રહે છે તેનું કારણ એની નિરાધારતા છે.

આવું માનનારી કન્યા ત્રીસ વર્ષની ઉંમરની થઈ ત્યાં સુધી પરણી નહોતી. માતપિતા સાથે પણ એને અથડામણમાં આવવું પડ્યું હતું અને એટલે જ માતા-પિતાથી ઘણે દૂરના એક કન્યા છાત્રાલયમાં એ નોકરી કરતી હતી. લગ્નનો સવાલ જ્યારે જ્યારે ઉદ્ભવતો ત્યારે ત્યારે એ પહેલી શરત કમાવાની સ્વતંત્રતાની જ મૂકતી હતી. એનામાં રૂપ, ગુણ, શિક્ષણ અને શક્તિ એટલાં હતાં કે કોઈ પણ યુવાન એની સાથે લગ્ન કરવામાં પોતાને ભાગ્યવાન સમજે. પરંતુ, આશ્ચર્યની વાત છે કે આટલાં વરસ સુધી એની આ શરત સ્વીકારવા માટે એના મિત્રોમાંથી કોઈ તૈયાર થયું નહોતું. નહિ નહિ તો યે પાંચેક જુવાનો સાથે છેલ્લાં આઠ વરસમાં એને આવો પરિચય થયો હતો. આ જુવાનો સુધારક હતા, સ્ત્રી-પુરુષ સમાનતામાં માનતા હતા, પરંતુ લગ્ન પછી પણ સ્ત્રી વિના કારણ કમાવાનું ચાલુ રાખે એમાં એમનો ગૃહજીવનનો રસ ઢોળાઈ જતો લાગતો હતો!

આખરે ગયા વરસે જ એના એક મિત્રે આ શરતોનો સ્વીકાર કર્યો અને એનાં લગ્ન થયાં. આ સુક્કી હકીકત ઉપરથી એમ ન માનવું કે

એ પ્રેમ, લાગણી અને બીજી જાતની સમજણ ધરાવતી જ નહોતી. જેની સાથે એનાં લગ્ન થયાં તેની સાથે એ દસેક વરસથી પરિચય ધરાવતી હતી. કન્યાના મનમાં પ્રેમને માપવાની પણ આ જ કસોટી હતી.

પરંતુ દુઃખની વાત છે કે લગ્ન પછી એણે જાતે કમાવાનું છોડી દીધું છે અને પતિ જે કમાય છે તે ઉપર જ બંને લહેર કરે છે. એમનાં આતંરજીવન વિષે હું વિશેષ જાણતો નથી, પરંતુ મને એટલું જાણવા મળ્યું છે કે લગ્ન પછીના પહેલા ત્રણ મહિના એ બંને વચ્ચે સતત ઘર્ષણ રહ્યા કરતું હતું અને મને મળેલા સમાચારો સાચા હોય તો આરંભમાં મુદતો આપીને અને તે પછી અણગમો બતાવીને એના પતિએ એને કમાવા માટે જવા જ ન દીધી! થોડાક મહિનાના ઘર્ષણને અંતે પત્નીએ પતિની વાત સ્વીકારી લીધી હોય એમ મને લાગે છે. આજે એ બંને કલ્લોલ કરે છે. પત્નીને કદાચ હવે કમાવાની ઇચ્છા નહિ રહી હોય!

(૩)

હવે જે કન્યા વિષે હું કહું છું તેનું નામ સુપ્રભા અથવા એવું જ. એણે શિક્ષણ પૂરું કરી સાથેસાથ કન્યા-કેળવણીના ક્ષેત્રમાં ઝુકાવ્યું હતું. લગ્ન વિષે એ પ્રથમથી જ કહેતી હતી કે હું લગ્ન કરીશ, પરંતુ મારું કાર્ય નહિ છોડું. દોઢેક વર્ષ શિક્ષણની પ્રવૃત્તિમાં રહ્યા પછી એક યુવક સાથે લગ્ન કરવાની દરખાસ્ત એના વડીલો તરફથી આવી. આ યુવકને એ જાણતી હતી. એણે રૂબરૂ મળીને પોતાના આદર્શોની વાત કરી, યુવાનની મનોભૂમિકા પણ એ સમજી અને બંનેએ પ્રસન્ન ચિત્તે લગ્નમાં સંમતિ આપી. યુવક સર્વ રીતે આધુનિક હતો. લગ્ન પણ 'સિવિલ મેરેજ ઍક્ટ' પ્રમાણે જ બંનેએ કબૂલ્યાં.

પરંતુ લગ્ન પછી પિતાના વેપાર અર્થે યુવકને અમદાવાદ છોડી કલકત્તા જવાનું થયું અને નછૂટકે સુપ્રભાને પોતાની પ્રવૃત્તિઓ અધવચ્ચ

જ છોડવી પડી હું જાણું છું કે સુપ્રભાને અને પેલા યુવકને પણ એનું દુઃખ તો લાગ્યું. પરંતુ બંનેમાંથી કોઈને એમ ન સૂઝયું કે પતિના વેપારની સગવડ માટે જો પ્રવૃત્તિ છોડી શકાય તો પત્નીની શિક્ષણ-પ્રવૃત્તિ માટે વેપારના કાર્યની બીજી ગોઠવણ કેમ ન થઈ શકે? હું એક વખત સુપ્રભાને કલકત્તામાં મળ્યો ત્યારે મેં એને પૂછ્યું હતું કે 'તમે શા માટે એ પવિત્ર પ્રવૃત્તિ છોડી દીધી?' એણે મને જવાબ ન આપ્યો, પરંતુ એના ફિક્કા હાસ્યમાંથી જવાબ મળી ગયો કે 'શું થાય! પતિને અનુકૂળ થવું જોઈએ ને?' મેં એને બીજો પ્રશ્ન કર્યો. 'અહીં તમારે લાયક ઘણાં કામ મળી રહેશે. આખો દિવસ જેમ-તેમ પસાર કરો છો તે કરતાં કંઈ કામ શોધી લો તો?'

એણે મને જવાબ આપ્યો: 'ઘણી વાર વિચાર આવે છે; આવતાંની સાથે જ જોડાઈ ગઈ હોત તો બની શકત. હવે એ તરફ મન વધતું નથી.'

હું મૂગો રહ્યો.

(૪)

એક ચોથી કથા સાથે આ વિભાગં હું પૂરો કરીશ.

"આપણે એને મધુરિકા કહીએ. એની કરુણ દશા હું વિસ્તારથી વર્ણવી શકું એમ છું પણ ટૂંકમાં જ કહી દઈશ. કોઈ પ્રશ્ન પરત્વે એ ઉગ્ર વિચારો ધરાવતી નહોતી. આદર્શો પણ એવા ઊંચા નહોતા રાખ્યા કે જેને પહોંચવા માટે ભારે શક્તિની જરૂર પડે. પુખ્ત વય થયા પછી એ લગ્ન માટે તૈયાર હતી, પરંતુ એ એમ ઇચ્છતી હતી કે મારી ઇચ્છાથી જ મારું હૃદય કહે તેની સાથે જ મારે લગ્ન કરવાં છે. શિક્ષિત, સંસ્કારી અને સારા કુટુંબની હોવાથી એના માટે માગણી તો આવતી હતી, પરંતુ એ સૌમાં કંઈ ને કંઈ ખામી જ એને લાગતી. એક યુવાન તરફ એ આકર્ષાઈ હતી. પરંતુ સહેજ આગળ વધતાં

એ જોઈ શકી કે તે યુવકની ઇચ્છા નહોતી. જેનામાં સ્વાભાવિક ઇચ્છા ન હોય તેની સાથે લગ્ન કરવાનું કે એની ઇચ્છા જાગ્રત કરવાનુ એને રુચે જ કેમ? એ વિચાર અને એ સંબંધ એણે પડતાં મૂક્યાં. આમ કરતાં એની વય સત્તાવીશ વર્ષની થઈ. માતાપિતાનું દબાણ વધવા લાગ્યું. એ પણ અંદરથી સાવ થાકી ગઈ. પોતાની તમામ ઇચ્છાઓની હોળી કરી નાખ્યા વિના લગ્નનો સવાલ નહિ ઉકેલી શકે એમ એને લાગ્યું, અને એક દિવસે પિતાને તો નહિ, પરંતુ મિત્ર જેવા મોટાભાઈને કહી દીધું: 'હું મૂંઝાઈ ગઈ છું. તમને યોગ્ય લાગે તે સ્થળે મારું લગ્ન ગોઠવી દો.'

એનો મોટો ભાઈ બહેનના વિચારો તરફ ભારે સહાનુભૂતિ ધરાવતો હતો. એણે કહ્યું: 'આવી અધિરાઈ તને શોભતી નથી.' બહેન રૂબરૂમાં જવાબ ન આપી શકી, પરંતુ લાંબા કાગળ દ્વારા જણાવ્યું કે 'એક ભૂલ પહેલી જ મેં કરી નાખી છે: લગ્નપ્રશ્નમાં જે સમાધાનવૃત્તિ કેળવવી જોઈએ તે હું કેળવી શકી નથી. બીજી બાજુ એની એ વાતો અને એના એ વિચારો કરી કરી મારું મન નબળું પડી ગયું છે. તમે મને મદદ નહિ કરો તો બાપુજી કહેશે ત્યાં મારે ક્યાંક જવું પડશે.'

મોટો ભાઈ પ્રશ્નમાં ઊંડો ઊતર્યો અને સમજી ગયો કે છેલ્લે છેલ્લે જે એક મિત્રે ના પાડી તેની બહેનના મન ઉપર ઊંડી અસર થઈ હતી. પોતે આજ સુધી ના પાડી ત્યારે એના છાના આઘાતની એને ખબર નહોતી, પોતે જ માત્ર પસંદ કરનાર છે એવું છાનું ગુમાન તૂટી પડતાં જ એ સાવ તૂટી પડી

આ કન્યાના હજી લગ્ન નથી થયાં, પરંતુ સાંભળ્યું છે કે એની જ્ઞાતિના એક જુવાન સાથે વાત ચાલી રહી છે.

આવી કથાઓ હજી યે ઘણી લખી શકાય, પરંતુ તારા માટે આટલું બસ છે. મને ખાતરી છે કે બાકીની કથાઓ તેં પોતે જ શોધી કાઢી હશે. શિક્ષિતોની દુનિયામાં સોમાં નવાણું જગ્યાએ આવું જ તને જોવા મળશે. અહીં જે કથાઓ મેં મૂકી છે તે તો સાવ સામાન્ય છે અને તેમાં આદર્શ ન જાળવી શકેલાંઓની જ વાત છે. આદર્શને માર્ગેથી ધીમે ધીમે છેક અધોગતિએ પહોંચ્યા હોય એવાંઓની કથા મેં જાણી જોઇને કહી નથી. કહેવાથી લાભ પણ શો? સિદ્ધાંતમાંથી સરી પડયા પછી પણ જે અધોગતિમાં જતાં બચી જાય છે તેમના માટે મને માન જ ઉપજે છે. કારણ કે મોડાં મોડાં પણ તેઓ પોતાની આવી સ્થિતિ, પોતાની શકિતમર્યાદા સમજી ગયેલા હોય છે.

અફસોસ એક જ વાતનો મને થયા કરે છે. જે માણસો અમુક આદર્શને સ્વીકારે છે તેઓ એના માટે કેમ સંકટ સહન કરવા માટે તૈયાર નહિ થતા હોય? આદર્શ જેમ મહાન તેમ તેની પ્રાપ્તિ પણ મુશ્કેલ. આટલી સાદી વાત જો સમજી શકાય તો પોતાની શકિત કરતાં આગળ જવાનો ખ્યાલ કોઇ સેવે નહિ અને તો પાછા પડવાની સ્થિતિ કદી આવે નહિ. કન્યાઓમાં એક ખામી અતિ ઉગ્ર રૂપમાં દેખાયા કરે છે. તેઓના મનમાં વહેલું કે મોડું, એમ થઇ આવે છે કે 'હવે તો એને કોઇ પરણશે નહિ' અને કોણ જાણે કેમ અપરિણીત અવસ્થાનો વિચાર જ એમને તો કંપાવી મૂકે છે. કિશોર અને કુમાર વયમાં આ ગંભીરતા એને સમજાતી નથી, પરંતુ યુવાનીમાં પ્રવેશતાં જ એ દીન બની જાય છે. એને એમ લાગી જાય છે કે 'હું મારા માટે નહિ, બીજા કોઇના માટે જ સર્જાઇ છું' અને એનાં તમામ સ્વપ્નાંઓ સંકેલાઇ જાય છે. આ વિષે હું તને કેટલુંક કહેવાનો છું, પરંતુ એનો પ્રસંગ આવે ત્યારે. હમણાં તો આ કથાઓ પછી સામાન્ય મનોવિકાસની વાતો જ મારે કરવી છે. મને આશા છે કે તું ધ્યાન દઇને વાંચશે.

જરૂર નથી. હિંદની વિવિધતાને એક દોરામાં પરોવનાર, રાષ્ટ્રીય એકતાની ગાંઠ બાંધનાર આ ભાષાના જ્ઞાનથી કોઈ પણ હિંદીએ વંચિત ન રહેવું જોઈએ. એ પછી અંગ્રેજી વિષે પણ મારે ભલામણ કરવી જ પડશે. કારણ,કે આ ભાષાના સાહિત્યમાં અપૂર્વ સુંદરતા અને અદ્ભુત જ્ઞાન ભરેલાં છે. કેટલુંક જ્ઞાન તો એવું છે કે એ ભાષા જાણ્યા વિના આજે પ્રાપ્ત જ થઈ શકે એમ નથી.

પરંતુ એક વાત ભૂલતી નહિ. તું પુષ્કળ પ્રમાણમાં વાંચે તે એટલું જરૂરી નથી, જેટલું જરૂરી વિચારમય, ચિંતનમય જીવન છે. જો ચિંતન કરવાનો સ્વભાવ તું નહિ કેળવે તો તારી બુદ્ધિનો વિકાસ પણ પુસ્તકોને સાચવી બેઠેલા કબાટ જેવો જ થશે. ચિંતન પછીનું સ્થાન છે પ્રયોગનું. જે તું વાંચે, મનન કરે અને તારા વિચારો સાથે જે વિચારોને તું આત્મસાત કરી લે તેને જીવનમાં નહિ ઉતારે તો એની સચ્ચાઈ વિષે તું ખાતરી રાખી શકશે નહિ. અને વાંચનનો શું, કોઈ પણ જ્ઞાનનો આખરી ઉદ્દેશ જીવન જીવવાનો જ હોઈ શકે.

એમ લાગે છે કે આ વિષયને મેં ઘણો લંબાવી દીધો. લખવાનું મન તો હજુ યે છે, પરંતુ સમજદાર સુકન્યાને આટલું સૂચન બસ છે એમ માનું છું. હા, એક વાત રહી ગઈ. તારા વાચનમાં વર્તમાનપત્રને આવશ્યક સ્થાન આપજે. હું જાણું છું કે સારાં ને રાષ્ટ્રવાદી ગણાતાં વર્તમાનપત્રો પણ જાહેરખબરો દ્વારા જે વિચારોનો પ્રચાર કરી રહ્યાં છે તે તેમની તમામ સેવાઓને ધોઈ નાખે છે છતાં આજના યુગમાં જેને જીવવું છે, મનુષ્યની માફક જીવવું છે તેને વર્તમાનપત્રોના વાંચન વિના ચાલી શકે નહિ. જાહેરખબરો તરફ તારે આંખ મીંચવી જ પડશે અને તે પછી જગતના પ્રવાહોનું જે આલેખન રોજે રોજ વર્તમાનપત્રોમાં આવે છે તે તારે અવશ્ય જોવું જોઈએ. એથી તારી દૃષ્ટિ વિશાળ થશે અને તેં વિચારશક્તિ કેળવવાનો નિર્ણય કર્યો હશે તો તે માટે પુષ્કળ સામગ્રી મળી રહેશે.

વિચારમય જીવન ગાળવાનું સૂચન મેં અગાઉ કર્યું છે તે વિષે એક ચેતવણી આપી દઉં. વિચાર અને તરંગ, ચિંતન અને મનના ઘોડા એ બે વચ્ચેનો ભેદ બરાબર સમજી જજે. કેવળ તરંગી બની જતી નહિ. વિચારની પાછળ કાર્ય આવે જ. તરંગની પાછળ તરંગ જ હોય, અથવા જુઠ્ઠી વેદના કે જુઠ્ઠો આનંદ હોય. તું એવા તરંગમાં કદી પડતી નહિ.

લલિત કલાઓ–સંગીત, ચિત્ર, નૃત્ય વગેરે વિષે મેં કશું લખ્યું નથી. લખતાં થોડો સંકોચ પણ થાય છે, કારણ કે આજે મોટા શહેરોમાં એ કલાએ અનર્થો નિપજાવવા માંડયા હોય એવું દેખાય છે. ખાસ કરીને કન્યાઓમાં તો એણે જૂની સ્ત્રીઓના આભૂષણો જેવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એ વિના કોઈ કન્યા જાણે શોભતી જ ન હોય એમ મનાવા લાગ્યું છે. લલિત કલાઓનું જ્ઞાન અને એનો રસ માનવચિત્તને સંસ્કારવામાં ખૂબ ઉપયોગી છે, પરંતુ એની મર્યાદાઓ પણ છે. એ બધું વિલાસના કે માત્ર દિલ બહેલાવવાના સાધન રૂપ ન બની જવું જોઈએ. અને એ રસ એટલો પ્રબળ પણ ન બનવો જોઈએ કે જેને લઈ બીજું આવશ્યક જ્ઞાન અને જીવનનાં કર્તવ્યો એક બાજુ રહી જાય.

.. કોઈ પણ કલા એ હૃદયનો આવિષ્કાર છે. તું એ રીતે જ એને ગ્રહણ કરજે. એમાં શોભાની વૃત્તિથી આગળ વધતી નહિ. સાથે એ પણ ધ્યાન રાખજે કે સાદાઈના એ એવા કોઈ ખ્યાલથી એ તરફ અણગમો ન કેળવાય. એ વસ્તુ ધિક્કારવા જેવી નથી જ એટલું જ નહિ, પણ ઉપર કહ્યું તેમ હૃદયની કેળવણીમાં, હૃદયનો થાક ઉતારવામાં, હૃદયને બળ આપવામાં એનો ઘણો ઉપયોગ છે. શુદ્ધ આનંદ તો એ આપી જ શકે છે, પરંતુ માનવને નિત્ય–જીવનની પાર્થિવતામાંથી ઊંચે લઈ જવાની શક્તિ પણ એ સાધનોમાં રહેલી છે. આવશ્યક છે એની મર્યાદાઓનું જ્ઞાન.

મને લાગે છે કે મનોવિકાસ માટે મેં ઘણું કહી નાખ્યું. હવે સંસારના સળગતા પ્રશ્નો વિષે થોડું કહીને આ લાંબો પત્ર હું પૂરો કરું.

[૫]

ગંભીર પ્રશ્નો

આ પત્રમાં એક જગ્યાએ મેં કહી રાખ્યું છે કે લગ્નના પ્રશ્ન અંગે હું થોડુંક કહેવાનો છું. એ કહ્યા વિના ચાલે જ કેમ ? ને જીવનભર કુમારિકા રહેવાનો નિર્ણય કર્યો હોય તો યે આ પ્રશ્ન પરત્વે તારે જાણવું જોઈશે કારણ કે અંતે તો તારે સંસારમાં જ રહેવાનું છે.

કન્યાએ પરણવું જ જોઈએ એવો જે નિયમ બની ગયો છે, તેને શક્તિશાળી કુમારિકાએ તોડવો જોઈએ. એક વાત ખરી કે કેવળ રૂઢિ–નિયમ તોડવા ખાતર જ અપરિણીત ન રહેવાય. એ રીતે કોઈ રહે તો એમાં જોખમ પણ છે અને તેનો કશો અર્થ પણ નથી પરંતુ કોઈ પણ કારણસર લગ્ન તરફ મન જ ન વધતું હોય તો જેમ પુરુષો અપરિણીત રહી શકે છે તેમ જ કન્યાઓએ પણ રહેવું જોઈએ. અપરિણીત અવસ્થાની જવાબદારીનો તો આવી કુમારિકાને ખ્યાલ હોય જ એમ માની લઉં છું. છતાં આ સવાલ અતિશય નાજુક અને ગંભીર હોવાથી થોડી ચેતવણી ઉચ્ચાર્યા વિના મારાથી રહી શકાતું નથી. જે લગ્ન ન કરવાના વિચારમાં દૃઢ હોય તેણે આટલી બાબતો વિચારી જ લેવી.

શા માટે પોતે લગ્ન નથી ઇચ્છતી? ભવિષ્યમાં એવી ઇચ્છા જાગવાનો કોઈ સંભવ છે? અમુક વય વીતી ગયા પછી એવી ઇચ્છા જાગશે તો સ્વમાન અને આદર્શ સાચવીને પરણવું મુશ્કેલ પડશે. એ વખતે સ્વમાન આદર્શ અને સંયમ ત્રણેયની રક્ષા કરવાની શક્તિ છે?

લગ્ન નહિ કરીને જીવનનો આવશ્યક રસ ક્યાંથી મેળવે છે? કોઈ સેવાક્ષેત્ર શોધ્યું છે? કોઈ સાધના સ્વીકારી છે? કેવળ કોઈ આઘાતને કારણે તો એવો નિર્ણય નથી થયો? કારણ કે ગમે તેવો આઘાત સમયના મલમપટ્ટાથી રુઝાઈ જાય છે. ખારાપાટ જેવા લાગતા હૃદયમાં પણ સમયના વહેવા સાથે નવા અંકૂરો ફૂટે જ છે.

આ નિર્ણયની સાથે જ કમાવાની શક્તિ મેળવી લેવી જોઈએ. આ ભર્યા જગતમાં સાવ એકલા રહેવાની હિંમત હોવી જ જોઈએ. એકલતા સાલે એવો સ્વભાવ પણ ન હોવો ઘટે.

પણ મને ખાતરી છે કે આવી કુમારિકા કોઈક જ હશે. એટલે આ વિષે વધુ લંબાણ ન કરતાં હું આગળ જ વધું છું. જે સુકન્યાને હું આ લખી રહ્યો છું, તે લગ્ન કરશે એવો સંભવ વિશેષ છે. હું એ માટે એને પેલી કથાઓની યાદ આપું છું. આદર્શો જો રાખો તો તેને પહોંચવાનું બળ પણ સાથે સાથે જ મેળવતા જજો. કસોટીની પહેલી ઠોકરે જ નીચે પડી જતા નહિ.

અને પસંદગી કરવામાં 'ખૂબ ધૈર્ય' તથા જાગ્રતિ રાખજો. પિતા-માતા તરફની સૂચના છે માટે ત્યાં પ્રેમ પ્રગટશે જ નહિ એવી ભ્રમણામાં રહેતાં નહિ. તે સાથે જ એ સૂચનાને આંખ મીંચીને સ્વીકારતાં પણ નહિ. તમારા પોતાના છાના અને પ્રગટ જીવન-પ્રવાહનું બરાબર અવલોકન કરજો અને પછી તમારા જીવનસાથીની કલ્પના તમારા મનમાં સ્થિર કરી લેજો. ક્યારે ય કોઈના વિષે પ્રેમનો ભાવ પ્રગટે કે કોઈના